મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય,
વડોદરા–સંચાલિત

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

સામાન્ય સંપાદક
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
એમ. એ., પીએચ. ડી.
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા

卐

ગ્રન્થ ૩

પ્રાચીન ફાગુ-સંગ્રહ

પ્રાચીન ફાગુ-સંગ્રહ

વિક્રમના ચૌદમાથી અરાઢમા સૈકા સુધી રચાયેલાં આડત્રીસ ફાગુકાવ્યોનો સમુચ્ચય—કૃતિપરિચય અને પ્રતિપરિચય, ફાગુ-વિષયક અભ્યાસલેખ તથા શબ્દકોશ સહિત

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.

સોમાભાઈ ધૂ. પારેખ, એમ. એ., એમ. એડ્., પીએચ. ડી.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

પ્રકાશક :
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા

આવૃત્તિ ત્રીજી | વિ. સં. ૨૦૨૨
પુનર્મુદ્રણ
પ્રત ૧૦૦૦ | ઈ. સ. ૧૯૬૬

વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ

મૂલ્ય પાંચ રૂપિયા

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

મુદ્રક :
શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, વ્યવસ્થાપક,
ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ
બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ
દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા.

નિવેદન

(પહેલી આવૃત્તિ)

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલાનું આ ત્રીજું પ્રકાશન 'પ્રાચીન ફાગુ-સંગ્રહ' અભ્યાસીઓ સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. જૂના ગુજરાતી સાહિત્યના એક રસપ્રદ પ્રકારના આડત્રીસ નમૂનાઓનો આ સમુચ્ચય સાહિત્ય તેમ જ ભાષાના અભ્યાસ માટે ઉપયોગી થશે એવી આશા છે.

આ એક જ પ્રકાશન માટે સાઠેક પ્રાચીન હસ્તપ્રતો એકત્ર કરવી પડી હતી. વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરના નિયામક પ્રો. ગોવિન્દલાલ ભટ્ટે એ સંસ્થાની હસ્તપ્રતોના ઉપયોગ માટે અમને બધી સગવડ આપી એ માટે તેમના આભારી છીએ. ગુજરાત વિદ્યાસભાના સંગ્રહમાંની કેટલીક હસ્તપ્રતોનો ઉપયોગ એ સંસ્થામાંના મારા સેવાકાળ દરમિયાન હું કરી શક્યો હતો. પ્રાચીન ગ્રન્થભંડારોના સમુદ્ધારક અને સંશોધક પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીએ આ સંગ્રહ છપાઈ રહ્યો ત્યાં સુધી જુદા જુદા ભંડારોમાંથી ફાગુકાવ્યોની સંખ્યાબંધ હસ્તપ્રતો મેળવી આપી હતી અને તેમના અંતેવાસી પૂ. પં. શ્રી. રમણિકવિજયજીએ આ સંગ્રહના સંપાદનમાં અંગત રસ લઈ અનેક પોથીઓ અમને ઉપયોગ માટે આપી હતી અને લાંબા સમય સુધી અમારી પાસે રહેવા દીધી હતી તે માટે તેમના ઋણી છીએ. પૂ. મુનિશ્રી કાન્તિવિજયજીએ લીંબડીના જ્ઞાનભંડારમાંથી જોઈતી હસ્તપ્રતો મેળવી આપી હતી. આ ઉપરાંત મારા સાહિત્યરસિક મિત્રો શ્રી. અગરચંદજી નાહટા, શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે અને પં. અમૃતલાલ મોહનલાલ ભોજકે પોતાની પાસેની હસ્તપ્રતો ઉદારતાપૂર્વક ધીરીને અમને ઉપકૃત કર્યા છે. લગભગ ચારસો વર્ષના ગાળામાં રચાયેલા એક જ સાહિત્યપ્રકારના અનેક નમૂનાઓનો આ સંગ્રહ એ સર્વની સહાય વિના શક્ય બન્યો ન હોત.

વડોદરા યુનિવર્સિટી પ્રેસના કાર્યદક્ષ વ્યવસ્થાપક અને તેમના સહકાર્યકરોએ કામનાં અનેકવિધ દબાણોમાં આ ગ્રન્થમાલાનાં પુસ્તકોનું મુદ્રણ ચીવટથી નિયમિતપણે કર્યું છે એ માટે તેમના આભારી છીએ.

'અધ્યાપકનિવાસ',
વડોદરા
ચૈત્રી પૂર્ણિમા,
સં. ૨૦૧૧

ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા
સામાન્ય સંપાદક

ડૉ. સાંડેસરાનાં અન્ય પુસ્તકો

સંઘવિજયકૃત સિંહાસનબત્રીસી (૧૯૩૩)
માધવકૃત રૂપસુન્દર કથા (૧૯૩૪)
વીરસિંહકૃત ઉષાહરણ (૧૯૩૮)
વાઘેલાઓનું ગુજરાત (૧૯૩૯)
મતિસારકૃત કર્પૂરમંજરી (૧૯૪૧)
પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના (૧૯૪૧)
ઇતિહાસની કેડી—લેખસંગ્રહ (૧૯૪૫)
સંઘદાસગણિકૃત વસુદેવ-હિંડી—અનુવાદ (૧૯૪૬)
वस्तुपाल का विद्यामण्डल—હિન્દી અનુવાદ. (૧૯૪૭)
વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો (૧૯૪૮)
સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય (૧૯૪૮)
જ્યેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ (૧૯૪૮)
પંચતંત્ર (૧૯૪૯)
જગન્નાથપુરી અને ઓરિસ્સાના પુરાતન અવશેષો (૧૯૫૧)
हेमचन्द्राचार्य का शिष्यमण्डल—હિન્દી અનુવાદ (૧૯૫૧)
જૈન આગમસાહિત્યમાં ગુજરાત (૧૯૫૨)
ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૧-૧૮ (૧૯૫૨)
ભારતીય આર્યભાષા અને હિન્દી (૧૯૫૨)
નેમિચન્દ્રભંડારી-વિરચિત ષષ્ટિશતક પ્રકરણ, ત્રણ બાલાવબોધ સહિત (૧૯૫૩)
Literary Circle of Mahāmātya Vastupāla and Its Contribution to Sanskrit Literature (1953)
મહીરાજકૃત નલ-દવદંતી રાસ (૧૯૫૪)
શબ્દ અને અર્થ—ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર વિષે પાંચ વ્યાખ્યાનો (૧૯૫૪)
વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ (૧૯૫૬)
મહામાત્ય વસ્તુપાલનું સાહિત્યમંડળ (૧૯૫૭)
પ્રદક્ષિણા—પશ્ચિમ અને પૂર્વની વિદ્યાયાત્રા (૧૯૫૯)
વર્ણક-સમુચ્ચય, ભાગ ૨—સાંસ્કૃતિક અધ્યયન (૧૯૫૯)
દયારામ (૧૯૬૦)
श्रीसोमेश्वरदेवविरचितम् उल्लाघराघवनाटकम् (१९६१)
સંશોધનની કેડી (૧૯૬૧)
Lexicographical Studies in 'Jaina Sanskrit' (1962)
યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધ—ભાગ ૧ (૧૯૬૩)
मल्लपुराणम् (१९६४)
श्रीसोमेश्वरदेवविरचितम् रामशतकम् (१९६५)
महोपाध्यायहरिहरविरचितः शङ्खपराभवव्यायोगः (१९६५)
ઇતિહાસ અને સાહિત્ય (૧૯૬૬)

અનુક્રમ

નિવેદન

કૃતિપરિચય અને પ્રતિપરિચય ૧–૩૮

ફાગુનો સાહિત્યપ્રકાર ૩૯–૫૬

(૧) જિનપદ્મસૂરિકૃત સ્થૂલિભદ્ર ફાગુ ૩–૬

(૨) રાજશેખરસૂરિકૃત નેમિનાથ ફાગુ ૭–૧૦

(૩) કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત પ્રથમ નેમિનાથ ફાગુ ૧૧–૧૫

(૪) કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત દ્વિતીય નેમિનાથ ફાગુ ૧૬–૨૦

(૫) પ્રસન્નચન્દ્રસૂરિકૃત રાવણિ પાર્શ્વનાથ ફાગુ ૨૧–૨૩

(૬) અજ્ઞાત કવિકૃત જંબુસ્વામી ફાગ ૨૪–૨૯

(૭) મેરુનન્દનકૃત જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ ૩૦–૩૫

(૮) સમુધરકૃત નેમિનાથ ફાગુ ૩૬–૪૦

(૯) અજ્ઞાત કવિકૃત પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ ૪૧–૪૪

(૧૦) અજ્ઞાત કવિકૃત ભરતેશ્વર ચક્રવર્તી ફાગ ૪૫–૪૮

(૧૧) સમરકૃત નેમિનાથ ફાગ ૪૯

(૧૨) પદ્મકૃત નેમિનાથ ફાગુ ૫૦–૫૧

(૧૩) ગુણચંદ્રસૂરિકૃત વસંત ફાગુ ૫૨–૫૩

(૧૪) ધનદેવગણિકૃત સુરંગાભિધ નેમિ ફાગ ૫૪–૬૩

(૧૫) રત્નમંડનગણિકૃત નારીનિરાસ ફાગ ૬૪–૭૧

(૧૬) હેમરત્નસૂરિ ફાગુ ૭૨–૭૩

(૧૭) આગમમાણિક્યકૃત જિનહંસગુરુ નવરંગ ફાગ ૭૪–૭૬

(૧૮) અજ્ઞાત કવિકૃત રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ ૭૭–૮૫

(૧૯) ચતુર્ભુજકૃત ભ્રમરગીતા ૮૬–૯૪

(૨૦) અજ્ઞાત કવિકૃત મોહિની ફાગુ ૯૫–૯૯

(૨૧) અજ્ઞાત કવિકૃત કામીજનવિશ્રામ તરંગ ગીત ૧૦૦–૧૦૩
(૨૨) અજ્ઞાત કવિકૃત ચુપઇ ફાગુ ૧૦૪–૧૦૯
(૨૩) અજ્ઞાત કવિકૃત ફાગુ ૧૧૦–૧૧૧
(૨૪) અજ્ઞાત કવિકૃત વાહણનું ફાગ ૧૧૨–૧૧૩
(૨૫) અજ્ઞાત કવિકૃત નેમિનાથ ફાગ ૧૧૪–૧૧૬
(૨૬) જયવંતસૂરિકૃત સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ ૧૧૭–૧૨૫
(૨૭) કમલશેખરકૃત ધર્મમૂર્તિગુરુ ફાગ ૧૨૬–૧૨૮
(૨૮) માલદેવકૃત સ્થૂલિભદ્ર ફાગ ૧૨૯–૧૪૧
(૨૯) વાચક કનકસોમકૃત મંગલકલશ ફાગ ૧૪૨–૧૬૨
(૩૦) કલ્યાણકૃત વાસુપૂજ્ય મનોરમ ફાગ ૧૬૩–૧૯૨
(૩૧) વિનયવિજયકૃત નેમિનાથ ભ્રમરગીતા ૧૯૩–૨૦૦
(૩૨) વૃદ્ધિવિજયકૃત જ્ઞાનગીતા ૨૦૧–૨૦૬
(૩૩) લક્ષ્મીવલ્લભકૃત અધ્યાત્મ ફાગ ૨૦૭–૨૦૮
(૩૪) ઉદયવિજયકૃત પાર્શ્વનાથ રાજગીતા ૨૦૯–૨૧૮

અનુપૂર્તિ

(૩૫) જિનચંદસૂરિ ફાગુ ૨૨૧–૨૨૨
(૩૬) અજ્ઞાત કવિકૃત વિરહ દેસાઉરી ફાગુ ૨૨૩–૨૩૦
(૩૭) અમરરત્નસૂરિ ફાગુ ૨૩૧–૨૩૨
(૩૮) જયશેખરસૂરિકૃત દ્વિતીય નેમિનાથ ફાગુ ૨૨૩–૨૩૮
શબ્દકોશ ૨૩૯–૨૮૬
'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'ના પ્રકાશન વિષે કેટલાક અભિપ્રાયો.

વસ્ત્ર ઉપર લખાયેલા ઓળિયામાં અજ્ઞાત કવિકૃત 'ફાગુ' (કાવ્યાંક ૨૩)



વસ્ત્ર ઉપર લખાયેલા ઓળિયામાં અજ્ઞાત કવિકૃત 'ચુપઇ ફાગુ'
(કાવ્યાંક ૨૨)નો અંતભાગ

કૃતિપરિચય અને પ્રતિપરિચય

ફાગુના સાહિત્યપ્રકારનો ઐતિહાસિક તેમ જ સાહિત્યિક દૃષ્ટિએ અભ્યાસ કરવામાં આ ' પ્રાચીન ફાગુ-સંગ્રહ 'માં સંઘરાયેલી કૃતિઓનાં વસ્તુ, વિષય-નિરૂપણ, છંદોરચના આદિનો પરિચય ઉપયોગી હોઈ એ સાહિત્યપ્રકાર વિષે સર્વસામાન્ય વિચાર કરતાં પહેલાં આપણે કાલાનુક્રમે પ્રત્યેક કૃતિનું ટૂંકું અવલોકન કરીશું. સાથોસાથ એના કર્તા વિષે પણ પ્રાપ્ત માહિતી રજૂ કરીશું તથા જે સાધનો ઉપરથી કાવ્યનું સંપાદન થયું હશે એનો પણ પરિચય આપીશું.

[૧] જિનપદ્મસૂરિકૃત ' સ્થૂલિભદ્ર ફાગુ '

જિનપદ્મસૂરિકૃત ' સ્થૂલિભદ્ર ફાગુ ' ગુજરાતી સાહિત્યનાં ઉપલબ્ધ ફાગુ-કાવ્યોમાં કાલાનુક્રમે બીજું છે. (એની પહેલાં, સં. ૧૩૪૧ના અરસામાં રચાયેલ ' જિનચંદસૂરિ ફાગુ ' માટે જુઓ અનુપૂર્તિમાં કાવ્યાંક ૩૫) આ તથા એની પછીનો રાજશેખરસૂરિકૃત ' નેમિનાથ ફાગુ ' બીજાં અનેક અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી કાવ્યો સાથે પાટણના ભંડારમાંથી મળ્યાં હતાં, અને સને ૧૯૨૦માં સદ્ગત ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ-સંપાદિત ' પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ 'માં (ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ, નં. ૧૨)માં તે છપાયાં હતાં. શ્રી દલાલના અકાળ અવસાનને કારણે પ્રસ્તાવના, ટિપ્પણ કે ઉપયોગમાં લેવાયેલી પ્રતિઓના પણ ઉલ્લેખ વિના એ પુસ્તક બહાર પડ્યું હતું તથા કેટલાક મુદ્રણદોષો પણ એમાં રહી જવા પામ્યા હતા. એ પુસ્તકની નકલો ઘણાં વર્ષથી મળતી નથી. વડોદરા વિશ્વવિદ્યાલયના સને ૧૯૫૪ અને ૧૯૫૫ના બી. એ.ના અભ્યાસક્રમમાં આ બન્ને કાવ્યો નિયત થયેલાં હોઈ વિદ્યાર્થીઓની અનુકૂળતા ખાતર સંક્ષિપ્ત પ્રસ્તાવના સાથે આ બંનેનું પુનઃસંપાદન Journal of the Oriental Institute, Baroda ના પુ. ૨, અંક ૩, માર્ચ ૧૯૫૩માં મેં કર્યું હતું. એ સંપાદન-માંનો પાઠ આ સંગ્રહમાં પુનર્મુદ્રિત કરવામાં આવ્યો છે.

' સ્થૂલિભદ્ર ફાગુ 'ના કર્તા જિનપદ્મસૂરિ જૈન શ્વેતાંબર સંપ્રદાય-અંતર્ગત ખરતર ગચ્છના આચાર્ય હતા. ખરતર ગચ્છની પટ્ટાવલિઓ પ્રમાણે, જિન-

પદ્મસૂરિને સં. ૧૩૯૦માં આચાર્યપદ મળ્યું હતું અને સં. ૧૪૦૦માં તેમનું અવસાન થયું હતું. આથી તેમનો આ 'સ્થૂલિભદ્ર ફાગુ' સં. ૧૩૯૦ અને ૧૪૦૦ની વચ્ચે ક્યારેક રચાયો હશે એમ માનવું યોગ્ય છે.

'સ્થૂલિભદ્ર ફાગુ' એ ૨૭ કડીનું એક નાનું કાવ્ય છે. એનું વસ્તુ જૈન ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. સ્થૂલભદ્ર કે સ્થૂલિભદ્ર એ એક મોટા આચાર્ય થઈ ગયા. તેઓ પૂર્વાશ્રમમાં પાટલિપુત્રના નંદરાજાના મંત્રી શકટાલના પુત્ર હતા. પાટલિપુત્રની કોશા નામે એક પ્રસિદ્ધ ગણિકાના પ્રેમમાં પડીને તેઓ એના ઘરમાં સતત બાર વર્ષ સુધી રહ્યા હતા. શકટાલના મરણ પછી રાજાએ સ્થૂલિભદ્રને બોલાવી પ્રધાનપદ સ્વીકારવા જણાવ્યું, પણ રાજકાજની ખટપટોને કારણે પિતાએ નાના પુત્ર શ્રીયકને હસ્તે મૃત્યુ સ્વીકારી લીધું હતું, એ વિચારતાં સ્થૂલભદ્રને સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એમણે તુરત જ સંભૂતિવિજય ગુરુ પાસે જઈને દીક્ષા લીધી. ગુરુનો આદેશ લઈ પહેલો જ ચાતુર્માસ તેઓ કોશાના ઘરમાં ગાળવા માટે આવ્યા. એમને પાછા આવતા જોઈ કોશા ખૂબ આનંદિત થઈ, અને પોતાના પ્રણયી સ્થૂલિભદ્રને પાછા મેળવવા તેણે ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ વિરક્ત સ્થૂલિભદ્રે તો કામ ઉપર વિજય મેળવ્યો હતો. કોશાના ઘરમાં નિયત સમય સુધી રહી, તેને પ્રતિબોધ પમાડી તથા પોતાનો–અભિગ્રહ પૂર્ણ કરીને સ્થૂલિભદ્ર પાછા ગુરુ પાસે આવ્યા દુષ્કરકારક તરીકે તેમની દેવોએ પણ પ્રશંસા કરી.

છંદોરચનાની દૃષ્ટિએ જોઈએ તો, આ કૃતિ સાત વિભાગમાં વહેંચાયેલી છે તથા દરેક વિભાગને 'ભાસ' (સં. ભાષા) નામ અપાયેલું છે. પ્રત્યેક 'ભાસ'માં એક દુહો તથા પછી એક કે વધારે રોળા આવે છે. અલંકૃત કાવ્યરચનામાં પોતાની નિપુણતા બતાવવાનો પ્રયત્ન કવિએ વર્ષાઋતુના વર્ણનમાં કર્યો છે તથા કોશાના સૌન્દર્યવર્ણનમાં તથા સ્થૂલિભદ્ર માટેના તેના ઉત્કટ પ્રણયના આલેખનમાં તેણે શૃંગાર રસનું નિરૂપણ કરવા પ્રયાસ કર્યો છે.

[૨] રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ'

'નેમિનાથ ફાગુ'ના કર્તા રાજશેખરસૂરિ હર્ષપુરીય ગચ્છ અથવા મલધાર ગચ્છના આચાર્ય અને પોતાના સમયના એક પ્રસિદ્ધ વિદ્વાન હતા. એમનો સંસ્કૃત 'પ્રબન્ધકોશ' અથવા 'ચતુર્વિંશતિપ્રબન્ધ' ગુજરાતના મધ્યકાલીન હિન્દુ ઇતિહાસના એક મૂલ્યવાન સાધનગ્રન્થ તરીકે જાણીતો છે અને 'રાસમાલા'માં ગુજરાતનો પહેલો વ્યવસ્થિત ઇતિહાસ લખનાર અલેકઝાન્ડર

ફોર્બ્સના સમયથી માંડી ઇતિહાસકારોએ એનો ઉપયોગ કરેલો છે. ‘ પ્રબન્ધ-કોશ ’ની રચના સં. ૧૪૦૫માં થયેલી છે. શ્રીધરાચાર્યકૃત પ્રસિદ્ધ ‘ ન્યાયકન્દલી ’ ઉપરની પંજિકા, હાસ્યરસિક ટુચકાઓનો એક સંગ્રહ ‘ વિનોદકથાસંગ્રહ, ’ ‘ સ્યાદ્વાદકલિકા-સ્યાદ્વાદદીપિકા, ’ રત્નાવતારિકા પંજિકા, ’ તથા ૧૮૦ શ્લોકોમાં વિવિધ દર્શનોનો પરિચય આપતો ‘ ષડ્દર્શન સમુચ્ચય ’ એ એમના બીજા સંસ્કૃત ગ્રન્થો છે. ઐતિહાસિક પ્રબન્ધો લખનાર, ન્યાયશાસ્ત્રના કૂટ ગ્રન્થ ઉપર ટિપ્પણ લખનાર તથા વિનોદકથાઓનો—સંસ્કૃતમાં કદાચ પહેલો જ—સંગ્રહ કરનાર રાજશેખરસૂરિની વિદ્વત્તા અનેકદેશીય હતી. એમનો ‘ પ્રબન્ધ-કોશ ’ સં. ૧૪૦૫માં રચાયેલો હોઈ ‘ નેમિનાથ ફાગુ ’ની રચના પણ એ અરસામાં જ થઈ હશે એમ માનવું ઉચિત છે.

‘ નેમિનાથ ફાગુ ’નો વિષય અમુક રીતે ‘ સ્થૂલિભદ્ર ફાગુ ’ના જેવો છે. નેમિનાથ એક મહાન યાદવ હતા, અને દ્વારકામાં રહેતા અને દશ દશારો તરીકે ઓળખાતા યાદવ રાજાઓમાંથી (જેમાં સમુદ્રવિજય સૌથી મોટા અને વસુદેવ સૌથી નાના હતા) સમુદ્રવિજય અને તેમની પત્ની શિવાદેવીના પુત્ર હતા. તેઓ જૈન ધર્મમાં બાવીસમા તીર્થંકર થયા હતા. નેમિનાથ લગ્ન કરવા ઇચ્છતા નહોતા, પણ તેમના કાકાના દીકરા તથા વયમાં એમનાથી મોટા શ્રીકૃષ્ણની પત્નીઓએ એમને વસંતખેલ કરતાં કરતાં માંડ લગ્ન કરવા માટે મનાવ્યા હતા. રાજા ઉગ્રસેનની પુત્રી રાજીમતી અથવા રાજુલ સાથે એમનું લગ્ન નક્કી કરવામાં આવ્યું. જ્યારે નેમિનાથની જાન દ્વારકામાંથી પસાર થતી હતી ત્યારે જાનૈયાઓને જમાડવા માટે વાડામાં બાંધી રાખેલાં પશુઓ તેમણે જોયાં. આ રીતે થનાર હિંસાની કલ્પના આવતાં જ એમને ઊંડી વિરક્તિ થઈ અને લગ્ન કર્યા વિના તેઓ પાછા વળ્યા. અહીં કવિને વસંતનું, રાજીમતીના શણગારનું અને નેમિનાથના વરઘોડાનું તેમ જ નિરાશ થયેલ રાજીમતીના હૃદયભાવોનું વર્ણન કરવાની સારી તક મળે છે. નેમિનાથે તો કશું નહિ સાંભળતાં સાંવત્સરિક દાન દઈને સંસારનો ત્યાગ કર્યો; ગિરનાર ઉપર તેમનો દીક્ષામહોત્સવ થયો અને ત્યાં જ તેમને કેવલજ્ઞાન અર્થાત્ સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ. રાજીમતીએ પણ પોતે જેને મનથી પતિ તરીકે સ્વીકાર્યા હતા એમને અનુસરીને દીક્ષા લીધી. બન્ને સિદ્ધિમાં ગયાં.

આ ‘ નેમિનાથ ફાગુ ’ની છંદોરચના જિનપદ્મસૂરિના ‘ સ્થૂલિભદ્ર ફાગુ ’ને બરાબર મળતી છે. એમાં ૨૭ કડીઓ છે. એના પણ સાત વિભાગ છે અને દરેકમાં પહેલાં એક દુહો અને પછી રોળા આવે છે. ‘ સ્થૂલિભદ્ર ફાગુ ’ અથવા

એના જેવો ફાગુનો બીજો કોઈ નમૂનો જોઈને રાજશેખરસૂરિએ આ કાવ્ય રચ્યું હોય એ અસંભવિત નથી.

[૩-૪] કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત બે 'નેમિનાથ ફાગુ'

એક જ લેખકે એક જ વસ્તુ લઈને આ બે ફાગુ-કાવ્યો રચ્યાં છે. કૃષ્ણર્ષીય ગચ્છના જયસિંહસૂરિએ સં. ૧૪૨૨માં સંસ્કૃત 'કુમારપાલચરિત મહાકાવ્ય' રચ્યું છે તથા ભાસર્વજ્ઞના 'ન્યાયસાર' ઉપર 'ન્યાયતાત્પર્ય-દીપિકા' નામે ટીકા લખી છે; એટલે એમના આ બન્ને ફાગુઓ સં. ૧૪૨૨ આસપાસ રચાયા હશે.

જૂના ગુજરાતી સાહિત્યના પ્રાચીનતર યુગમાં ફાગુકાવ્યોની રચનાની મુખ્ય બે પરિપાટીઓ હતી. એક તો જિનપદ્મસૂરિ અને રાજશેખરસૂરિના ફાગુઓમાં આપણે હમણાં જોયું તેમ, એક ટૂંકા કાવ્યને 'ભાસ'માં વિભક્ત કરીને પ્રત્યેક ભાસમાં એક દુહો અને કેટલાક રોળા મૂકવાની; બીજી પરિપાટી તે 'વસંતવિલાસ' જેવા સુપ્રસિદ્ધ ફાગુકાવ્યમાં તેમ જ એ પ્રકારની બીજી અનેક કૃતિઓમાં છે તેમ, આંતરપ્રાસ કે આંતરયમકવાળા દુહામાં આખું યે કાવ્ય રચવાની. જયસિંહસુરિએ આ બન્ને પરિપાટી અનુસાર એક જ વસ્તુને બહલાવીને પોતાની કાવ્યનિપુણતા દર્શાવી છે, અને એક વિદ્વાનને શોભે એવું ભાષાપ્રભુત્વ અને પ્રૌઢિ બંને કાવ્યોમાં સર્વત્ર વરતાય છે. વળી 'ભાસ'માં વિભક્ત થયેલો ફાગુ અહીં પહેલો મૂકયો છે અને આંતરપ્રાસવાળા દુહામાં રચાયેલો ફાગુ બીજો મૂકયો છે એ કેવળ અનુમાનથી છે; આ સંગ્રહના પ્રથમ બે ફાગુઓનો છંદોબંધ પહેલા પ્રકારનો છે એટલું જ કદાચ એ અનુમાનના આધારમાં કહી શકાય; પરંતુ કર્તાએ કદાચ એથી ઊલટા ક્રમે આ બે કૃતિઓ રચી હોય એમ પણ બને. પહેલા ફાગુની કડી ૨૯ અને બીજા ફાગુની કડી ૪૯નું 'વસંતવિલાસ'ના વિરહિણીવર્ણનમાંની........................

ઉર વરિ હારુ તે ભારુ મૂ સિયર, સિંગારુ અંગારુ;
ચીંતુ હરઈ નવિ ચંદનું, ચંદ્રુ નહિ મનોહારુ.

(કડી ૪૦)

એ પંક્તિઓ સાથે નોંધપાત્ર સામ્ય છે. ફાગુકાવ્યોમાં વસંતવર્ણન અને વિરહ-વર્ણનમાં આ પ્રકારની પદાવલી પરાપૂર્વથી ચાલી આવી હશે એમ અનુમાન કરવું વધારે પડતું નથી.

વડોદરા જૈન જ્ઞાનમંદિરની હસ્તલિખિત પોથી નં. ૪૬૭૭માંથી આ બન્ને તથા બીજા કેટલાક ફાગુઓ મળેલા છે. એ પોથીનાં કુલ આઠ પત્ર જ

(૨૪૮-૫૫) સચવાયેલાં છે, અને તે ઉપરથી કોઈ દળદાર સંગ્રહપોથીનો આ એક નાનો શો અંશ છે એમ જણાય છે. આ પત્રોને પાછળથી કોઈએ નવા અંક આપ્યા છે અને તે ૩૧ થી ૩૮ છે. એમાં અજ્ઞાત કવિકૃત 'જંબુસ્વામી ફાગ' (કાવ્યાંક ૬)ની છેલ્લી દસ કડીઓ, 'ગણુપતિ ફાગુ' નામે એક અશ્લીલ ફાગ, 'મોહિની ફાગુ,' પ્રસન્નચંદ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ,' જયસિંહસૂરિના બે 'નેમિનાથ ફાગુ,' 'કાન્હડ બાર માસ' તથા છેલ્લે દેવસૂરિના પ્રશંસાત્મક પવાડાની પ્રારંભિક સાડાતેર કડીઓ છે; એ પછીનો ભાગ અધૂરો છે. આ ત્રૂટિત હસ્તપ્રતમાં કયાંય લેખનવર્ષ નથી. પણ લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા શતક કરતાં અર્વાચીન લાગતી નથી, આ પ્રતિમાં સર્વત્ર 'બ' ને સ્થાને 'વ' લખેલો છે, જેમ કે—'બોલ' ને બદલે 'વોલ,' 'બાલ'ને બદલે 'વાલ,' 'બાણ' ને બદલે 'વાણ,' ઇત્યાદિ. મૂલ પ્રતની આ લાક્ષણિકતા જેમની તેમ રાખી છે.

[૫] પ્રસન્નચન્દ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ'

હમણાં જ જેનો નિર્દેશ કર્યો એ સંગ્રહપોથીમાંથી આ કાવ્ય મળેલું છે. એના કર્તા પ્રસન્નચંદ્રસૂરિ, એને અંતે નિર્દેશ છે તે પ્રમાણે, ઉપર્યુક્ત જયસિંહસૂરિના શિષ્ય છે, એટલે એમનું આ કાવ્ય પણ સં. ૧૪૨૨ આસપાસ—સંભવતઃ એથી કંઈક આ તરફના કાળમાં રચાયું હશે

રાવણિ એ અલ્વર પાસે આવેલું એક ગામ છે. ત્યાંના પાર્શ્વનાથના મન્દિરની પ્રશસ્તિરૂપે કવિએ આ ફાગુ રચ્યો છે. એમાં પ્રારંભમાં વનશ્રીનું વર્ણન કરીને કવિ વસંતની શોભા વર્ણવે છે, તથા મન્દિરમાં થતી પૂજાનું છટાદાર બયાન કરીને ૧૬ કડીના આ ટૂંકા કાવ્યની સમાપ્તિ કરે છે.

કાવ્યનો છંદોબંધ દૂહા અને રોળા વડે બંધાયેલ ચાર 'ભાસ'માં વિભક્ત થયેલ છે.

[૬] અજ્ઞાત કવિકૃત 'જંબુસ્વામી ફાગ'

સં. ૧૪૩૦ જેટલા જૂના સમયમાં રચાયાના સ્પષ્ટ નિર્દેશવાળું આ સુન્દર કાવ્ય પાટણમાં મુનિશ્રી જશવિજયજી પાસેથી મળેલી એક હસ્તપ્રત ઉપરથી મુંબઈના 'ગુજરાતી' સાપ્તાહિકના સં. ૧૯૮૮ના દીપોત્સવી અંકમાં મેં છપાવ્યું હતું. કેટલીક રીતે મહત્ત્વની આ કૃતિ પછી દુર્લભ હોવાથી આ વિષયના અભ્યાસીઓની માગણીથી 'જૈન સત્યપ્રકાશ,' મે-જૂન ૧૯૪૬માં

પુનર્મુદ્રિત કરવામાં આવી હતી. એ પાઠ અહીં આપ્યો છે, પણ તે સાથે, ઉપર [૪]માં વર્ણવેલી સંગ્રહપોથીમાં એની છેલ્લી દસ કડીઓ મળે છે, એનાં પાઠાન્તર નોંધ્યાં છે.

આંતરપ્રાસવાળા ૬૦ દુહામાં રચાયેલા આ કાવ્યમાં કર્તાનું નામ નથી, પણ એની રચના સં. ૧૪૩૦માં થઈ હોવાનો ઉલ્લેખ છે. અર્થાત્ ગુજરાતી સાહિત્યના પ્રાચીનતમ યુગની આ કૃતિ છે.

સ્થૂલિભદ્ર અને નેમિનાથની જેમ જંબુસ્વામીનું કથાનક પણ ફાગુકાવ્યની અપેક્ષાઓને અનુરૂપ છે. જંબુસ્વામી એક પ્રભાવક આચાર્ય હતા અને જૈન ઇતિહાસમાં તેઓ ચરમ—છેલ્લા કેવલી તરીકે પ્રસિદ્ધ છે. મગધ દેશના ભૂષણરૂપ રાજગૃહ નગરના શ્રેષ્ઠી ઋષભદત્ત અને એની પત્ની ધારિણીના તેઓ પુત્ર હતા. યુવાવસ્થામાં આવ્યા પછી એક વાર જંબુકુમાર, વસંતઋતુ ખીલી હતી અને દક્ષિણાનિલ વાઈ રહ્યો હતો ત્યારે પોતાના પરિવાર સહિત રાજગૃહ પાસે આવેલા વૈભારગિરિ ઉપર ક્રીડા કરવા માટે ગયા. અહીં ફાગુઓની પરંપરાગત પદ્ધતિએ વસંત અને વનશ્રીનું વર્ણન કરવાની તક કવિને મળે છે. વનમાંથી પાછા વળતાં, ગુણશીલ ચૈત્યમાં મહાવીરના ગણધર સુધર્માસ્વામી સાથે જંબુકુમારનો સમાગમ થયો. એમની અમૃત સમાન વાણી જંબુકુમારે સાંભળી. એ ઘેર આવ્યા પણ એમનું ચિત્ત સંસારથી વિરક્ત થઈ ગયું હતું. આ પહેલાં જ, જંબુકુમારનો વિવાહ રાજગૃહની આઠ ઇભ્યકન્યાઓ સાથે કરવામાં આવેલો હતો. જંબુકુમારને વરના વેશમાં જોવા ઇચ્છતી માતાએ એમને આગ્રહપૂર્વક લગ્ન કરવા માટે મનાવ્યા, પણ લગ્ન પછી દીક્ષા લેવાની એમને સંમતિ આપી. અહીં જંબુકુમારની પત્નીઓના રૂપશૃંગારનું અને એમના લગ્નમહોત્સવનું વર્ણન કવિ દાખલ કરે છે.

રાત્રે જંબુકુમાર વાસઘરમાં ગયા. સૌ ઊંઘી ગયાં હતાં, પણ અસંભ્રાન્ત જંબુકુમાર જાગતા હતા. વિવાહોત્સવપ્રસંગે માણસો એકત્ર થયાનું જાણીને પ્રભવ નામે એક ચોર ત્યાં ચોરી કરવા આવ્યો. પ્રભવ અને એના પાંચસો સાથીઓને જંબુકુમારે પ્રતિબોધ પમાડ્યો. આઠ પત્નીઓ સહિત જંબુકુમારે સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. પ્રભવે પણ દીક્ષા લીધી અને ગુરુએ તેને જંબુસ્વામીને શિષ્ય તરીકે સોંપ્યો. જંબુસ્વામી કેવલજ્ઞાની થયા. જગતમાં વિદિત રતિપતિને જેણે જીત્યો છે એવા જંબુકુમાર આનંદ પામો એમ કવિ અંતમાં ઉચ્ચારે છે.

'જંબુસ્વામી ફાગુ'નું કવિત્વ અને ભાષાપ્રૌઢિ જોતાં એના અનામી કર્તાએ બીજાં પણ કાવ્યો રચ્યાં હશે એ વિશે શંકા નથી.

[૭] મેરુનન્દનકૃત 'જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ'

આ કાવ્યના કર્તા મેરુનન્દન ઉપાધ્યાય ખરતર ગચ્છના જિનોદયસૂરિના શિષ્ય છે. અંતમાં ઉલ્લેખ છે તેમ, આ કાવ્ય તેમણે સં. ૧૪૩૨માં રચેલું છે. એ જ વર્ષમાં તેમણે પોતાના ગુરુ વિષેનો 'જિનોદયસૂરિ વિવાહલઉ' (આચાર્ય જિનવિજયજી-સંપાદિત 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય,' પૃ. ૨૩૩-૨૩૭) રચ્યો છે. આ ઉપરાંત 'અજિત-શાન્તિ સ્તવન' એ એમની બીજી કૃતિ પણ જાણવામાં છે ('જૈન ગુર્જર કવિઓ,' ભાગ ૧, પૃ. ૧૯).

બીકાનેરવાળા શ્રી. અગરચંદ નાહટા પાસેની સં. ૧૪૯૩માં લખાયેલી સંગ્રહપોથીમાંથી આ કાવ્ય મળ્યું છે.[1] અને પાંચેક વર્ષ પહેલાંના મારા બીકાનેર-જેસલમેરના પ્રવાસ દરમિયાન આ કાવ્યની મેં નકલ કરી લીધી હતી. પ્રસ્તુત સંગ્રહપોથીના પત્ર ૨૮૮-૯૦ ઉપર આ કાવ્ય લખાયેલું છે. ત્યાર પછી ગુજરાત વિદ્યાસભાની સં. ૧૫૧૧માં લખાયેલી એક સંગ્રહ-પોથીમાં પત્ર ૪૭૧-૭૩ ઉપર[2] આ કાવ્ય જોવામાં આવતાં એનાં પાઠાન્તરો નોંધ્યાં છે. વિદ્યાસભાની પોથીમાં પત્ર ૪૭૪ ખૂટતું હોવાથી આ કૃતિનો ૪૯મી કડી પછીનો કાવ્યાંશ એમાં નથી; એટલે એ પછીનાં પાઠાન્તર નોંધી શકાયાં નથી.

---

૧ આ સંગ્રહપોથીના પ્રારંભપત્રમાં અનુક્રમ-સૂચિના પહેલાં નીચે પ્રમાણે પુષ્પિકા છે:

॥ ૬૦ ॥ સંવત ૧૪૯૩ વર્ષે વૈશાખમાસે પ્રથમ પક્ષે ૮ દિને સોમે શ્રીબૃહત્ ખરતરગચ્છે શ્રીજિનભદ્રસૂરિગુરૌ વિજયમાને શ્રીકીર્ત્તિરત્નસૂરીણાં શિષ્યેણ શિવ-કુંજરમુનિના નિજપુણ્યાર્થં સ્વાધ્યાયપુસ્તિકા લિખિતા ચિરં નંદતાત્ । શ્રીયોગિની-પુરે ॥ શ્રી ॥

શ્રી. ગાંધીના પુસ્તકમાં (પૃ. ૭૧) આ સંગ્રહપોથી સં. ૧૫૧૯માં લખાયાનો નિર્દેશ છે, એ બરાબર નથી.

૨ વિદ્યાસભાવાળી પોથીમાં આ કાવ્યને અંતે લેખનસંવત નથી, પણ આ ફાગુ-સંગ્રહમાં ક્રમાંક ૧૦ તરીકે લેવાયેલ 'ભરતેશ્વર ચક્રવર્તી ફાગ' એ પોથીમાં પત્ર ૪૭૦ ઉપર પૂરો થાય છે, અને અંતે નીચે મુજબ પુષ્પિકા છે-' ઇતિ શ્રીભરથેશ્વર ચક્રવર્તિ ફાગુ સમાપ્તઃ । સં. ૧૫૧૧.'

પં. લાલચંદ્ર ગાંધીએ 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' એ પોતાના પુસ્તકના પૃ. ૬૯-૭૧માં નાહટાજીની પ્રત ઉપરથી આ ફાગુ છાપ્યો છે એમાં ૧૩ થી ૧૭ સુધીની કડીઓ નથી. મૂળ પ્રતમાં ચાર પંક્તિએ કડીનો અંક નોંધ્યો છે, જ્યારે આ તો દુહો હોવાથી બે પંક્તિની કડી ગણાવી જોઈએ. આમ જોતાં પં. લાલચંદ્રની વાચનામાં કુલ ૧૦ કડીઓ (આ પુસ્તિકામાંની વાચનાની કડી ૨૫ થી ૩૪ સુધીની) નથી. અર્થાત્ મૂળ આખું કાવ્ય અહીં પહેલી વાર પ્રકાશિત થાય છે.

જીરાપલ્લી અથવા જીરાવલી એ આબુની પાસે આવેલું એક ગામ અને પુરાણું જૈન તીર્થ છે. ત્યાંના પાર્શ્વનાથના મંદિરનો આ વર્ણનાત્મક ફાગ છે (સર૦ 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ'). પાર્શ્વનાથની યાત્રા નિમિત્તે પતિ-પત્નીનો વાર્તાલાપ, વસંતવર્ણન આદિ દાખલ કરીને કવિએ પાર્શ્વનાથની સ્તુતિ કરવા ઉપરાંત ફાગુનાં લાક્ષણિક તત્ત્વો કાવ્યમાં દાખલ કર્યાં છે.

૬૦ કડીનું આ કાવ્ય છે અને તેનો છંદોબંધ આંતરપ્રાસવાળા દુહાનો છે.

[૮] સમુધરકૃત 'નેમિનાથ ફાગુ'

પૂ. પં. શ્રી. રમણિકવિજયજી મહારાજ પાસેની સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સ્તોત્રાદિની એક પ્રાચીન સંગ્રહપોથીનાં પત્ર ૩૯૮-૯૯ ઉપર આ ફાગુ લખાયેલો મળે છે. સંગ્રહપોથીનાં ૯૮ થી ૪૪૦ સુધીનાં પત્ર ઉપલબ્ધ છે. આ પોથીને અંતે સં. ૧૪૩૭માં નકલ થયાનો ઉલ્લેખ હોઈ[1] આ 'નેમિનાથ ફાગુ'ની નકલ તેમ જ રચના ત્યાર પહેલાં થયેલાં એ સ્પષ્ટ છે. શ્રી. અગરચંદ નાહટાની સં. ૧૪૯૩વાળી પોથીનાં પત્ર ૨૯૫-૯૭માં પણ આ ફાગુ મળે છે. શ્રી. રમણિકવિજયજીવાળી પોથીને મુખ્ય પાઠ તરીકે સ્વીકારી શ્રી. નાહટાવાળી નકલનાં પાઠાન્તરો નોંધ્યાં છે.

કાવ્યના કર્તા સમુધર વિષે કશું જાણવામાં નથી.

૨૮ કડીનો આ ફાગુ દુહા છંદોમાં છે. દુહામાં આંતરપ્રાસ કે આંતરયમક સામાન્ય રીતે નથી, પણ દરેક પંક્તિના પ્રારંભમાં છંદનાં માપથી વિશેષ,

---

૧ જુઓ પત્ર ૪૪૦ ઉપરની પુષ્પિકા—

સંવત ૧૪૩૭ વૈશાખ સુદી ૨ દ્વિતીયા દિને સુગુરુ શ્રીજિનરાજસૂરિસદુપદેશેન વ્ય. દેદાપુત્ર્યા દેવગુર્વાજ્ઞાચિંતામણિમસ્તકભૂષિતયા માંકુસુશ્રાવિકયા આત્મપુણ્યાર્થં શ્રીસ્વાધ્યાયપુસ્તિકા લેખિતા । વાચ્યમાના આચન્દ્રાર્કં નન્દતુ ।

'લટકણિયા' તરીકે 'અરે' શબ્દ આવે છે, તે જાહેરમાં ગાવાના પ્રકાર તરીકે ફાગુ હોવાનું સૂચન કરે છે. બીજી પ્રતમાં 'અરે' શબ્દ નથી. કેટલાક ફાગુઓમાં 'અરે'ને બદલે અમુક કડીઓના આરંભમાં 'અહ' અથવા 'અહે' શબ્દ પણ આવે છે. જોકે સર્વત્ર એ 'લટકણિયા' તરીકે હોય એવું નથી.

[૯] અજ્ઞાત કવિકૃત 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ'

શ્રી. અગરચંદ નાહટાની સં. ૧૪૯૩ના ઉલ્લેખવાળી સંગ્રહપોથીમાં પત્ર ૨૯૭-૨૯૯માં આ કાવ્ય મળ્યું છે.

પાંચે પાંડવોને, એમના લગ્ન પછી, દ્રૌપદી સાથે લઈને પાંડુ રાજા હસ્તિનાપુરમાં આવે છે. ત્યાં એમનો સત્કાર થાય છે તથા નગરમાં ઉત્સવ થાય છે એનું વર્ણન કવિ કરે છે. ગંગાયમુનાના અંતરાલમાં આવેલા કુલપર્વત ઉપર પાંડવો અને યાદવો ક્રીડા માટે જાય છે. ત્યાં ખીલેલી વસંતનું કવિ વર્ણન કરે છે, અને એ રીતે 'ફાગુ' નામની સાર્થકતા થાય છે. કુંતી-પુત્રોની સાથે કૃષ્ણ આમ ક્રીડા કરતા હતા એટલામાં નારદ ઋષિ ત્યાં ગગન-માર્ગે આવે છે. બધા વંદન કરે છે અને નારદ એમને આશિષ આપે છે અને ઋષિતીર્થને વંદન કરવાના માહાત્મ્યનો ઉલ્લેખ કરીને કવિ ફાગુની સમાપ્તિ કરે છે.

૨૪ કડીના આ ફાગુનો છંદોબંધ જિનપદ્મ અને રાજશેખરના પ્રાચીનતર ફાગુઓ જેવો એક દુહો અને એક કરતાં વધુ રોળાના બનેલા આઠ 'ભાસ'-નો—છે. એ પ્રાચીનતર ફાગુઓની કાવ્યરીતિની સ્પષ્ટ અસર આનાં વર્ણનોમાં વરતાય છે.

[૧૦] અજ્ઞાત કવિકૃત 'ભરતેશ્વર ચક્રવર્તી ફાગ'

સં. ૧૪૯૩ના ઉલ્લેખવાળી શ્રી. અગરચંદ નાહટાની પોથીનાં પત્ર ૨૯૦-૯૨માં આ ફાગ લખાયેલો મળ્યો છે અને મારા બીકાનેરના પ્રવાસ વખતે એની નકલ મેં કરી લીધી હતી. ત્યાર પછી ગુજરાત વિદ્યાસભાની સં. ૧૫૧૧-ની સંગ્રહપોથીનાં પત્ર ૪૬૯-૭૦ ઉપર આ કાવ્યની બીજી નકલ મળતાં એનાં પાઠાન્તર નોંધ્યાં છે.

ભરત ચક્રવર્તી એટલે જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ અથવા આદિ-નાથના પુત્ર ભરત અને તેમના ભાઈ બાહુબલિ વચ્ચેનો વિગ્રહ અને અંતે

બાહુબલિનો સંસારત્યાગ વર્ણવતું ગુજરાતી સાહિત્યનું અતિ પ્રાચીન રાસ-કાવ્ય, શાલિભદ્રસૂરિકૃત 'ભરત-બાહુબલિ રાસ' (સં. ૧૨૪૧) ભાષા-સાહિત્યના અભ્યાસીઓમાં જાણીતું છે. ભરત ચક્રવર્તી યથાવસર પાંચ પ્રકારના ભોગ ભોગવતો હતો અને દેવગુરુપાદનું સ્મરણ કરતો હતો (કડી ૧૮). એક દિવસ આદર્શભવનમાં પોતાનું રૂપ જોતાં, અલંકારો વિના પોતે કેવો વિરૂપ લાગે એ વિચારતાં અને એકતાનતાપૂર્વક શુભ ભાવના ભાવતાં ત્યાં જ એને કેવલજ્ઞાન થયું, અને તે સિદ્ધિમાં ગયો.

આમ કાવ્યનું વસ્તુ આટલું છે અને તે પણ મુખ્યત્વે અંતમાં આવે છે. પણ પ્રારંભમાં ભરતની રાજધાની અયોધ્યા નગરીનું, રાજવૈભવનું તથા અંતઃપુર સાથે ભરત વસંતક્રીડા કરવા જાય છે એનું વિસ્તારથી વર્ણન કરીને એને ફાગુનું રૂપ આપ્યું છે.

છંદોબંધ જિનપદ્મસૂરિ અને રાજશેખરસૂરિના પ્રાચીનતર ફાગુઓની જેમ દુહા અને રોળા છંદની બનેલી ચાર 'ભાસ'નો છે.

[૧૧-૧૨] સમરકૃત 'નેમિનાથ ફાગુ' અને પદ્મકૃત 'નેમિનાથ ફાગુ'

શ્રી. અગરચંદ નાહટાની સં. ૧૪૯૩ના ઉલ્લેખવાળી સંગ્રહપોથીનાં પત્ર ૩૦૬-૩૦૭ ઉપર આ બન્ને ફાગુઓની નકલ છે. અનુક્રમે ૧૦ અને ૧૪ કડીનાં આ ટૂંકાં કાવ્યોમાં છંદોબંધ આંતરપ્રાસ કે યમકવાળા નહિ, પણ સાદા દુહાનો છે. સમરકૃત ફાગુનો ઘણો ભાગ રાજીમતીની વિરહોક્તિઓનો છે. જ્યારે પદ્મકૃત ફાગુમાં ૧૦ કડી વસંતવર્ણનમાં રોકાયેલી છે અને બાકીની ૪ કડીમાં નેમિનાથનું સુપ્રસિદ્ધ કથાનક જેનાથી શ્રોતાઓ કે વાચકો સુપરચિત હતા એનો સંક્ષિપ્ત નિર્દેશ કવિ કરી લે છે. ઉર્મિતત્ત્વ અને વર્ણનની ફૂલગૂંથણીનાં આ બન્ને કાવ્યો સારાં ઉદાહરણ છે.

[૧૩] ગુણચંદ્રસૂરિકૃત 'વસંત ફાગુ'

પાટણના કેસરબાઈ જ્ઞાનમંદિરની પોથી ૧૧૪, નં. ૭૬ની બે પત્રની પ્રતિમાંથી આ ફાગુ મળ્યો છે. પ્રતમાં લેખનસંવત નથી પણ લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા સૈકાની હોય એવું અનુમાન થાય છે. ગુણચંદ્રસૂરિ નામના એક કરતાં વધુ આચાર્યો ચૌદમા અને પંદરમા સૈકામાં થઈ ગયા છે. એમાંથી આ કાવ્યના કર્તા કોણ હશે એ કહેવું મુશ્કેલ છે. પરંતુ પ્રતિની પ્રાચીનતા તેમ જ ભાષાનું સ્વરૂપ એને આધારે આ કૃતિને વિક્રમના પંદરમા શતકમાં મૂકવામાં હરકત નથી.

આ ફાગુમાં કોઈ ધાર્મિક કથાપ્રસંગ નથી, જેને આધારે કવિએ શૃંગારનું મર્યાદિત આલેખન કર્યું હોય. એક જૈન સાધુને હાથે લખાયેલું આ નખશિખ સાંસારિક કાવ્ય છે અને આદિથી અંત સુધી એમાં શૃંગારનું સુરેખ આલેખન છે. કડી ૨-૩નું 'વસંતવિલાસ'ની નીચેની પંક્તિઓ સાથે નોંધપાત્ર સામ્ય છે :

પાડલ કલી અતિ ફૂંઅલી તું અધીઅલ મ ધંધોલિ;
તઉં ગુણવેધ તિ સાચઉં કાચઉં મહીઉં મ રોલી

(કડી ૭૨)

[૧૪] ધનદેવગણિકૃત 'સુરંગાભિધ નેમિ ફાગ'

ધનદેવગણિકૃત 'સુરંગાભિધ નેમિ ફાગ'ની નોંધ સ્વ. મોહનલાલ દેસાઈએ 'જૈન ગુર્જર કવિઓ,' ભાગ ૧ (પૃ. ૪૩-૪૪)માં કરી હતી. એમાં એની પ્રત પાટણના ભંડારમાં હોવાનો નિર્દેશ કર્યો હતો. શ્રી દેસાઈએ આપેલાં કેટલાંક અવતરણનો ઉપયોગ મેં વડોદરાની પ્રાચ્ય વિદ્યાપરિષદમાં રજૂ કરેલા 'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના' એ નિબંધમાં ૧૯૩૩-માં કર્યો હતો અને ત્યારથી આ ફાગુની તપાસમાં હું હતો. પાટણના કોઈ ભંડારમાં એનો પત્તો લાગ્યો નહિ; પણ છેવટે આટલે વર્ષે એ જ પ્રતિ વડોદરાના જૈન જ્ઞાનમન્દિરમાંથી (ગુજરાતી વિભાગ, નં. ૪૮૨) જડી આવતાં ઘણો આનંદ થયો. કુલ ચાર પત્રની એ પોથી છે, અને એમાં ૪થા પત્રના બીજા પૃષ્ઠની પહેલી પંક્તિમાં આ ફાગુ પૂરો થાય છે. અંતની પુષ્પિકામાં સં. ૧૫૦૨માં ધનદેવગણિએ એની રચના કરી હોવાનો ઉલ્લેખ છે. ત્યાર પછી 'શ્રી જયચન્દ્રસૂરિણાં સ્તુતિઃ' અને 'શ્રીનેમિનાથસ્તુતયઃ'ના કેટલાક સંસ્કૃત શ્લોકો છે. લિપિ ઉપરથી પ્રતિ સત્તરમા સૈકાની જણાય છે.

નેમિનાથના લોકપ્રિય કથાવસ્તુને કવિતામાં ઉતારતા ૮૪ કડીના આ ફાગુની છંદોરચના અત્યાર પહેલાં આપણે જોયેલા ફાગુઓ કરતાં જુદા પ્રકારની અને વધારે સંકુલ છે. દુહા જેવા કોઈ એક જ છંદનો અથવા જેમાં દુહા અને રોળાની સંસૃષ્ટિ હોય એવી પૂર્વોક્ત 'ભાસ'નો એમાં પ્રયોગ નથી. આ ફાગુની છંદોરચના નીચે પ્રમાણે કેટલાંક એકમોમાં વહેંચાઈ જાય છે :

મંગલચરણના સંસ્કૃત શ્લોક પછી ગુજરાતીમાં શાર્દૂલવિક્રીડિતની એક કડી આવે છે, જેને 'કાવ્ય' નામ આપવામાં આવ્યું છે. એ પછી રાસક, અઢૈયુ અને ફાગની કેટલીક કડીઓ આવે છે. આ ફાગ છંદ એ આંતરયમક-

વાળો દુહો જ છે, અને દુહાને આ નામ અપાયું એ ફાગના કાવ્યપ્રકાર સાથેની એની નિકટતા દર્શાવે છે. આ કાવ્યના છંદોબંધના મુખ્ય દસ એકમોમાં ઉપર પ્રમાણેની વ્યવસ્થા છે. માત્ર છઠ્ઠા એકમમાં પ્રારંભિક 'કાવ્ય' (શાર્દૂલ) નથી. છેલ્લા અગિયારમા એકમમાં એક શાર્દૂલ અને સમાપનનો સંસ્કૃત શ્લોક એટલું જ છે. ધનદેવગણિના આ કાવ્ય પહેલાંના ફાગુઓમાં આ પ્રકારની મિશ્ર છંદયોજના માણિક્યસુન્દરસૂરિકૃત 'નેમિફાગ' (સં. ૧૪૭૮),[૧] સોમસુન્દરસૂરિકૃત 'રંગસાગર નેમિફાગ' (સં. ૧૪૯૬ આસપાસ),[૨] અને 'દેવરત્નસૂરિ ફાગ'[૩]માં છે. જોકે કેટલાક ગૌણ ભેદ એ ત્રણેયમાં છે ખરા.

આ કાવ્ય પ્રમાણમાં લાંબું હોવાથી નેમિનાથના કથાનકના પ્રારંભથી માંડીને કવિએ ઉચિત વિસ્તાર કર્યો છે. એની કડી ૪૫ અને ૭૩નું 'વસંતવિલાસ'ની અનુક્રમે ૩૧ અને ૩૮મી કડી સાથે નોંધપાત્ર શાબ્દિક સામ્ય છે.

[૧૫] રત્નમંડનગણિકૃત 'નારીનિરાસ ફાગ'

'વસંતવિલાસ'ની પદ્ધતિએ આંતરયમકવાળા દુહાની વચ્ચે વચ્ચે સંમતિના સંસ્કૃત શ્લોકો મૂકીને રચાયેલ આ 'નારીનિરાસ ફાગ' એનાં વસ્તુ તેમ જ વિષયનિરૂપણની દૃષ્ટિએ પણ વિશિષ્ટ છે. આ કાવ્યનું પ્રથમ પ્રકાશન શ્રી. અંબાલાલ પ્રેમચંદ શાહે તેમની પાસેની એક હસ્તપ્રત ઉપરથી 'જૈન સત્યપ્રકાશ'ના વર્ષ ૧૨, અંક ૫-૬ ફેબ્રુઆરી-માર્ચ ૧૯૪૭માં કર્યું હતું. ત્યાર પછી એની બીજી બે હસ્તપ્રતો મને મળી—એક વડોદરાના જૈન જ્ઞાનમંદિરના ગુજરાતી વિભાગની નં. ૧૭૫૨ અને બીજી વડોદરા પાસેના છાણી ગામના જૈન જ્ઞાનમંદિરની નં. ૭૪૪. વડોદરાની પોથી બે પત્રની છે. એમાં લેખનસંવત નથી, પણ લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા સૈકાની હોવી જોઈએ. છાણીની પ્રત પ્રમાણમાં ઘણી અર્વાચીન—સં. ૧૮૪૯માં લખાયેલી

---

૧. સંપાદક: શ્રી. મોહનલાલ દેસાઈ, 'શ્રી. આત્માનંદ શતાબ્દી સ્મારકગ્રન્થ,' પૃ. ૪૭-૬૫.

૨. 'શમામૃતમ્'ની સાથે સંપાદક વિજયધર્મસૂરિ.

૩. આચાર્ય જિનવિજયજીસંપાદિત 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય-સંચય,' પૃ. ૧૫૦-૫૮.

છે.[1] વડોદરા અને છાણીની પ્રતો વચ્ચે તેઓ બન્ને મૂળ એક જ પ્રતીકની નકલો હોય એટલું બધું સામ્ય છે, અને એથી છાણીની પ્રતનો સંપાદનમાં ઉપયોગ કરવાનું–કોઈ કોઈ પાઠોની તુલના કરવા સિવાય અન્યત્ર જરૂરી લાગ્યું નથી. શ્રી. શાહની વાચના કરતાં વડોદરાની પ્રત નિશ્ચિતપણે જૂની હોઈ એને મુખ્ય વાચના ગણી છે અને શ્રી. શાહની વાચનાનાં પાઠાન્તર નોંધ્યાં છે.

શ્રી. શાહની પ્રતને અંતે આ ફાગના કર્તાનું નામ રત્નમંડનગણિ આપ્યું છે. વળી ફાગની અનુક્રમે ગુજરાતી અને સંસ્કૃત ૫૨ અને ૫૩મી કડીમાં પણ કર્તાએ 'સુરયણુમંડન' અને રૈવતરત્નમણ્ડનમભૂદ્' એ શબ્દો વડે પોતાનું નામ સૂચિત કર્યું છે. શ્રી અંબાલાલ શાહે બતાવ્યું છે તેમ, આ રત્નમંડન-ગણિ તપાગચ્છના આચાર્ય સોમસુન્દરસૂરિના અથવા તેમના શિષ્ય સોમદેવસૂરિના શિષ્ય હતા અને વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા.[2] આ કાવ્ય ઉપરાંત સંસ્કૃતમાં 'સુકૃતસાગર,' 'મુગ્ધમેધાલંકાર,' 'જલ્પ-કલ્પલતા' આદિ ગ્રન્થો તેમણે રચેલા છે.

'નારીનિરાસ ફાગ'ની સમગ્ર કાવ્યધાટી 'વસંતવિલાસ'ની છે. કેટલેય સ્થળે એમાં 'વસંતવિલાસ'ની પંક્તિઓના પડઘા સંભળાય છે. 'વસંત-વિલાસ' જેવા પ્રચુર શૃંગારિક કાવ્યની રચના થયા પછી એ શૃંગારભાવનાનો નિરાસ કરવાના ખ્યાલથી આ 'નારીનિરાસ ફાગ'ની રચના થઈ હોય એવું સ્વાભાવિક અનુમાન થઈ શકે. રાજીમતી જેવી નારીનો નિરાસ–ત્યાગ કરીને ચાલી નીકળનાર નેમિનાથ વિષે છેલ્લી બે કડીઓ (ગુજરાતી અને સંસ્કૃત)માં કવિએ ભક્તિપૂર્વક નિર્દેશ કર્યો છે, પણ એકંદરે ફાગુનો વિષય અને ઉદ્દેશ જુદો જ છે એ સ્પષ્ટ છે. સંસ્કૃત શ્લોકો લોકભાષાની અસરવાળા છે અને હસ્તપ્રતોમાં એ પણ પ્રાયઃ અપભ્રષ્ટ સ્વરૂપમાં મળે છે.

[૧૬] 'હેમરત્નસૂરિ ફાગુ'

એક જૂની હસ્તલિખિત પ્રતિ ઉપરથી કરેલી આ કાવ્યની નકલ મને શ્રી. અગરચંદ નાહટાએ મોકલી હતી. આ પહેલાં આપણે જોયા એ ફાગુઓ

---

૧. એ પ્રતિના સંસ્કૃત શ્લોકોને અંતે પુષ્પિકા—'ઇતિ શ્રી નારીનિરાસ ફાગ સમાપ્તઃ। લિ. । સં. ૧૮૪૯ના દ્વિતીય શ્રા૦ શુ૦ ૨વૌ શ્રેયં ભવઃ।' ગુજરાતી કડીઓને અંતે પુષ્પિકા—'ઇતિ શ્રીનારીનિરાસફાગટિપ્પનં સમાપ્તં । લિ. પં. રંગવિજય પં. શ્રી કૃષ્ણસલ્કેન ।

૨. 'જૈન સત્યપ્રકાશ,' વર્ષ ૧૨, પૃ. ૧૬૮

કરતાં આનું વસ્તુ જુદા પ્રકારનું છે અને તે એ રીતે કે એક સમકાલીન ઐતિહાસિક વ્યક્તિ વિષેનું એ કાવ્ય છે. હેમરત્નસૂરિ એ આગમ ગચ્છના આચાર્ય હતા. એમણે પ્રતિષ્ઠિત કરાવેલી ધાતુપ્રતિમાઓના લેખો વિક્રમની પંદરમી સદીની છેલ્લી પચીસીના તથા સોળમી સદીના પ્રારંભના મળ્યા છે.[1] આચાર્યની પ્રશંસા—ખાસ કરીને એમના મોહવિજયની પ્રશંસા કર્તાએ એમાં ગાઈ છે. વિનયચૂલા સાધ્વીના આગ્રહથી આ કાવ્ય રચાયું હોવાનો નિર્દેશ એની પુષ્પિકામાં છે. ૨૧મી કડીમાં પણ વિનયચૂલાનો ઉલ્લેખ છે, પણ એ કડી ત્રૂટિત હોવાથી એમાં વિનયચૂલાને આની કવયિત્રી કહી છે કે માત્ર પુષ્પિકામાં છે એ પ્રકારનો જ એ ઉલ્લેખ હશે એ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી. ગમે તેમ, પણ હેમરત્નસૂરિના શિષ્યમંડળમાંથી કોઈએ આ ફાગુ રચ્યો હશે એટલું તો નિશ્ચિત છે. આ રીતે એની રચના સોળમી શતાબ્દીના પ્રારંભમાં માનવી યોગ્ય છે.

૨૨ કડીનો આ ફાગુ દુહામાં—મોટે ભાગે આંતરયમકવાળા દુહામાં રચાયે. છે. આટલી ટૂંકી મર્યાદામાં પણ ફાગુને અનુરૂપ ઝડઝમકવાળાં વર્ણનો આપીને તથા ૧૭મી કડીમાં ફાગુનો ઉલ્લેખ કરીને કવિએ આ કાવ્યપ્રકારમાં કૃતિને ઘટાવવા પ્રયત્ન કર્યો છે. જુદા જુદા આચાર્યો વિષેના બીજા પણ ફાગુઓ મળે છે એ વિષે ચર્ચા હવે પછી ફાગુના સાહિત્યપ્રકાર વિષેના લેખમાં આપણે કરીશું.

[૧૭] આગમમાણિક્યકૃત ‘જિનહંસગુરુ નવરંગ ફાગ’

આ કાવ્યની એક પત્રની હસ્તલિખિત પ્રત વડોદરાના જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહમાંથી (ગુજરાતી વિભાગ, નં. ૩૬૪૧) મળેલી છે. લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા શતકના અંતમાં કે સત્તરમાના આરંભમાં લખાયેલી જણાય છે. ‘હેમરત્નસૂરિ ફાગુ’ની જેમ આ પણ એક સમકાલીન ઐતિહાસિક વ્યક્તિ વિષેનું કાવ્ય છે. જિનહંસગુરુ તપાગચ્છના હતા (કડી ૬) અને લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય હતા (કડી ૨૫). લક્ષ્મીસાગર એ તપાગચ્છના સુપ્રસિદ્ધ આચાર્ય, પંદરમા શતકના અંતમાં થયેલા સોમસુન્દરસૂરિના એક શિષ્ય હતા,[2] અને જિનહંસગણિએ સોમ-

---

૧. આચાર્ય વિજયધર્મસૂરિ-સંપાદિત ‘પ્રાચીન લેખસંગ્રહ,’ ભાગ ૧, નં. ૧૨૫, ૨૦૮, ૨૩૨, ૩૩૦; તથા આચાર્ય બુદ્ધિસાગરસૂરિ-સંપાદિત ‘જૈન ધાતુ-પ્રતિમા લેખસંગ્રહ,’ ભાગ ૧, સૂચિ પૃ. ૩૪.

૨. મોહનલાલ દેસાઈ, ‘જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,’ પૃ. ૪૬૬

સુન્દરના બીજા એક શિષ્ય રત્નશેખરસૂરિને સં. ૧૫૧૬માં 'આચારપ્રદીપ' ગ્રન્થના લેખનશોધનાદિમાં સહાય કરી હતી.[૧] આથી જિનહંસગણિનો સમય વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધમાં નિશ્ચિત થાય છે. એમના શિષ્ય આગમમાણિક્યે આ ફાગ રચ્યો છે.

આચાર્યના મન્મથવિજયનું વર્ણન કવિએ આમાં કર્યું છે અને એ નિમિત્તે ફાગુમાં આવતાં વસંતવર્ણન, વિરહિણીવર્ણન આદિ આલેખ્યાં છે. પ્રારંભમાં મંગલાચરણના બે દુહા આપ્યા પછી રાસક, આંદોલા અને ફાગની (દુહાની) કેટલીક કડીઓ આવે છે. આ કાવ્યના છંદોબંધના ત્રણે વિભાગોની યોજના એ પ્રમાણેની છે. આ કાવ્યની ૧૯મી કડીનું 'વસંતવિલાસ'ની નીચેની પંક્તિઓ સાથે નોંધપાત્ર સામ્ય છે :

સકલકલા તું તુય નિશાકર શ્યા કર સયરિ સંતાપુ,
અબલ મ મારિ કલંકિય શંકિય રે હિવ પાપ.

(કડી ૪૨)

[૧૮] અજ્ઞાત કવિકૃત 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ'

આ કાવ્યની ત્રણ પત્રની, સં. ૧૫૫૭માં લખાયેલી હસ્તલિખિત પ્રતિ વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રી. કાન્તિવિજયજી મહારાજના સંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૧૨૧૪) મળી છે. પ્રત સંપૂર્ણ છે, પણ પહેલા અને છેલ્લા પાનાની કિનારો ફાટી જવાથી થોડાક શબ્દો તૂટે છે.

મારવાડમાં સાદડી પાસે રાણકપુરમાં આવેલું જૈન મંદિર—જેમાં આદિનાથની ચતુર્મુખ મૂર્તિ છે—માત્ર પશ્ચિમ ભારતની જ નહિ, પણ સમસ્ત દેશની સ્થાપત્યકૃતિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. રાણકપુરના ધરણાશાહ નામે એક શ્રેષ્ઠીએ તે બંધાવ્યું હતું તેથી એ 'ધરણવિહાર' તરીકે પ્રસિદ્ધ છે. સં. ૧૪૯૬માં સોમસુન્દરસૂરિને હસ્તે એમાં પ્રતિષ્ઠા થઈ હતી. એ મન્દિરની પ્રશસ્તિરૂપ આ ફાગુકાવ્ય છે. સં. ૧૫૫૭માં એની નકલ થઈ છે, એટલે ત્યાર પહેલાં તો એ રચાયું છે, પણ સં. ૧૪૯૬માં મન્દિરમાં પ્રતિષ્ઠા થઈ એ પછી તુરતમાં એની રચના થઈ હોય એ બનવા જોગ છે. કર્તાનું નામ મળતું નથી, પણ સોમસુન્દરસૂરિના વિદ્વાન શિષ્યમંડળમાંથી કોઈએ એ રચ્યું હોય એવો સંભવ છે.

---

૧. એ જ.

પ્રારંભમાં રાણકપુરનું વર્ણન, મન્દિર બંધાવનારના કુટુંબનો ટૂંક વૃત્તાંત, મેવાડના રાજા કુંભકર્ણ (કુંભારાણા)ના અધિકારી ધરણાશાહે સોમસુન્દરસૂરિના ઉપદેશથી મન્દિર બંધાવ્યું તે વાત, પછી મન્દિરનું અને તેની શિલ્પ સમૃદ્ધિનું વિગતભરપૂર વર્ણન, અને સુન્દર વસંતવર્ણન આપીને તથા મન્દિરમાં થતા ઉત્સવો વર્ણવીને કવિ ધરણવિહાર માટે શુભેચ્છા દર્શાવે છે.

૮૧ કડીના આ કાવ્યનો છંદોબંધ ફાગ, રાસક અને અંદોલામાં મુખ્યત્વે બંધાયો છે; કોઈક સ્થાને અંદોલા પછી અઢૈયા આવે છે, અને ઘણી વાર ફાગની પહેલાં શિથિલ અક્ષરમેળવાળા શાર્દૂલવિક્રીડિતની એક કડી આવે છે એ નોંધપાત્ર છે.

[૧૯] ચતુર્ભુજકૃત 'ભ્રમરગીતા'

આ કાવ્યની ત્રણ પત્રની સં. ૧૬૨૨માં લખાયેલી પોથી વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રી. કાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહમાંથી (ગુજરાતી વિભાગ, નં. ૪૦૧) મને મળી હતી, અને તે ઉપરથી લગભગ બાવીસ વર્ષ પહેલાં, મુંબઈના 'ગુજરાતી' સાપ્તાહિકના સં. ૧૯૮૯ના દીપોત્સવી અંકમાં એ કાવ્ય મેં પ્રથમ વાર સંપાદિત કર્યું હતું. મૂળ પ્રત સાથે ફરી વાર તુલના કરીને એ અહીં પુનર્મુદ્રિત કર્યું છે. આ કાવ્યની ત્રીજી કડીમાં—

ફાગ ફાગુણિ ગાઉં ક્રિષ્ણ કેરા

એ પ્રમાણે ઉલ્લેખ છે; વળી પુષ્પિકામાં આ કૃતિને 'શ્રીકૃષ્ણગોપીવિરહમેલાપક ફાગ' કહેવામાં આવી છે તથા જે આંતરયમકવાળા દુહાથી કાવ્યનો પ્રારંભ થાય છે ત્યાં પાછળથી કોઈએ 'ફાગ' શબ્દ લખ્યો છે, એથી આ એક ફાગુ-કાવ્ય છે એ નિશ્ચિત થાય છે. એકાંતરે આવતી દુહા અને છંદની[૧] કડીઓનો એનો પદ્યબંધ છે.

---

૧ આ છંદ તે ખરું જોતાં ઝુલણાનો ૧૭ માત્રાનો ઉત્તરાર્ધ છે. હિન્દીના 'છંદ: પ્રભાકર' પિંગળમાં (પૃ. ૫૩) એને ૧૭ માત્રાનો (૧૦-૭) 'ચંદ્ર' નામે છંદ કહ્યો છે, એ જ રીતે એમાં (પૃ. ૫૭) ઝુલણાના ૨૦ માત્રાના પૂર્વાર્ધને 'અરુણ' છંદ કહ્યો છે. આ 'ભ્રમરગીતા'માં તથા ત્યાર પછીનાં કેટલાંક ફાગુકાવ્યોમાં આ 'ચંદ્ર' છંદનો પ્રયોગ બધી વખતે એના શાસ્ત્રોક્ત શુદ્ધ સ્વરૂપમાં થયો હોય એવું નથી. કેટલીક વાર તો એ છંદની માત્ર ચાલ જ ઘણી શકાય એવી રચના જોવામાં આવે છે.

આ કાવ્યમાં વિગતવાર રચનાસંવત નથી, પણ છેલ્લી ૯૮મી કડીમાંના—

છિહુતરિ કીધુ છૂટવા ભેટવા શ્રી ભગવાન

એ શબ્દો ઉપરથી 'છિહુતરિ' ('છોંતેર'માં અર્થાત્ સં. ૧૫૭૬માં) એની રચના થઈ હશે એમ લાગે છે. એની ભાષાનું સ્વરૂપ જોતાં 'છિહુતરિ' શબ્દનો અર્થ 'સં. ૧૪૭૬' કરવો યોગ્ય નથી.

૯૭મી કડીમાંના—

કહિ ચતુર્ભુજ કરજુગલ જોડી, બોલિઉ બાલપણ બુદ્ધિ થોડી.

એ ઉલ્લેખ ઉપરથી ચતુર્ભુજે આ રચના યુવાવસ્થામાં કરી હશે એમ અનુમાન થાય છે.

'ભ્રમરગીતા' એ શ્રીમદ્ 'ભાગવત'ના દશમ સ્કન્ધમાંના કથાનકને અનુસરીને રચેલું ઉદ્ધવસંદેશને લગતું કાવ્ય છે. શ્રીકૃષ્ણ અને બલદેવ ગોકુલ છોડીને અક્રૂરની સાથે મથુરા જાય છે. એ પછી નંદ-યશોદા અને ગોપાંગનાઓને આશ્વાસન આપવા માટે શ્રી કૃષ્ણ ઉદ્ધવને ગોકુલ મોકલે છે. ગોપીઓ પોતાની વિરહવેદના વર્ણવે છે અને કૃષ્ણને ઉપાલંભ પાઠવે છે છેવટે આ ભોળાં ગ્રામવાસીઓના મુગ્ધ પ્રેમથી આશ્ચર્ય પામતા ઉદ્ધવ ગોકુલમાંથી વિદાય લે છે.

કવિ ચતુર્ભુજ નાનો અને અજાણ્યો છે, પણ એની આ રચના ઊંચી કોટિની છે. સમગ્ર કાવ્યમાં કરુણરસનું અસરકારક નિરૂપણ છે અને રસપ્રવાહમાં આપણે તણાયાં જઈએ એવું એનું ભાષાપ્રભુત્વ છે. કૃષ્ણના મથુરાગમન વખતે ગોપીઓની આજીજી, ઉદ્ધવની આગળ કૃષ્ણની બાલક્રીડાઓ સંભારીને ગોવાળોનો શોક, નંદ અને યશોદાનું રુદન—એ પ્રસંગોનું આલેખન કવિએ કોઈ કુશળ ચિત્રકારની જેમ કરેલું છે.

જૂના ગુજરાતી સાહિત્યમાં ભીમની 'રસિકગીતા,' બ્રેહેદેવની 'ભ્રમરગીતા,' વિશ્વનાથ જાનીની 'પ્રેમપચીશી' અને દયારામની 'પ્રેમરસગીતા'માં ઉદ્ધવસંદેશના પ્રસંગની કવિતા છે. આમાંનાં ત્રણ કાવ્યોને 'ગીતા' નામ અપાયું છે, પણ ચતુર્ભુજની આ 'ભ્રમરગીતા'ની જેમ એ ફાગુકાવ્યો નથી. પરન્તુ આ સંગ્રહમાંનાં 'જ્ઞાનગીતા,' 'નેમિનાથ ભ્રમરગીતા,' 'પાર્શ્વનાથ રાજગીતા' તથા યશોવિજય ઉપાધ્યાયકૃત 'જંબુસ્વામી બ્રહ્મગીતા'[૧] એ કાવ્યો બતાવે છે કે આ પ્રકારમાં ફાગુની રચના ઠીક ઠીક પ્રચલિત હતી.

---

૧. યશોવિજય ઉપાધ્યાયકૃત 'ગુર્જર સાહિત્યસંગ્રહ,' ભાગ ૧, પૃ. ૫૪૮-૫૫૩.

વ્રજભાષાની કવિતામાં ભ્રમરગીતનો વિષય ઘણો લોકપ્રિય હતો, અને એ વિષેની પુષ્કળ રચનાઓ જાણવામાં છે. જુઓ 'પોદ્દાર અભિનન્દન ગ્રન્થ' (પૃ. ૩૧૧-૩૪૮)માં શ્રી. સરલા શુક્લનો લેખ 'ભ્રમરગીત કી પરંપરા.'

[૨૦] અજ્ઞાત કવિકૃત 'મોહિની ફાગુ'

આ સંગ્રહમાં કાવ્યાંક ૩-૪-૫ તરીકે લેવાયેલા જયસિંહસૂરિકૃત બે 'નેમિનાથ ફાગુ' તથા પ્રસન્નચન્દ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ' જે સંગ્રહપોથીમાંથી મળ્યા છે તેમાંથી ૫૩ દુહામાં રચાયેલો આ ફાગુ પણ મળ્યો છે. એ પોથી લિપિ ઉપરથી વિક્રમના સોળમા સૈકામાં લખાયેલી જણાય છે. એટલે આ કૃતિ પણ ઓછામાં ઓછી એટલી જૂની હોવી જોઈએ.

એનું વસ્તુ એક પ્રચલિત ગ્રામ્ય લોકવાર્તામાંથી લેવાયું છે. મોહિની નામે વણજારીનો પતિ પરદેશ જાય છે. પતિની ગેરહાજરીમાં તે ચાર પ્રણયીઓને રીઝવે છે અને પતિ પાછો આવે છે ત્યારે એને પણ યુક્તિથી સમજાવી લે છે. આમાં કેટલોક ભાગ અશ્લીલ છે તે મુદ્રણમાં કાઢી નાખ્યો છે; વસંતખેલનાં ગ્રામ્ય ગીતો સાથે ફાગુનો સાહિત્યિક પ્રકાર ઐતહાસિક દૃષ્ટિએ સંબંધ ધરાવે છે એનું સૂચન એ કરી જાય છે. એ જ પોથીમાંનો ૪૦ કડીનો 'ગણપતિ ફાગુ' આખો અશ્લીલપ્રાયઃ હોઈ આ સંગ્રહમાં લીધો નથી.

[૨૧] અજ્ઞાત કવિકૃત 'કામીજનવિશ્રામ તરંગ ગીત'

પુરાણવસ્તુસંગ્રાહક પં. અમૃતલાલ મોહનલાલ ભોજકની સાત પત્રની એક હસ્તલિખિત પોથીમાંથી આ કાવ્ય મળ્યું છે. જૈન ઘાટીની દેવનાગરીમાં લખાયેલી આ પોથીમાં લેખનસંવત નથી, પણ તાડપત્રની પદ્ધતિનાં સુશોભનો એમાં છે તે ઉપરથી તથા લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા સૈકાથી અર્વાચીન જણાતી નથી. આ પોથીમાં નીચે પ્રમાણે ચાર કાવ્યોની નકલ મળે છે:

પત્ર ૧-૪ શૃંગારવણજારો

પત્ર ૪-૫ કામીજનવિશ્રામ તરંગ ગીત

પત્ર ૫-૭ વૈરાગ્યવણજારો

પત્ર ૭ વૈરાગ્યકણબીડો

એમાંનું બીજું કાવ્ય 'કામીજનવિશ્રામ તરંગ' અહીં લેવામાં આવ્યું છે. આ સિવાયનાં બીજાં ત્રણ કાવ્યો એ પ્રેમાનંદના 'વિવેકવણજારા'ની જેમ વાણિજ્ય કે વ્યવસાયમૂલક રૂપકો છે.

કોઈ જૂની હસ્તપ્રત ઉપરથી સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈએ કરેલી આ ગીતની નકલ શ્રી. અગરચંદ નાહટા તરફથી મળી હતી, એનાં પાઠાન્તરો અહીં નોંધવામાં આવ્યાં છે. એ પ્રતમાં આ ગીતને 'નવરંગ' નામ આપવામાં આવેલું છે.

આ સંગ્રહમાં લખાયેલું પ્રસ્તુત ગીત એ ફાગુકાવ્ય છે એવો સ્પષ્ટ ઉલ્લેખ એમાં ક્યાંય નથી, પણ કૃતિનો પ્રારંભ તથા વર્ણનની આખીયે ધમક એ ફાગુ હોવાનું સૂચન કરે છે. વળી આ ગીતની કડી ૫-૯નું 'વસંતવિલાસ'ની કડી ૭૨, ૭૪, ૭૭, ૭૮, ૮૩ આદિ સાથે નોંધપાત્ર સામ્ય છે. આ ગીતમાં તથા જે પોથીમાંથી એ મળ્યું છે એમાંની બીજી એકે કૃતિમાં કર્તાનો ઉલ્લેખ નથી, પણ વર્ણનમાં ક્યાંય જૈન અસર નથી તથા છેલ્લી કડીમાં વૃંદાવનની ગોપીઓનો ઉલ્લેખ છે, તેથી એ જૈનેતર કવિની રચના જણાય છે. જોકે એની સાથેનાં ત્રણ રૂપકકાવ્યો મંગલાચરણ તથા વિષયનિરૂપણ ઉપરથી સ્પષ્ટ રીતે કોઈ જૈન કવિની રચનાઓ છે.

[૨૨] અજ્ઞાત કવિકૃત 'ચુપઈ ફાગુ'

આ વિરલ કાવ્યની હસ્તલિખિત પ્રતિ પાટણના મારા સંશોધક મિત્ર શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે પાસેથી મળેલી છે. એમની પાસે આવેલા ખેળ ચઢાવેલા સુંવાળા કાપડ ઉપર લખેલા એક ઓળિયામાં નીચે પ્રમાણે ત્રણ ફાગુકાવ્યો છે:

(૧) વિરહ દેસાઉરી ફાગુ—હસ્તપ્રતમાં આ સૌથી પહેલું લખાયેલું છે. પરન્તુ ઓળિયાનો શરૂઆતનો ભાગ ફાટી ગયો હોવાથી એની છેવટની જ થોડી કડીઓ મળે છે. એમાં પણ કેટલીક કડીઓ પ્રત ફાટી ગયેલી હોવાથી વંચાતી નથી. એ સિવાય પણ પ્રતિને અનેક સ્થળે ઘસારો લાગ્યો હોઈ અક્ષરો વંચાતા નથી.[૧]

(૨) આ સંગ્રહમાં અનુક્રમાંક ૨૩ તરીકે છાપેલા 'ફાગુ'ની નકલ આ હસ્તપ્રતમાં ત્યાર પછી મળે છે.

(૩) પ્રતમાં છેલ્લી કૃતિ આ 'ચુપઈ' છે, પરન્તુ એનું અંતરંગ તપાસતાં એ 'ફાગુ' જણાય છે. કડી ૩૭માં વસંતખેલનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ૬૦ કડીના કાવ્યનો મોટો ભાગ વસંતની વનશ્રી અને વસંતમાં થતી ક્રીડાઓથી રોકાયેલો

૧. આ આખા કાવ્યના પાઠ માટે જુઓ કાવ્યાંક ૩૬.

છે. ૫૦ થી ૫૮ સુધીની કડીઓમાં જેઠથી માઘ સુધીના મહિનાઓનું સંક્ષિપ્ત વર્ણન કવિ કરે છે, પણ છેલ્લે ૫૯-૬૦ કડીઓમાં પાછો વસંતવર્ણન ઉપર આવી જાય છે. વિષય અને નિરૂપણની દૃષ્ટિએ જેને 'ફાગુ' જ ગણવું પડે એવું આ કાવ્ય સાદ્યન્ત ચોપાઈ છંદમાં રચાયેલું હોઈ નોંધપાત્ર છે.

એક જ ઓળિયામાં લખાયેલાં આ ત્રણે કાવ્યો જૈનેતર લેખક કે લેખકોની કૃતિ છે, પણ એ લેખક કે લેખકોનું નામ જાણવા મળતું નથી. બ્રાહ્મણ ધાટીની સુન્દર દેવનાગરી લિપિમાં આ કાવ્યોની નકલ થઈ છે. લિપિ વિક્રમના સોળમા સૈકાથી અર્વાચીન લાગતી નથી, એટલે આ કાવ્યોની રચના પણ સોળમા સૈકામાં અથવા ત્યાર પહેલાં થઈ હશે.

ફાગુકાવ્યોને વસ્ત્ર ઉપર લખવાની એક જૂની પરંપરા હોય એમ જણાય છે એ અહીં નોંધવું પ્રસ્તુત થશે. આ હસ્તપ્રત ઉપરાંત 'વસંતવિલાસ'નું શ્રી. કેશવલાલ ધ્રુવને મળેલું સચિત્ર ઓળિયું કાપડનું હતું; માણિક્યસુન્દરસૂરિકૃત 'નેમિફાગ'ની સં. ૧૫૧૦માં કાપડના ઓળિયા ઉપર લખાયેલી હસ્તપ્રત મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં અને એ જ કાવ્યની સં. ૧૫૬૦ની કાપડ ઉપરની સચિત્ર હસ્તપ્રત વડોદરા યુનિ૦ના ગુજરાતી વિભાગ પાસે છે.

[૨૩] અજ્ઞાત કવિકૃત 'ફાગુ'

ઉપર જેનો પરિચય આપ્યો છે તે હસ્તલિખિત ઓળિયામાંની ત્રણ કૃતિઓમાંનું બીજું કાવ્ય આ છે. ૧૨ કડીની આ ટૂંકી રચનામાં વસંતના ઉદ્દીપન વિભાગની ભૂમિકામાં નાયિકાના વિપ્રલંભ શૃંગારનું વર્ણન કર્યું છે અને છેલ્લે પરદેશથી નાયકને આવતો વર્ણવીને સંભોગશૃંગારથી સમાપ્તિ કરી છે.

આ કાવ્યની આ સિવાય બીજી કોઈ હસ્તપ્રત જાણવામાં નથી અને જે પ્રતનો ઉપયોગ કર્યો છે તે કેટલેક સ્થળે કપાયેલી હોવાથી કેટલીક કડીઓ ત્રૂટક સ્થિતિમાં છે. વળી એકંદરે કાવ્યનો પાઠ ભ્રષ્ટ છે જે સૂચવે છે કે એની રચના પછી ઠીક ઠીક સમય બાદ, અનેક પ્રત્યંતરો થયા પછી આ નકલ થઈ હશે. પાઠ અનેક સ્થળે અશુદ્ધ હોવા છતાં જૈનેતર ફાગુઓની વિરલતાને અનુલક્ષીને એનું પ્રકાશન અહીં કર્યું છે એ અભ્યાસીઓને ધ્યાનમાં રાખવા વિનંતી છે. એની બીજી હસ્તપ્રત કોઈ સ્થળે હોવા વિશે અમારું ધ્યાન દોરવામાં આવશે તો તેનો સાભાર ઉપયોગ કરીશું.

[૨૪] અજ્ઞાત કવિકૃત 'વાહણનુ ફાગ'

આ કૃતિની એક પાનાની હસ્તલિખિત પ્રતિ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તકના લીંબડી ખાતેના જૈન ગ્રન્થભંડારમાંથી પૂ. મુનિશ્રી કાન્તિવિજયજીના સૌજન્યથી મળી હતી. એ પાનાના પહેલા પૃષ્ઠ ઉપર ૧૪ કડીનું 'ગુડી પાર્શ્વનાથ સ્તવન' છે, જ્યારે બીજા પૃષ્ઠ ઉપર આ 'વાહણનુ ફાગ' છે. પ્રતિ લિપિ ઉપરથી વિક્રમના સત્તરમા સૈકામા લખાયેલી જણાય છે. એની નકલ સૂરતમાં થયેલી છે.

આ ફાગની છેલ્લી–૧૧મી કડીમાં ઉલ્લેખ છે તે પ્રમાણે, એની રચના સં. ૧૫૮૭માં થયેલી છે. આ કાવ્ય એક વાણિજ્યમૂલક રૂપક છે; એમાં ક્યાંય વસંતવર્ણન કે શૃંગારનું નિરૂપણ નથી. એમાં માનવકાયાને પ્રવહણ–વહાણ કહી છે. જૈન ધર્માનુસાર આચરણથી એના મુક્તિ પ્રત્યેના ગમનનો માર્ગ કવિએ બતાવ્યો છે. મનરૂપી વાયુ, તપ કૂવો (કૂવાથંભ), દયા દસ્તૂર, શીલ સઢ, ભાવ ભંડારી છે અને ક્રોધ માન માયારૂપી જળ વહે છે. માર્ગમાં આવતાં અનેક વિઘ્નો પાર કરવાનો ઉપદેશ કવિ આપે છે. છેલ્લી કડીમાં આ કૃતિને કર્તાએ 'ફાગ' નામ આપ્યું છે.

કાવ્યનો છંદ આંતરયમકવાળો નહિ, પણ સાદો દુહો છે. જોકે એને પણ મૂળ પ્રતમાં 'ફાગ ઢાલ' એવું નામ આપવામાં આવ્યું છે. એકાદ અપવાદ સિવાય બધી જ કડીઓના આરંભમાં બીજા અનેક ફાગુઓમાં આવે છે તેમ, લટકણિયારૂપ 'અહે' મૂકવામાં આવ્યો છે તે છંદોરચનાની દૃષ્ટિએ ફાગુનું એક વિશિષ્ટ લક્ષણ છે. ફાગુનો પ્રકાર સાહિત્યમાં રૂઢ થઈ ગયા પછી વિષય, વસ્તુ કે નિરૂપણની દૃષ્ટિએ જેને એ પ્રકાર લેખે ભાગ્યે ગણાવી શકાય, છતાં એની પરંપરાગત છંદોરચનાનાં લક્ષણો જેમાં જળવાયાં હોય એવા કેટલાક ફાગુઓ રચાયા છે. એમાંનો એક આ પણ છે.

આ 'વાહણ ફાગુ' સાથે સરખાવી શકાય એવી એક કૃતિ તે કુશલલાભકૃત 'શ્રીપૂજ્ય વાહનગીત' (વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)[1] છે. તૃષ્ણારૂપી જલ, અભિમાનરૂપી મોજાં, અને મિથ્યાત્વરૂપી જળચરોથી ભરેલા સંસારસમુદ્રમાં વિષયાદિક વાયુને કારણે જીવો ભ્રમણ કરે છે. એમાંથી તારનાર

---

૧. મુદ્રિત: શ્રી. અગરચંદ નાહટા-સંપાદિત 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ,' પૃ. ૧૧૭-૧૧૭.

વહાણ તરીકે ખરતર ગચ્છના શ્રીપૂજ્ય જિનચંદ્રસૂરિની એમાં સ્તુતિ કરેલી છે. આપણા સંગ્રહમાં લેવાયેલો 'વાહણનુ ફાગ' આ કૃતિની પૂર્વે રચાયો છે એટલું અહીં લક્ષ્યમાં રાખવું જોઈએ.

[૨૫] અજ્ઞાત કવિકૃત 'નેમિનાથ ફાગ'

વડોદરાના જૈન જ્ઞાનમન્દિરમાં પ્રવર્તક શ્રીકાન્તવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી આ કાવ્યની એક પાનાની હસ્તપ્રત (નં. ૩૮૭૬) મળેલી છે. એમાં પ્રથમ પૃષ્ઠ ઉપર તથા દ્વિતીય પૃષ્ઠના લગભગ અર્ધ ભાગ સુધી આ કાવ્ય છે, જ્યારે તે પછીના અર્ધ ભાગમાં નાયલ ગચ્છના સોમદેવકૃત એક 'નેમિનાથ ગીત' છે. પ્રતિમાં લેખનસંવત નથી, પણ લિપિ ઉપરથી તે વિક્રમના ૧૬મા શતકના અંતમાં કે ૧૭માના આરંભમાં લખાયેલી જણાય છે.

તીર્થંકર નેમિનાથનું સુપ્રસિદ્ધ કથાનક જે વિષે બીજા પણ અનેક ફાગુઓ રચાયેલા છે તે જ આ કાવ્યનો વિષય છે. કાવ્ય જોકે નેમિનાથના વિયોગે ઝૂરતી રાજીમતીના બાર માસનું છે, પણ તે હસ્તપ્રતમાં નિર્દેશ કર્યા પ્રમાણે 'ફાગ' (દુહા) છંદમાં છે અને હસ્તલિખિત પ્રતિની પુષ્પિકામાં પણ એને 'નેમિનાથ' ફાગ' કહેલ છે, તેથી એનો સમાવેશ આ સંગ્રહમાં કર્યો છે.

[૨૬] જયવંતસૂરિકૃત 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ'

આ કાવ્યની કુલ ત્રણ હસ્તપ્રતો મળેલી છે. એક વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંની એક પત્રની પોથી (નં. ૨૦૩૨), બીજી ખંભાતના શ્રીનીતિવિજય શાસ્ત્રસંગ્રહમાંની બે પત્રની પોથી (નં. ૧૪૩૮), અને ત્રીજી પ્રાચ્ય વિદ્યામન્દિર, વડોદરાની પોથી (નં. ૪૭૪૪).[૧] આમાંની પ્રાચ્ય વિદ્યામન્દિરની પોથી પ્રમાણમાં ઘણી અર્વાચીન અને અશુદ્ધ હોઈ સંપાદનમાં એનો ઉપયોગ કર્યો નથી. પ્રવર્તક શ્રીકાન્તિવિજયજીવાળી પ્રતિ બાકીની બેમાંથી વધારે સારી તથા જૂની હોઈ એને મુખ્ય પ્રત તરીકે સ્વીકારી છે અને ખંભાતની પ્રતનાં પાઠાન્તર નોંધ્યાં છે.

---

૧. આ પ્રતના વિશેષ પરિચય માટે જુઓ [૩૧] વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા'નો પરિચય.

આ કાવ્યના કર્તા જયવંતસૂરિ જૈન ગુજરાતી સાહિત્યના એક સુપ્રસિદ્ધ કવિ છે. એમનું બીજું નામ ગુણસૌભાગ્ય હતું. એમણે સં. ૧૬૧૪માં શીલવતી સતીનું ચરિત્ર આલેખતું 'શૃંગારમંજરી' નામે છટાદાર સુદીર્ઘ કાવ્ય રચ્યું છે. સં. ૧૬૪૩માં 'ઋષિદત્તા રાસ' રચ્યો છે. આ ઉપરાંત 'નેમરાજુલ બાર માસ વેલ પ્રબંધ' તથા 'સીમંધર સ્તવન' એ બે એમની નાની કૃતિઓ છે.[૧] પ્રસ્તુત 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ' એ રચનાવર્ષ વિનાની, ૪૫ કડીની એમની સંક્ષિપ્ત પણ રસપૂર્ણ કૃતિ છે. એમાં ૪૧મી કડી સુધીમાં સ્થૂલિભદ્ર કે કોશાનું નામ પણ આવતું નથી; ત્યાં સુધીની રચના સાંસારિક પ્રેમકાવ્યની જ છે. માત્ર છેવટની ચાર કડીઓમાં કવિ સ્થૂલિભદ્ર અને કોશાની કથાનો અછડતો ઉલ્લેખ કરે છે; અને રચનાને જૈન ફાગુની પરંપરાગત કોટિમાં મૂકવાનો ઔપચારિક પ્રયત્ન કરે છે.

છંદોબંધ ખરેખર જે દુહો છે એવી 'ફાગની ઢાલ' કે 'ચાલ' અને 'કાવ્ય' કે 'છંદ'માં બંધાયેલો છે. આ 'છંદ'ને વડોદરા જ્ઞાનમન્દિરની પ્રતમાં 'દુહા' નામ આપ્યું છે એ બરાબર નથી. સોનીરામકૃત 'વસંતવિલાસ'માં, યશોવિજય ઉપાધ્યાયકૃત 'જંબુસ્વામી બ્રહ્મગીતા'માં તથા આ સંગ્રહમાં લેવાયેલ 'નેમિનાથ ભ્રમરગીતા,' 'જ્ઞાનગીતા' અને 'પાર્શ્વનાથ રાજગીતા'ની હસ્તપ્રતોમાં આ પ્રકારના ફાગુ-અંતર્ગત છંદને ખોટી રીતે 'દુહા' નામ આપ્યું છે. પણ અનેક હસ્તપ્રતોમાં એનો ઉલ્લેખ મળે છે એ જોતાં આવી એક રૂઢિ ચાલુ થઈ હશે અને વિદ્વાન લેખકો પણ એને અનુસર્યા હશે એમ લાગે છે. આ છંદના સ્વરૂપ માટે જુઓ અગાઉ પૃ. ૧૬, ટિપ્પણ.

છેલ્લે કેટલાક દુહા આવે છે.

[૨૭] કમલશેખરકૃત 'ધર્મમૂર્તિગુરુ ફાગ'

આ કાવ્યની એક પત્રની હસ્તલિખિત પ્રતિ વડોદરાના જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૩૭૧૭) મળી છે. પ્રતિ શુદ્ધ ગણી શકાય એવી નથી અને લિપિ ઉપરથી વિક્રમના ૧૮મા સૈકામાં લખાયેલી જણાય છે.

આ કાવ્યના કર્તા કમલશેખર અંચલ ગચ્છના જૈન સાધુ હતા એમ એમની અન્ય કૃતિઓ ઉપરથી જણાય છે. તેમણે સં. ૧૬૦૯માં ખંભાતમાં 'નવતત્ત્વ ચોપાઈ' અને સં. ૧૬૨૬માં વીરમગામ પાસેના માંડલમાં

---

૧. 'જૈન ગુર્જર કવિઓ,' ભાગ ૧, પૃ. ૧૯૩-૧૯૮.

'પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ' રચેલી છે.[1] પ્રસ્તુત ફાગ એમણે અંચલ ગચ્છના આચાર્ય ધર્મમૂર્તિસૂરિની પ્રશસ્તિરૂપે રચ્યો છે. એમાં રચનાવર્ષ જોકે નથી, પણ કર્તાની ઉપર્યુક્ત બે ગુજરાતી કૃતિઓનું રચાનાવર્ષ જોતાં આ કાવ્ય પણ વિક્રમના ૧૭મા શતકના પૂર્વાર્ધમાં રચાયું હશે એમાં શંકા નથી.

૨૩ કડીની આ કૃતિનો છંદોબંધ અઢૈઉ અને ફાગ(દુહા)માં બંધાયેલો છે. ત્રંબાવતી–ખંભાતમાં સૂરિનો જન્મ, એમનાં માતાપિતાનો વૃત્તાન્ત, અમદાવાદમાં દીક્ષામહોત્સવ, સૂરિપદ તથા ધર્મપ્રવણતાનું કવિ વર્ણન કરે છે. જુદા જુદા આચાર્યો વિષેના કેટલાક પ્રાચીનતર ફાગુઓમાં આવે છે એવું વસંતનું, કામવિજયનું કે શૃંગારના ઉદ્દીપન ભાવને અવકાશ આપે એવું વર્ણન આ કાવ્યમાં નથી, પણ એનો છંદોબંધ ફાગનો છે અને પુષ્પિકામાં પણ એને 'ફાગ' નામ આપેલું છે.

[૨૮] માલદેવકૃત 'સ્થૂલિભદ્ર ફાગ'

સં. ૧૬૫૦માં લખાયેલી આ કાવ્યની ત્રણ પત્રની એક હસ્તલિખિત પ્રતિ વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૭૭૧) મળી છે. આ જ કૃતિની એક નકલ સદ્ગત મોહનલાલ દલીચંદ દેસાઈએ તૈયાર કરેલી, તે શ્રી અગરચંદ નાહટા મારફત મને મળી હતી. શ્રી. દેસાઈએ વડોદરાની ઉપર્યુક્ત પ્રતનો ઉપયોગ કર્યો છે ખરો, પણ ૨૪ કડી સુધી તેઓ વડોદરાની પ્રતને અનુસરે છે; તે પછી તેઓ જણાવે છે, "અહીં સુધી સં. ૧૬૫૦ની પ્રતનું (અર્થાત્ વડોદરા ભંડારની પ્રતનું) મૂળ કાયમ રાખી અન્ય સંવત વગરની પ્રતમાંથી પાઠાન્તર આપ્યાં છે. હવે બન્ને પ્રતમાંથી યોગ્ય પ્રમાણે મૂળ રાખી, પાઠાન્તર બીજાં આપેલાં છે." આનો અર્થ એમ થયો કે ૧૦૭ કડીના કાવ્યના સંપાદનમાં ૨૪ કડી સુધી તેઓ એક પદ્ધતિને અનુસર્યા છે અને ત્યાર પછી બીજી પદ્ધતિ સ્વીકારી છે, જે ભાગ્યે ઉચિત ગણી શકાય. આથી વડોદરાની પ્રત અહીં સાદ્યન્ત મુખ્ય પાઠ તરીકે સ્વીકારવામાં આવી છે; એની તુલનાએ શ્રી. દેસાઈની વાચનામાં જે ભિન્ન પાઠ હતા તે એમની પાસેની સંવત વિનાની બીજી પ્રતમાંથી છે એ સ્પષ્ટ છે. એવા પાઠને ટિપ્પણમાં સ્થાન આપ્યું. છે. આ બે પ્રતો ઉપરાંત શ્રી. દેસાઈએ કોઈ ત્રીજી પ્રતનો પણ ઉપયોગ કર્યો હોવો જોઈએ, કેમ કે આ બે સિવાયના પાઠ પણ 'બીજો પાઠ' એવા ઉલ્લેખપૂર્વક તેમણે નોંધ્યા છે, જે અમે આ સંપાદનમાં ટિપ્પણમાં યથાવત્ દર્શાવ્યા છે.

---

૧. જૈન ગુર્જર કવિઓ,' ભાગ ૩; પૃ. ૬૫૯-૬૬૨.

માલદેવનાં બીજાં કાવ્યોમાં 'પુરંદરકુમાર રાસ' સં. ૧૬૫૨માં રચાયેલો છે,[1] એટલે વડોદરા જ્ઞાનમન્દિરમાંની આ 'સ્થૂલિભદ્ર ફાગ'ની સં. ૧૬૫૦માં લખાયેલી પ્રત ખરેખર જૂની ગણાય. આ કાવ્ય એની પહેલાં રચાયું હશે એ સ્પષ્ટ છે.

માલદેવ મુનિ વૃદ્ધ તપાગચ્છના ભાવદેવસૂરિના શિષ્ય હતા. આ ગુરુ-શિષ્યનો નિવાસ મુખ્યત્વે મારવાડમાં બીકાનેર રાજ્યમાં હતો, અને તે કારણે માલદેવની આ કૃતિઓમાં મારવાડીની પુષ્કળ અસર છે. આ 'સ્થૂલિભદ્ર ફાગ'માં સ્થૂલિભદ્રની પૂર્વકથા કવિએ કંઈક વિસ્તારથી આપી છે. સળંગ એક જ દેશીમાં રચાયેલી આ કૃતિને કવિએ પોતે જ પહેલી કડીમાં 'ફાગ' નામ આપ્યું છે. માલદેવનો અપ્રસિદ્ધ 'પુરંદરકુમાર રાસ' એક લોકપ્રિય કૃતિ હતી અને એની પુષ્કળ હસ્તપ્રતો મળે છે. વિક્રમના સત્તરમાં શતકમા થયેલા ખંભાતના કવિ ઋષભદાસે 'કુમારપાલ રાસ'ના પ્રારંભમાં પોતાના પૂર્વકાલીન કવિઓમાં માલદેવનો પણ માનપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

[૨૯] વાચક કનકસોમકૃત 'મંગલકલશ ફાગ'

સં. ૧૬૪૯માં રચાયેલી આ કાવ્યની બે હસ્તપ્રતો મળેલી છે. એક પં. અમૃતલાલ મોહનલાલ ભોજક પાસેની સાત પત્રની પોથી અને બીજી વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના શ્રી. હંસવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહમાંની પાંચ પત્રની પોથી (નં. ૪૬૭૪). બન્ને પ્રતોમાં લેખનસંવત નથી, પણ લિપિ ઉપરથી તે બન્ને વિક્રમના ૧૭મા શતકમાં લખાયેલી હોય એમ અનુમાન થાય છે. પાઠનો સાચો અર્થ સમજવામાં તથા પદચ્છેદ કરવામાં આ બેય પ્રતિઓ પરસ્પરને ઉપકારક થઈ છે. પં. અમૃતલાલવાળી પ્રતિને સામાન્ય રીતે મુખ્ય તરીકે સ્વીકારીને જ્ઞાનમન્દિરની પ્રતનાં પાઠાન્તર અહીં નોંધ્યાં છે.

આ કાવ્યને અંતે વાચક કનકસોમે કહ્યું છે તે પ્રમાણે, પોતે ખરતર ગચ્છના અમરમાણિક્યના શિષ્ય છે તથા એમણે આ કૃતિ મૂલતાનમાં રચેલી છે. એમણે સં. ૧૬૩૮માં ખંભાતમાં 'આષાઢભૂતિ રાસ' અને સં. ૧૬૪૪માં મારવાડમાં અમરસરમાં 'આર્દ્રકુમાર ચોપાઈ' રચી છે.[2]

---

૧. જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧, પૃ. ૩૦૫.

૨. એ જ, પૃ. ૨૪૫-૪૭.

અત્યાર સુધી આપણે જોયેલા ટૂંકા ફાગુઓથી જુદું પડી આવે એવું આ ૧૬૬ કડીનું તુલનાએ લાંબું કાવ્ય છે.

મંગલકલશનું અદ્‌ભુતરસિક કથાનક જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે અને તે વિષે સંસ્કૃતમાં[1] તથા જૂની ગુજરાતીમાં સંખ્યાબંધ ગદ્યપદ્ય રચનાઓ થયેલી છે. પ્રસ્તુત ગુજરાતી કાવ્યમાં અપાયેલા કથાનકનો સંક્ષેપ આ પ્રમાણે છે—ઉજ્જયિની નગરીમાં વઇરસિંહ રાજા હતો અને એની સોમચંદ્રા રાણી હતી. ત્યાં સુવિનીત અને ધર્માર્થી ધનદત્ત શ્રેષ્ઠી હતો અને તેની સત્યભામા નામે પત્ની હતી. એ યુગલને શાસનદેવીની કૃપાથી મંગલકલશ નામે પુત્ર થયો હતો. એની માતાને સ્વપ્નમાં સુવર્ણના કલશ દેખાયા હતા, તેથી પુત્રનું નામ મંગલકલશ પાડવામાં આવ્યું હતું.

બીજી તરફ ચંપાપુરીમાં સુરસુન્દર નામે રાજા અને તેની ગુણાવલી રાણી હતી. એમને ત્રૈલોક્યસુન્દરી નામે સ્વરૂપવાન પુત્રી હતી. એ મોટી થતાં રાજા એના લગ્નની ચિન્તા કરવા લાગ્યો; પણ જીવન કરતાં પણ પ્રિય પુત્રીને પરદેશમાં નહિ આપવા માટે તેણે પોતાના મંત્રીપુત્ર સાથે એનું લગ્ન કરવાનું વિચાર્યું. રાજાના અત્યાગ્રહને કારણે, પોતાની અનિચ્છા છતાં સુબુદ્ધિ મંત્રી આ વાતની ના પાડી શકયો નહિ, પણ પોતાનો પુત્ર કુષ્ઠરોગી હોવાથી આ બાબતમાં શું કરવું એની એને ભારે ચિન્તા થઈ. પરન્તુ સાથોસાથ રાજકન્યા પોતાને ત્યાં આવે તો પુષ્કળ લક્ષ્મી મળે એવો પણ પછી એને લોભ લાગ્યો.

પછી મંત્રીએ પોતાની કુલદેવતાની આરાધના કરી એને પ્રસન્ન કરી અને પોતાના પુત્રના રોગનું નિવારણ કરવા વિનંતી કરી. દેવતાએ કહ્યું કે 'કર્યાં કર્મ તો ભોગવ્યા વિના અંત આવતો નથી.' ત્યારે મંત્રીએ કોઈ રૂપવાન યુવાનને પરદેશથી લાવવા વિનંતી કરી, જેની સાથે રાજકન્યાનો વિવાહ કરી શકાય. દેવતાએ ઉજ્જયિનીમાં જઈ, મંગલકલશને ઉપાડી લાવી, ચંપાનગરીના પરિસરમાં મૂકી દીધો. મંત્રીના માણસોએ એનો આદરસત્કાર કર્યો અને મંત્રી પાસે લઈ ગયા. એક આગંતુકનો આવો સત્કાર કરવાનું કારણ મંગલકલશે પૂછ્યું ત્યારે મંત્રીએ પોતાના કુષ્ઠરોગી પુત્રને બદલે મંગલકલશે રાજકન્યા સાથે લગ્ન કરવાનું છે અને પછી ચાલ્યા જવાનું છે, એ યોજનાની વાત કરી, અને એ માટે કુલદેવતા એને ચંપાપુરીમાં લાવી હતી એ સમજાવ્યું.

---

૧. સંસ્કૃત કૃતિઓ માટે જુઓ પ્રો. વેલણકર-સંકલિત 'જિનરત્નકોશ,' પૃ. ૨૯૯.

આવું કુકર્મ કરવાની મંગલકલશે ના પાડી ત્યારે મંત્રીએ એને મારવા માટે ખડ્ગ કાઢ્યું. કેટલાક પ્રધાન પુરુષો વચ્ચે પડ્યા ત્યારે મંગલકલશે વણિક્બુદ્ધિ વાપરીને શરત કરી કે 'રાજા તરફથી જે દાયજો મળે તે મને આપજો તથા મને ઉજ્જયિની પહોંચાડજો તો આ વાત મને સ્વીકાર્ય છે.' મંત્રી ખુશ થયો.

પછી રાજકન્યા ત્રૈલોક્યસુન્દરી અને મંગલકલશનાં ધામધૂમથી લગ્ન થયાં. રાજાએ ઘણી પહેરામણી આપી. વહુ લઈને મંગલકલશ મંત્રીને ઘેર આવ્યો અને પોંખણું કરીને બન્નેનો પ્રવેશ કરાવવામાં આવ્યો. મંગલ અને સુન્દરી બન્ને શયનગૃહ તરફ જાય છે, પણ મંત્રીનો મુખભાવ જોઈને મંગલ બહાર આવ્યો. પોતાના પતિને ચલચિત્ત જોઈને સુન્દરીને આશ્ચર્ય થયું, અને લગ્નના દિવસે થયેલા ઉપવાસને કારણે ભૂખ લાગી હશે એવું અનુમાન કરીને લાડુ મંગાવ્યા. મંગલે કહ્યું, લાડુ મને ગમે છે, પણ ઉજ્જયિનીનું જળ મળે તો જ એ ખરેખર ભાવે.' આ સાંભળીને સુન્દરી ચમકી, પણ કદાચ ઉજ્જયિનીમાં પતિનું મોસાળ હશે એવી કલ્પના તેણે કરી. સુન્દરીએ એને તંબોલ આપ્યાં અને સંધ્યાકાળે અબોલ મંગલકલશ આવું બહાનું કરીને નીકળ્યો. મંત્રીની વિદાય લીધી, તેણે આપેલી બધી વસ્તુઓ લીધી અને ઉજ્જયિનીના માર્ગે જતા એક સાર્થને જઈને મળ્યો.

ખોવાઈ ગયેલા પુત્રને ઘણા દિવસ પછી ભારે સમૃદ્ધિપૂર્વક ક્ષેમકુશળ પાછો આવેલો જોઈને મંગલનાં માતાપિતાને ઘણો હર્ષ થયો. મંગલે માંડીને બધી વાત કહી. પછી મંગલે સર્વ કલાનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું, અને એ માટે પાઠકને ત્યાં જવા લાગ્યો.

બીજી તરફ, ચંપાનગરીમાં આ પ્રમાણે બન્યું. સુન્દરી પાછી પોતાની શય્યામાં જાય છે તો ત્યાં કુષ્ઠરોગી મંત્રીપુત્રને જોઈને એને ભારે આઘાત લાગ્યો અને આ શું થયું તે એ સમજી શકી નહિ. બહાર નીકળીને દાસીઓ સાથે સૂઈ રહી અને સવાર પડતાં પોતાને પિયર પહોંચી. રાજાએ પૂછ્યું ત્યારે સુબુદ્ધિ મંત્રીએ બનાવટી ઉત્તર આપ્યો કે 'મારો પુત્ર તો લગ્ન વખતે જોયો હતો તેવો હતો, પણ આ કન્યાના સંસર્ગથી કુષ્ઠરોગી થઈ ગયો છે.' રાજાએ પણ વ્યવહારનયથી આ માન્યું અને પુત્રીની દુર્લંગતા જોઈ રાજા અને રાણી બન્ને એના પ્રત્યે ઉદાસીન થઈ ગયાં.

પોતાનો સાચો પતિ ઉજ્જયિની ગયો છે. એનું સ્મરણ રાજકન્યાને હતું, અને તેણે પોતાના ઉપરનું કલંક દૂર કરવાનું કકકી કર્યું. પોતાના મામા સિંહ

સામંત દ્વારા રાજાને સમજાવી તથા સિંહને સાથે લઈ પુરુષવેશ ધારણ કરી તે ઉજ્જયિનીમાં આવી પહોંચી. ચંપાનગરીની રાજકન્યા આવી જાણીને વઇરસિંહ રાજા સ્વાગત માટે આવ્યો અને એમને સિપ્રાને કિનારે મહેલમાં ઉતારો આપ્યો. ત્યાંથી સુન્દરીએ કેટલાક ઘોડા જોયા અને પોતાના ઘોડા તરીકે ઓળખ્યા. પહેરામણીમાં મળેલા એ ઘોડા મંગલકલશ ચંપાનગરીથી લાવ્યો હતો. ઘોડાની પાછળ ચર મોકલ્યા, એટલે મંગલકલશના ઘરનો પત્તો લાગ્યો. પછી સિંહ સામંતની મારફત જે કલાચાર્યને ત્યાં મંગલકલશ અભ્યાસ કરતો હતો તેમને બધા છાત્રો સહિત સુન્દરીએ પોતાને ત્યાં નિમંત્ર્યા. છાત્રોની આગળ પોતાના પતિને જોઈ સુન્દરીને આનંદ થયો, અને બધા છાત્રો કરતાં પણ સવિશેષ વસ્ત્રાદિ વડે તેનો સત્કાર કર્યો. પછી સુન્દરીએ કલાચાર્યને કહ્યું કે 'આ વિદ્યાર્થીઓ પાસે કંઈ કથા કહેવડાવો.' ત્યારે વિદ્યાર્થીઓ બોલ્યા કે 'આ મંગલ ઉપર તમારો વિશેષ રાગ છે, માટે એ જ કથા કહેશે.' ત્યારે મંગલકલશ બધાંને આશ્ચર્ય થાય એમ બોલવા માંડ્યો, 'મને વીતેલું કથાનક કહું છું તે તમે સાંભળો. આ તે જ સ્ત્રી છે, જેને હું ભાડેથી પરણ્યો હતો. તેણે પુરુષવેશ શાથી ધારણ કર્યો હશે?' પછી બનેલી બધી વાત તેણે કહી. 'જા રે! આ તો જૂઠી વાત છે! પકડો એને!' કહીને સુન્દરીના નોકરોએ મંગલને પકડ્યો. છાત્રો બધા નાસી ગયા અને એના પિતા ધનદત્ત શ્રેષ્ઠીને જઈને વાત કરી. ધનદત્ત સુન્દરીને ઉતારે આવ્યો. પછી સુન્દરી અને મંગલ જાણે નવાં પરણ્યાં હોય તેમ શ્રેષ્ઠીને ઘેર આવ્યાં. ત્યાંથી બધાં ચંપાનગરીમાં આવ્યાં. સુરસુન્દર રાજાને વસ્તુસ્થિતિની પૂરી જાણ થઈ અને સુન્દરીનું કલંક દૂર થયું. રાજા મંત્રીનો વધ કરવા તૈયાર થયો, પણ મંગલે એને જીવતદાન અપાવ્યું. રાજાએ મંગલને પોતાના પુત્ર તરીકે સ્થાપ્યો અને એને રાજ્ય આપ્યું, અને પોતે યશોભદ્ર ગુરુ પાસે દીક્ષા લીધી.

પછી એક વાર જયસિંહસૂરિ નામે આચાર્ય ઉદ્યાનમાં આવ્યા. મંગલકલશ રાજા વાજતે ગાજતે એમને વંદન કરવા ગયો. મંગલકલશે આચાર્યને પૂછ્યું કે 'હું સુન્દરીને ભાડેથી પરણ્યો; વળી એના ઉપર કેટલોક સમય કલંક ચડ્યું, એ કયાં પૂર્વકર્મને કારણે?' આચાર્યે ઉત્તર આપ્યો કે 'તમે પૂર્વજન્મમાં પણ પતિપત્ની હતાં. તેં પરદ્રવ્યથી પુણ્ય કર્યું હતું તેથી આ જન્મમાં તું આવી રીતે પરણ્યો તથા તારી પત્નીએ બીજી સ્ત્રીને આળ આપ્યું હતું, તેથી તેના ઉપર આ કલંક ચડ્યું.'

આ સાંભળીને, વિરક્ત થઈ મંગલકલશ તથા રાણી ત્રૈલોક્યસુન્દરીએ દીક્ષા લીધી. અનશન કરી બન્ને પાંચમા સુરલોકમાં ગયાં. ત્યાંથી પાછાં મનુષ્યભવ પામીને તેઓ નિર્વાણ પામશે.

છેવટે, જિનપ્રતિમાની પૂજા કરવાનો તથા માનવભવમાં પુણ્યનાં ફળ લેવાનો ઉપદેશ કવિ આપે છે.

આ કથાકાવ્યને એના કર્તા વાચક કનકસોમે બીજી કડીના ઉત્તરાર્ધમાં જ ‘ ફાગ ’ નામ આપ્યું છે, એટલે એ કાવ્યપ્રકારનું લેખન કવિને ઉદ્દિષ્ટ છે એ સ્પષ્ટ છે. પહેલા પદ્યખંડના શીર્ષક તરીકે મૂળ પ્રતોમાં ‘ ઢાલ ફાગ ’ એ શબ્દો છે તથા પુષ્પિકાઓમાં આ કાવ્યનો ‘ ફાગ ’ તરીકે નિર્દેશ છે; પણ આ બે ઉલ્લેખો કર્તાના પોતાના જ હશે એમ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ. કડી ૧૩૦-૧૩૯ના શીર્ષક તરીકે પં. અમૃતલાલવાળી હસ્તપ્રતમાં ‘ ઢાલ આઢીયાની ’ એવા શબ્દો છે, જ્યારે ખંભાતની પ્રતમાં ‘ ઢાલ ફાગની ’ એમ છે. છંદોબંધ મોટે ભાગે દુહા-ચોપાઈમાં અને પ્રસંગોપાત્ત દેશી ઢાળોમાં બંધાયેલો છે. બાકી, સાહિત્યમાં ફાગનો જે પ્રકાર રૂઢ થયો છે એનાં લક્ષણો–વિષયનિરૂપણ, વર્ણનાદિ કે છંદોરચનાનાં–આમાં ખાસ જણાતાં નથી. ખરું જોતાં, કર્તાએ બીજી કડીના પૂર્વાર્ધમાં કહ્યું છે તેમ આ ‘ પ્રબંધ ’ છે અથવા છેલ્લી કડીમાં કહ્યું છે તેમ ‘ ચરિત ’ છે. ‘ ફાગ ’ શબ્દ એને માટે બહુ શિથિલ અર્થમાં અહીં વપરાયો છે. આવા ‘ ફાગ ’ પણ પાછળથી લખાતા એ સૂચક છે. એટલા માટે જ આ સંગ્રહમાં એનો સમાવેશ કર્યો છે.

[૩૦] કલ્યાણકૃત ‘ વાસુપૂજ્ય મનોરમ ફાગ ’

આ કૃતિની રચના કટુક ગચ્છના એક કવિ કલ્યાણે સં. ૧૬૯૬માં થિરપુર અથવા થરાદમાં કરેલી છે. એની ૩૨૮મી કડીમાંના ‘ સેવક કલ્યાણકાર ’ એ ઉલ્લેખમાં કર્તાએ પોતાનું નામ ગર્ભિત રીતે મૂક્યું છે. સં. ૧૬૯૭માં અમદાવાદના હેબતપુર નામે પરામાં રચાયેલી એમની બીજી એક કૃતિ ‘ અમર-ગુપ્ત ચરિત્ર ’માં પણ તેમણે પોતાનું નામ આ જ રીતે મૂક્યું છે[૧]. એટલે ‘ કલ્યાણકારક ’ એવા અર્થનો એ કેવલ ઔપચારિક ઉલ્લેખ હોય એમ માનવાની જરૂર નથી.

આ કૃતિની રચના પછી માત્ર એક જ વર્ષે, સં. ૧૬૯૭માં લખાયેલી ૧૬ પત્રની એની એક હસ્તપ્રત ખંભાતના શ્રીનીતિવિજયજી શાસ્ત્રસંગ્રહમાંથી

---

૧. ‘ જૈન ગુર્જર કવિઓ, ’ ભાગ ૧, પૃ. ૫૭૭

(નં. ૧૪૬૬) મળી છે. આની જ ૨૦ પત્રની એક પોથી વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરમાં (નં. ૫૩૨૨) છે. તે સં. ૧૮૫૨માં લખાયેલી હોઈ તુલનાએ ઘણી અર્વાચીન તથા અશુદ્ધ છે.[1] એનાં પાઠાન્તર નોંધવાનું ઉપયોગી લાગ્યું નથી. એને બદલે કાવ્ય રચાયા પછી માત્ર એક જ વર્ષે લખાયેલી પ્રતિને સંપાદનમાં અનુસરવાનું યોગ્ય જણાયું છે. માત્ર એ જૂની પ્રતમાં ક્વચિત્ શબ્દો કે પંક્તિ પડી ગયાં છે ત્યાં પ્રાચ્ય વિદ્યામંદિરવાળી પ્રતિમાંથી એની પૂર્તિ કરીને યથાસ્થાને એ વસ્તુનો નિર્દેશ કર્યો છે.

૩૨૮ કડીના આ લાંબા કાવ્યમાં બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યનું ચરિત્ર આપ્યું છે. કાવ્યના બે વિભાગ છે અને તેમને ઉલ્લાસ નામ અપાયું છે. ૧૫૬મી કડીએ પહેલો ઉલ્લાસ પૂરો થાય છે અને તેમાં તીર્થંકરના પૂર્વજન્મોનો વૃત્તાન્ત છે. ૧૫૭મી કડીથી શરૂ થતા બીજા ઉલ્લાસમાં એમના તીર્થંકરભવની વાત છે. ચંપાપુરીના વસુપૂજ્ય રાજાની જયા નામે રાણીની કુક્ષિમાં દશમા દેવલોકથી ચ્યવીને તેઓ આવ્યા. એ સમયે માતાએ ૧૪ સ્વપ્ન જોયાં અને સ્વપ્ન-પાઠકોએ તીર્થંકરનો જન્મ થવાનું ભવિષ્ય ભાખ્યું. ફાગણ વદિ ૧૪ના દિવસે વાસુપૂજ્યનો જન્મ થયો. દેવોએ એમનો જન્મોત્સવ કર્યો. તેઓ યુવાવસ્થામાં આવ્યા ત્યારે પિતાએ એમને લગ્ન કરવાનો તથા રાજ્યાસન સ્વીકારવાનો આગ્રહ કર્યો, પણ તેમણે ના પાડી. સાંવત્સરિક દાન આપીને તેમણે અનેક રાજાઓ સાથે દીક્ષા લીધી. એક માસ છદ્મસ્થ રહ્યા પછી મહા સુદિ બીજને દિવસે તેમને કેવલજ્ઞાન થયું. પોતાનો મોક્ષકાળ નજીક જાણી તેઓ ચંપાનગરીમાં પધાર્યા હતા. ત્યાં અનશન કરીને અસાડ સુદિ ચૌદશના દિવસે તેઓ નિર્વાણ પામ્યા. એમના સાધુપરિવારનું વર્ણન કરીને કવિ આ વૃત્તાન્તની સમાપ્તિ કરે છે.

આની પૂર્વેના ‘ મંગલકલશ ફાગ ’ સાથે આ કૃતિને અનેક રીતે સરખાવી શકાય એમ છે. કથાકાવ્ય તરીકે ‘ મંગલકલશ ફાગ ’ કરતાંયે આ લાંબું છે. આ કાવ્યનો છંદોબંધ મુખ્યત્વે દેશી ઢાળોનો છે. પ્રારંભિક સંસ્કૃત શ્લોકમાં કર્તાએ ‘ વક્ષ્યે મનોરમં ફાગં ’ એ પ્રમાણે આને ‘ ફાગ ’ કહ્યો છે. વળી કડી ૧, ૨, ૪, ૬, ૭માં અને ૨૨૭, ૨૩૪ તથા છેલ્લે કડી ૩૨૭માં કર્તાએ પોતે જ ‘ ફાગ ’નો ઉલ્લેખ કર્યો છે. પરન્તુ ‘ મંગલકલશ ફાગ ’ની જેમ આમાં પણ

---

૧. આ પ્રત એક રૂપિયો આપીને એના માલિકે પોતાને માટે ખરીદી હોવાની એને અંતે નોંધ છે.

પ્રાચીનતર ફાગુઓનાં વિશિષ્ટ લક્ષણો નથી. ઢાળ ૧૫-૧૬માં વસંતક્રીડાનું વર્ણન છે, તે કાવ્યને 'ફાગ' નામ આપવાની દૃષ્ટિએ મૂક્યું હોય એમ બને. વાસુપૂજ્યને ફાગ રમતાં બોધ થયો એમ કડી ૪માં કહ્યું છે તે પણ આ નામકરણની દૃષ્ટિએ વિચારવા જેવું છે. કડી ૨૨૭માં 'વનમાં ફાગ ખેલવા'નો અને કડી ૨૩૪માં 'સોહામણા ફાગ ગાવા'નો નિર્દેશ છે. આ બન્ને નિર્દેશો વસંતક્રીડા વર્ણવતી બે ઢાળમાંના છે. ઢાળ ૪ અને ૧૮ 'ફાગની' અર્થાત્ આંતરયમકવાળા દુહાની છે. ઢાળ ૫ અને ૧૭ 'અઢિયા' અથવા અઢૈયાની છે, જેનો પ્રાચીનતર ફાગુકાવ્યમાં અનેક વાર પ્રયોગ છે. આમ ફાગનાં કેટલાંક લક્ષણો વિશૃંખલ પ્રકારે આમાં મળે છે, પણ બીજી રીતે 'રાસ' નામ આપી શકાય એવું એનું સ્વરૂપ છે. પરન્તુ કર્તાએ પોતે એને અનેક વાર 'ફાગ' કહ્યો છે, એ વસ્તુ ધ્યાનમાં રાખવી જરૂરી છે.

[૩૧] વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા'

આ કાવ્યની એક પત્રની હસ્તપ્રત વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાં (નં ૨૪૭૧) છે. એની જ બીજી પ્રત વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામન્દિરમાં (નં ૪૭૪૪) છે. પ્રાચ્ય વિદ્યામન્દિરની પ્રતિ સાત પત્રની છે અને એમાં નીચે પ્રમાણે કૃતિઓ લખાયેલી છે—

પત્ર ૧-૪ સ્થૂલિભદ્ર નવરસો

પત્ર ૪-૬ સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ

પત્ર ૬-૭ નેમિનાથ ભ્રમરગીતા

બન્નેમાંથી એકે પ્રતમાં લેખનસંવત નથી, પણ જ્ઞાનમન્દિરવાળી પ્રતિ દેખીતી રીતે વધારે જૂની અને શુદ્ધતર હોઈ એને મુખ્ય રાખી પ્રાચ્ય વિદ્યામન્દિરવાળી પ્રતનાં પાઠાન્તર નોંધ્યાં છે.

આ 'નેમિનાથ ભ્રમરગીતા' એને અંતે ઉલ્લેખ છે તે પ્રમાણે, સં. ૧૭૦૬માં રચાયેલી છે. એના કર્તા વિનયવિજય ઉપાધ્યાય એક પ્રતિભાશાળી, વ્યુત્પન્ન વિદ્વાન હતા અને સંસ્કૃત તથા ગુજરાતીમાં એમણે અનેક ગ્રન્થો રચેલા છે. તપાગચ્છના આચાર્ય હીરવિજયસૂરિના શિષ્ય કીર્તિવિજયના તેઓ શિષ્ય હતા. જૈન વિશ્વવિદ્યા(Cosmology)નું વર્ણન કરતો એમનો 'લોકપ્રકાશ' નામે વીસ હજાર શ્લોકપ્રમાણનો સંસ્કૃત ગ્રન્થ સૌથી વધુ પ્રસિદ્ધ

છે અને તે સં. ૧૭૦૮માં જૂનાગઢમાં રચાયો હતો. સં. ૧૬૯૬માં 'કલ્પસૂત્ર' ઉપર સુબોધિકા નામે પ્રમાણભૂત સંસ્કૃત ટીકા તથા સં. ૧૭૧૦માં રાધનપુરમાં 'હૈમલઘુપ્રક્રિયા' નામે વ્યાકરણગ્રન્થ તેમણે રચ્યાં છે. 'મેઘદૂત'ના અનુરણન રૂપે રચાયેલા તેમના 'ઇન્દુદૂત' નામે ગુરુવિષયક સંસ્કૃત વિજ્ઞપ્તિલેખમાં આબુ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને સુરતનાં સુન્દર વર્ણનો આવે છે. આ સિવાય પણ તેમની કેટલીક નાની સંસ્કૃત કૃતિઓ છે. તેમની આશરે વીસેક નાનીમોટી ગુજરાતી રચનાઓ જાણવામાં આવી છે,[૧] અને એ બધી સં. ૧૬૮૯ અને સં. ૧૭૩૮ની વચ્ચે રચાઈ છે. એમાં 'શ્રીપાલ રાસ' ૭૫૦ ગાથા સુધી વિનયવિજયજીએ રાંદેરમાં રચ્યો. પછી તેઓ સં. ૧૭૩૮માં સ્વર્ગસ્થ થયા અને રાસ અપૂર્ણ રહ્યો. તેથી એમના પ્રીતિપાત્ર યશોવિજયજી ઉપાધ્યાયે બાકીનો રાસ પૂરો કર્યો.[૨]

બાવીસમા તીર્થંકર નેમિનાથ અને રાજીમતીનું સુપ્રસિદ્ધ કથાનક એ આ કાવ્યનો વિષય છે. છંદ અને ફાગ (અથવા દુહા)માં એનો કાવ્યબંધ છે. પરંપરાગત રીતિએ વિપ્રલંભ શૃંગાર અને કરુણનું સારું નિરૂપણ કવિએ કર્યું છે.

[૩૨] વૃદ્ધિવિજયકૃત 'જ્ઞાનગીતા'

૫૧ કડીની આ 'જ્ઞાનગીતા'ની બે પત્રની હસ્તપ્રત વડોદરા જૈન જ્ઞાન-મન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૮૦૯) મળી છે.

અંતમાં ઉલ્લેખ છે તે પ્રમાણે, આ કાવ્ય સં. ૧૭૦૬માં સાંઈપુરમાં રચાયું છે. એના કર્તા વૃદ્ધિવિજય તપાગચ્છના લાભવિજયના શિષ્ય હતા. આ કૃતિ ઉપરાંત તેમણે સં. ૧૭૩૦માં 'શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન' રચ્યું છે તથા 'દશવૈકાલિક સૂત્ર'ના દશે અધ્યાયોની સજ્ઝાયો લખી છે.[૩]

આ કાવ્યનો છંદોબંધ, આ પ્રકારની બીજી કેટલીક રચનાઓમાં છે તેમ, છંદ (જુઓ અગાઉ પૃ. ૧૬, ટિપ્પણ) અને ફાગ (દુહા)માં બંધાયો છે. એનો વિષય 'નારીનિરાસ ફાગ' સાથે સરખાવી શકાય એવો છે. મોહની પ્રબળતા દર્શાવી એમાંથી બચાવવા માટે કવિ શંખેશ્વર પાર્શ્વનાથને પ્રાર્થના કરે છે.

---

૧. જૈન ગુર્જર કવિઓ, ભાગ ૨, ૪-૨૦.

૨. એ જ, ભાગ ૨, પૃ. ૧૯.

૩. એ જ, ભાગ ૨, પૃ. ૨૭૦-૨૭૧.

[૩૩] લક્ષ્મીવલ્લભકૃત 'અધ્યાત્મ ફાગ'

'અધ્યાત્મ ફાગ'ની એક પાનાની હસ્તપ્રત વડોદરાના જૈન જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગમાંથી (નં. ૨૦૨૦) મળી છે. લિપિ ઉપરથી પ્રતિ વિક્રમના ૧૮મા સૈકામાં લખાયેલી જણાય છે.

આ કાવ્યના કર્તા લક્ષ્મીવલ્લભ ખરતર ગચ્છના વાચક ક્ષેમકીર્તિના શિષ્ય સોમહર્ષના શિષ્ય હતા. તેમણે સં. ૧૭૨૫માં 'રતનહાસ ચોપાઈ,' સં. ૧૭૨૭માં 'વિક્રમાદિત્ય પંચદંડ રાસ' તથા સં. ૧૭૩૮માં 'રાત્રિભોજન ચોપાઈ' રચી છે. આ ઉપરાંત રચનાવર્ષ વિનાનો એમનો 'અમરકુમાર ચરિત્ર રાસ' મળે છે.[૧] આ જોતાં પ્રસ્તુત 'અધ્યાત્મ ફાગ'નો રચનાકાળ સં. ૧૭૨૫ આસપાસ માનવો ઉચિત છે.

તનુ વૃંદાવનની કુંજમાં જ્યારે જ્ઞાનવસંત પ્રકટે છે ત્યારે મતિગોપી સાથે પાંચે ગોપ (ઇન્દ્રિયો) મળે છે; સુમતિ રાધાજી સાથે આતમ હરિ હોરી ખેલે છે, એવું રૂપક કવિએ આપ્યું છે, અને એમાં વેદાન્ત તથા યોગની પરિભાષાની અસર જણાય છે. ૧૩ કડીની આ રચના એક સુન્દર કાવ્ય છે.

[૩૪] ઉદયવિજયકૃત 'પાર્શ્વનાથ રાજગીતા'

આ કૃતિની બે હસ્તપ્રતો મળી છે—એક વડોદરા જૈન જ્ઞાનમન્દિરમાંના મુનિશ્રી હંસવિજયજી મહારાજના સંગ્રહની બે પત્રની પ્રતિ (નં. ૪૭૬૩) અને બીજી એ જ જ્ઞાનમન્દિરમાંના પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી શાસ્ત્રસંગ્રહના ગુજરાતી વિભાગની ત્રણ પત્રની પ્રતિ (નં. ૮૯૭). બેમાંથી એકેયમાં લેખન-સંવત નથી, પણ બન્નેય લિપિ ઉપરથી વિક્રમના ૧૮મા સૈકાના અંતની કે ૧૯મા સૈકાના પ્રારંભની હોય એમ અનુમાન થાય છે. એમાંથી પ્રવર્તક શ્રીકાન્તિવિજયજીવાળી પ્રત પહેલાં મળી હતી, પણ તે ઘણી અશુદ્ધ હોઈ તેને આધારે સંપાદન અશક્ય હતું. પાછળથી મુનિ શ્રીહંસવિજયજીના સંગ્રહમાંની પ્રમાણમાં શુદ્ધ પ્રત મળી આવતાં આ સંગ્રહમાં પ્રસ્તુત કાવ્યનો સમાવેશ કરી શકાયો. હંસવિજયજીવાળી હસ્તપ્રતને મુખ્ય ગણી બીજી પ્રતનાં પાઠાન્તર નોંધ્યાં છે. બીજી પ્રત અશુદ્ધ હોવા છતાં પ્રસંગોપાત્ત અર્થનિર્ણય તથા પાઠ-શોધનમાં ઉપયોગી છે.

---

૧. એ જ, પૃ. ૨૪૩-૨૪૫

આ કાવ્યના કર્તા ઉદયવિજય તપાગચ્છના વિજયસિંહસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૭૨૮માં 'શ્રીપાલ રાસ' રચ્યો છે, એટલે 'પાર્શ્વનાથ રાજગીતા'ની રચના પણ એ અરસામાં થઈ હશે. આ ઉપરાંત ઉદયવિજયે 'મંગલકલશ રાસ,' 'રોહિણી રાસ' તથા કેટલીક પ્રકીર્ણ ગુજરાતી કૃતિઓ રચી છે.[1]

'પાર્શ્વનાથ રાજગીતા'માં કવિએ શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ કરીને મોહનું પ્રાબલ્ય તોડવા વિનંતી એમને કરી છે. 'નેમિનાથ ભ્રમરગીતા'ની જેમ આમાં કશો કથાપ્રસંગ નથી. એ રીતે વૃદ્ધિવિજયજીની 'જ્ઞાનગીતા' સાથે આ રચનાને ઠીક સામ્ય છે. પોતાથી થોડાક સમય પહેલાં રચાયેલ એ કાવ્ય ઉદયવિજયે જોયું હોય એ અસંભવિત નથી.

આવી રચનાઓના છંદોબંધ વિષે અગાઉ [૧૯] અને [૨૬]ના પરિચયમાં નોંધ કરી છે.

અનુપૂર્તિ

[૩૫] 'જિનચંદ્રસૂરિ ફાગુ'

સંગ્રહની અનુપૂર્તિમાં રજૂ કરેલું આ કાવ્ય ઉપલબ્ધ ફાગુકાવ્યોમાં પ્રાચીનતમ છે. જેમને વિષે આ કાવ્ય રચાયું છે તે જિનચન્દ્રસૂરિ ખરતર ગચ્છના આચાર્ય હતા. કાવ્યના આરંભમાં ઉલ્લેખ છે તે પ્રમાણે, જિનપ્રબોધસૂરિની પાટે તેઓ આચાર્ય થયા હતા. એમનો જન્મ સં. ૧૩૨૬માં થયો હતો; તેમણે દીક્ષા સં. ૧૩૩૨માં લીધી હતી. એમને સૂરિપદ આપવાનો મહોત્સવ સં. ૧૩૪૧માં પાટણમાં થયો હતો.[2] આ ફાગુ એ મહોત્સવ પ્રસંગે રચાયો હોય એવું અનુમાન થાય છે, કેમ કે પ્રારંભમાં અણહિલવાડ પાટણના અલંકારરૂપ તીર્થંકર શ્રીશાન્તિનાથની સ્તુતિ કરેલી છે તથા છેલ્લે પણ 'ગુજરાત પાટણ સર્વે નગરોમાં ઉત્તમ છે' એમ કહીને એ નગરની પ્રશંસા

---

૧ એ જ, પૃ. ૨૫૫-૫૬

૨ એ જ, પૃ. ૬૭૮. વળી જુઓ આચાર્ય શ્રી. જિનવિજયજી-સંપાદિત 'ખરતર ગચ્છ પટ્ટાવલીસંગ્રહ,' પૃ. ૩૦, ૫૪. એક પટ્ટાવલિ (પૃ. ૫૪) જાબાલિપુર—જાલોરમાં પદમહોત્સવ થયાનું કહે છે, પણ પ્રસ્તુત ફાગુનો નિર્દેશ એ બાબતમાં પૂરતો સ્પષ્ટ છે. જિનચંદ્રસૂરિનું અવસાન સં. ૧૩૭૬માં થયું હતું.

કરી છે. કર્તાનું નામ નથી, પણ ખરતર ગચ્છના સાધુઓમાંથી કોઈએ એની રચના કરી હશે એમ માનવું જોઈએ.

આ પદમહોત્સવ વૈશાખ સુદ ત્રીજના દિવસે થયો હતો, એટલે વસંતશ્રીનું વર્ણન કરી, મદનનું આક્રમણ અને છેલ્લે શીલનરેન્દ્ર દ્વારા મદનનો પરાજય કવિ વર્ણવે છે. વચ્ચેનો અર્ધ કરતાં પણ વધુ અંશ ત્રૂટિત હોવાથી આ કૃતિ સાવ ખંડિત દશામાં મળી છે, અને એ મળી ત્યારે સંગ્રહનો પ્રારંભનો કેટલોક ભાગ છપાઈ ગયો હતો એ કારણે એને અનુપૂર્તિમાં સ્થાન આપ્યું છે.

જેસલમેરના ગ્રન્થભંડારમાંની એક હસ્તલિખિત સંગ્રહપોથીમાંથી શ્રી. અગરચંદ નાહટાએ આ ફાગુની નકલ કરી હતી, અને એ નકલ તેમણે મને આ સંગ્રહ માટે મોકલી હતી. એ પ્રતિમાંનું એક પત્ર ખોવાઈ ગયેલું હોવાથી ૭ થી ૨૦ સુધીની કડીઓ મળતી નથી અને ૬ઠ્ઠી તથા ૨૧મી કડીના ટુકડા જ મળે છે. આ સંપાદન કરતી વખતે જેસલમેરથી મૂળ પ્રત મેળવવાનું શકય નહોતું અને તેથી જે સ્વરૂપે નકલ મળેલી એ સ્વરૂપે કાવ્ય અહીં છાપ્યું છે.

[૩૬] ‘ વિરહ દેસાઉરી ફાગુ ’

કાપડ ઉપર લખાયેલા જે ઓળિયામાંથી અંક ૨૨ અને ૨૩ના ફાગુઓ લેવામાં આવ્યા છે તેમાં આ ફાગુની માત્ર છેવટની થોડીક કડીઓ (અને એમાંની પણ કેટલીક તો ત્રૂટિત સ્થિતિમાં) છે, એટલે આ સંગ્રહમાં તે લઈ શકાય એમ નહોતું; પણ એની સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈએ બીજી કોઈ પ્રાચીન પ્રત ઉપરથી કરેલી સંપૂર્ણ નકલ, સંગ્રહનાં કેટલાંક કાવ્યો મુદ્રિત થઈ ગયા પછી શ્રી. અગરચંદ નાહટા દ્વારા મળી જતાં એ કાવ્યને પણ અહીં અનુપૂર્તિમાં સ્થાન આપ્યું છે તથા ઓળિયામાં જે કડીઓ—સંપૂર્ણ કે ત્રૂટિત—મળે છે એનાં પાઠાન્તરો નોંધ્યાં છે.

‘ વિરહ દેસાઉરી ફાગુ ’ની મૂળ હસ્તપ્રત પ્રવર્તક શ્રી. કાન્તિવિજયજીના સંગ્રહમાં ક્રમાંક ૭૬૧માં હોવાનું શ્રી. મોહનલાલ દેસાઈએ નોંધ્યું છે, પણ પ્રવર્તકશ્રીના વડોદરાના સંગ્રહમાં કે તેઓશ્રીનો જ્યાં સંબંધ હતો તે પાટણ કે છાણીના ભંડારોમાં પણ એ હસ્તપ્રત છે જ નહિ, એટલે શ્રી. દેસાઈએ પ્રર્વતકશ્રી પાસે એ પ્રત જોઈ હોય તોપણ એમના સંગ્રહમાં એ મુકાઈ નથી અથવા બીજા જ કોઈ સ્થાનની પ્રત વિષે આવી નોંધ શરતચૂકથી થઈ હશે એમ અનુમાન કરવું રહ્યું.

'વિરહ દેસાઉરી ફાગુ' એ એક દુર્લભ જૈનેતર ફાગુકાવ્ય છે, અને ઉપર જેનો નિર્દેશ કર્યો છે એ ઓળિયાની પ્રાચીનતા જોતાં આ કાવ્ય પણ ઓળિયામાંની બીજી બે કૃતિઓ જેટલું જૂનું છે—અર્થાત્ વિક્રમના સોળમા શતકથી અર્વાચીન નથી. એના અંતમાં ઉલ્લેખ છે તે પ્રમાણે, આ ફાગુ પાટણમાં રચાયેલો છે, પણ કર્તાએ પોતાનું નામ આપ્યું નથી. 'વસંતવિલાસ'ની જેમ આમાં પહેલાં વિપ્રલંભ અને પછી સંભોગ શૃંગારનું નિરૂપણ છે અને નાયક-નાયિકા લૌકિક સ્ત્રીપુરુષ છે. આમ છતાં શૃંગારના નિરૂપણમાં વ્યાપક એવી કૃષ્ણ-ગોપીની કલ્પના કવિના મનમાંથી દૂર થઈ નથી, એ કડી ૨૧, ૨૭, ૩૯ અને ૪૮ના ઉલ્લેખો ઉપરથી જણાય છે. કાવ્યના ઉત્તરાર્ધમાં નાયક દેશાવરથી પાછો આવે છે માટે 'વિરહ દેસાઉરી ફાગુ' એ તેનું નામ સાર્થક છે. આમાં પણ બીજા કેટલાક ફાગુની જેમ વચ્ચે સંસ્કૃત શ્લોકો આવે છે અને ગુજરાતીમાં અશુદ્ધ અક્ષરમેળ વૃત્તોનો પ્રયોગ છે એ નોંધપાત્ર છે. કડી ૧, ૧૯ અને ૨૦માં 'ફાગુ'નો નિર્દેશ અભ્યસનીય છે. કડી ૧૧, ૧૨ અને ૪૯ એ 'વસંતવિલાસ'ની અનુક્રમે કડી ૧૨, ૨૩ અને ૩૯નું સ્મરણ કરાવે છે.

શ્રી મોહનલાલ દેસાઈએ જે ઉપરથી નકલ કરેલી છે તે મૂળ પ્રતનો પત્તો લાગ્યો નથી અને ઓળિયું અશુદ્ધ હોવા સાથે એમાંનો આ ફાગ સાવ ત્રૂટિત સ્થિતિમાં છે. આથી એનો પાઠ કેટલેક સ્થળે અસ્પષ્ટ અને અશુદ્ધ રહ્યો છે. એની વિશ્વસનીય જૂની પ્રતો મળે તો આ પાઠનો પરિષ્કાર થાય. પરન્તુ આ કૃતિની વિરલતા જોતાં અત્યારે તો મળ્યું છે એ સ્થિતિમાં પણ એને અહીં મુદ્રિત કરવાનું ઉચિત ધાર્યું છે.

શ્રી. દેસાઈવાળી નકલમાં તેમ જ ઓળિયામાં કડીઓના ક્રમાંક વ્યવસ્થિત નહિ હોવાથી મુદ્રિત પાઠમાં નવેસરથી ક્રમાંક કર્યા છે.

[૩૭] 'અમરરત્નસૂરિ ફાગુ'

સંગ્રહનો લગભગ પોણો ભાગ છપાઈ ગયા પછી આ ફાગુ મળ્યો હોઈ તેને પણ અહીં અનુપૂર્તિમાં સ્થાન આપ્યું છે. એની એક જ પાનની હસ્તપ્રત મને પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી તરફથી પ્રાપ્ત થઈ હતી. પ્રતમાં લેખનસંવત નથી, પણ લિપિ ઉપરથી તે વિક્રમના સોળમા શતકથી અર્વાચીન જણાતી નથી.

આગમ ગચ્છના આચાર્ય અમરરત્નસૂરિનો મહિમા ગાવા માટે આંતરયમકવાળા દુહામાં આ સંક્ષિપ્ત કાવ્ય રચાયેલું છે. આ સંગ્રહમાંનો

'હેમરત્નસૂરિ ફાગુ' (કાવ્યાંક ૧૬) જેમને વિષે રચાયેલો છે તે હેમરત્નસૂરિએ અમરરત્નસૂરિને સૂરિમંત્ર આપ્યો હતો (કડી ૬). અમરરત્નસૂરિને સં. ૧૫૧૩માં આચાર્યપદ મળ્યું હોવાનું પણ આમાંથી જણાય છે (કડી ૮). વળી અમરરત્નસૂરિના ધાતુપ્રતિમાલેખો સં. ૧૫૨૪ થી સં. ૧૫૪૭ સુધીમાં મળ્યા છે,[1] એટલે સોળમા સૈકાના પૂર્વાર્ધમાં તેઓ વિદ્યમાન હતા એ નિશ્ચિત છે. એમના શિષ્યમંડળમાંથી કોઈએ એ અરસામાં જ આ કાવ્યની રચના કરી હોય એમ અનુમાન થાય છે.

કાવ્યના આરંભમાં કર્તાએ કાવ્યનાયક અમરરત્નસૂરિની જન્મભૂમિ શ્રીમાલનો તથા એમનાં માતાપિતાનો નિર્દેશ કર્યો છે. પછી એમની દીક્ષાની અને સૂરિમંત્રપ્રાપ્તિની વાત કરી છે. આચાર્યે કામદેવ ઉપર વિજય મેળવ્યો એ વર્ણવતાં કડી ૧૦ થી ૧૫ સુધીમાં ફાગુની પરંપરાગત પદ્ધતિએ કવિએ ટૂંકું અને છટાદાર વસંતવર્ણન કર્યું છે તથા છેલ્લી ત્રણ કડીઓમાં જુદી જુદી રીતે સૂરિના ગુણોનું સ્તવન કર્યું છે.

જુદા જુદા આચાર્યો વિષેના જે ફાગુઓ આ પહેલાં મળ્યા છે તેમાં આ કાવ્યની પ્રાપ્તિથી એક નોંધપાત્ર ઉમેરો થાય છે.

[૩૮] જયશેખરસૂરિકૃત દ્વિતીય 'નેમિનાથ ફાગુ'

સં. ૧૪૬૨માં 'પ્રબોધચિન્તામણિ' નામે રૂપકગ્રન્થિ સંસ્કૃતમાં રચનાર અને ત્યાર પછી એની રૂપરેખામાં જૂજ ફેરફાર કરીને 'ત્રિભુવનદીપક પ્રબન્ધ' નામે ઉત્તમ ગુજરાતી કાવ્ય રચનાર જયશેખરસૂરિ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પંક્તિના જૈન કવિ તરીકે પ્રસિદ્ધ છે. એ કાવ્યના "બંધની સરળતા, વાણીનો પ્રસાદ અને કવિતાની ધમક જોતાં સૂરીશ્વરે બીજાં ગુજરાતી કાવ્યો રચ્યાં હોવાં જોઈએ," એવું શ્રી કેશવલાલ ધ્રુવે પચીસેક વર્ષ પહેલાં કરેલું અનુમાન[2] સાચું પડ્યું છે.

જિણિ જગિ જીતઉ શમરસિ અમરશિરોમણિ કામુ,
વિલસઇ સિદ્ધ સયંબર સંવરગુણિ અભિરામુ.

---

૧. આચાર્ય બુદ્ધિસાગરસૂરિકૃત 'જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ,' ભાગ ૧, સૂચિ પૃ. ૩૪; મુનિ કાન્તિસાગરજીકૃત 'જૈન ધાતુપ્રતિમાલેખ,' ક્રમાંક ૨૨૧; આચાર્ય વિજયધર્મસૂરિ-સંગૃહીત 'પ્રાચીન લેખસંગ્રહ,' ભાગ ૧, ક્રમાંક ૪૦૩, ૪૦૫, ૪૧૩, ૪૪૬, ૪૯૬.

૨. 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય,' પ્રસ્તાવના, પૃ. ૨૩.

એ પંક્તિઓથી શરૂ થતો, જયશેખરસૂરિકૃત એક 'નેમિનાથ ફાગુ' ટૂંક સમયમાં ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રસિદ્ધ થયેલ 'ગુર્જર રાસાવલિ'-માં છપાયો છે. ત્યાર પછી હમણાં જ, ચાણસ્માના જ્ઞાનભંડારમાંથી જયશેખરસૂરિકૃત વિવિધ ગુજરાતી રચનાઓની ૨૧ પત્રની એક હસ્તલિખિત પોથી પૂ પં. શ્રીરમણિકવિજયજીના સૌજન્યથી મળી છે. એનાં પત્ર ૧૭-૧૮ ઉપર જયશેખરસૂરિનો આ બીજો 'નેમિનાથ ફાગુ' લખાયેલો છે. અર્થાત્ કૃષ્ણર્ષીય જયસિંહસૂરિની જેમ (કાવ્યાંક ૩-૪) જયશેખરસૂરિએ પણ બે 'નેમિનાથ ફાગુ' રચ્યા છે; પણ જયસિંહસૂરિના બે ફાગ વિભિન્ન પ્રકારના છંદોબંધમાં છે. જયશેખરસૂરિનો પહેલો ફાગ સાદ્યન્ત આંતરયમકવાળા દુહામાં છે, જ્યારે બીજા ફાગની પહેલી કડી ૨૪ કડી આંતરયમકવાળા દુહામાં છે. પરન્તુ બાકીના કાવ્યનો બંધ અનુક્રમે એક દુહો અને ત્રણ કે ચાર રોળા છંદની બનેલી કુલ ૭ 'ભાસ'નો છે. ચાણસ્માની હસ્તપ્રતમાં પુષ્પિકાઓમાં 'જિણિ જગિ જિતઉ૦'થી આરંભાતા પહેલા ફાગુને 'નેમિનાથ ફાગ' કહ્યો છે, જ્યારે બીજા ફાગુનો 'શ્રીનેમિનાથસ્ય ફાગુબંધેન સ્તુતિઃ' એવો નિર્દેશ કર્યો છે.

આ હસ્તપ્રતમાંની જયશેખરસૂરિકૃત વિવિધ પ્રકીર્ણ કૃતિઓમાંથી કોઈમાં રચનાવર્ષ નથી. એકેય કૃતિની પુષ્પિકામાં નકલ કર્યાનું વર્ષ નથી, પણ લિપિ અને ભાષા જોતાં વિક્રમના પંદરમા શતકથી અર્વાચીન આ પ્રતિ નથી.

ચાણસ્માની હસ્તપ્રતને આધારે પ્રસ્તુત દ્વિતીય 'નેમિનાથ ફાગુ'નો પાઠ અહીં આપ્યો છે. આ પુસ્તકનું મુદ્રણ લગભગ પૂરું થયા પછી—મૂલ કાવ્યનો અને શબ્દકોશ છપાઈ ગયા પછી અને 'કૃતિપરિચય'નો પણ મોટો ભાગ છપાયા પછી એ પ્રત મળી હોવાથી પ્રસ્તુત 'નેમિનાથ ફાગુ'ના શબ્દો 'શબ્દ-કોશ'માં લઈ શકાયા નથી તથા અનુપૂર્તિમાં એ કાવ્ય છાપ્યું છે ત્યાં પણ કાલાનુક્રમે નહિ મૂકી શકાતાં કામચલાઉ પૃષ્ઠાંકો આપી તે છેલ્લું મૂકયું છે.

ફાગુનો સાહિત્યપ્રકાર

પદ, આખ્યાન, રાસ, વાર્તા આદિની જેમ ફાગુ પણ જૂના ગુજરાતી સાહિત્યનો એક મુખ્ય પ્રકાર છે. કૃતિપરિચયમાં આપણે જોયું તેમ તથા એનું નામ જ સૂચવે છે તે પ્રમાણે, એ વસંતવર્ણનનો સાહિત્યપ્રકાર હોઈ માનવ ભાવ અને પ્રકૃતિનું સમન્વિત સુભગ આલેખન એ એની એક વિશિષ્ટતા છે. ગુજરાતી ભાષાના ઠેઠ આરંભકાળથી માંડી વિક્રમના ઓગણીસમા સૈકા સુધી રચાયેલા ફાગુના પુષ્કળ નમૂના મળે છે, અને વસ્તુ, નિરૂપણ, છંદોરચના આદિની દૃષ્ટિએ આ સાહિત્યપ્રકારે સાધેલા વિકાસનો અભ્યાસ કરવા માટે પૂરતી સામગ્રી એમાંથી પ્રાપ્ત થાય છે.

જે ફાગુઓ આજ સુધી સચવાયા છે એમાંના મોટા ભાગના જૈનકૃત છે. જૈન સાહિત્ય મોટે ભાગે જૈન ગ્રન્થભંડારોમાં સચવાઈ રહ્યું, જ્યારે જૈનેતર સાહિત્યને વિષે એવું ન બની શક્યું, એ જ મુખ્યત્વે એનું કારણ છે. આથી નરસિંહ મહેતા પૂર્વેના ગુજરાતી સાહિત્ય અને ભાષાના અધ્યયન માટે જૈન સાહિત્ય એ જ મુખ્ય સાધન છે. જૈનેતર ફાગુઓ અત્યાર સુધીમાં માત્ર નવ જાણવામાં આવ્યા છે—અજ્ઞાત કવિકૃત 'વસંતવિલાસ,'[1] 'ફાગુ' અથવા

---

૧ શ્રી. કેશવલાલ ધ્રુવે ગુજરાતીનું આ શ્રેષ્ઠ ફાગુકાવ્ય પહેલી વાર ખોળી કાઢ્યું અને 'ગુજરાત શાળાપત્ર,' 'હાજી મહમદ સ્મારકગ્રન્થ' અને 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય'માં એની ઉત્તરોત્તર ત્રણ વાચનાઓ છપાવી. એ પછી શ્રી. કાન્તિલાલ વ્યાસે અને શ્રી. મધુસૂદન મોદીએ એનું પુનઃસંપાદન કર્યું છે. આ કાવ્યના કર્તાને સામાન્યતઃ જૈનેતર ગણવામાં આવે છે. તથા 'નારાયણ ફાગુ'ના કર્તાથી એને અભિન્ન લેખવામાં આવે છે; પણ એ વિષે શ્રી. ઉમાશંકર જોષી એક તર્ક કરે છે તે ધ્યાનપાત્ર છે: "એક સૂચક હકીકત એ છે કે પ્રસ્તુત કૃતિમાં નાયક તરીકે કૃષ્ણનો સમાદર નથી. એટલે તે જૈનેતરની ન હોવાના સંભવને પણ અવકાશ છે. નેમિનાથ કે સ્થૂલિભદ્ર જેવાનું આલંબન લેતાં બધું ડાહ્યું ડાહ્યું થઈ જાય, એટલે જૈન હોવા છતાં કવિએ કાવ્યની શક્યતાઓને સાચવી લેવા તેવા નાયકોને પડતા મૂક્યા હોય, એ રીતે એ સંભાવના વિચારવા જેવી છે" (શ્રી. રજનીકાન્ત ભટ્ટકૃત 'વસંતવિલાસ'નો અર્વાચીન ગુજરાતી અનુવાદ, પ્રસ્તાવના પૃ. ૧૬). આ સંગ્રહમાં લેવાયેલો ગુણચંદ્રસૂરિનો 'વસંતફાગ' એ રીતે એક સાંસારિક શૃંગારકાવ્ય હોવા છતાં જૈન કવિની કૃતિ છે. અલબત, 'વસંતવિલાસ'ની બાબતમાં શ્રી ઉમાશંકરે કહ્યું છે તેમ આ કેવળ સંભાવના જ છે.

'નારાયણ ફાગુ,'[1] ચતુર્ભુજકૃત 'ભ્રમરગીતા,'[2] સોનીરામકૃત 'વસંતવિલાસ,'[3] અજ્ઞાત કવિકૃત 'હરિવિલાસ ફાગ,'[4] અને આ સંગ્રહમાંનાં 'કામીજનવિશ્રામ તરંગ ગીત' કાવ્યાંક ૨૧), 'ચુપઇ-ફાગુ' (કાવ્યાંક ૨૨) 'ફાગુ' (કાવ્યાંક ૨૩) અને 'વિરહ દેસાઉરી ફાગુ' (કાવ્યાંક ૩૬).

૧. આમાંથી અવતરણો માટે જુઓ 'શ્રી ફાર્બસ ગુજ. સભા ત્રૈમાસિક,' પુ. ૧, પૃ. ૪૩૨-૩૭.

૨. મુદ્રિત : આ સંગ્રહમાં, કાવ્યાંક ૧૯.

૩. મુદ્રિત : શ્રી. વ્યાસ-સંપાદિત 'વસંતવિલાસ'ના પરિશિષ્ટમાં.

૪. 'હરિવિલાસ'ની હસ્તપ્રત મુંબઈમાં ભારતીય વિદ્યાભવનના સંગ્રહમાં છે. એમાં વિષય શ્રીકૃષ્ણની બાળલીલાનો છે. આરંભમાં બાળકૃષ્ણ દ્વારા પૂતના અને અન્ય અસુરોનો વધ, પછી દાણલીલા અને રાસલીલાનું વર્ણન છે. તેમાં રાસલીલામાં આરંભે ગોપીઓ સાથે સંયોગ પછી વિયોગ અને અંતે સંયોગ ને વસંતવર્ણન, એમ ફાગુકાવ્યોની પરિપાટી અનુસાર વિપ્રલંભ અને સંભોગશૃંગાર અહીં પણ છે. ચાલુ છંદ 'વસંતવિલાસ' આદિમાં છે તેવો આંતરયમકવાળા દુહાનો છે; ત્રણ પદ્ય ગુજરાતીમાં વસંતતિલકામાં છે. વચ્ચે સંમતિના ૨૪ સંસ્કૃત શ્લોક આવે છે, જે બધા 'વિષ્ણુપુરાણ'માંથી છે. કાવ્યનો આદિ-અંત આ પ્રમાણે છે :

આદિ—

પૂજ્ય ચંપકિ ભારતી, આરતી કરીય કપૂરિ,
ગોવિંદના ગુણ ગાઇસિઉં થાઈસિઉં પાતક દૂરિ. ૧
પણમીય ગુણ તણુ નાયક, દાયક શ્રેય અનંત,
ગાઇસિઉં ચીંતિ આરાહીય, રાહીય-રૂપણિ-કંત. ૨

અન્ત—

યુવજનદુઃખવિમોચન, લોચન ચંચલ મીન,
અહનિશિ મિલઇ અશોક કિ કોક કિ કુચયુગ પીન. ૧૩૧
અરુણ ચરણ કર કમલ કિ અમલ કિ પુલિન નિતંબ,
દીસઈ એ મુખચંદ્ર કિ ચંદ્રતણું પ્રતિબિંબ. ૧૩૨

વસંતતિલકાનો એક નમૂનો આ પ્રમાણે છે :

શ્લોક : આવિઉ વસંત ભૂયમંડલિ સ્વર્ગ છાંડી,
તુ પાંનિ ફૂલી પહિલું વનરાઈ માંડી;
મૂર્યા અછિ ચિહું દશે સહકારવૃક્ષ,
બઇઠા તિહાં ભ્રમર કોકિલ કોટિ લક્ષ.

ડૉ. હરિવલ્લભ ભાયાણી જેઓ આ કાવ્યનું સંપાદન કરનાર છે એમનો આ અવતરણો મોકલવા માટે આભાર માનું છું. ('હરિવિલાસ ફાગુ'નું, ડૉ. ભાયાણીનું સંપાદન, 'સ્વાધ્યાય,' મે ૧૯૬૫માં, પછીથી, છપાયું છે.)

આમાં પણ 'વસંતવિલાસ'ની એક (સ્વ. કેશવલાલ ધ્રુવને મળેલા સચિત્ર ઓળિયા) સિવાય બધી હસ્તપ્રતો જૈન ભંડારની છે અને 'ભ્રમરગીતા' તથા સોનીરામકૃત 'વસંતવિલાસ' પણ જૈન ભંડારોમાંથી મળ્યા છે. જે થોડાક નમૂના મળ્યા છે તે પણ એટલું જ તો અવશ્ય બતાવી જાય છે કે વસંતવર્ણનનો એક જ મૂળ પ્રકાર જૈનેતર સાહિત્યમાં સહેજ પ્રકારાન્તરે વિકસ્યો છે.

વસંતવર્ણન ઉપરાંત વસંતક્રીડા એ ફાગુનો વિષય છે, અને શૃંગારના બન્ને પ્રકારો—વિપ્રલંભ અને સંભોગ—નું એમાં નિરૂપણ હોય છે. પ્રાચીનતર અપભ્રંશમાં આપણને રાસુ વગેરે પ્રકારોના નમૂના મળે છે તેમ ફાગુના મળતા નથી, અને તેથી ફાગુનું સાહિત્યપ્રકાર લેખે મૂળ ચોક્કસ રૂપે સમજવાનાં સાધનો નથી, પણ સંસ્કૃત સાહિત્યનાં ઋતુવર્ણનનાં કાવ્યો સાથે એની તુલના કરી શકાય.

'ફાગુ' શબ્દની વ્યુત્પત્તિ સં. फल्गु ('વસંત') – प्रा. फग्गु–फागु એ પ્રમાણે સાધવી જોઈએ. આચાર્ય હેમચન્દ્રે 'દેશીનામમાલા' (૬-૮૨)માં 'ફગ્ગૂ' શબ્દ 'વસંતોત્સવ'ના અર્થમાં આપ્યો છે. સં. फाल्गुन, प्रा. फग्गुण ઉપરથી એની વ્યુત્પત્તિ સાધવાનો પ્રયત્ન ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય નથી. ગુજરાતી અને મારવાડીમાં હોળીનાં અશિષ્ટ ગીતો માટે 'ફાગ' શબ્દ વપરાય છે ત્યાં અર્થ હલકો પડી ગયો છે. આ વર્તમાન પ્રયોગ તેમ જ હેમચન્દ્રે આપેલ 'ફગ્ગૂ' શબ્દ ફાગુના લૌકિક મૂલનું સૂચન કરી જાય છે અને એમાંથી કાળાન્તરે ફાગુને શિષ્ટ સાહિત્યમાં સ્થાન મળ્યું હશે એ વસ્તુનો નિર્દેશ કરે છે.

'વસંતવિલાસ' (વિ.નો ૧૫મો સૈકો) એ આંતરયમકવાળા ૮૪ દુહામાં વચ્ચે વચ્ચે શ્લોકો મૂકીને રચેલું ફાગુકાવ્ય છે. એમાં ક્યાંય ધાર્મિકતાનો સંસ્પર્શ નથી, પંક્તિએ પંક્તિએ જીવનનો ઉલ્લાસ ઊભરાય છે, પાત્રો વ્યક્તિઓ નહિ પણ સમષ્ટિ છે—એ કારણે હમણાં સૂચવ્યું તેમ એના કર્તાને જૈનેતર ગણવામાં આવ્યો છે,[1] અને એ રીતે પ્રાચીનતમ ઉપલબ્ધ જૈનેતર ફાગુકાવ્ય એને ગણી શકાય. 'વસંતવિલાસ' અને 'નારાયણ ફાગુ'નો કર્તા એક હશે એવું અનુમાન પણ આંતરિક પ્રમાણોને આધારે કરવામાં આવ્યું છે.[2] 'નારાયણ ફાગુ'માં કૃષ્ણ અને ગોપીઓના વસંતવિહારનું વર્ણન છે.

---

૧. શ્રી. કેશવરામ શાસ્ત્રી, 'કવિચરિત,' ભાગ ૧, પૃ. ૫૫-૬૦.

૨. એ જ.

એનો પદ્યબંધ આ સંગ્રહમાંના 'સુરંગાભિધ નેમિ ફાગ' આદિની જેમ ફાગ (દુહો), રાસક, આંદોલ, અઢૈયામાં બંધાયેલો છે. એમાં—

पौराणै कीर्त्तितो देव त्वमेव भुवनाधिपः ।
नतर्षिः श्रीजगद्वंद्यो ज्ञानी ध्यानी गुणी कविः ॥

એ સંસ્કૃત શ્લોકમાંના 'नतर्षि' શબ્દ ઉપરથી કેટલાકે નતર્ષિને આ ફાગુનો કર્તા માન્યો છે એ યોગ્ય નથી. આ શબ્દ શ્રીકૃષ્ણનું વિશેષણ છે અને 'જેને ઋષિઓ નમન કરે છે' એવો તેનો અર્થ છે. બીજા જૈનેતર ફાગુઓ આ પછીના છે.

સમગ્ર ગુજરાતી સાહિત્યમાં આ સાહિત્યપ્રકારનો જૂનામાં જૂનો ઉપલબ્ધ નમૂનો તે આ સંગ્રહના કાવ્યાંક ૩૫માં લેવાયેલ ત્રૂટિત 'જિનચંદ્રસૂરિ ફાગુ' છે. એ પછી જિનપદ્મસૂરિનો 'સ્થૂલિભદ્ર ફાગુ' (સં. ૧૩૯૦-૧૪૦૦), અને કાલાનુક્રમે ત્યાર પછી તુરત જ રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૦૫ આસપાસ) આવે છે. આ કાવ્યોમાં, ત્યાર પછીના બીજા ફાગુઓમાં તથા અન્ય જૂના ગુજરાતી સાહિત્યમાં ફાગુના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડતા સંખ્યાબંધ સૂચક ઉલ્લેખો મળે છે. મારા ધ્યાનમાં આવેલા એ પ્રકારના ઉલ્લેખોનું કાલાનુક્રમિક તારણ અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે એમ માનીને અહીં આપું છું. આ સંગ્રહમાં નહિ લેવાયેલી અથવા આ પહેલાં જેમનો ખાસ ઉલ્લેખ થયો નથી એવી કૃતિઓનો સમયનિર્દેશ પણ એમાં કર્યો છે.

(૧) ખરતરગચ્છિ જિણપદમસૂરિકિય ફાગુ રમેવઉ,
ખેલા નાચઇ ચૈત્રમાસિ રંગહિ ગાવેવઉ..
—જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ,' કડી ૨૭

(૨) રાજલદેવિસઉં સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ,
મલહારિહિં રાયસિહરસૂરિકિઉ ફાગુ રમીજઇ.
—રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ,' કડી ૨૭

(૩) ભંભલભોલિય વાલ રંગિ નવ ફાગુ રમંતે,
દુક્ખિય વિરહિણિ નયણ નીરુ નીઝરણ ઝરંતે.
—કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત પહેલો 'નેમિનાથ ફાગુ,' કડી ૫

(૪) ભવિય જિણેસરભવણુ રંગિ રિતુરાઉ રમેવઉ,
કન્હરિસી જયસિંહસૂરિકિઉ ફાગુ કહેવઉ.
—એજ, કડી ૩૨

(૫) લાજ વિલોપિય ગોપિય, રોપિય દઢ અનુરાગુ,
રસ ભરિ પ્રિયતમુ રેલઇ, વેલઇ ખેલઇ ફાગુ.
—કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત બીજો 'નેમિનાથ ફાગુ,' કડી ૧૨

(૬) તિણિ પુરિ પાસહ વર ભુવણિ, ચાલઉ ઘણુ દિસિ નારે;
ફાગ છંદિ અમ્હિ ખેલિસું, સારુ જુ છિહુ સંસારે.
—પ્રસન્નચંદ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ,' કડી ૬

(૭) ફાગુ વસંતિ જિ ખેલઇ, ખેલઇ સુગુણ નિધાન,
વિજયવંત તે છાજઇ, રાજઇ તિલક સમાન,
—અજ્ઞાત કવિકૃત 'જંબુસ્વામી ફાગ,' કડી ૫૯

(૮) અહે સમુધરુ ભણઇ, સોહાવણઉ ફાગુ ખેલઉ સવિચાર.
—સમુધરકૃત 'નેમિનાથ ફાગુ,' કડી ૨૮

(૯) કિવિ નાચઇ મનરંગિ, કેવિ ખેલઇ તિહિ ફાગો,
કિવિ વાયંતિ વસંત નામિ પયડિય વર રાગો.
—અજ્ઞાત કવિકૃત 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ,' કડી ૨૧

(૧૦) દેવ સુમંગલપુત્તફાગુ ગાયઉ ભો ભવિયા,
જિમ તુમ્હિ પામઉ રિદ્ધિવૃદ્ધિ મંગલસંકલિયા.
—અજ્ઞાત કવિકૃત 'ભરતેશ્વર ચક્રવર્તી ફાગ,' કડી ૨૦

(૧૧) પીણ પયોહર અપચ્છર ગૂજર ધરતીય નારિ,
ફાગુ ખેલઇ તે ફિરિ ફિરિ નેમિજિણેસર બારિ.
પદ્મકૃત 'નેમિનાથ ફાગુ,' કડી ૫

(૧૨) ફાગુ ખેલઇ મનરંગિહિ હંસગમણિ મૃગનયણિ.
—એ જ, કડી ૯

(૧૩) પહિલઉં સરસતિ અરચિસુ, રચિસુ વસંતવિલાસુ,
ફાગુ પયડં પયબંધિહિ સંધિ યમક ભલ ભાસ.[1]
—'વસંતવિલાસ,' કડી ૧

(૧૪) ગાઇ અભિનવ ફાગ, સાચવઇ શ્રીરાગ.
—'નારાયણ ફાગુ,' કડી ૪૩

---

૧ 'વસંતવિલાસ'ની પહેલી કડીના ઉત્તરાર્ધના—
'વીણ ધરઇ કરિ દાહિણિ વાહણિ હંસુલઉ જાસુ'
એ પાઠને બદલે અહીં આપેલો પાઠ પાટણ ભંડારની એક હસ્તપ્રતમાં છે.

(૧૫) દેવ તણુઉ એ ફાગ, પઢઇ ગુણઇ અનુરાગ,
નવ નિધિ તે લહઇ એ, જે પણિ સંભલઇ એ.

—એ જ, કડી ૧૪

(૧૬) કવિતુ વિનોદિહિ સિરિ જય સિરિજયસેહરસૂરિ,
જે ખેલઇ તે અર્હપદ સંપદ પામઇ પૂરિ.
—જયશેખરસૂરિકૃત પ્રથમ 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૬૦ આસપાસ)[1]
કડી ૫૭

(૧૭) श्रीनेमेः परमेश्वरस्य यमकालंकारसारं मन :—
स्मेरीकारकरंगसागरमहाफागं करिष्ये नवम् ।
—સોમસુન્દરસૂરિકૃત 'રંગસાગર નેમિ ફાગ'
(સં. ૧૪૯૬ આસપાસ)[2], પ્રારંભિક શ્લોક

(૧૮) એ ફાગુ ઉછરંગ રમઇ જે માસ વસંતે,
તિણિ મણિનાણુ પહાણુ કીત્તિ મહિયલ પસરંતે.
—'કીર્તિરત્નસૂરિ ફાગ' (વિ. ના ૧૫મા સૈકાનો અંત અને ૧૬માનો પ્રારંભ),[3] કડી ૩૬

(૧૯) નિશિ વશિ કીધો નારીયે રે, મુરારિ સુંદર શામ,
એણી પરયેં ફાગણ ખેલી રે હૈયાની પૂરી હામ.
—કેશવદાસકૃત 'શ્રીકૃષ્ણલીલા કાવ્ય' (સં. ૧૫૨૯), સર્ગ ૧૫, કડી ૨૨

(૨૦) ફાગુણિ પવન હિલોહલઇ, ફાગુ ચવઇ વર નારી હે,
સંદેસડઉ ન પરઠયઉ, વૃંદાવનહ મઝારિ હે.
—અજ્ઞાત કવિકૃત 'કાન્હડ બાર માસ' (વિ.નો ૧૬મો સૈકો),[4] કડી ૯

(૨૧) રૂપિઇં કઉતિગ કરતિ અ ધરતિ અ રંભ તગતાગુ,
વસંત ઋતુરાય ખેલઇં, ગેલિઇં ગાતી ફાગુ.

—'હેમરત્નસૂરિ ફાગુ,' કડી ૧૭

---

૧ આ ફાગુ ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝની 'ગુર્જર રાસાવલિ'માં પ્રસિદ્ધ થયો છે.

૨ મુદ્રિત : મુનિ ધર્મવિજયજી-સંપાદિત સંસ્કૃત 'शमामृतम्'ની સાથે.

૩ મુદ્રિત : શ્રી. નાહટા-સંપાદિત 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ,' પૃ. ૪૦૧-૨.

૪ જે હસ્તપ્રતમાં જયસિંહસૂરિના બે 'નેમિનાથ ફાગુ,' પ્રસન્નચન્દ્રસૂરિનો 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ' વગેરે લખાયેલા છે તેમાં જ આ 'બાર માસ' છે, એટલે તે ૧૬મા સૈકાથી અર્વાચીન હોવા સંભવ નથી. જુઓ 'કૃતિપરિચય અને પ્રતિપરિચય,' પૃ. ૪-૫.

(૨૨) વેણા વંસ વજાવઇ એ, ભાવઇં પંચમ રાગ,
રંગ ભરિ ઇક ખેલઇં, ગેલિઇં જિણવર ફાગ.
—'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ,' કડી ૭૩

(૨૩) ફાગ ફાગુણિ ગાઉં ક્રિષ્ણ કેરા, ફ્લ જોઉ ફોકટ ટલઇ ફેરા.
—ચતુર્ભુજકૃત 'ભ્રમરગીતા,' કડી ૩

(૨૪) એકિહિ ચિત્તિહિ સાંભલઇ, એ ઇસ્યઉ ફાગુ રસાલુ,
રંગિ તે રંજવઇ કામિણિ, નીપજઇ છયલુ છિનાલુ.
—અજ્ઞાત કવિકૃત 'મોહિની ફાગુ,' કડી ૫૩

(૨૫) વિરહિ વસંત સો આવીઉ, ફાગુણિ તરુ[ણિ] ગાઇ,
રાઉ કરૂ રસીયં ઘણું, સરસતિ તણઇ પસાઇ.
—અજ્ઞાત કવિકૃત 'વિરહ દેસાઉરી ફાગુ,' કડી ૫૮

(૨૬) વેણા યંત્ર કરઇ આલિ વિણિ, કરઇ ગાનિ તે સવિ સુરરમણી,
મૃદંગ સરમંડલ વાજંત, ભરહ ભાવ કરી રમઇ વસંત.
—અજ્ઞાત કવિકૃત 'ચુપઇ ફાગુ,' કડી ૩૭

(૨૭) મધ માધવ રિતિ કાંમનિ કંત, રતિપતિ રમીઇ રાઉ વસંત.
—એ જ, કડી ૫૯

(૨૮) ફાગુણ રતિ વસંત ખેલીય રે, હઈડિ હરષ મંનમાં નાહ.
—અજ્ઞાત કવિકૃત 'ફાગુ,' કડી ૧૨

(૨૯) એહ ફાગ જે ગાઇસિઇ, તેહ ઘરિ મંગલ ચ્યાર,
—અજ્ઞાત કવિકૃત 'વાહણનુ ફાગ,' કડી ૧૨

(૩૦) ફાગુણિ ફાગ ન સું ગમઇ, દમઇ તિ મદન સરીર,
—અજ્ઞાત કવિકૃત 'નેમિનાથ ફાગુ,' કડી ૧૬

(૩૧) સુલલિત બાલિકા ન દીઇ રાસ, ક્ષણુ નવિ વાંચઇ પંડિત વ્યાસ,
રૂડઇ કંઠિ કોઇ ન કરઇ રાગ, રાસ ભાસ નવિ ખેલઇ ફાગ.
—મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ' (સં. ૧૬૧૨)[1],
કડી ૩૮૯

(૩૨) ફાગ ગાઇ સવિ ગોરડી જબ આવઇ મધુમાસ.
—જયવંતસૂરિકૃત 'સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ,' કડી ૪૪

---

૧. આ કાવ્યમાં ૧૦૮૫મી કડીથી શરૂ થતા 'વસંતવર્ણન'ને 'ફાગ' શીર્ષક આપ્યું છે એ નોંધપાત્ર છે. ફાગુઓમાં વારંવાર પ્રયોજાતા દુહાનો નિર્દેશ પણ હસ્તપ્રતોમાં ઘણીવાર 'ફાગ' અથવા 'ફાગની દેશી' તરીકે હોય છે.

(૩૩) ચૈત્રિય પુનિમનિ દિનિં, ફાગ રમિ નરનાહ એ.

હીરકલશકૃત 'સિંહાસનબત્રીસી' (સં. ૧૬૧૬), હ. પ્ર. પત્ર ૪૦

(૩૪) ફાગુ તે ફાગુણ માસિ, લોક તે રમઇ ઉહલાસિ,
રામતિ નવનવી એ, કિમ જાઇં વર્ણવી એ.

—'વાસુપૂજ્ય મનોરમ ફાગ,' કડી ૨

(૩૫) ફાગ ફાગ પણ સરિષા નહી, છાસિ, ધોલી નઈ દૂધ ધોલું સહી,
જેવડઉ અંતર મેરુ સિરશવઇ, તિમ જિનગુણ અવર કથા કવ્યઇ.

એ જ, કડી ૭

(૩૬) આજ સખી મન કંપએ, તાલાવેલિ કરેઇ;
ફાગુ-ખેલણ-દિન આવીઉ, પ્રિય દેસાંતર લેઇ.

—'વિરહ દેસાઉરી ફાગુ,'[૧] કડી ૧

(૩૭) શ્રીલક્ષ્મીવલ્લભ કો રચ્યો હો, ઇહુ અધ્યાત્મ ફાગ,
પાવતુ પદ જિનરાજ કો હો, ગાવત ઉત્તમ રાગ.

—લક્ષ્મીવલ્લભકૃત 'અધ્યાત્મફાગ,' કડી ૨૩

(૩૮) ફાગણ માસે ફૂલી રહ્યાં કેસુડાં રાતાં ચોળ,
સહિયર રંગે રાતી રે, રાતાં મુખ તંબોળ.

× × ×

વાજે ઝાંઝ પખાજ ને સાહેલી રમે ફાગ,
તાલી દેઇ તારુણી ગાય નવલા રે રાગ.

—પ્રેમાનંદકૃત 'માસ,' કડી ૮૯-૯૧

(૩૯) આ ફાગણ માસે ફાગ ઘટ ઘટ ખેલે રે,
એ ભાંતભાંતનાં ભેષ ભાવ ન મેહેલે રે.
ફૂલ્યોં ચીદપલાસ બીસ્વ ફૂલે રે.
મોહે સોહં ભમરગુંજાર કુસુમે ફુલે રે.
અનાહદ બાજે તુર રમણ રચ્ય લાગી રે.
એહેવી મહદાનંદની મોજ રંગ વિભાગી રે.
પીચકારી પંચભૂત સ્થુલતા કેરી રે,
તે સુરત સખીને હાથ ખેલે હોરી રે.

—પ્રાગદાસજીની બારમાસી

---

૧. આ કાવ્યના કડી ૧૯ અને ૨૦માં પણ 'ફાગુ'નો ઉલ્લેખ નોંધપાત્ર છે. જુઓ કાવ્યાંક ૩૬.

આ અવતરણોમાંથી ફાગ વિષે કેટલાંક મહત્ત્વનાં તથ્ય જાણવા મળે છે. (૧) ખેલા અને નાચ સાથે ચૈત્ર માસમાં ફાગુ ગાવાનો, (૩૨) મધુમાસમાં સ્ત્રીઓ ફાગ ગાય તેનો, (૩૩) ચૈત્રી પૂનમે ફાગ રમવાનો, (૧૮) વસંત માસમાં ઉચ્છરંગથી રમવાનો, (૧૯) ફાગ ખેલવાનો, (૨૦) ફાગણમાં કૃષ્ણના ફાગ ગાવાનો, (૩૪) ફાગણમાં લોકો ઉલ્લાસપૂર્વક ફાગ રમે છે તેનો, અને (૩૮) ફાગણ માસમાં ઝાંઝ પખાજના વાદન સાથે સહેલીઓ રાસ રમે છે તેનો નિર્દેશ કરે છે. વિરહિણીને ફાગણના ફાગ ગમતા નથી એમ (૩૦)માં કહ્યું છે. (૯) ફાગ ખેલતાં વસંતરાગ ગાવાનો, (૧૪) અભિનવ ફાગ શ્રીરાગ સાથે ગાવાનો, (૬) ફાગ છંદમાં ખેલવાનો, (૧૬) કવિત-વિનોદ સાથે ફાગ ખેલવાનો, અને (૩૧) રાસ, ભાસ અને ફાગ ખેલવાનો ઉલ્લેખ કરે છે. ખેલમાં—બબ્બેનાં જોડાંમાં ફાગ ખેલવાનું (૫–૭)માં છે. ફાગ રમવો કે ખેલવો, વસંત રમવો કે ખેલવો, ઋતુરાજ રમવો, એવા ઉલ્લેખ સંખ્યાબંધ અવતરણોમાં છે. ફાગુ ખેલવાનો દિન આવ્યો ત્યારે પ્રિય પરદેશ જાય છે એમ (૩૬)માં કહ્યું છે.

ફાગુના ધાર્મિક સ્વરૂપનાં પણ અનેક સૂચનો મળે છે. (૧૫)માં 'દેવના ફાગનો' તથા (૧૧)માં નેમિ જિનેશ્વરના દ્વારમાં ફાગ ખેલવાનો ઉલ્લેખ છે. વીણા અને વંશ વગાડતાં, પંચમ રાગ ભાવતાં જિનવરનો ફાગ રંગપૂર્વક ખેલવાનું (૨૨)માં કહ્યું છે. જિનગુણ ગાતા અને બીજા લૌકિક વિષયના ફાગુઓ વચ્ચેનું 'મેરુ અને સરસવ' જેટલું અંતર (૩૫)માં બતાવવામાં આવ્યું છે. લૌકિક ફાગુમાં રહેલા ગ્રામ્ય તત્ત્વનો નિર્દેશ (૨૪)માં છે. સાહિત્યિક ફાગુઓના યમકપ્રધાન સ્વરૂપનો નિર્દેશ (૧૩) અને (૧૭)માં છે.

ઉપરનાં અવતરણો બતાવે છે કે ફાગુ એ જાહેરમાં વિવિધ રીતે નૃત્યાદિ સાથે ગવાતો પ્રકાર હતો—ઓછામાં ઓછું, એના પ્રાચીનતર સ્વરૂપમાં તો હતો. નૃત્યકાવ્ય કે ગેય રૂપકને કંઈક મળતો એ પ્રકાર હશે અને લોકસાહિત્ય-માંથી એ શિષ્ટ સાહિત્યમાં સ્વીકારાયો હશે. અલબત, જેમ જેમ આ પ્રકાર પોતાના મૂળ સ્વરૂપથી દૂર જતો ગયો અને શિષ્ટ સાહિત્યના એક પ્રકાર લેખે જ વિકસતો—અથવા કહો કે પલટાતો ગયો તેમ તેમ એના જાહેરમાં પ્રયોગની શકયતા ઓછી થતી ગઈ. માલદેવકૃત 'સ્થૂલિભદ્ર ફાગ', 'મંગલકલશ ફાગ', 'વાસુપૂજ્ય મનોરમ ફાગ' તથા આ સંગ્રહમાંની 'ગીતા' શીર્ષકવાળી કૃતિઓ એનાં ઉદાહરણ છે.

'વસંતવિલાસ', 'વિરહ દેસાઉરી ફાગુ', 'સુપર્ક ફાગુ' અને એ પ્રકારના સાંસારિક રસના ફાગુઓને બાજુએ રાખીએ તો, સાહિત્યિક ફાગુઓમાં બે પ્રકારના વિષયો સ્વીકારાયેલા છે. જૈનેતર ફાગુઓ 'નારાયણ ફાગુ', 'ભ્રમરગીતા', 'હરિવિલાસ' આદિમાં શ્રીકૃષ્ણની વૃન્દાવનક્રીડા વર્ણવાઈ છે. જૈન ફાગુઓમાં મોટે ભાગે નેમિનાથ, સ્થૂલિભદ્ર કે જંબુસ્વામી જેવાં જૈન પુરાણકથા કે ઇતિહાસનાં પ્રસિદ્ધ પાત્રોનું ચરિત્ર વસ્તુ તરીકે લેવાયું છે. ઉદ્દીપક શૃંગારનું નિરૂપણ કરીને પણ અંતે શીલ અને સાત્ત્વિકતાનો વિજય તથા વિષયોપભોગનો ત્યાગ વર્ણવવામાં આ કથાનકો અનુકૂલ છે. સંખ્યાની દૃષ્ટિએ વિચારીએ તો, સૌથી વધારે ફાગુઓ નેમિનાથ વિષે લખાયા છે. જૈન કવિઓએ બીજા તમામ સાહિત્યપ્રકારોની જેમ ફાગુને પણ ધર્મોપદેશનું સાધન બનાવ્યો છે. આથી શ્રીકૃષ્ણની પટરાણીઓ સાથે નેમિનાથના વસંતખેલનું, રાજીમતીની વિરહવ્યથાનું, કોશા ગણિકાના રૂપશૃંગારનું કે જંબુસ્વામીની ક્રીડાઓનું કે તેમની પત્નીઓના સૌન્દર્યનું વર્ણન કર્યા પછી એ સર્વનું પર્યવસાન સંભોગ શૃંગારમાં નહિ, પણ સંસારત્યાગમાં–'મુક્તિરમણી' સાથે વિહારમાં થાય છે. સ્થૂલિભદ્રના કથાનકમાં ગુરુનો આદેશ લઈને સ્થૂલિભદ્ર પોતાની એક વારની પ્રિયતમા કોશાના ઘેર ચાતુર્માસ ગાળવા જાય છે; અને ત્યાં કવિ વસંતને બદલે વર્ષાનું વર્ણન કરીને સંતોષ માને છે. આ ઉપરાંત 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ', 'ભરતેશ્વર ચક્રવર્તી ફાગ' આદિ અન્યાન્ય પૌરાણિક પ્રસંગો લઈને લખાયેલાં કાવ્યોમાં ગમે ત્યાં તક મેળવીને વસંતશ્રીનું કે વસંતખેલનું વર્ણન દાખલ કરીને 'ફાગ' નામ સાર્થક કરી બતાવવાનો પ્રયત્ન થયો છે. મહાવીરના ગણધર ગૌતમસ્વામી વિષે પણ એક ફાગ રચાયો છે.[૧] 'જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ', 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ', 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ' આદિ વિશિષ્ટ તીર્થમહિમાનાં કાવ્યો છે, અને વર્ણનાદિ તથા છંદોબંધ બન્ને રીતે એમને ફાગમાં ઘટાવવામાં આવ્યાં છે. 'નારીનિરાસ ફાગ' જેવી કૃતિ છંદોરચનાની દૃષ્ટિએ બરાબર

---

૧. મહીસાગર ઉપાધ્યાયકૃત 'ગૌતમસ્વામી ફાગ'ની એક હસ્તપ્રત (નં. ૪૫૧૮) વડોદરામાં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના સંગ્રહના ગુજરાતી વિભાગમાંથી મને મળી હતી. ૧૫ કડીની આ કૃતિનો કાવ્યબંધ ફાગ (દૂહા) અને અઢૈયાથી બંધાયેલો છે. હસ્તપ્રત ઘણી અશુદ્ધ હોઈ તે એકને જ આધારે સંપાદન શક્ય નહોતું. પ્રત્યંતર નહિ મળવાથી આ સંગ્રહમાં એને સ્થાન આપી શકાયું નથી.

'વસંતવિલાસ'ની ધાટીએ રચાયેલી હોવા છતાં વિષયનિરૂપણની દૃષ્ટિએ 'વસંતવિલાસ'ની વિલાસિતાનું ખંડન કરવાનો સાવ નબળો નહિ એવો પ્રયાસ છે. ઇતિહાસકાળમાં થયેલા આચાર્યાદિ વ્યક્તિવિશેષો વિષે પણ ફાગુઓ લખાયા છે. 'હેમરત્નસૂરિ ફાગ', 'જિનહંસગુરુ નવરંગ ફાગ', 'ધર્મમૂર્તિસૂરિ ફાગ', અમરરત્નસૂરિ ફાગુ' આદિ આ સંગ્રહમાં લેવાયેલાં કાવ્યો એ વાતનાં ઉદાહરણ છે. એ ઉપરાંત 'દેવરત્નસૂરિ ફાગ' (સં. ૧૪૯૯)[1] દાનવર્ધનકૃત 'હેમવિમલસૂરિ ફાગ' (સં. ૧૫૫૪),[2] કીર્તિરત્નસૂરિ ફાગ' આદિ એ પ્રકારની નોંધપાત્ર રચનાઓ છે. આવી રચનાઓમાં આચાર્યોનાં માતાપિતા, બાલ્યાવસ્થા, દીક્ષામહોત્સવ આદિનો વૃત્તાન્ત આપીને વસંત-વર્ણન, કામવિજય, સંયમની દૃઢતા, એમના ઉપદેશોનો પ્રભાવ વગેરે વર્ણવેલાં હોય છે અને એ રીતે 'ફાગ' નામની ઓછેવત્તે અંશે સાર્થકતા સાધવાનો પ્રયત્ન થાય છે. જો કે એવું પણ દર વખતે થાય છે એમ નહિ. 'ધર્મમૂર્તિગુરુ ફાગ'માં આ કાવ્યપ્રકાર સાથે સંકળાયેલાં ગણાતાં આ બધાં લક્ષણો નથી. એમાં ગુરુનો પૂર્વ વૃત્તાન્ત આપવા સાથે એમની ધાર્મિક મહત્તા વર્ણવી છે. ફાગ અને અઢૈઉની પરંપરાગત છંદોરચના કર્તાએ, અલબત, સાચવી છે. શ્રી. અગરચંદ નાહટાએ સંપાદિત કરેલ ખેમહંસકૃત 'ગુર્વાવલી ફાગ'માં[3] (વિ.નો ૧૬મો સૈકો) દુહા અને રોળા છંદના, પ્રાચીનતમ ફાગુઓમાં મળતા બંધમાં, ખરતર ગચ્છના આચાર્યોની માત્ર પટ્ટાવલી આપવામાં આવી છે. આથી પણ આગળ વધી, ફાગુઓમાં સામાન્યતઃ કવન પામતા વિષયોને બાજુએ મૂકી આધ્યાત્મિક વિષયો પરત્વે ફાગુના પ્રચલિત છંદોમાં કાવ્ય-રચના કરીને એમને 'ફાગ' નામ અપાયું છે. 'વાહણનું ફાગ', લક્ષ્મીવલ્લભકૃત 'અધ્યાત્મક ફાગ' આદિ એ પ્રકારનાં રૂપકપ્રધાન કાવ્યો છે. વૃદ્ધિવિજયકૃત 'જ્ઞાનગીતા', યશોવિજયજીકૃત 'જંબુસ્વામી બ્રહ્મગીતા' આદિ પ્રધાનતઃ આધ્યાત્મિક વિષયનાં કાવ્યો નથી, તોપણ એમનાં શીર્ષક તથા એમાંનું કેટલુંક નિરૂપણ એમને ઓછેવત્તે અંશે જ્ઞાનવિષયક રચનાઓ ઠરવે છે.

આપણે જોયું કે અમુક વિશિષ્ટ છંદોરચનાને કારણે જ કેટલીક વાર અમુક કૃતિઓને 'ફાગુ' કે 'ફાગ' નામ અપાયું છે. સાહિત્યના બીજા

---

૧. મુદ્રિત: આચાર્ય જિનવિજયજી-સંપાદિત 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય,' પૃ. ૧૫૦-૫૮.

૨. મુદ્રિત: એ જ, પૃ. ૧૮૬–૯૦.

૩. મુદ્રિત: 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ', પૃ. ૨૧૫ ૧૭.

પ્રકારોની જેમ ફાગુનું બાહ્ય સ્વરૂપ પણ અમુક ચોક્કસ પ્રકારનું છે. જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ' અને રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ' જેવાં સૌથી જૂનાં ફાગુકાવ્યોમાં એક કડી દુહાની અને એક અથવા વધારે કડી રોળાની એ પ્રકારની સંખ્યાબંધ 'ભાસ'નો કાવ્યબંધ બનેલો છે. જયસિંહસૂરિનો પહેલો 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૨૨ આસપાસ), પ્રસન્નચંદ્રસૂરિકૃત 'રાવણિ પાર્શ્વનાથ ફાગુ' (સં. ૧૪૨૨ આસપાસ), જયશેખરસૂરિકૃત દ્વિતીય 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૬૦ આસપાસ), 'પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ,' 'ભરતેશ્વર ચક્રવર્તી ફાગ,' 'કીર્તિરત્નસૂરિ ફાગ' આદિ પ્રમાણમાં જૂના ફાગુઓનો પદ્યબંધ પણ આ પ્રકારનો છે. રોળા જેવો વેગથી પાઠ કરવા યોગ્ય છંદ ફાગુ જેવા મૂળે ગેય રૂપકને મળતા પ્રકારમાં યોગ્ય છે. એમાં પ્રત્યેક ભાસને આરંભે આવતો દુહો, ગરબામાં વચ્ચે વચ્ચે આવતી સાખીની જેમ, એક પ્રકારનો વિરામ આપે છે.

પરન્તુ 'વસંતવિલાસ' જેવા સુપ્રસિદ્ધ ફાગુના પરિચયને કારણે સાધારણ સાહિત્યરસિકને મન આંતરપ્રાસ કે આંતરયમકવાળો દુહો ફાગુકાવ્યનું વિશિષ્ટ લક્ષણ છે.[૧] અત્યાર સુધી મળેલા ફાગુઓમાં જયસિંહસૂરિનો બીજો 'નેમિનાથ ફાગુ' (સં. ૧૪૨૨ આસપાસ) એ આંતરયમકવાળા દુહામાં રચાયેલા ફાગુનું જૂનામાં જૂનું ઉદાહરણ છે. જોકે જયસિંહસૂરિની આ રચના તથા ઉપર કહ્યા તે જિનપદ્મ અને રાજશેખરના જૂના ફાગુઓ વચ્ચે સમયનું અંતર એટલું ઓછું છે કે 'ભાસ'વાળો અને આંતરયમકયુક્ત દુહાવાળો કાવ્યબંધ ફાગુને માટે સાથેલાગો પ્રચલિત હશે એમ માનવું યોગ્ય છે. એટલા માટે જયસિંહસૂરિએ એક જ વસ્તુ ઉપર એ બન્ને રીતિએ ફાગુ રચ્યા હશે. જયસિંહસૂરિ પછી તુરત અજ્ઞાત કવિકૃત 'જંબુસ્વામી ફાગ' (સં. ૧૪૩૦), મેરુનન્દનકૃત 'જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ' (સં. ૧૪૩૨) અને જયશેખરસૂરિકૃત પ્રથમ 'નેમિનાથ ફાગુ' આ પ્રકારના પદ્યબંધમાં રચાયેલા મળે છે. 'વસંતવિલાસ,' 'નારીનિરાસ ફાગ' અને 'હરિવિલાસ'માં છંદોબંધ તો આ પ્રકારનો છે, પણ વચ્ચે વચ્ચે સંમતિના સંસ્કૃત શ્લોકો ઉદ્ધૃત કરેલા છે એટલો વિશેષ છે. 'વસંતવિલાસ'માં તો સંસ્કૃત શ્લોકોની સંખ્યા ગુજરાતી

---

૧. ફાગુઓમાં પ્રયોજાયેલો આ છંદ દુહા કરતાં રોળા સાથે વધુ બંધબેસતો છે એવો પ્રો. રામનારાયણ પાઠકનો મત છે. દુહા તેમ જ રોળાની બન્નેની પંક્તિ ૨૪ માત્રાની હોઈ આ મત ગંભીરતાથી વિચારવા જેવો છે. આ વિષેની વિગતવાર ચર્ચા માટે જુઓ 'પ્રાચીન ગુજરાતી છંદો,' પૃ. ૧૫૬-૧૬૦.

પદ્યો જેટલી જ લગભગ છે. સમાજના જે સાહિત્યરસિક વિદગ્ધ વર્ગમાં ફાગુકાવ્યોનો સમાદર થતો હશે તેમાં સંસ્કૃત શૃંગારકાવ્યો અને મુક્તકો— જેમાંથી એ પ્રકારની ગુજરાતી રચનાઓની પદાવલી અને અલંકારાદિ સીધે-સીધાં તેમ જ પ્રાકૃત ભાષાઓ દ્વારા ઊતરી આવ્યાં છે—ઠીક લોકપ્રિય હતાં એ પણ એમાંથી ફલિત થાય છે. અલબત, આ રીતે સંમતિના શ્લોકો આપવાની પદ્ધતિ ફાગુકાવ્યમાં જ હતી એમ નહિ; જ્ઞાનમાર્ગી કવિતામાં અને આખ્યાનાત્મક કવિતા (Narrative Poetry)માં પણ આ પદ્ધતિ સારા પ્રમાણમાં જોવા મળે છે.

આ રીતના સળંગ એક છંદમાં રચાયેલાં કાવ્યમાં પ્રસંગોપાત્ત શ્લોકોનો ઉમેરો એ એક નવું તત્ત્વ ગણાય, અને એ દૃષ્ટિએ 'વસંતવિલાસ' આદિ કાવ્યો ઉપર-કહ્યા પ્રાચીનતર ફાગુઓની અપેક્ષાએ કાવ્યબંધનો વિકાસ દર્શાવે છે. 'વસંતવિલાસ' આદિનો કાવ્યબંધ સમયદૃષ્ટિએ એ ફાગુઓની પછીનો છે. આંતરયમકવાળો દુહો જતે દિવસે ફાગુની રચના સાથે એવો સંકળાઈ ગયો કે પછીના સંખ્યાબંધ ફાગુઓમાં તેમ જ સર્વસાધારણ કાવ્યરચનાઓમાં એને માટે 'ફાગ,' 'ફાગની દેશી' કે 'ફાગની ઢાળ' એવા મોઘમ નિર્દેશો નજર પડે છે.

પરંતુ સંખ્યાબંધ જૂના ફાગુઓની રચના આંતરયમકવાળા નહિ, પણ સાદા દુહામાં થઈ છે, જે બતાવે છે કે આંતરયમક ચમત્કૃતિ અર્થે ઉમેરાયો હશે. સં. ૧૩૪૧ના અરસાનો 'જિનચંદ્રસૂરિ ફાગુ' સાદા દુહામાં રચાયો છે. સમર, સમધર અને પદ્મના 'નેમિનાથ ફાગુ,' ગુણચંદ્રસૂરિનો 'વસંત ફાગુ' અને અજ્ઞાત કવિકૃત 'મોહિની ફાગુ'ની રચના સાદા દુહામાં છે. પ્રભાસ-પાટણનિવાસી કાયસ્થ કેશવદાસકૃત 'શ્રીકૃષ્ણલીલા કાવ્ય' (સં. ૧૫૨૯)ના ૧૫મા સર્ગમાં (કડી ૧–૨૬) 'વસંતવિલાસ' એ શીર્ષક નીચે કૃષ્ણગોપીના વસંતવિહારનું વર્ણન છે; એના આદિ અને અંતનું સ્વરૂપ જોતાં, કવિએ સળંગ કાવ્યની વચ્ચે મૂકી દીધું હોવા છતાં એની રચના તો એક સ્વતંત્ર કૃતિ તરીકે કરેલી છે. કેશવદાસકૃત આ 'વસંતવિલાસ' દુહામાં રચાયો છે, પણ આંતરયમક એમાં સર્વત્ર નથી.

અગાઉ આપણે જોયું તેમ, ફાગુ એ જાહેરમાં ગાવાનો પ્રકાર હતો. એની નિશાનીઓ એની છંદોરચનામાં પણ છે. દુહા કે રોળા જેવા માત્રામેળ છંદોના પ્રારંભમાં, છંદનો ખરેખર અંશ નહિ એવાં 'અહે', 'અહ' કે 'અરે'

જેવાં લટકણિયાં મુકાયાં છે તે જાહેરમાં એ છંદો લલકારવાની અનુકૂળતા માટે હશે, (દુહો જાહેરમાં બોલતાં ‘ એ...’ જેવા લટકણિયાથી પ્રારંભ કરાય છે તે આ સાથે સરખાવી શકાય.) અજ્ઞાત કવિકૃત ‘ જિનચંદસૂરિ ફાગુ ’, રાજશેખર, જયશેખર, સમુધર અને સમરના ‘ નેમિનાથ ફાગુ ’, ‘ પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ ’ (છેલ્લી ભાસ), ગુણચંદસૂરિનો ‘ વસંત ફાગુ ’, હેમરત્નસૂરિ ફાગુ ’, ‘ વાહણનો ફાગ ’, ‘ અમરરત્નસૂરિ ફાગુ ’ આદિની છંદોરચનામાં આવાં ઉમેરણો છે.

ભાસ કે દુહાની છંદોરચના એ સાદી રચના છે. જેમ ફાગુ લોકપ્રિય બનતો ગયો અને શિષ્ટ સાહિત્યમાં સ્થિર પામતો ગયો તેમ વિદગ્ધ ભાવકોના સમારાધન માટે એની છંદોરચના પણ ગાન અને અભિનયપ્રયોગને અનુકૂલ રહેવા સાથે વધારે સંકુલ અને સંમિશ્રિત બનતી ગઈ. ‘ નારાયણ ફાગુ ’ની રચના રાસ, આંદોલા, ફાગુ (આંતરયમકયુક્ત દુહા) અને અઢૈયામાં છે. ‘ પૃથ્વીચંદ્રચરિત્ર ’ના કર્તા માણિક્યસુન્દરસૂરિકૃત ‘ નેમીશ્વરચરિત ફાગબંધ ’ (સં. ૧૪૭૮)[૧] ઠીક જૂનું કાવ્ય હોઈ આ રીતે એનો પદ્યબંધ તપાસવો ઉપયોગી થશે. ૮૮ કડીનું આ કાવ્ય જુદા જુદા પંદર ખંડોમાં વહેંચાઈ જાય છે. દરેકના આરંભમાં એક અથવા વધુ સંસ્કૃત શ્લોક, પછી રાસુની કડીઓ, અઢૈયુ અને ફાગ એવો ક્રમ સામાન્ય રીતે છે. કોઈ કોઈ ખંડમાં ફાગુ નથી (ખંડ ૪, ૬, ૯), કોઈમાં અઢૈયુ નથી (ખંડ ૫, ૧૦), ૭માં ફાગુ બે વાર આવે છે; ૧૩માં શ્લોક અને રાસ, ૧૪માં શ્લોક અને અઢૈયુ, અને ૧૫માં શ્લોક અને રાસઉ એટલું જ છે. પણ એકંદર છંદોવિભાગનું વલણ ઉપર સૂચવ્યું તે પ્રમાણેનું છે. સંસ્કૃત શ્લોકો વિવિધ છંદોમાં છે. ‘ રાસ ’ શીર્ષકવાળી કડીઓ એક જ નિશ્ચિત દેશીમાં નહિ, પણ વિવિધ દેશી ઢાળોમાં છે.

સોમસુન્દરસૂરિકૃત ‘ રંગસાગર નેમિ ફાગ ’ (સં. ૧૪૯૬ આસપાસ) ત્રણ ખંડોમાં વહેંચાયેલ છે. પ્રત્યેક ખંડના પ્રારંભમાં સંસ્કૃત કે પ્રાકૃત શ્લોક અથવા ગુજરાતી વૃત્તબદ્ધ શ્લોક, રાસક, આંદોલા, ફાગ–આવી રચના સામાન્ય રીતે છે. ક્વચિત્ વચ્ચે એકાદ સંસ્કૃત શ્લોક આવી જાય છે અથવા ઉપર બતાવેલા ક્રમમાં થોડોક હેરફેર થાય છે. ૧–૩૧, ૨–૨૭, ૩૧; ૩–૧, ૮; ૩–૧૮, ૧૯ ગુજરાતી શાર્દૂલવિક્રીડિતમાં છે એ પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચનાના ઇતિહાસ માટે નોંધપાત્ર છે. ૩–૮ ભોજનાદિનું અને ૩–૧૮, ૧૯ અશ્વોનું વર્ણન કરે છે.

---

૧. મુદ્રિત : ‘ શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારકગ્રન્થ, ’ પૃ. ૪૭-૬૫

'દેવરત્નસૂરિ ફાગ' (સં. ૧૪૯૯) એ ૬૫ કડીનું કાવ્ય છે. એમાં એક સંસ્કૃત શ્લોક, પછી રાસ (દેશી), અઢેયુ અને ફાગ એ પ્રમાણે ક્રમ છે. ૫૭ કડીના 'હેમવિમલસૂરિ ફાગ' (સં. ૧૫૫૪)ના ત્રણ ખંડોનો પદ્યબંધ ફાગ અને અંદોલામાં બંધાયો છે.

આવી મિશ્ર છંદોરચનાવાળું આપણા સંગ્રહનું સૌથી જૂનું કાવ્ય તે ધનદેવગણિકૃત 'સુરંગાભિધ નેમિ ફાગ' (સં. ૧૫૦૨) છે. ગુજરાતી શાર્દૂલવિક્રીડિત પદ્યોને કારણે ધ્યાનપાત્ર આ કૃતિની છંદોરચનાનું પૃથક્કરણ 'કૃતિપરિચય'માં કર્યું છે. આગમમાણિક્યકૃત 'જિનહંસગુરુ નવરંગ ફાગ,' અજ્ઞાત કવિકૃત 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ', કમલશેખરકૃત 'ધર્મમૂર્તિગુરુ ફાગ' આદિની છંદોયોજના પણ આ પ્રકારની મિશ્ર છે. ફાગુના પ્રયોગ વિષેનાં જે વિવિધ અવતરણો અગાઉ ટાંકયાં છે તે જોતાં યોગ્ય પ્રસંગોએ આ ફાગુઓ જાહેરમાં ગવાતા હશે.

ફાગુમાંથી જ વિકસેલો એક પેટાપ્રકાર તે 'ભ્રમરગીતા' જેવાં 'ગીતા' કાવ્યોનો છે. એનો જૂનામાં જૂનો નમૂનો અત્યારે તો આપની પાસે, ઉદ્ધવ-સંદેશના ભાગવતપ્રોક્ત વિષયનું છટાદાર કવન કરતી ચતુર્ભુજની 'ભ્રમર-ગીતા'નો (સં. ૧૫૭૬) છે. વિનયવિજયકૃત 'નેમિનાથ ભ્રમરગીતા'માં જૈન ફાગુઓમાં સૌથી વધુ લોકપ્રિય નેમિનાથના કથાનકને વણી લીધું છે. ઉપાધ્યાય યશોવિજયકૃત 'જંબુસ્વામી બ્રહ્મગીતા'માં જંબુસ્વામીનું કથાનક છે. આ બધાં કાવ્યોમાં જેને ઝૂલણાનો ઉત્તરાર્ધ ગણી શકાય એવા છંદને એકાંતરે (જુઓ અગાઉ પૃ. ૧૬, ટિપ્પણ) 'ફાગ' અથવા 'ફાગની દેશી' એ શીર્ષક નીચે એક અથવા વધારે દુહા આવે છે.[1] સોનીરામકૃત 'વસંત-વિલાસ'ની પદ્યરચના પણ આવી જ છે. જોકે એની પ્રતમાં એ છંદને ખોટી રીતે દુહો કહ્યો છે. વૃદ્ધિવિજયકૃત 'જ્ઞાનગીતા' અને ઉદયવિજયકૃત 'પાર્શ્વનાથ રાજગીતા'માં આપણે અગાઉ 'કૃતિપરિચય'માં જોયું તે પ્રમાણે, કોઈ ઇતિવૃત્ત નથી, પરન્તુ ઉપર્યુક્ત છંદોબંધ તેને ફાગુનો જ એક પ્રકાર પુરવાર કરે છે.

આમ ફાગુનો સાહિત્યપ્રકાર ઉત્તરોત્તર પરિવર્તન પામતો ગયો છે. પાછળના સમયમાં એમાં કેટલીક એકવિધતા આવી ગઈ. એવા પણ

---

૧ પ્રેમાનંદકૃત 'માસ'નો પદ્યબંધ આ જ પ્રકારનો છે. એમાંની દેશીને જોકે 'ફાગ' નામ આપ્યું નથી, પણ તેથી હકીકતમાં કંઈ ફેર પડતો નથી.

ફાગુઓ રચાયા છે, જેમને નામ માત્ર ફાગુ ગણી શકાય. માલદેવનો ‘ સ્થૂલિભદ્ર ફાગ ’ એક જ દેશીની ૧૦૭ કડીમાં રચાયો છે. કલ્યાણકૃત ‘ વાસુપૂજ્ય મનોરમ ફાગુ ’માં ફાગુનાં લક્ષણો વિરલ સ્થાને નજરે પડે છે, અને ‘ મંગલકલશ ફાગ ’ને કર્તાએ ‘ ફાગ ’ કહ્યો છે એટલું જ.[1] પરંતુ આ તો થોડાક અપવાદો છે.

---

૧. સુન્દર અને ચતુર સ્ત્રીને કુરૂપ અને મૂર્ખ પતિ મળ્યાનાં દુઃખ વર્ણવતો એક ‘ મુર્ખ ફાગ ’ જાણવામાં આવ્યો છે (પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીનો સંગ્રહ, હસ્તપ્રત નં. ૧૪૦૪), તે પણ આવા નામ માત્ર ફાગુનું એક નોંધપાત્ર ઉદાહરણ છે. ૩૩ દુહામાં રચાયેલી આ કૃતિના આદિઅંતમાંથી કેટલીક કડીઓ નમૂનારૂપે અહીં ટાંકું છું.

આદિ—

આદિ ગણેસ આરાહિઇ, સધિ બુધિ કેરો કંથ;
જેહ પસાઇ ગાયસ્યૂ, **મૂરષ ફાગ-વસંત.** ૧

એક નારી નવજોવની, તેહનો રે નીસત નાહ;
કરમે ભાગ્યા રે કજોડલા, દઇવે દીધો રે દાહ. ૨

સુંદર કોટિ સવાલષિ, તે દુષભરી રે અપાર;
પૂરવ પાપ પ્રકાસિયા, સાંપડ્યો ભૂંડો ભરથાર. ૩

મૂરષ બાપિ બાંધિઉ, માણક કાગની કોટિ;
રતન જડાવૂં રે રેહટિઇ, પાણિ પટોલાની મોટિ. ૪

ચંદન બાલૂ રે ચૂલડિ, સંપ સીયાલાને સાંથિ;
કાગ કપૂર સુ જાણે રે, અંધ અરિસાની ભાંતિ. ૫

અંત—

મહારા મનનૂ દોહિલૂ, સાંભલો સહિયર ગૂજ;
એક જિભે કહુ કેતલૂ, થોડા માહે ઘણૂ બૂઝ. ૨૯

બિહિનિ કહુ બેસારીનિ, સારિ સીખામણ આજ;
બાપડી તુ કાં ભોલી રે, પીઉની નહી તુઝ લાજ. ૩૦

પાપણ પીઉ વગોઈયો, એ તુઝ ભૂડી ટેવ;
કોઢીઉ કાવડી ઘાલીને, સહી તે જાણવો દેવ. ૩૧

કરિનિ ભગતિ પતિવ્રતા, સાડલાની પરિ સાંધિ;
રૂપ કરૂપ કરઇ નહી, જાનિ તુ ઈશ્વર આરાધિ. ૩૨

આ ભવે એહવો આરાધીઉ, આવતિ તુ નહિ પામિ;
મનવંછિત ફલ તુ મલિ, જો તુસસે સારંગસ્વામિ. ૩૩

વિક્રમના ચૌદમા શતકથી માંડી કેટલાક સૈકા સુધી માનવભાવો સાથે પ્રકૃતિનું ગાન ગાતી, શૃંગાર સાથે ત્યાગ અને વૈરાગ્યના તરંગો ઉછાળતી કવિતા આ સાહિત્યપ્રકારે આપી છે. આખ્યાન કે રાસા કરતાં આનું સ્વરૂપ ટૂંકું છે, પણ મોટે ભાગે એમાં કંઈક ઇતિવૃત્ત આવતું હોઈ હોરી કે ધમાર જેવાં વસંતખેલનાં ટૂંકાં પદો કરતાં એમાં વૈવિધ્યને વિશેષ અવકાશ રહ્યો છે. આ સાહિત્યપ્રકારના નમૂનાઓનો આ મધ્યમ કદનો સમુચ્ચય ઉત્તરકાલીન અપભ્રંશના સમયથી માંડી લગભગ અર્વાચીનતાના સીમાડા સુધીના ગુજરાતી ભાષાના વિકાસનો ખ્યાલ આપે છે, તે સાથે જૂની ગુજરાતીની કેટલીક સારી કવિતા એમાંથી મળે છે.

ભોગીલાલ જ. સાંડેસરા

પ્રાચીન ફાગુ-સંગ્રહ

[૧]

જિનપદ્મસૂરિકૃત

સ્થૂલિભદ્ર ફાગુ

(સં. ૧૩૯૦-૧૪૦૦)

પણમિય પાસજિણંદપય અનુ સરસઇ સમરેવી,
થૂલિભદ્દમુણિવઇ ભણિસુ ફાગુબંધિ ગુણ કેવી. ૧

અહ સોહગસુંદરરૂવવંતુ ગુણમણિભંડારો,
કંચણ જિમ ઝલકંતકંતિ સંજમસિરિહારો,
થૂલિભદ્દમુણિરાઉ જામ મહિયલિ બોહંતઉ,
નયરરાયપાડલિયમાહિ પહુતઉ વિહરંતઉ. ૨

વરિસાલઇ ચઉમાસમાહિ સાહૂ ગહગહિયા,
લિયઇ અભિગ્ગહ ગુરહ પાસિ નિયગુણમહમહિયા,
અજ્જ વિજયસંભૂયસૂરિ ગુરુ વય મોકલાવઇ,
તસુ આએસિ મુણીસ કોસવેસાઘરિ આવઇ. ૩

મંદિરતોરણિ આવિયઉ મુણિવરુ પિક્ખેવી,
ચમકિય ચિત્તિહિ દાસડિય વેગિ જાઇ વધાવી,
વેસા અતિહિ ઊતાવલિ ય હારિહિ લહકંતી,
આવીય મુણિવરરાય પાસિ કરયલ જોડંતી. ૪

ભાસ-ધર્મલાભુ મુણિવઇ ભણિસુ ચિત્રસાલી મંગેવી,
રહિયઉ સીહકિસોર જિમ ધીરિમ હિયઇ ધરેવી. ૫

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેહા વરિસંતિ,
ખલહલ ખલહલ ખલહલ એ વાહલા વહંતિ,
ઝબઝબ ઝબઝબ ઝબઝબ એ વીજુલિય ઝબકઇ,
થરહર થરહર થરહર એ વિરહિણિમણુ કંપઇ. ૬

મહુરગંભીરસરેણ મેહ જિમ જિમ ગાજંતે,
પંચબાણુ નિય કુસુમબાણુ તિમ તિમ સાજંતે,
જિમ જિમ કેતકિ મહમહંત પરિમલ વિહસાવઇ,
તિમ તિમ કામિ ય ચરણ લગ્ગિ નિયરમણિ મનાવઇ. ૭

સીયલકોમલસુરહિ વાય જિમ જિમ વાયંતે,
માણમડપ્ફર માણણિ ય તિમ તિમ નાચંતે,
જિમ જિમ જલભરભરિય મેહ ગયણંગણિ મિલિયા,
તિમ તિમ કામી તણા નયણ નીરિહિ ઝલહલિયા. ૮

ભાસ–મેહારવભરઊલટિ ય જિમ જિમ નાચઇ મોર,
તિમ તિમ માણિણિ ખલભલઇ સાહીતા જિમ ચોર. ૯

અઇ સિંગારુ કરેઇ વેસ મોટઇ મનઊલટિ,
રઇયરંગિ બહુરંગિ ચંગિ ચંદણુરસઊગટિ,
ચંપયકેતકિજાઇકુસુમ સિરિ ખુંપ ભરેઇ,
અતિઆછઉ સુકમાલ ચીરુ પહિરણિ પહિરેઇ. ૧૦

લહલહ લહલહ લહલહ એ ઉરિ મોતિયહારો,
રણરણ રણરણ રણરણ એ પગિ નેઉરસારો,
ઝગમગ ઝગમગ ઝગમગ એ કાનિહિ વરકુંડલ,
ઝલહલ ઝલહલ ઝલહલ એ આભરણહં મંડલ. ૧૧

મયણખગ્ગ જિમ લહલહંત જસુ વેણીદંડો,
સરલઉ તરલઉ સામલઉ રોમાવલિદંડો,
તુંગ પયોહર ઉલ્લસઇ સિંગારથવક્કા,
કુસુમબાણિ નિય અમિયકુંભ કિર થાપણિ મુક્કા. ૧૨

ભાસ–કાજલિ અંજિવિ નયણજુયે સિરિ સંથઉ ફાડેઈ,
બોરીયાવડિકાંચુલિય પુણ ઉરમંડલિ તાડેઇ. ૧૩

કન્નજુયલ જસુ લહલહંત કિર મયણહિંડોલા,
ચંચલ ચપલ તરંગચંગ જસુ નયણકચોલા,
સોહઇ જાસુ કપોલપાલિ જાણુ ગાલિમસૂરા,
કોમલ વિમલુ સુકંઠુ જાસુ વાજઇ સંખતૂરા. ૧૪

લવણિમરસભરકૂવડિય જસુ નાહિ ય રેહઇ,
મયણરાય કિર વિજયખંભ જસુ ઊરૂ સોહઇ,
જસુ નહપલ્લવ કામદેવઅંકુસ જિમ રાજઇ,
રિમિઝિમિ રિમિઝિમિ એ પાયકમલિ ઘાઘરિય સુવાજઇ. ૧૫

નવજોવનવિલસંતદેહ નવનેહગહિલ્લી,
પરિમલલહરિહિ મયમયંત રઇકેલિપહિલ્લી,
અહરબિંબ પરવાલખંડ વરચંપાવન્ની,
નયણસલૂણી ય હાવભાવબહુગુણસંપુન્ની. ૧૬

ભાસ–ઇય સિણગાર કરેવિ વર જવ આવી મુણિ પાસિ,
જોએવા કઉતિગિ મિલિય સુરકિન્નર આકાસિ. ૧૭

અહ નયણકડકખહં આહણએ વાંકઉં જોઅંતી,
હાવભાવ સિણગાર ભંગિ નવનવિ ય કરંતિ,
તહ વિ ન ભીજઇ મુણિપવરો તવ વેસ બોલાવઇ,
તવણુતુલ્લ તુહ દેહ નાહ મહ તણુ સંતાવઇ. ૧૮

બારહવરિસહં તણઉ નેહુ કિણિ કારણિ છંડિઉ,
એવડુ નિઠુરપણઉ કંઇ મૂંસિઉ તુમ્હિ મંડિઉ,
થૂલિભદ્દ પભણેઇ વેસ અહ ખેદુ ન કીજઇ,
લોહિહિ ઘડિયઉ હિયઉ મજ્ઝ તુહ વયણિ ન ભીજઇ. ૧૯

મહ વિલવંતિય ઉવરિ નાહ અણુરાગ ધરીજઇ,
એરીસુ પાવસુ કાલુ સયલુ મૂસિઉ માણીજઇ,
મુણીવઇ જંપઇ વેસ સિદ્ધિરમણી પરિણેવા,
મણુ લીણઉ સંજમસિરીહિસું ભોગ રમેવા. ૨૦

ભાસ–ભણઇ કોસ સાચઉ કિયઉ નવલઇ રાચઇ લોઉ,
મૂં મિલ્હિવિ સંજમસિરિહિ જઉ રાતઉ મુણિરાઉ. ૨૧

ઉવસમરસભરપૂરિયઉ રિસિરાઉ ભણેઇ,
ચિંતામણિ પરિહરવિ કવણુ પત્થરુ ગિહ્ણેઇ,
તિમ સંજમસિરિ પરિવએવિ બહુધમ્મસમુજ્જલ,
આલિંગઇ તુહ કોસ કવણુ પસરંતમહાબલ. ૨૨

પહિલઉ હિવડા કોસ કહઇ જુવ્વણફલુ લીજઇ,
તયણંતરિ સંજમસિરીહિ સુહ સુહિણ રમીજઇ,
મુણિ બોલઇ જિ મઇ લિયઉ તં લિયઉ જ હોઇ,
કવણુ સુ અચ્છઇ ભુવણતલે જો મહ મણુ મોહઇ. ૨૩

ભાસ—ઇણ પરિ કોસા અવગણિય થૂલિભદ્દમુણિરાઇ,
તસુ ધીરિમ અવધારિ કરિ ચમકિય ચિત્તિ સુહાઇ. ૨૪

અઇબલવંતુ સુ મોહરાઉ જિણિ નાણિ નિધાડિઉ,
ઝાણખડગ્ગિણ મયણસુભડ સમરંગણિ પાડિઉ,
કુસુમવુઠ્ઠિ સુર કરઇ તુઠ્ઠિ હુઉ જયજયકારો,
ધનુ ધનુ એહુ જુ થૂલિભદ્દ જિણિ જીતઉ મારો. ૨૫

પડિબોહિવિ તહ કોસવેસ ચઉમાસિ અણંતરુ,
પાલિય ભિગ્ગહ લલિય ચલિય ગુરુ પાસિ મુણીસરુ,
દુક્કરદુક્કરકારગુ ત્તિ સૂરિહિ સુ પસંસિઉ,
સંખસમુજ્જલજસુ લસંતુ સુરનરહં નમંસિઉ. ૨૬

નંદઉ સો સિરિથૂલિભદ્દ જો જુગહ પહાણો,
મલિયઉ જિણિ જગિ મલ્લસલ્લરઇવલ્લહમાણો,
ખરતરગચ્છિ જિણપદમસૂરિકિય ફાગુ રમેવઉ,
ખેલા નાચઇં ચૈત્રમાસિ રંગિહિ ગાવેવઉ. ૨૭

॥ સિરિથૂલિભદ્દફાગુ સમત્તુ ॥

રાજશેખરસૂરિકૃત

નેમિનાથ ફાગુ

(સં. ૧૪૦૫ આસપાસ)

સિદ્ધિ જેહિં સઇ વર વરિય તે તિત્થયર નમેવી,
ફાગુબંધિ પહુનેમિજિણુગુણ ગાએસઉં કેવી. ૧

અહ નવજુવ્વણ નેમિકુમરુ જાધવકુલધવલો,
કાજલસામલ લલવલઉ સુલલિયમુહકમલો,
સમુદવિજયસિવદેવિપૂતુ સોહગસિંગારો,
જરાસિંધુભડભંગભીમુ બલિ રૂવિ અપ્પારો. ૨

ગહિરસદ્દિ હરિસંખુ જેણ પૂરિય ઉદ્દંડો,
હરિ હરિ જિમ હિંડોલિયઉ ભુયદંડપયંડો,
તેયપરિક્કમિ આગલઉ પુણિ નારિવિરત્તઉ,
સામિ સુલકખણસામલઉ સિવસિરિઅણુરત્તઉ. ૩

હરિહલહરસઉં નેમિપહુ ખેલઇ માસ વસંતો,
હાવિ ભાવિ ભિજ્જઇ નહી ય ભામિણિમાહિ ભમંતો. ૪

અહ ખેલઇં ખડોખલિય નીરિ પુણુ મયણિ નમાવઇ,
હરિ અંતેઉરમાહિ રમઇ પુણિ નાહુ ન રાચઇ,
નયણસલૂણઉ લડસડંતુ જઉ તીરિહિં આવિઉ,
માઇ બાપિ બંધવિહિં માંડ વીવાહ મનાવિઉ. ૫

ઘરિ ઘરિ ઉત્સવ બારવએ રાઉલ ગહગહએ,
તોરણ વંદુરવાલ કલસ ધયવડ લહલહએ,
કન્હડિ માગિય ઉગ્ગસેણધૂય રાજલ લાધા,
નેમિઉમાહીય, બાલ અહુભવનેહનિબદ્ધા. ૬

રાઇમએ સમ તિહુ ભુવણિ અવર ન અત્થઇ નારે,
મોહણવિલ્લિ નવલ્લડીય ઉપ્પનીય સંસારે. ૭

અહ સામલકોમલ કેશપાશ કિરિ મોરકલાઉ,
અદ્ધચંદ સમુ ભાલુ મયણ પોસઇ ભડવાઉ,
વંકુડિયાલીય ભુંહડિયહં ભરિ ભુવણ ભમાડઇ,
લાડી લોયણલહકુડલઇ સુર સગ્ગહ પાડઇ. ૮

કિરિ સિસિબિંબ કપોલ કન્નહિંડોલ ફુરંતા,
નાસા વંસા ગરુડચંચુ દાડિમફલ દંતા,
અહર પવાલ તિરેહ કંઠુ રાજલસર રૂડઉ,
જાણ વીણ રણરણઇં જાણ કોઇલટહકડલઉ. ૯

સરલતરલ ભુયવલ્લરિય સિહણ પીણઘણતુંગ,
ઉદરદેસિ લંકાઉલી ય સોહઇ તિવલતુરંગુ. ૧૦

અહ કોમલ વિમલ નિયંબબિંબ કિરિ ગંગાપુલિણા,
કરિકર ઊરિ હરિણ જંઘ પલ્લવ કરચરણા,
મલપતિ ચાલતિ વેલહીય હંસલા હરાવઇ,
સંઝારાગુ અકાલિ બાલુ નહકિરણિ કરાવઇ. ૧૧

સહજિહિં લડહીય રાયમએ સુલખણ સુકમાલા,
ઘણઉં ઘણેરઉં ગહગહએ નવજુવ્વણ બાલા,
ભંભરભોલી નેમિજિણવીવાહ સુણેઈ,
નેહગહિલ્લી ગોરડી હિયડઇ વિહસેઈ. ૧૨

સાવણસુકિલછટ્ઠિ દિણિ બાવીસમઉ જિણંદો,
ચલ્લઇ રાજલપરિણયણ કામિણિનયણાનંદો. ૧૩

અહ સેયતુંગતરલતુરઇ રઇરહિ ચડઇ કુમારો,
કન્નિહિ કુંડલ સીસિ મઉડ ગલિ નવસરહારો,
ચંદણિ ઊગટિ ચંદધવલકાપડિ સિણગારો,
કેવડિયાલઉ ખુંપુ ભરવિ વંકુડઉ અતિફારો. ૧૪

ધરહિં છત્તુ વિત્તુ ચમર ચાલહિં મૃગનયણી,
લૂણુ ઉત્તારિહિં વરબહિણી હરિસુજ્જલવયણી,
ચહુપરિ બઇસઇ દસારકોડિ જાદવભૂપાલા,
હયગયરહપાયક્કચક્કસીકિરિહિં ઝમાલા. ૧૫

મંગલ ગાયહિં ગોરડીય ભટ્ટહ જયજયકારો,
ઉગ્ગસેણુઘરનારિ વરો પહુતઉ નેમિકુમારો. ૧૬

અહ સહિય પયંપય હલ સહિ એ તુહ વલ્લહઉ આવઇ,
માલિઅટાલિહિં ચડિઉ લોઉ મણુ નયણુ સુહાવઇ,
ગઉખિ બઇઠી રાયમએ નેમિનાહુ નિરખઇ,
પસઇપમાણિહિં ચંચલિહિં લોઅણિહિં કડખઇ. ૧૭

કિમ કિમ રાજલદેવિ તણઉ સિણુગારુ ભણેવઉ,
ચંપઈગોરી અઇધોઇ અંગિ ચંદનુલેવઉ,
ખુંપુ ભરાવિઉ જાઇકુસમિ કસતૂરી સારી,
સીમંતઇ સિંદૂરરેહ મોતીસરિ સારિ. ૧૮

નવરંગી કુંકુમિ તિલય કિય રયણુતિલઉ તસુ ભાલે,
મોતીકુંડલ કન્નિ થિય બિંબાલિય કરજાલે. ૧૯

અહ નિરતીય કજ્જલરેહ નયણિ મુહકમલિ તંબોલો,
નગોદરકંઠલઉ કંઠિ અનુ હાર વિરોલો,
મરગદજાદર કંચુયઉ ફુડફુલ્લહં માલા,
કરિ કંકણ મણિવલયચૂડ ખલકાવઇ બાલા. ૨૦

રુણુઝુણુ એ રુણુઝુણુ એ રુણુઝુણુ એ કડિ ઘઘરિયાલિ,
રિમિઝિમિ રિમિઝિમિ રિમિઝિમિ એ પયનેઉરજુયલી,
નહિ આલત્તઉ વલવલઉ સેઅંસુયકિમિસિ,
અંખડિયાલી રાયમએ પ્રિઉ જોઅઇ મનરસિ. ૨૧

વાડઉ ભરિઉ જીત્રડહં ટલવલંત કુરલંત,
અટ્ઠકોડિ ઉદ્ધસિય દેખઇ રાજલકંતો. ૨૨

અહ પૂછઇ રાજલકંતુ કાંઇ પસુબંધણુ દીસઇ,
સારહિ બોલઇ સામિસાલ તુહ ગોરવુ હુસ્યઇ,
જીવ મેલ્હાવઇ નેમિકુમરુ સરણાગઈ પાલઈ,
ધિગુ સંસારુ અસારુ ઇસ્યઉં ઇમ ભણિ રહુ વાલઇ. ૨૩

સમુદવિજય સિવદેવિ રામુ કેસવુ મન્નાવઇ,
નઇપવાહ જિમ ગયઉ નેમિ ભવભમણુ ન ભાવઇ,
ધરણિ ધસક્કઇ પડઇ દેવિ રાજલ વિહલંઘલ,
રોઅઇ રિજ્જઇ વેસુ રૂવુ બહુ મન્નઇ નિપ્ફલુ. ૨૪

ઉગ્ગસેણધૂય ઇમ ભણઇ દૂષહિ દાઝઇ દેહો,
કાં વિરતઉ કંત તુહું નયણિહિ લાઇવિ નેહો. ૨૫

આસા પૂરઇ ત્રિહુભૂષણ મૂ મ કરિ હયાસી,
દય કરિ દય કરિ દેવ તુમ્હ હઉં અછઉં દાસી,
સામિ ન પાલઇ પડિવન્નઉં તઉ કાસુ કહીજઇ,
મયગલુ ઉવટ સંચરએ કિણિ કાનિ ગહીજઇ. ૨૬

નેમિ ન મન્નઇ નેહુ દેઇ સંવચ્છરદાણું,
ઊજલગિરિ સંજમ લિયઉ હુય કેવલનાણૂં,
રાજલદેવિસઉં સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ,
મલહારિહિં રાયસિહરસૂરિકિઉ ફાગુ રમીજઇ, ૨૭

॥ ઇતિ શ્રીનેમિનાથ ફાગુ ॥

[૩]

કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત

પ્રથમ નેમિનાથ ફાગુ

(સં. ૧૪૨૨ આસપાસ)

પણમિવિ જિણ ચઉવીસ પઈ, સુમરવિ સરસઇ ચિત્તિ,
નેમિ જીણેસર કેવિ ગુણ, ગાએસઉ વહુ ભત્તિ. ૧

જાદવકુલસિંગારુ પહુ નેમિકુમારો,
સમુદ્રવિજય નરહિ-પુતુ, સિવદેવિ-મલ્હારો,
સોહગસુંદર તરુણદેહ, ગુણગણભંડારો,
સિવસિરિરત્તઉ ગણઇ ચિત્તિ સંસારુ અસારો. ૨

વનસઈમંડન અહ પહૂતુ, રિતુરાઉ વસંતુ,
ચંપક વેઉલ વઉલ કમલ, પરિમલુ વિલસંતો,
કોઇલ કલિરવુ કરહિ, જાણુ વાજઇ વર વીણ,
મનાવઇ પ્રિયપાય લગ્ગિ, તરુણી અહિ દીણ. ૩

ભમઇં ભમર મધુપાનમત્ત ઝંકારુ કરંતા,
રિતુરાયહ કિરિ ભટ્ટથટ્ટ વર કિત્તિ પઢંતા,
પસરિઉ પરિમલુ મલઇવાઉ દસદિસિ પૂરંતો.
માણિણિ કામિણિ મનહ માહિ, તકખણિ ચૂરંતો. ૪

કામિય વર સહકાર સાષ, વંધંતિ હિંડોલા,
હિંડહિં પ્રિયતમ સરિસુ, ગાઇં ઇંદોલા,
ભંભલભોલિય વાલ રંગિ નવ ફાગુ રમંતે,
દુકિખય વિરહિણિ નયણ નીરુ નીઝરણ ઝરંતે. ૫

ભાસ–લહવિ વિસંતુ સહાઇયઉ, તરુણિય વલુ અવિલંવિ,
સચરાચરુ જગિ વસિ કિયઉ, મયણ સુહડુ અવિલંબિ. ૬

પેષવિ પહુતઉ મહિ વસંતુ, અંતેઉર લેઈ,
વહુ પરિ કેસવુ નેમિ સહિતુ જલકેલિ કરેઇ,
રાણિય રૂપિણિ પમુહ, કુસુમ આભરણુ કરંતિ,
નિય વર દેવર દેહ, નેહગહિલી મંડંતિ. ૭

ગાઢઇ આદરિ નેમિકુમરુ, નિય વચન વિનાણિ,
સારંગપાણિહિ પાણિગહણુ, મન્નાવિઉ પ્રાણિ,
રાઇમઈ ઉગ્ગસેણધૂઅ, માગવિ તિણિ લીધી,
અટ્ઠ ભવંતર તણઇ નેહિ, તકખણિ મનિ વીધી. ૮

મયણુ સુહડ કરિવાલ સરિસુ સિરિ વેણીયદંડો,
કંતિસમુજ્જવલુ તાસુ વયણુ, સસિબિંબુ અખંડો,
ભાલથલુ અટ્ઠમિય ચંદુ, કિરિ કંન હિંડોલા,
ભમુહ ધણુહ સમ વિપુલ, ચપલ લોયણ કંચોલા. ૯

દપ્પણુનિમ્મલ તસુ કપોલ, નાસા તિલફૂલુ,
હીરા જિમ ઝલંકત દંતપંતિહિ નહિ મુલ્લુ,
અહિરુ પ્રવાલઉ, કંઠુ કરઇ કોઇલસઉ વાદો,
રાજલ વાણિય વેણુ વીણુ ઊતારઇ નાદો. ૧૦

ભાસ—તસુ ભુયવલ્લીય કરિ કમલ, પીણ પયોહર તુંગ,
પરિપૂરિય સિંગાર રસિ, કણય કલસ કિરિ ચંગ. ૧૧

ઉઇરિ લંકાલિય સીહ જેમ, સમ ત્રિવલિ તુરંગ,
નાહીમંડલુ અહ ગહીરુ, રોમાવલિ ચંગ,
પુલિનવિસાલ નિયંબબિંબ કદલીથંભોરુહ,
હરણિય જંઘા, ચરણજુયલ પલ્લવગુણચોરુ. ૧૨

જુવણવતિય લડસડંતિ, લાવન્નનિહાણી,
કણયકંવ સમ કાયકંતિ, તિહુ ભુવણ વખાણી,
વિનય વિવેક વિચારસીલ, લીલા સુવિસાલા,
રંભ તિલુત્તમ સરિસ રૂવ સા રાજલ વાલા. ૧૩

સમુદવિજય ઉગ્ગસેણુ ભુવણિ મંડપ વંધીજઇ,
દ્વારમઇપુરિ ઠામિ ઠામિ ઉચ્છવ મંડીજઇ,
સિવિદિવિ રાણિય ધારણિય ગોત્રિણિહિ કરાવઇ,
લાગ અચાર વિચાર સાર અતિ ફાર કરાવઇ. ૧૪

અહ સિંગારય નેમિકુમરુ નિય કરિ સિવદેવી,
પહિરાવઇ દેવંગુ ચીરુ, ચંદનિ અંચેઈ,
ખુંપ ખણાલઉ સીસુ, મુકુટુ રોપિઉ મણિસારો,
કંનિહિ કુંડલ ઝગમગંતિ ઉરિ મોતિય હારો. ૧૫

ભાસ–વીરવલય હથિહિ ઠવિય, અંગુલિ મુદ્દા સંગો,
સુરતરુ મહિ કિરિ અવઇરિઉ, સામિઉ સામલઅંગો. ૧૬

સાવણુ છઠિ સુકિલ દિમસુ, સિરિ છત્તુ વહંતો,
તુંગ તુરંગમ રહિ ચડેવિ રવિ જિમ દીપંતો,
જાદવ કોડિ સહિતુ, નેમિ પરણેવા ચલ્લઇ,
રહ ગઇ હઇ પાઇક્કભારુ, મહિમંડલુ હલ્લઈ. ૧૭

ચમર ચિંધ સિકિરિ ઝમાલુ, ગયણંગણુ છાયઉ,
સિવિદિવિ નંદણુ દંસણત્થુ દસ દિસિ જણુ ધાયઉ,
ભેરી ભુંગલ તિવિલ તાલ કંસાલા વાજઇ,
હરસિય નાચહિ જાદવિણી, જાદવ મનિ ગાજઈ. ૧૮

ન્હાઇય ધોઇય રાયમઇ, ધારણિ સિંગારઇ,
વાલિય જાદર તણઉ ચીરુ, આછઉ પહિરાવઇ,
ભરિયઉ કેતકિ ખુંપુ સીસુ સીમંત સિંદૂરુ,
ભાલ તિલઉ માણિક્કનિલઉ ધરિયઉ કિરિ સૂરુ. ૧૯

અંજનિ અંજિય વેવિ નયણ, પત્રવેલિ કપોલિ,
મોતીલગ તાડંક કન્નિ, મુખિ રંગુ તંબોલિ,
કંઠુ નગોદરુ ફુલ્લમાલ, ઉરિ નવસર હારો,
કરે ઠિય કંકણુ રયણુવલય, મુંદ્રડિય અપારો. ૨૦

ભાસ–તસુ કડિ કંચણુ ઘગ્ઘરિય, ઝણુણુણુણુ વાજંતે,
ચરણિહિ નેઉર રુણઝુણઇં, નહિ આલતઇ ઉજ્જંતિ. ૨૧

પેષવિ વરુ આવંતુ સહિય, રાજલ ઇમ જંપઇ,
લોયણ ધ્રુવ તું કરિ ન દેવિ, વરુ આવઇ સંપઇ,
લાડિય લડહિવ ગઉષિ ચડવિ, પચ્ચકખુ અણંગો,
જોવઇ પ્રિય સવ્વંગુ ચંગુ, મનિ પાવઇ રંગો. ૨૨

જિમ જિમ લાડિય ચપલ નયણિ જોવઇ નિય નાહો,
તિમ તિમ રંગુ ન માઇ અંગિ, મનિમાહિ ઉમાહો,
તકખણિ દાહિણુ નયણુ ફુરિઉ, જાણિઉ કુર માણિ, ૨૩
પરિણઇ નેમિ ન ઇણિ સમણિ, ઇમ વોલઇ રાણી.

તામ પહુતઉ નેમિનાહુ મંડપ દુવારે,
દેષિવિ ઘણુ કુરલંત જીવ વાડા મજ્ઝારે,
બંધન કારણુ જીવ તણઉ, સારહિ પુચ્છેઇ,
ગઉરઉ હુઇસઇ જાનિયહ, ઇમ સો પભણેઈ. ૨૪

ચિંતઇ સામિઉ મનહ માહિ, ધિગુ ધિગુ સંસારો,
ધિગુ ધિગુ પાણિગ્ગહણુરંગુ, જીવહ સંધારો,
ધિગુ ધિગુ વંધવનેહુ એહુ, ધિગુ ધિગુ ગૃહવાસો,
એહુ સયલુ પરમત્થિ અત્થિ ગલિકંદલિ પાસો. ૨૫

ભાસ–ભાઉ ભંજિવિ જીવહ તણઉ, નિય કરિ કરુણાસારો,
રહુ વાલવિ ઘરિ સંચરિઉ, સામિઉ નેમિકુમારો. ૨૬

અહ મન્નાવઇ પાણિગહણુ, બંધવ પ્રિય માય,
હથિ પાઇ લગ્ગેવિ દીણુ બોલઇં વિચ્છાય,
નીઠુરુ ચિત્તુ કરેવિ, નેહુ ભંજવિ સવ્વંગો,
નેમિ ન મન્નઇ ભવવિરતુ, મનિ સંજમરંગો. ૨૭

પ્રિયતમુ ગ્યઉ જાણેવિ દેવિ રાજલ સચિંત,
છિન્નિ વલ્લિ જિમ ધરણિ પડઇ, મુચ્છા સંપત્ત.
ત્રોડઇ નવસરુ હારુ, કણઇ કંકણ તહિ ફોડઇ,
મોડઇ સયલાભરણુ, મયણપીડિઉ તણુ મોડઇ. ૨૮

હારુ તાસુ પ્રાણાપહારુ, સિંગારો અંગારો,
ભોગ કરઈં મણિ સોગ, સુષ દુકખહ ભંડારો,
વિલવઇ, ગોવઈ વિરહઝાલ, ભાગી મનિ આસ,
નેમિવિમુક્કિય રાયમઇ, મેલ્હઇ, નીસાસ. ૨૯

વોલઇ લાડી સામિસાલ, તુહ કવણુ વિચારો,
જીવહ દીધઉ અભયદાણુ, મહ પુણુ દુહભારો,
જાસુ ન રૂપુ ન ગંધુ ન રસુ નહુ દેહુ ન ગેહો,
તુહ મણિ સિવસિરિ તેહ સરિસુ કહિ કેઉ સનેહો. ૩૦

ભાસ–ઇમ વિલવંતિય રાયમઇ, નેમિનાહપરિચિત્ત,
પરિયણુ કહ નવિ બૂઝવઈ, વિરહાનલ સંતત્ત. ૩૧

દાણિ દણિદ્દુ દલેવિ, લેવિ સંજમુ ભરુ દુદ્ધરુ,
કેવલુ નાણુ લહેવિ, સિદ્ધિ પત્તઉ નેમીસરુ,
ભવિય જિણેસરભવણ રંગિ રિતુરાઉ રમેવઉ,
કન્હરિસી જયસિંહસૂરિકિઉ ફાગુ કહેવઉ. ૩૨

॥ ઇતિ શ્રીનેમિનાથફાગઃ સમાપ્ત : ॥ છ ॥

[૪]

કૃષ્ણર્ષીય જયસિંહસૂરિકૃત

દ્વિતીય નેમિનાથ ફાગુ

(સં. ૧૪૨૨ આસપાસ)

વંદિવિ સિવદિવિ નંદનુ, ચંદનુ જિમ જગિ સારુ,
ગાઇસુ નેમિ કૃપાગરુ, સાગરુ ગુણહં અપારુ. ૧

સમુદ્રવિજય નૃપસંભવુ, દંભુ વિવજ્જિતુ ચિત્તિ,
નેમિ ન યૌવનિ માચઇ, રાચઇ સાચઇ તત્તિ. ૨

વિરહિણિજનમનિ ચૂર[ઇ], પૂરઇ મનમથ ભાઉ,
તરુવર કુસુમિહિ સોહઇ, મોહઇ જગિ રિતુરાઉ. ૩

વનિ વનિ કુસુમિહિ વિહસઇ, વનસઇ ભૃંગ ભ્રમંતિ,
પેખિવિ વિરહિણિ ચંપય, સંપય કંપ કરંતિ. ૪

વેઉલુ નવકલીસંકુલુ, વકુલુ કુરઇ સચ્છંદુ,
સચકુરિ મહુપલ સુંદરુ, કુંદુ રચઇ આનંદુ. ૫

ફૂલભરિ ભરિય વિજઉરિય, મઉરિય વોરિય તુંગ,
મધુકરિ સેવિય કરુણિય, તરુણિય જિમ ગુણ ચંગ. ૬

વિહસિય નલિણિય સરવરિ, તરવરિ ભમરુ ન જાઇ,
પાડલ પરિમલુ, સુવિમલુ પુહવિહિ કહવિ ન માઇ. ૭

કેતકિ કરઇ કટાલિય, પાલિય જિમ મનરંગ,
નારંગિ રંગિ તરંગિય, સંગિય બહુ નવ રંગિ. ૮

મલયાનિલુ તહિ લહકઇ, વહકઇ પરિમલુ ભૂરિ,
કોઇલ મધુર સુ વાસઇ, ત્રાસઇ પંથિય દૂરિ. ૯

ફિરિ ફિરિ વનિ વનિ મધુકરનિકર કરઇં ઝંકારુ,
જીતઉ જગુ કરિ અમરસુ, સમરસુ કિરિ જયકારુ. ૧૦

અહ હરિ હરિસિઉ નિયમણિ, રમણિય બૂંદ સમેતુ,
રેવયગિરિ સિરિ વર, સિરિનેમિ સહિતુ સંપત્તુ. ૧૧

લાજ વિલોપિય ગોપિય, રોપિય દ્રઢ અનુરાગુ,
રસ ભરિ પ્રિયતમુ રેલઇ, વેલઇ ખેલઈ ફાગુ. ૧૨

દેવિવિ નેમિ સુ નિરુતઉ, વિરતઉ ભવ સુહવાસિ,
કાન્હડિ માંડ રમાંડિઉ, પાડિઉ ત્રીનઈ પાસિ. ૧૩

કવણિય ચંદણિ અંચઈ, ખંચઇ અંચલિ અન્ન,
કવણિય કુસુમિહિ મારઇ, ધારઇ કવણિય ધન્ન. ૧૪

કવણિય પરિમલઆલઉ, વાલઉ આણિવિ દેઇ,
કવણિય જાણિવિ અવસરુ, ચઉસરુ તાસુ ધરેઇ. ૧૫

પભણઇ ગોપિય દેવર, સેવ રચઇ તુહ ઈંદ,
ભાગિ સુભાગિહિ સુંદરુ, મંદિરુ તુહ ગુણવૃંદ. ૧૬

રૂપિહિ તુહ અતિ રૂડઉ, કૂડઉ પુણુ મનિ કાંઇ,
એક ન પરણિય તરુણિય, ઈમઇ યૌવનુ જાઇ. ૧૭

દેવર અમ્હિ તુહુ ભેદિઉ, ખેદિઉ એતિય વાર,
હવ પુણુ એક ન પરણિય, તરુણિય ત્રિભુવનસાર. ૧૮

ગોપિય વોલુ ન છાડઇ, માંડઇ માનઇ વોલુ,
પહુતઉ હરિસિઉ હરિસિઉ નિય ઘરિ, ગુણિહિ અતોલુ. ૧૯

વંધવ કાજિ સુ જાગઇ, માગઇ ઉગ્રસેણધૂઅ,
ગોવિંદિ રાજલ પામિય, કામિય મણહર રૂવ. ૨૦

સોહઇ સિર વરિ રાજલ, કાજલસામલ વેણિ,
ભાલુ સુ મયણુ વરાસણુ, સાસણુ દીધઉ તીણિ. ૨૧

વંકુડિ ભમુહ ભમાડઇ, પાડઇ સજજ સુદેવ,
લોયણુ અંચલિ ચચલઇ, ત્રિભુવનુ મન્નઇ સેવ. ૨૨

શ્રવણહિંડોલા રઇવર, નરવર કિરિ નિરમોલ,
સોહઇ કંતિહિં સસહર જસહર તાસુ કપોલ. ૨૩

ઉન્નત સરલિય નાસિક, સાસિક લઇ આમોદુ,
વિલસિર કંતિહિં દંતિહિં, નવકુંદ કલિય વિનોદુ. ૨૪

જાણુઉ અહર પવાલઉ, આલઉ અમૃતહ તાસુ,
કંતુ સુ કોઇલ મધુરુ, સમધુરુ કરઇ જગુ દાસુ. ૨૫

તસુ ભુજ સરલિય તરલિય, પીન પયોધર તુંગ,
ઉયરિ લંકાલિય વાલિય, લાલિય ત્રિવલિ તરંગ. ૨૬

ગજપતિ કરવર પીવર ઉરુય, હરિણી જંઘ,
કમલ સુકોમલ નવ દલ, પદતલ ગુણિહિં અલંઘ. ૨૭

મોહણવલ્લિ નવલ્લિય, સોહઇ સા જગિ વાલ,
રૂપિ કલાગુણિ પૂરિય, દૂરિય દૂષણજાલ. ૨૮

વિહુ દિસિ મંડપ બાંધિય, સાંધિય ધયવડમાલ,
દ્વારવતી ઘણુ ઉચ્છવ, સુંદર વંદુરવાલ. ૨૯

અહ વરિ જાદરુ પહિરિઉ, સુભરિઉ કેતક ખુંપુ,
મસ્તકિ મુકુટુ રોપિઉ, ઓપિઉ નિરૂપમ રૂપુ. ૩૦

શ્રવણિહિં સસિરવિમંડલ કુંડલ, કંઠિહિં હારુ,
ભુજયુગિ રંગદ અંગદ, અંગુલિ મુદ્રિયભારુ. ૩૧

સહજિહિં રૂપિ ન દૂષણુ, ભૂષણુ ભાસુર અંગુ,
એકુ કિ ગોવિંદુ ઇંદુ કિ ચંદુ કિ અહવ અનંગુ. ૩૨

ચાલિઉ રહવરિ આરુહિ, સારહિ સહિતુ જિણિંદુ,
પૂઠિહિં ચાલિય જાદવ, ભાદવ કિરિ ધનવૃંદુ. ૩૩

તરુણિય ચામર વીજઇ, દીજઇ સિર વરિ છત્ર,
લૂણુ ઉતારઇ વહિણિય, રમણિય રૂપ વિચિત્ર. ૩૪

ગોપિય ગીતુ તિ ગાયઇ, વાયઇ તૂરિય તૂર,
કંન્હડુ નિય મણિ હરિસિઇ, વરિસઇ કંચણપૂર. ૩૫

આવતુ રૂપિ વિસેષિઉ, દેષિઉ નેમિ તુરંતુ,
સહિયર રાજલ જંપઇ, સંપઇ આવઇ કંતુ. ૩૬

સીસિહિ મોતિય જાલિય, વાલિય કંચણદેહ,
ઊગટિ કીધી વયણિહિ, નયણિહિ કાજલરેહ. ૩૭

કન્નિહિ વેસિય કુંડલ, ચંચલ ઊરિ વરિ હારુ,
કંઠિ નગોદરુ પરઠિઉ, કરિ ઠિઉ કંકણભારુ. ૩૮

કડિહિ પટોલિય પહિરિય, ગહિરિય ગુણગણિ વાલ,
ચરણિહિ નેઉર રુણઝુણ રુણઝુણ કરઇ વિસાલ. ૩૯

ગઉખિહિ ચડિય નિભાલિય, વાલિય નિય વર વાટ,
આવતુ પ્રિયતમુ દીઠઉ, મીઠઉ અનુ જન થાટ. ૪૦

રાજલ હરસિહિ ગહિલિય, વહિલિય નિય મણિ થાઇ,
પૂરિય પ્રેમતરંગિહિ, રંગિહિ અંગિ ન માઇ. ૪૧

જાણિ વિલકખણિ લકિખણ, દકિખણુ અંગુ ફુરંતુ,
રાજલ વોલઇ ઈણિ ન સમણિ ન પરિણઇ કંતુ. ૪૨

અહ વર મણિકરધોરણિ, તોરણિ નેમિ પહૂતુ,
વાધઉ વાડઇ પસુગણુ, સકરુણુ દીઠુ રુયંતુ. ૪૩

વંધણકારણુ દારુણુ, જાણિઉ નિય વીવાહુ,
વંધ વિછોડિય ફોડિય, જીવ તિ વલિઉ સુનાહુ. ૪૪

લાડિય દેખિવિ ગયઉ વરુ, અથિરુ સુ ચિત્ત મઝારિ,
નિવડિય ધરણિહિ ધસકિય, ન સકઇ દેહુ સ ધારિ. ૪૫

કેસકલાપુ વિછોડઇ, ફોડઇ કંકણ ફાર,
રાજલ અંગુ સુ મોડઇ, ત્રોડઇ મોતિયહારુ. ૪૬

જોવઇ પ્રિયતમુ વલતઉ, અલતઉ ફેડઇ હોઠિ,
વિરહિહિ વલિ વલિ વિદલિય, વિકલિય ન કરઇ ગોઠિ. ૪૭

કારણિ કિણિ હઉ મૂકિય, ચૂકિય તુહ ગૃહવાસ,
હઉ તઇ સામિય ગાજિય, ભાજિય મહ મન આસ. ૪૮

તાવઇ મહ તનુ ચંદનુ, ચંદુ નવલુ દુહકંદુ,
તુહ વિણુ હારુ કુઠારુ સુ, ભોગુ હુવઉ પુણુ મંદુ. ૪૯

ઇણિ પરિ વિલવઇ રોવઇ, ગોવઇ વિરહહ ઝાલ,
સહિયર સુવચનુ આષઇ, રાષઇ રાજલ વાલ. ૫૦

અહ નિમિ જિણવરુ હરસિઉ, વરસિઉ દાણુ સુ દેઇ,
જાઇ તિ રેવય અંબવણિ, સુભ મણિ સંજમુ લેઇ. ૫૧

કેવલનાણિહિ વાણિહિ, છેદિઉ સંસય કંદુ,
સીધઉ સિવપુરગામિઉ, સામિઉ નેમિ જિણિંદુ. ૫૨

કીધઉ કન્હમુનીસર, ગણહર જયસિંહસૂરિ,
ફાગુ રે સુણતહ ગુણતહ, પાપુ પણાસઇ દૂરિ. ૫૩

॥ ઇતિ શ્રીનેમિનાથસ્ય ફાગુઃ સમાપ્તઃ ॥ ૭ ॥

[૫]

પ્રસન્નચંદ્રસૂરિકૃત

રાવણિ પાર્શ્વનાથ ફાગુ

(સં. ૧૪૨૨ આસપાસ)

રાવણિ પહુ રલિયામણઉ, ગાઇસુ પાસ જિણિંદો,
આસસેણનરરાયકુલનહયલપુનિમચંદો. ૧

અહ જમુણ ગંગનઇ અંતર, એ સુરલોયસહોઅરુ,
રાવણિ નામુ પસિદ્ધ ગામુ, નરનારિ મણોહરુ,
દસસિરનંદણ તણઉ એહુ જાણિજયઉ નિવેસો,
પાસ જિણિંદ પ્રભાવિ, પયડુ છઇ પુણ્યપ્રવેસો. ૨

તાલ વિસાલ રસાલ, સાલહિં તાલ તમાલ,
પારસપીપલ ઘણ પલાસ, પુલંદ્રૂઅ પ્રિયાલ,
કરપટ કંચણયાર, કઉઠ કરમંદી વિંદ,
મહુય મણોહર મંદયાર, માલ્હઇ મચકંદ. ૩

સીસમિ સરઘૂઅ સરલ, સાગ સિંભાલિ સલીસઇ,
વંસયાલિ વડિ વરુણ પમુહ વણસઇ જહિં દીસઇ,
જાત્રિગુ જણ ચાલંત, છાહ અતિ ઘણ હરિસેઈ,
સૂઆ સાલહિ મોર સવદુ સુણિ મણિ વિહસેઈ. ૪

સરવર નિરમલ નીર ભરિય, હંસિહિ પરિવરિયા.
સાલિ સુગંધિય તણા ખેત્ર, પગિ પગિ અવયરિયા,
ધૂવડિ ધાવલિયાલડી એ ધસમસતી ચાલઇ,
લડસડંત લહકંત વેણિ, દૂધિહિ જિણ ન્હાવઇ. ૫

ગામ ગમારિય ગોવલિણી, જહિ ગેલિ કરંતે,
સરલે તરલે લોયણડે, હસિ હિયઉં હરંતે,
તિણિ પુરિ પાસહ વર ભુવણિ, ચાલઉ ઘહુ દિસિ નારે,
ફાગ છંદિ અમ્હિ ખેલિસું, સારુ જુઈ હુ સંસારે. ૬

અહ દક્ષિણુ વાઇઉ વાઉરા ઉરિતુ તણુઉ પહૂતઉ,
દિસિ દિસિ હરસિ રમંત, લોઉ મનમથિ ગુણિ ગૂતઉ,
જાતી ચંપક વઉલ, વેલ પરમલ ઊછલિયા,
સેવત્રડી મચકુંદ કુંદ, સુંદર સવિ મિલિયા. ૭

આબુલા ડાલ સુહાવણી એ, મંજરિ મહમહએ,
પાડલ પુહવિ ન માઇ ગંધુ, નારિંગિ ગહગહએ,
વીજઉરી બહુ ભંગિ ભરિય, નવકુસુમહ ભારો,
સરવર વિહસઇ વિઉલ, કમલ મહુઅર ઝંકારો. ૮

દમણુલો માતઉ વણુ મઝારિ, મરુઅઉ મણુ મોહઇ,
દાડિમ દીસઇ અતિ સુરંગ, કેસુઅડઉ સોહઇ,
કોઇલ કલિરવુ આગલઉ, કિરિ અમિયહ ઊલટુ,
મયણુરાય ભડિ પામિયઉ, તિહુયણુ ઊપરવટુ. ૯

ભાસ–ઈણિ સમઇ પ્રભુ પૂજિયઇ, કીજઇ નિરમલ દેહો,
રાવણિમંડણુ પાસ જિણુ, પુહવિહિ સુરવરુ એહુ. ૧૦

અહ નાગનાહફણુમંડલિહિ મંડિઉ જિણુનાયકુ,
મેછમાણુનીદલણુ, સયલ વંછિયફલદાયકુ,
સીહ જેમ એકલ્લમલ્લુ, વણુમાહિ વઇઠઉ,
વિઘનગયંદવિડારણુઉ, વિહુ નયણે દીઠઉ. ૧૧

ચંદણુ કંકુમ ઘણુ કપૂર, કસથૂરિય લેવિણુ,
પૂજ રચિસુ પહુ પાસનાહ, કરિ ન્હવણુ વિલેવિણુ,
આરત્તીય મંગલ પઇયિ, વર ધૂવનિખેવો,
ઢોઇય ફલ નાલિયર વહુલ, જનમહ ફલુ લેવો. ૧૨

તાં લગિ ચંચલ ચોર ચરડ પહિયહ કંપાયહિં,
તાં લગિ લોયહ રોગસોગસંચય સંતાવઇ,
તા લગિ દુટ્ઠ દરિદ્દ દિયઇ દીણુત્તણુ, સામિઉ
જા લગિ રાવણુધણિઉ વીરુ દીસઇ સિવગામિઉ. ૧૩

જઇ લાભઇ માગ્યઇ જિણિંદ, ફીમઇ સંસારે,
તા વીનત્તીય અમ્હ તણી, એક જિ અવધારે,
વમ્માદેવી તણઇ રાયહિવ સેવહ દેવ,
આપણડા પયકમલ તણી, નિતુ દેજે સેવ. ૧૪

ભાસ–ઇમ ખેલેવિણુ હરિસ ભરિ, પૂજિઉ, પ્રણમિઉ નાહો;
માગિઉ વંછિઉ આપણઉ, પૂગઉ મનહ ઊમાહો. ૧૫

અહ રાવણસામીય પાસનાહ જિણ ફાગુ પઢીજઇ,
નીમ્મલ સાવય જનમ તણઉ ઇમ ફલુ પામીજઇ,
વાદિય જયસિંહસૂરિ પટ્ટહ સિણગારો,
પસનચંદ સુણી[રિ] ઈમિ ભાવિ પભણઇ ગણહારો. ૧૬

॥ ઇતિ શ્રીરાવણિ પાર્શ્વનાથ ફાગુઃ સમાપ્તઃ ॥ ૭ ॥

[૬]

અજ્ઞાત કવિકૃત

જંબુસ્વામી ફાગુ

(સં. ૧૪૩૦)

વંદિવિ વીર કૃપાનિધિ, સાનિધિ દાન અપાર,
પામીય સુહગુરુ આયસુ, ગાઇસુ, જંબકુમારુ. ૧

મગધદેશમુખભૂષણુ, દૂષણુરહિત નિવાસુ,
નયર રાજગૃહ રાજએ. ગાજએ જગિ જસવાસુ. ૨

સોહઇ તહિં સુગુણાયર, સાયર ભરીય ગંભીરુ,
રિસહદત્ત વિવહારીયુ, ધારીય નિજ મનિ ધીરુ. ૩

તાસ ઘરણી ગુણધારણી, ધારણી નામ પ્રસિદ્ધ,
અમીયવેલિ જિમ મંદિર, સુન્દરી સીલિ સમિદ્ધ. ૪

જંબુકુમરુ તસુ નંદન, નંદન તરુ સમુ છાયુ,
કાયકંતિ બહુ ભાસરુ, વાસરનઉ જિમ રાઉ. ૫

નિરુવમ રૂવિ પુરંદરુ, સુંદર સોહગ સારુ,
કદલિદલાવલિકોમલુ, નિમ્મલ જસ આધારુ. ૬

સસિમંડલ ગંગાજલ ઉજ્જલ, ગુણિ સંજુત્તુ,
લાવનસિરિલીલાવન, જોવનવય સંપુત્તુ. ૭

ઇણિ અવસરિ ગહગહતઉ, પહુતઉ માસ વસંતુ,
દક્ષિણવાય વિકાસીય, વાસીય વનિ વિહરંતુ. ૮

રમલિ કતૂહલ કલીઉ, મિલીઉ નિજ પરિવારિ,
જંબુકુમરુ બહુ તરિવરિ, ગિરિવરિ ગિઉ વૈભારિ.

કામીય કેતિકિ પરિમલિ, રમલિ કરઇ બહુ ભંગિ,
રમઇ રસાલિ તરુણીય, કરણીય નવનવ રંગિ. ૧૦

પંથીયજનમનદમણુઉ, દમણુઉ દેખિ અનંગુ,
રંગ ધરઇ મન ગરુઉ, મરુઉ પલ્લવ ચંગુ. ૧૧

કામિણિમન તણુ કંપક, ચંપક વન બહકંતિ,
કામવિજયધજ જમણીય, કદલીય લહલહકંતિ. ૧૨

પરિમલ કેલિય માતીય, જાતિય જિમ વિહસંતિ,
મહૂયર તિમ તિમ રુણઝુણ, રુણઝુણકાર કરંતિ. ૧૩

વનિ સેવત્રીય વેઉલ, બેઉ લહઇં બહુમાન,
વઉલસિરિ વનિ ખેલઇ, મેલ્હઇ માનિની માન. ૧૪

વાલઉ સુરભિ સુઆલઉ, આલઉ મયણુ નરિંદ,
પાડલ પરિમલ વિકસીય, વિહસીય નય મુચકંદ. ૧૫

જિમ જિમ દાડિમિ પાચઇ, માચઇ તિમ રિતુરાઉ,
રાયણિ ડાલિ લહલહતીય, વહતીય ફલસમવાઉ. ૧૬

ફલભરિ ભરિય બીજઉરીય, મઉરીય મંજરી ચંગ,
નારિંગી ફલ અતિ નમતીય, ગમતીય મનિહિ સુરંગ. ૧૭

કુસુમ તણઇ ભરિ સોહઇ, મોહઇ મન જંબીર,
કુવલયદલ બહુ વિકસઇ, નિવસઇ વનિ કણવીર. ૧૮

કમલ સરોવર વાસઇ, વાસઇ હંસ ગંભીરુ,
મયણરાય પહરાઉત, રાઉત કિર અતિ ધીરુ. ૧૯

ફલદલભારિ મનોહર, મોહ રચઇ સહકાર,
મંજરિ મઉર બહકઇ, ટહકઇ કોઇલિ સાર. ૨૦

ઇણિ વનિ ખેલીય વલિઉ, મિલીઉ સોહમસામિ,
અમીય સમાણીય વાણીય, નિસુણિય સુહપરિણામિ. ૨૧

સપરિવાર ઘરિ આવઇ, ભાવઇ નવિ સંસાર,
જણણીય માંડ માનવીય, તઉ વીવાહ કુમાર. ૨૨

૪

ઘરિ ઘરિ ગૂડીય લહકઇ, ઝલકઇ તોરણુ બારિ,
રંગિ તરંગિ ગાયઇ, [વાયઇ] હરખિ ન નારી. ૨૩

કન્યા અભિનવ જોવન, સોવનવન્ન સમાણા,
માગીય રૂવિ તિલુત્તમ, ઉત્તમ વંસ પહાણા. ૨૪

આઠઇ દિસિ મનરંજન, અંજન ભૂમહીય નારિ,
આઠઇ ગુણસંપન્નીય ઉપન્નિ સંસારી. ૨૫

સિર વરિ વેણીય લહકઈ, બહકઇ ચંપકમાલા,
રતિપતિ ધણું સમાણુઉ, જાણુઉ ભાલ વિસાલા. ૨૬

ભુમહિય રૂવ કુસુમસરિ, અવસરિ તોરણમાલ,
ત્રિભુવન જય ઉલ્લાસિહિં, લાસિહિં કીય સમકાલ. ૨૭

લાડીય પંકયલોયણી, જોયણી જગમનમોહ,
કન્નજૂયલ રસલવણિમ, નિરુવમ સારણિ મોહ. ૨૮

ગરુડચંચુ સમ સરલઉ, તરલઉ નાસાવંસુ,
અહરબિબ પરવાલિય, લાલીય રાગ વિસેસુ. ૨૯

વિમલ કપોલ તિ દીપઇ, જીપઇ દિણયરકંતિ,
દંતપંક્તિ દાડિમકલિ, મિલીય રહીય એકંતિ. ૩૦

કોઇલિ મોર મરાલીય રાખીય, વિનિજીય જેણુ,
કંઠુ તિરેહઉ છાજઇ, ગાજઇ કારણિ તેણ. ૩૧

અતિ સરલિય ભૂયજુયલીય, કુંયલીય કમલ સમાણુ,
પાણિજુયલ નહકિરણિહિં, અરુણિહિં રાગનિહાણ. ૩૨

મનમથિ ઠવીય પયોહર, મોહરસાવલિ તુંગ,
લવણિમ ભરીય અંકુરીય, પૂરીય રાગિ નિતંબ. ૩૩

ત્રિભુવનમોહણી તિવલીય, ત્રિવલિ જિસી મૃગનાભી,
કામકેલી ષડ્ દોષલી, છલીય રસાલીય નાભી. ૩૪

કીરતિથંભ સમાણીય, આણીય ઉરુ સમાન,
મયણરાય આરોપિય, લોપિય જગજણમાન. ૩૫

ચલણુ તિ કમલ હરાવઇ, નાવઇ કુણિ ઉપમાનિ,
કન્યા એઉ સલુણિય, કુણિય નવિ ગુણી માનિ. ૩૬

હંસવસહગયગમણીય, રમણીય નયણુ મિલંતિ,
જંબુકુમર નવરંગિહિં, અં[ગિ]હિં સિણગારંતિ. ૩૭

સિરિ ખૂંપ સિખરાઉલ, વાસ ઉંચ એક ચારુ,
કુંડલ મુકુટ મનોહર, સોહ રચંતિ અપારુ. ૩૮

અંગદ બાહુ ઝલકઇ, લહકઇં મોતીય હાર,
પહિરિય અંગ સુરંગીય, અંગીય જાદર સાર. ૩૯

કુમર રથિહિં આરોહીય, સોહિય નવ સિણગારિ,
કુતિગ અતિહિ ઉતાવલી, મિલીય સયલ પુરનારી. ૪૦

ઇણિ રૂવિહિં અવયરિયઉ, સહીય મહીય અમરિંદ,
જંબુકુમર વર ચાલઇં, આલઇ મનિ આણંદ, ૪૧

મહુર ગુહિર સરિ ગોરીય, ઘોરીય ધવલ નિનાદ,
તૂર તિવલિ, જય બંદીય, જય જય મંગલ સાદ. ૪૨

સિરહિ છત્ર ચામર ઢલઇ, મિલઇં તિ લોક અનેકિ,
બહિનડી લૂણ ઉતારઇં, વારહ અસુહ વિવેકિ. ૪૩

જંબુકુમરુ ઇણિ ઉચ્છવિ, સુચ્છવિ આઠઇં નારિ,
સુજનિ માંડ પરણાવિઉ, આંવિઉ નિય ઘરબારિ. ૪૪

વાસભવનિ તિહં પઇઠઉ, બઇઠઉ ગઉખ મઝારિ,
આઠ નારી આગલ રહી, સહીય સહિત સિણગારિ. ૪૫

કેસર કુમકુમ ઊગટિ, ઉલટિ કરિ સુવિસાલ,
સિરિ સંથઇ ઉદ્યોતીય, મોતીય તિલક ઝમાલ. ૪૬

નયણિ તુલીય જમણાજલ, કાજલ સામલ રેહ,
કરઇ કડકખ તરંગિહિં, રંગિહિં સુરહ સિણેહ. ૪૭

અગર કપુર કસ્તૂરીય, પૂરીય રહઇ કપોલિ,
નયણુકમલિ સસિનિરમલ, રમલિ રચી તંબોલિ. ૪૮

કાનિહિં કંતિહિં મંડલ, કુંડલ લહલહકંતિ,
નવ સિણગાર સહોદર, નગોદર ઝલઝલકંતિ. ૪૯

ઉયરિ કંચૂઉ તડક્કઇ, લહકઇ નવસર હાર,
કણયવન્ન કરિ ચૂડઉ, રૂડઉ તસ ઝલકાર. ૫૦

પહિરણિ ચીર[1] પટુલીય[2] વઉલીય[3] મૂલ વિચારિ,
ચૂનડલી નવરંગીય,[4] ચંગીય[5] ઊઢણિ સાર.[6] ૫૧

ચરણિ પવર અંતેઉર, નેઉર રણઝણકાર,[7]
અહિનવ[8] અલતઉ નિરતઉ, ધરતઉ[9] રંગ[10] અપાર.[11] ૫૨

ઇણિ સણગારિ[12] ન રાચઇ, સાચઇ રસિ અણુરત્ત,[13]
નિસુણઉ[14] નારીકથાનક,[15] થાનક ચલઇ ન ચિત્ત.[16] ૫૩

મૃગનયણી પ્રતિબોધઇ, રોધઇ નિજ મનિ કામ,
ચરડરાઉ અહ અહિનવુ,[17] પ્રભવુ પઇઠઉ તામ. ૫૪

પાંચસઇ[18] સિઉ[19] બૂઝઇ, સૂઝઇ થિર વયરાગી,[20]
નિય[21] માયપિય સિરસઉ,[22] સરસઉ સંજમ[23] માગિ.[24] ૫૫

કન્યા આઠઇ આપણિ, પાણિ પ્રભવઉ[25] પિય[26] સાથિ,
પામીય[27] ચરણુ નિરુવમ,[28] સોહમગણહર હાથિ.[29] ૫૬.

કલીય મહાબલ[30] કેવલુ,[31] કેવલ સિઅ[32] અભિરામિ,[33]
સિવમહિમા[34] મહમહતઉ, પહૂતઉ[35] જંબુસામિ. ૫૭

---

૧ ચીરુ. ૨ પટોલિય. ૩ વઉલિય. ૪. નવરંગી. ૫ ચંગી. ૬ સારુ. ૭ રુણુઝુણુકારુ. ૮ નહિનતિ. ૯ ઝરતઉ. ૧૦ અંગિ. ૧૧ અપારુ. ૧૨ સિંગારિ. ૧૩. અણુરત્તુ. ૧૪ નિસુણિય. ૧૫ નારિ. ૧૬ ચિત્તુ. ૧૭ અહિનિસિ. ૧૮ પંચસય. ૧૯ સેઉ. ૨૦ વઇરાગિ. ૨૧ નિયય. ૨૨ સરિસઉ. ૨૩ આ શબ્દ પાઠાન્તર માટે સ્વીકારેલી પ્રતમાં નથી. ૨૪ માંગિ. ૨૫ °ઓ. ૨૬ કિઉ. ૨૭ પામિય, ૨૮ નિરોપમ. ૨૯ સાથિ. ૩૦ મહાવલ. ૩૧ કેવલ. ૩૨ સિવ. ૩૩ અભિરામ. ૩૪ સિવિમહિમા. ૩૫ પહુતઉ.

જિણુ[1] જગમાહિ વિદીતઉ, જીતઉ રતિ ભરતાર,[2]
સોઇ[3] નયણ આણંદઉ,[4] નંદઉ[5] જંબુકુમાર.[6] ૫૮

ફાગુ વસંતિ જિ ખેલઇ, બેલઇ[7] સુગુણ નિધાન,[8]
વિજયવંત[9] તે છાજઇ,[10] રાજઇ તિલક સમાન.[11] ૫૯

ચઉદહ તીસ[12] સંવચ્છરિ,[13] મુચ્છરિ[14] માનિ[15] વિમત્તુ,[16]
જંબુય ગુણ અનુરાગહિં ફાગિહિં[17] કહીય[18] ચરિત્ત.

[19] શ્રીજંબુસ્વામીફાગઃ સમાપ્તઃ । પં. સાધુરત્નગણિના લિખિતઃ
પરીક્ષ૦ પદમા પઠનાર્થં । શુભં ભૂયાત્।

---

૧ જિણિ. ૨ ભરતારુ. ૩ સોવન. ૪ અટાંદઉ. ૫ ટાંદઉ. ૬ જંબુ-કુમારુ. ૭ વેલઇં. ૮ નિધાનુ. ૯ વિજયવંતિ. ૧૦ છાજઇં. ૧૧ સમાનુ. ૧૨ તાસ. ૧૩ સંબત્સરિ. ૧૪ માચ. ૧૫ આ શબ્દ બીજી પ્રતમાં નથી. ૧૬ વિમુક્ક. ૧૭ ફાગિહિ. ૧૮ કહિઉ. ૧૯ બીજી પ્રતમાં નીચે પ્રમાણે પુષ્પિકા છેઃ 'ઇતિ જંબૂસ્વામિફાગુ સમાપ્ત ॥ ૭ ॥'

મેરુનન્દનકૃત

જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ

(સં. ૧૪૩૨)

સમરવિ ત્રિભુવનસામણિ,[૧] કામણિ[૨] સિરસણગારુ,[૩]
કવિયણુ વયણિ જ[૪] વરસઇ, સરસં[૫] અમિઉ[૬] અપારુ. ૧

વિઘનવિણાસણુ[૭] સાસણુ[૮] સામિઉ[૯] પાસકુમારુ,
ગાયવિ[૧૦] સિરિજીરાઉલિરાઉ લિઉ[૧૧] ફલસારુ. ૨

સિરિઅસસેણુ મહીપતિ, દીપતિ કુલઆધારુ,[૧૨]
જુવતિ સતી અભિરામા, વામાદેવિ મલ્હારુ.[૧૩] ૩

પાસકુમરુ તસુ જાતક[૧૪]પાતકહરુ[૧૫] જગસામિ,
સેવકદુરિતષયંકરુ,[૧૬] સંકરુ[૧૭] લીધઇ નામિ. ૪

રમતલઇ જેણ ભુજંગમુ,[૧૮] જંગમુ[૧૯] ષોડિ મઝારિ,
જલણિ જલંતઉ રાષિઉ, દાષિઉ ફલુ[૨૦] નવકારિ. ૫

કમઠ કઠોરુ પયોધરિ ધરિઉ જો નવકારિ,
મુગતિરમણિમનરંજણુ, ભંજણુ ભાવઠિ ભારિ.[૨૧] ૬

જીરાઉલીય સતીસય,[૨૨] દીસઇ તસુ અવતારુ,
એકલમલિ જિણ[૨૩] સાદરિ, આદરિઉ[૨૪] જગભારુ. ૭

---

૧ સામિણિ. ૨ કામિણિ. ૩ સિરિસિણગાર. ૪ જુ. ૫ સરસઇ. ૬ દાનિ. ૭ °વિણાસણ. ૮ સાસણ. ૯ સામિય. ૧૦ ગાયવઉ. ૧૧ લિયઉ. ૧૨ °આધાર. ૧૩ મલ્હાર. ૧૪ જાતકુ. ૧૫ પાતકુહરુ. ૧૬ °ખયંકર. ૧૭ સંકર. ૧૮ ભુજંગમ. ૧૯ જંગમ. ૨૦ ફલ. ૨૧ સારુ. ૨૨ સલીસઇ. ૨૩ જિણિ. ૨૪ આદરિયઉ.

ચઉરાસિય નરનાયક, પાયક ભડ સપરાણ,
ચોર ચરડ બહુ માનઇ, માનઇ[1] સિરિ જસ[2] આણ. ૮

જસુ ડરિ કરિ[3] ઘરિ નિય[4] પ્રિય, ત્રિય નિતુ જંપઇ ઈમ,
કૂડઇ મનિ પાસહ તણી, ધણિય મ લાંઘસિ[5] સીમ. ૯

ઘરણિ ભણઇ-સુણિ ચોરલા,[6] મોરલા[7] વયણુ અયાણ,[8]
પાસ પહિય મ ન ઢૂકિસિ, ચૂંકિસિ તુ નિજ પ્રાણ. ૧૦

જઇ[9] પ્રભુપંથિ વહંતડા, કંથડા પાડસિ[10] વાટ,
આપણપઉં હુવિ પાડસિ,[11] પાડસિ[12] અમ્હ વય વાટ. ૧૧

દેસિ વિદેસિ જયઉ[13] પ્રિય, પિઉસ મ[14] પાસહ કોસ,
અમ્હિ રહિસિઉં ઇણિ દેસહિ, દેસિ મ પાછઇ દોસ. ૧૨

મૂરખ મન મ ન ઢાઢસિ, કાઢસિ તઉ ગઢ સાપુ,
આગઇ ઇણિ પ્રભુલાંછણિ, લાંછણિઉ તૂં બાપુ. ૧૩

જીરાઉલઉ ન કોપસિ, રોપસિ તઉ સિરિ ભાગુ,
અવરુ નયરુ પણ[15] પામિય, સામિય માન જિ ભાગુ. ૧૪

ઇણિ અવસરિ કહિ કેવડુ,[16] એવડુ[17] જાસુ પ્રતાપુ,
કલિજુગ રાજિ જિ ધોરિય, ગોરિય ભણઇ તિ બાપુ. ૧૫

જિણિ દિણિ દેવહ જોઇ ન, કોઇ ન પૂછઇ સાર,
તિણિ [દિણિ] બંભણ ખત્રિય, જાત્રિય[18] વર્ણ અઢાર. ૧૬

ઇણિ મહિમાગુણિ રંજિય, અંજિય નયણ વિસાલ,
મુખિ તંબોલિ સુરંગિય, રંગિય અધર પ્રબાલ. ૧૭.

લડહિયતણિ લડસડતીય, ઘડતીય ભાવ રસાલ,
નેહગહિલ્લિય હિયડુલા, પ્રિયડુલા જંપઇ બાલ. ૧૮

---

૧ માણઇં. ૨ જિમ. ૩ ઉરિ. ૪ નિજ. ૫ લંછસિ. ૬ મોરલા. ૭ ચોરલા. ૮ વયણ. ૯ જસુ. ૧૦ પાડિસિ. ૧૧ પાડિસિ. ૧૨ પાડિસિ. ૧૩ ગયુ. પિયસિ મ. ૧૫ ઘણ. ૧૬ કેવડઉ. ૧૭ એવડઉ. ૧૮ જાતિય.

જઇ પ્રિય પ્રેમ અકારિમ, વારિ મ તઉ અગ્હ આજુ,
પાસુ વંદાવિ કહિ વરિ, અવરિ ન ભૂષણિ કાજુ. ૧૯

ઘરણિ વયણિ રોમંચિય, ચંચિય સવિ ભરતાર,
સોવન અનઇ સુગંધહિ, બંધહિ કહિ કિમ વાર. ૨૦

તક્ખિણ[1] પંથિવિગાહણ, વાહણ વેગહિ જૂત,
પાસ જિણેસર સુંદર,[2] મંદિરિ[3] બારિ પહૂત. ૨૧

દરિસણિ[4] સામિઉ મીઠઉ,[5] દીઠઉ[6] અમિય સમાણુ,
પૂજમહિમ અતિ ઓપિય,[7] રોપિય પુણ્યપ્રમાણિ.[8] ૨૨

આવિય મેછિ અખંડિત, મંડિત નિજ નિજ વેસિ,[9]
ચઉદિસિ[10] તણિય સુયાલિય, બાલિય મંડપ દેસિ. ૨૩

જસુ મુખકમલુ[11] નિરૂપમ, રૂપમ[12] દિઉ સસિબિંબિ,[13]
સરલ તરલ જસુ[14] વીણિય, લીણિય રમઇ નિતંબિ. ૨૪

ગૂજરડી[15] ગુણવંતિય, તંતિય સર અવતારિ,
મધુર વયણુ[16] જવ બોલઇ, તોલઇ કુણ સંસારિ. ૨૫

સરલિય અંગિ લતા જિમ, તાજિમ નમતીય વાંકિ,[17]
સોરઠણી[18] મનિ[19] ગઉલિય, કઉલિય[20] માનિ જ લાંકિ.[21] ૨૬

સામલ્લડી[22] ઘણુ મારુય,[23] વારુય[24] નયણુ તરંગિ,[25]
હાવભાવ નવિ જાણઇ, આણઇ પુણિ મનુ[26] રંગિ. ૨૭

સિંધુય સહજિ સભાગિય, જાગિય લવણિમ ખાણિ,
અંગિ અનોપમ ચોલિય,[27] ભોલિય વચન વિનાણિ. ૨૮

---

૧ તક્ખણિ. ૨ મંદિર. ૩ સુંદર. ૪ દરસણિ. ૫ દીઠઉ.
૬ મીઠઉ. ૭ ઉપિય. ૮ પ્રમાણ. ૯ વેસ. ૧૦ ચિહુદિસિ. ૧૧ °કમલ.
૧૨ ઊપમ. ૧૩ °બિંબ. ૧૪ જુસુ. ૧૫ ગૂજરડિય. ૧૬ વયણિ.
૧૭ વંકિ. ૧૮ સોરઠિણિય. ૧૯ યતિ. ૨૦ કવલિય માન.
૨૧ લંકિ. ૨૨ સામલજય. ૨૩ વારૂય. ૨૪ મારૂય. ૨૫ તુરંગિ.
૨૬ મનરંગિ. ૨૭ ચાલિય.

ઢીલિણિ[1] અનુ નાગોરિય,[2] ગઉરિય સોહગ પૂરિ,
જસુ વર વદનિ[3] કલંકિઉ, પંકિઉ, ચંદલ[4] દૂરિ. ૨૯

ચંચલ ચપલ સલૂણિય, ઊણિય સહજિ ન[5] રૂપિ,
વાણિવિલાસિ વિચક્ષણ, દિક્ષણડી[6] રસકૂપિ. ૩૦

અઈસિ[7] મલિય[8] મહેલિય, ખેલિય નાચય[9] રંગિ,
પાસકુમર[10] ગુણ ગાયહિ, માયહિ હરષિ ન અંગિ. ૩૧

ચરણ ચકોરિ[11] તિ ચમકઇ, ઝમકઇ નેઉર નાદિ,
કલપલતા કરિ ઠેલઇ, રેલઇ કંકણસાદિ. ૩૨

નિરખઇ[12] કંઠિ સલૂણિય, કૂણિય આણુય[13] દ્રેઠિ,
સુરનર સયલ વિયંભિય, થંભિય તિમ જણ હેઠિ. ૩૩

ઇણિ છલિ રતિ પભણઇ, વર ગરભુ[14] મ આણસિ ચીતિ,
પાસભમણિ[15] જોય[16] લોપઇ,[17] કોપઇ[18] તૂ[19] સવિ રીતિ. ૩૪

તિણિ અભિમાનહિ રતિપતિ,[20] રતિપતિ માસ વસંત,
ષોભ ભણી અવતારિઉ, ભારિઉ કુસુમ[21] હસંત.[22] ૩૫

ગિરિવરિ ગરિવરિ, પુરિ પુરિ, વનિ વનિ પરમલ[23] સાર,
દીસઇ વિહસય[24] જણસઇ,[25] વણસઇ ભાર અઢાર. ૩૬

દક્ષિણ[26] વાઉ મહીતલિ સીતલ લહકિઉ[27] જામ,
વિરહિ[28] નીસાસડ[29] કાલઉ, વાલઉ બહિકિઉ[30] તામ. ૩૭

સકલ કમલ વનિ મહકિય, ટહકિય કોયલ[31] જાણ,
પંથિય મનિ દુષ ધરતિય, વરતિય મનમથ આણ. ૩૮

---

૧ ઢીલણિ. ૨ નાગઉરિય. ૩ વદન. ૪ ચંદલઉ. ૫ નિરૂપિ. ૬ દક્ષિણડી. ૭ અઇસિય. ૮ મિલિય. ૯ નાચઇ. ૧૦ °કુમરુ. ૧૧ ચકોર. ૧૨ નિરુવમ. ૧૩ આણઇ. ૧૪ ગરવુ. ૧૫ °ભુવણિ. ૧૬ જઇ. ૧૭ કોપિય. ૧૮ લોપિય. ૧૯ તે. ૨૦ રિતુપતિ. ૨૧ કુસુમિ. ૨૨ હસંતુ. ૨૩ પરિમલ. ૨૪ વિસહઇ. ૨૫ જણસય. ૨૬ દક્ષણ. ૨૭ લહકઇ. ૨૮ વિરહ. ૨૯ નીસાસડે. ૩૦ બહકિય. ૩૧ કોઇલ.

વાજઇ ઝુણિ અલિ કેરિય, ભેરિય પ્રથમારંભિ,
પાન તણુઇં મિસિ ઊડિય, ગૂડિય કદલિય થંભિ. ૩૯

બહુફલિ નમઇ બીજઉરિય, મઉરિય અંબ રસાલ,
સહજિ સુભાગહિ[1] રુયડલા સૂયડલા ખેલય[2] ડાલ. ૪૦

મધુકર નાદિહિ જંપક ચંપક અતિ અભિરામ,[3]
વનસિરિ દીવ[4] ઊતારતિ આરતિયા સિરિ[5] કામ. ૪૧

વેઉલ પાડલ કરુણિય, અરુણિય દાડિમ ફૂલિ,[6]
લીજઇ એક અ વાટડી, વાટડી છાડઇ ભૂલિ. ૪૨

પરિમલ દસ દિસિ[7] વાસઇ, વાસઇ સારસ હંસ,
ખેલઇ નારિ સરીસઇ,[8] રીસઇં[9] સઇ અવતંસ. ૪૩

પંથિ જિ વહઇ અકારણ, દારણ તાહ જંભીર,
હરખુ[10] કરઇ તીહ કેતક, જેતક સાધઇ વીર. ૪૪

પંથિ કિ પંથિય[11] સોણિય, સોણિય કુસુમ પલાસ,
દેષવિ તરુણ પ્રવાસુય, હાસૂય છંડય આસ. ૪૫

વણસઇ માહિ પસાયણિ, રાયણિ અનુ કણયાર,
અવર મનોહર ગરુયર તરુયર ફલિય અપાર. ૪૬

તિણિ ષણિ ત્રિભુવન કંપઇ, ચંપઇ રતિપતિ સીમ,
મોર[12] મધુર સરિ આલવઇ, જાલવઇ વિરહિણિ[13] કીમ. ૪૭

વિરહિણિ[14] એક ભણઇ, સહિ કહિ કિમ આવઇ નાહુ,[15]
મહુ[16] તનિ સીતલુ[17] ચંદન, ચંદ ન ફેડઇ દાહ. ૪૮

એકિ[18] ભણઇ, કુલદેવતિ સેવતિ તૂ જગસામિ,[19]
પ્રિય પરદેસિ પહુતઉ, ગૂતઉ કવણ વિરામિ. * ૪૯

૧ સભાગિય. ૨ ખેલઇ. ૩ અભિમાન. ૪ દીપ. ૫ સરિ. ૬ ફૂલ. ૭ દિસિદિસિ. ૮ સઈસર. ૯ મીસ રચઇં. ૧૦ હરષ. ૧૧ સોધિય. ૧૨ મોરુ. ૧૩ વિરહણિ. ૧૪ વિરિહિણિ. ૧૫ નહિ. ૧૬ મજઝ. ૧૭ સીતલ. ૧૮ એકુ. ૧૯ જગિસામિ.

* વિદ્યાસભાની પ્રતમાં અહીં એક પત્ર ખૂટતું હોવાથી આ પછીનો કાવ્યાંશ નથી.

ઇણિ પરિ જગુ જગડંતઉ, કંતઉ રતિ વરનારિ,
સહિઉ વસંતિહિ ધાઈઉ, આઈઉ પાસહ બારિ. ૫૦

દેખિઉ જાત્રણિ ખેલિય, ભેલિય મનિ નવકારિ,
પાસભગતિ અધિકેરિય કેરિય મનહ મઝારિ. ૫૧

અવસરુ નહી અમીણઉ, હીણઉ ચિંતય મારુ,
બુદ્ધિ વિમાસિય નાઠઉ, ધાઠઉ રતિભરતારુ. ૫૨

પ્રભુપગિ લાગી મનાવઇ, આવઇ માસ વસંતુ,
જય જય રવુ જગિ વાજિઉ, ગાજિઉ જિણુ જયવંતુ. ૫૩

જાત્રિય હરષિ અંકૂરિય, પૂરિય સવિ મન આસ,
પ્રભુદરિસણિ વલિ કામિઉ, પામિઉ નિજ નિજ વાસ. ૫૪

સિરિજીરાઉલિનાયક, દાયક બુદ્ધિ અપાર,
ઇણિ પરિ પુરિ પુરિ ગાજઇ, છાજઇ તૂ અવતારુ. ૫૫

થંભણપુરિ સેરીસઇ દીસઇ મહિમા સારુ,
ફલવદ્ધિય કરહેડઉ, ફેડઉ દુરિતવિકારુ. ૫૬

રાષિઉ જિણિં સંષેસરિ અવસરિ સારંગપાણિ,
જરાસિંધુ બલિ કીતઉ, જીતઉ જાસુ પ્રમાણિ. ૫૭

પંચાસરઉ ચિંતામણિ નવપલ્લવ નવ ષંડુ,
પાસ જિણિંદુ જયઉ જગિ, સોહગિ દાનિ અષંડુ. ૫૮

ચઉદ બત્રીસઇ સંવતિ, સંમતિ લે ગુરુ પાસિ,
જીરાઉલિપતિ ગાઈઉ, છાઈઉ જગ જસવાસિ. ૫૯

પાસહ ફાગુ સુ નંદઉ, ચંદઉ જા અભિરામુ,
સોહઇ મેરુ સુનંદઉ, નંદઉ મુનિજન વામુ. ૬૦

॥ ઇતિ શ્રીજીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ સમાપ્તઃ ॥

[૮]

સમુધરકૃત

નેમિનાથ ફાગુ

(સં. ૧૪૩૭ પહેલાં)

[1]અરે[2] દ્વારવતી જાદવ મિલિય, પહુતુલ[3] માસુ વસંતુ,[4]
અરે[5] આપુલી[6] રલિયહિ[7] અમ્હિ[8] ખેલિસઉ,[9]
ગાઇસઉ[10] રાજલિ[11] કંતુ.[12] ૧

અરે અહૂટ કોડે[13] કુમરહ[14] મિલી,[15] સરિસા[16] દસય દસાર,
અરે રેવઇયા[17] ગિરિ સહસંબવણિ, જાત[18] ન લાગીય વાર. ૨

અરે વનુ[19] રુયડઉં[20] રલિયાવણઉ[21] અનુ વિહસિય[22] વણરાએ,[23]
અરે વાલઉ વેઉલુ[24] વિઉલુ,[25] સિરી કેતકી[26] તહિ[27] જાએ.[28] ૩

અરે[29] પાડલ[30] ચંપઉ[31] પારતી, કંદૂ[32] અનુ[33] મચકુંદુ,[34]
અરે[35] સેવત્રી[36] કરણિય[37] ખૂંપુ[38] ભરિ,
રમઇ તે અબલા બિદૂ.[39] ૪

---

૧ પ્રારંભમાં નીચેની પંક્તિઓ સંવત ૧૪૯૩ની પ્રતમાં વધારે છે:
સરસતિ સામણિ પણમવિ, ગુરુ નમવિ, અંબિક હિયઇ ધરેવિ,
ફાગુ છંદિ સમુધર ભણઇ, નેમિચરિઉ નિસુણેવિ. ૧
૨ અહે. ૩ પહૂતલઉ. ૪ વસંતો. ૫ આ શબ્દ સંવત ૧૯૪૩ની પ્રતમાં નથી. ૬ આપણી. ૭ રલી. ૮ અમ્હે. ૯ ખેલિવઉ. ૧૦ ગાઇવો. ૧૧ રાજલ. ૧૨ કંતો. ૧૩ કોડિ. ૧૪ કુમારા. ૧૫ મિલિયા. ૧૬ મિલિયલા. ૧૭ રેવય. ૧૮ જંત. ૧૯ વન. ૨૦ રુયડં ૨૧ રલિયમણઉ. ૨૨ વિહસી. ૨૩ વણરાય. ૨૪ વેઉલ. ૨૫ વઉલ. ૨૬ કેતુકી. ૨૭ કરણી. ૨૮ જાઇ. ૨૯ સંવત ૧૪૯૩ની પ્રતમાં નથી. ૩૦ પાડલિ. ૩૧ ચંપકિ. ૩૨ કુંદ. ૩૩ અનઇ. ૩૪ મચકુંદ. ૩૫ બીજી પ્રતમાં નથી. ૩૬ સેવંત્રી. ૩૭ કરુણી. ૩૮ ખુંપ. ૩૯ વૃંદ.

અરે કોઇલિ[૧] સાદુ સોહાવણઉ,[૨] મોરિ[૩] મધુર વાસંતિ,
અરે[૪] ભમરા રણુઝણુ[૫] રુણુ[૬] કરઇ, કિરિ કિન્નરિ[૭] ગાયંતિ. ૫

ચરે[૮] હરિ હરિખિઉ[૯] મનિ આપણઇ,[૧૦] વાસુલડી[૧૧] વાજંતિ,[૧૨]
અરે[૧૩] સિંગા[૧૪] સબ્દહિ[૧૫] ગોપિય સોલ સહસ[૧૬] નાચંતિ. ૬

અરે કાન્હડુ[૧૭] અન્નઇ[૧૮] નેમિ જિણુ[૧૯] ખડોખલિ મિલિ જાઇં,[૨૦]
અરે[૨૧] સિંગીય[૨૨] જલભરે છાંટિયઇ,[૨૩] એસિય[૨૪] રમલિ કરાઇં.[૨૫] ૭

અરે[૨૬] મધુસૂદનુ[૨૭] જઉ[૨૮] ઇમ ભણઇ,[૨૯]
રુપિણિ[૩૦] વયણુ[૩૧] સુણેહુ,[૩૨]
અરે[૩૩] નેમિકુમરુ[૩૪] મુહુ[૩૫] બંધવુ[૩૬] પાણિગ્ગહણુ[૩૭] મનાવેહુ.[૩૮] ૮

અરે[૩૯] સીષ[૪૦] દેવિણુ સારંગધરુ ગયઉ સો આગલુ[૪૧] છાંડિ,[૪૨]
અરે[૪૩] સોલ સહસ ગોપિય[૪૪] મિલિ,[૪૫]
રહિયઓ[૪૬] નેમિ જિણુ[૪૭] માંડિ.[૪૮] ૯

અરે[૪૯] સિવદિવિ[૫૦] માડિય ઇઉ[૫૧] ભણઇ,[૫૨]
નેમિ ન[૫૩] પૂરએ[૫૪] આસ,
અરે[૫૫] તુહુ[૫૬] પુણુ[૫૭] એક ન પરિણએ,[૫૮] કાન્હડ સોલ સહસ. ૧૦

---

૧ કોયલ. ૨ સોહાવણઉં. ૩ મોર. ૪ બીજી પ્રતમાં નથી. ૫ રુણિઝુણિ. ૬ ઝણિ. ૭ કિન્નર. ૮ બીજી પ્રતમાં નથી. ૯ હરખિઉ. ૧૦ આપણય. ૧૧ વાસલડી. ૧૨ વાયંતિ. ૧૩ બીજી પ્રતમાં નથી. ૧૪ સંગીય. ૧૫ સદ્દહિ. ૧૬ સહસ્સ. ૧૭ કન્હડ. ૧૮ અન્નય. ૧૯ જિણ. ૨૦ જાય. ૨૧ બીજી પ્રતમાં નથી. ૨૨ સંગીય. ૨૩ છંટણા. ૨૪ ઇંસીય. ૨૫ કરાઇ. ૨૬ બીજી પ્રતમાં નથી. ૨૭ વૃધુસૂદન. ૨૮ બીજી પ્રતમાં નથી. ૨૯ બોલઇ. ૩૦ રુપણિ. ૩૧ વયણ. ૩૨ સુણેજે. ૩૩ બીજી પ્રતમાં નથી. ૩૪ નેમિકુમર. ૩૫ મઝુ. ૩૬ બંધવહ. ૩૭ પાણિગહણુ. ૩૮ મનાવેજે. ૩૯ અરે. ૪૦ સીખ. ૪૧ આગલો ૪૨ છાડિ. ૪૩ બીજી પ્રતમાં નથી. ૪૪ ગોપી. ૪૫ મલિ. ૪૬ રહિયઉ. ૪૭ જિણ. ૪૮ મંડિ. ૪૯ બીજી પ્રતમાં નથી. ૫૦ સિવિદેવિ. ૫૧ ઇમ. ૫૨ ભણય. ૫૩ બીજી પ્રતમાં નથી. ૫૪ પૂરઇ. ૫૫ બીજી પ્રતમાં નથી. ૫૬ તઇ. ૫૭ પુણિ. ૫૮ પરિણિય.

અરે ભાણુમતી[1] અનુ રુપિણિ,[2] સત્યભામા[3] પભણેઈ,
અરે[4] નીરસો[5] નીઠરો[6] નિમિ જિણુ,[7] પાણિગ્રહણુ[8] ન કરેઈ. ૧૧

અરે[9] કુરુલ કેસ મૃગનયણિ[10] એ,[11] માગુ ભરવિ[12] સિંદૂરા,[13]
અરે[14] નયણુકટખે[15] આહણઇ, મિલિ સવિ[16] સામલ ધીર. ૧૨

અરે ઊરહિ ઊરહિ આહણઇ, કે કેસે તાણંતિ,
અરે[17] કાહઉં નેમિ નપુંસકો,[18] એક રમણિ ન કરંતિ. ૧૩

અરે[19] સત્યભામા ઇમ બોલએ,[20] મોરિય[21] બહિનુ[22] કાહ,[23]
અરે[24] રૂપિ રંભા સામી[25] તોલિયઇ,[26] અવર નહી અન નાહિ.[27] ૧૪

અરે હંસગમણુ[28] મૃગલોયણી, ચંદવયણુ[29] સજ[30] બાલ,
અરે[31] પૂનહ[32] વિણુ[33] ન હુ[34] પામિયઇ,[35] ઉગ્ગસેણી[36] સુકુમાલ. ૧૫

અરે[37] સાવ સલખણુ[38] રાજલ, રૂપિ[39] નહી અનુ[40] નારિ,[41]
અરે[42] કે[43] સાવત્રીય બ્રહ્મા, કે[44] ગવરી[45] તિવરારિ.[46] ૧૬

અરે રૂપ બહુ[47] અમ્હિ વન્નિઉ,[48] હાસઉ[49] કિસઉ[50] બહૂત,[51]
અરે[52] તોઇ[53] ન નેમિ જિણુ[54] ભેદિયઉ,[55]
સમુદવિજયકઉ પૂતુ.[56] ૧૭

---

૧. ભાણુમતી. ૨ અનુરુપણિ. ૩ સત્યભામ. ૪ બીજી પ્રતમાં નથી. ૫ નીલજી. ૬ નીઠરુ. ૭ જિણ. ૮ પાણિગ્રહણ. ૯ બીજી પ્રતમાં નથી. ૧૦ મૃગલોઇણી. ૧૧ બીજી પ્રતમાં નથી. ૧૨ માગ ભરવિ. ૧૩ સિંદૂર. ૧૪ બીજી પ્રતમાં નથી. ૧૫ કડખે. ૧૬ સિવિ. ૧૭ બીજી પ્રતમાં નથી. ૧૮ નીસત્તો. ૧૯ બીજી પ્રતમાં નથી. ૨૦ બોલઇ. ૨૧ મોરઇ. ૨૨ બહિન. ૨૩ કુમારિ. ૨૪ બીજી પ્રતમાં નથી. ૨૫ સમ. ૨૬ તોલએ. ૨૭ વર નારે. ૨૮ હંસગમણિ. ૨૯ ચંદ્રવયણિ. ૩૦ સસિ. ૩૧ બીજી પ્રતમાં નથી. ૩૨ પુન્નહ. ૩૩ વિણ. ૩૪ નવિ. ૩૫ પમાય. ૩૬ ઉંગ્ગસેણી. આના પછી 'ધૂ' અક્ષર બીજી પ્રતમાં છે. ૩૩ બીજી પ્રતમાં નથી. ૩૮ સલકખણ. ૩૯ રુપ. ૪૦ અન્નુ. ૪૧ નારે. ૪૨ બીજી પ્રતમાં નથી. ૪૩ કિ. ૪૪. કિ. ૪૫ ગઉરીય. તિવરારે. ૪૭ વહૂ. ૪૮ વરનીય. ૪૯ હોસં. ૫૦ કિસં. ૫૧ બહૂતો. ૫૨ બીજી પ્રતમાં નથી. ૫૩ તોય. ૫૪ જિણ. ૫૫ ભેદિયઇ. ૫૬ પૂતો.

અરે[1] ગોપિય મિલિ બાહૂ[2] ધરઇ, દેવર વયણુ[3] સુણેહુ,[4]
અરે[5]રાજલ પરિણુ,[6] પસાઉ કરિ, એહુ માનુ અમ્હ દેઉ.[7] ૧૮
અરે આગ્રહુ[8] કિયઉ ગોપિય, માનએ[9] નેમિકુમારુ,[10]
અરે[11] વદ્ધાવઉ[12] ગઉ વેગુલિ,[13] હરિખિઉ મનિ ગોવિંદુ. ૧૯
અરે[14] માધવો મનિ હરસિયઉ[15]ભણઇ, જાનત્ર વેગુ[16] ચલેહિં,[17]
અરે[18]સિવદિવિપ્રમુહ[19] દસ[20]માતુર,[21]ઝત્તિહિ મઉડ બંધેહિં.[22] ૨૦
અરે વાજિય ત્રાંબક ઢાકબૂક,[23] વલિયઉ નીસાણે ઘાઉ,
અરે[24] હય ગય રહ વર મિલિય,[25] ચાલિઉ[26] જાદવરાઉ. ૨૧
અરે[27]ધવલ મંગલ દિયઇં[28]ગોપિય,[29]ભંભીય[30]જયજયકારુ,[31]
અરે[32]વિપ્ર વેદ[33]ઝુણિ[34]તહિ, ચલ્લિઉ[35] નેમિકુમારુ. ૨૨
અરે કે ઇહુ[36] ઇંદુ[37]કે ચંદુ[38] કે હરિહરુ અરુ બંભાણુ,[39]
અરે[40]સવિહિ[41] રૂપ વિસેસઉ, સિવિદિવિ[42]તણુ[43] નંદાણુ.[44] ૨૩
અરે[45]જાલગવકખે[46]રાઇમઇ, જોયએ[47] પિઉ[48]આવંતુ,
અરે[49] રહવરિ ચડિયઉ[50] નેમિ જિણુ,[51]
તોરણિ[52] વેગ[53] પહૂત.[54] ૨૪

---

૧ બીજી પ્રતમાં નથી. ૨ વિવાહ. ૩ વયણ. ૪ સુણેજે ૫ બીજી પ્રતમાં નથી. ૬ પરણિ. ૭ દેજે. ૮ આગ્રહ. ૯ મનાએ. ૧૦ નેમિ.-જિણિંદુ. ૧૧ બીજી પ્રતમાં નથી. ૧૨ વધાવઉ. ૧૩ વેગલઇ. ૧૪ બીજી પ્રતમાં નથી. ૧૫ હરિખિઉ. ૧૬ વેગ. ૧૭ ચાલેઉ. ૧૮ બીજી પ્રતમાં નથી. ૧૯ મનિ. ૨૦ આણંદિય. ૨૧ માથઇ; તેની પછીનો 'ઝત્તિહિ' શબ્દ બીજી પ્રતમાં નથી. ૨૨ બાંધઇ. ૨૩ ઢકબુક. ૨૪ બીજી પ્રતમાં નથી. ૨૫ મેલિય. ૨૬ ચાલિય. ૨૭ બીજી પ્રતમાં નથી. ૨૮ દિયઇ. ૨૯. ગોપી. ૩૦ મંડિય. ૩૧ જયકારો. ૩૨ બીજી પ્રતમાં નથી. ૩૩ વિપ્રકરમ. ૩૪ આના પછી બીજી પ્રતમાં 'નેમિ' શબ્દ છે. ૩૫ ચાલિયઉ. ૩૬ કેહુઇ. ૩૭ ઇંદ. ૩૮ ચંદ. ૩૯ બંભાણુ. ૪૦ બીજી પ્રતમાં નથી. ૪૧ સવહી. ૪૨ સિવદિવિ. ૪૩ તણુઉ. ૪૪ નંદાણુ. ૪૫ બીજી પ્રતમાં નથી. ૪૬ જાલત્રિ; તેની પછી બીજી પ્રતમાં 'પેસઇ' શબ્દ છે. ૪૭ જોવએ. ૪૮ પ્રિય. ૩૯ બીજી પ્રતમાં છે. ૫૯ ચડિઉ. ૫૧ જિણ. ૫૨ તોરણ. ૫૩ બારિ. ૫૪ પહૂતુ.

અરે કુરંગીએ[1] દીઠઉ નયણુલે,[2] કરુણુ[3] પસાવ કરેઈ,
અરે[4] પાણિગ્રહણુ[5] તુહ[6] સામિયએ,[7] તા[8] જીવબંધુ હોઈ. ૨૫

અરે[9] ધિગુ ધિગ્[10] ઇયઉ[11] પરિણુવઉ,[12]
જઇ[13] જીવહ સંહારુ,[14]
અરે[15] પશુય[16] મેલ્હિઉ[17] રહુ[18] વાલિયઉ,[19]
ચાલિયઉ[20] નેમિકુમાર.[21] ૨૬

અરે સંવચ્છરુ દાણું[22] દિયઇ, સામિઉ સોહગ[23] સારુ,[24]
અરે[25] ઊજલિ[26] ગિરિવર[27] વેગિહિ ચડીઉ,[28]
લીયઉ[29] સંજમ[30] ભારુ. ૨૭

અરે[31] સમુધરુ[32] ભણઇ, સોહાવણઉ ફાગુ ખેલઉ સવિચાર,[33]
અરે નિમિકુમરુ[34] મતુ[35] મેલ્હઉ[36] મુક્તિરમણિ[37] દાતારુ.[38] ૨૮

॥ **શ્રીનેમિનાથ ફાગુઃ સમાપ્તઃ**[39] ॥ ૭ ॥

---

૧ કુરંગીય. ૨ નયણુ. ૩ કરણુ. ૪ બીજી પ્રતમાં નથી. ૫ પાણિ-ગ્રહણિ. ૬ તુમ્હિ. ૭. સામીય. ૮ એઉ. ૯ બીજી પ્રતમાં નથી. ૧૦ ધિગુ. ૧૧ ઇહુ. ૧૨ પરિણેવઉ. ૧૩ જઉ. ૧૪ સિહારો. ૧૫ બીજી પ્રતમાં નથી. ૧૬ પસૂય. ૧૭ મેલ્હિ. ૧૮ રહ. ૧૯ વાલિઉ. ૨૦ ચાલિયઉ. ૨૧ નેમિકુમારો. ૨૨ દાનુ. ૨૩ સોહગ્ગ. ૨૪ સારો. ૨૫ બીજી પ્રતમાં નથી. ૨૬ રેવંત. ૨૭ તેના પછીનો ‘વેગિહિ’ શબ્દ બીજી પ્રતમાં નથી. ૨૮ ચડિય. ૨૯ લીધઉ. ૩૦ સંયમ. ૩૧ બીજી પ્રતમાં નથી. ૩૨ સમધર. ૩૩ સુવિચાર. ૩૪ નિસિદિન. ૩૫ ન. ૩૬ તેના પછી બીજી પ્રતમાં ‘નેમિ’ શબ્દ મળે છે. ૩૭ મુક્તિ. ૩૮ દાતારો. ૩૯ બીજી પ્રતની પુષ્પિકા નીચે પ્રમાણે છેઃ ‘ઇતિ શ્રીનેમિનાથ ફાગ સમાપ્તઃ’.

અજ્ઞાત કવિકૃત

પુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ

(વિક્રમનો પંદરમો સૈકો)

પંડુનરેસર નિય કુમરુ પરિણાવિય સાણંદુ,
હત્થિણઉરિ પુરિ આવિયઉ, સાથિ કરિઉ ગોવિંદુ. ૧

અહે સાથિ કરિઉ ગોવિંદ, જામ પુરિનાયકુ આવઇ,
તત્ક્ષણિ વિહુ રહ વારિ લોઉ પુરિ સોહ કરાવઇ,
તલિયા તોરણ ડગમગંત, દપ્પણ વિસથારિઉં,
મંચ મિસિહિ કિરિ સુરવિમાણ મહિયલિ અવતારિઉ. ૨

ઘરિ ઘરિ મોતિય ચઉક ભરિય, ગૂડિય ઉછલાલિય,
ઘરિ ઘરિ મંગલ કલસ ઠવિય, વર વંદુરવાલિય,
ઉચ્છાડિય ઘરહાટ, પવર પટ્ટોલિય સોહય,
નાચંતિ કિરિ તિમ પૂતલિય, ત્રિભુવનમનુ મોહઇ. ૩

ભાસ–સહજ તિ નિરુવમ રૂવધરુ પંચઇ રાજકુમાર,
તહવિહ માયડિય રલિય લગિ કારાવિય સિણગાર. ૪

અહે કારાવિય સિણગારુ, સારુ સિરિ મઉડ છળક્કઇ,
કુસમહિ સેહર સુભર ભરિય બહુગંધિ બહુક્કઇ,
કાનહિ કુંડલ ડગમગંત, લહલહ લહકંતા,
કંઠકંદલિ વિલસંતિ હાર, ઝલઝલ ઝલકંતા. ૫

તિલઉ અલંકિય ભાલવટ્ટ, પટ્ટંસુય સારા,
કડિહિ કટારા ઝગમગંત, હાથહિ હથિયારા,
જયકુંજર સિંગારસાર, તે ગુણહિ ગિરટ્ઠા,
મેઘાડંબર છત્ર તલય, વિજ્જહરિય બઇટ્ઠા. ૬

ભાસ-ધવસ ધયંચિય કિંકિણીય રમિઝમિ સાર,
ઢલહિ ચામર મણિદંડમય, પયડિય રુણઝુણકાર. ૭

અહે પયડિય રુણઝણકાર, સાર મણિનેઉરયાલી,
કસમસ કસમસ કસમસંત કડિ જાદર ફાલી,
ઝગમગ ઝગમગ ઝગમગંત ઉરિ ઉત્તિમ ચોલી,
ઝલહલ ઝલહલ ઝલહલંત ઘટજોલી.* ૮

મૃગમદ મયવટ્ટ કુસુમભારુ, સિરિતિલઉ સુરંગો,
નયણુહિ કાજલરેહ, વયણિ તંબોલ સુચંગો,
કંચણુ કુંડલ હારદોર, મણિમઉડ સિંગારી,
પંચકુમર પૂઠહિ ગયંદિ દ્રુવ્વય બયસારી. ૯

ભાસ-સૂહવ સુસર સુવાસણિય, મંગલ ધવલ દિયંતે,
અહિણુવ પરિણિય વર વહૂય, નિરુવમ ગુણ ગાયંતે. ૧૦

અહે નિરુવમ ગુણ ગાયંતિ, સસુર ગાઇણ ગહગહિયા,
ભુંગલ ભેરિ હુડુક્ક ઢક્ક, ત્રંબક ત્રહત્રહિયા,
ગયવર રહવર તુરગ, સુહડ કોડિહિં પરિકલિયા,
કુમર પહુત્તા પોલિ, બારિ જણે કવતિગિ મિલિયા. ૧૧

પોલિ પગારિય વાસસિહરિ, ચડિ નયણ વિસાલી,
પેખિ વહૂવર, કર જોડિ, હરસિ ઇમ બોલ્લઇ બાલી,
ધન્ન સુ કુંતિય માયડિય, જસુ ઇસા કુમારા,
ધનુ ધનુ દ્રુવ્વય તઉં જિ પર, જસુ ઇસા ભત્તારા. ૧૨

ભાસ-જયજયકાર કરંતિ સુરગણ ગધર્વ્વ મંનરંગે,
મંગલ બોલ્લહિ ભટ્ટ તિહિ, પગિ પગિ નવ નવ ભંગે. ૧૩

અહે પગિ પગિ નવ નવ ભંગિ, રંગિ નચ્ચંતઇ પાઉલિ,
હાવભાવ સિંગાર સાર, નવ નટ્ટ રસાઉલિ,
જિમ જિમ નાચણિ તરલ રંગિ લોયણુ લહકાવઇ,
તિમ તિમ માણુસ કવણ માત્ર, સુર સગ્ગહ આવઇ. ૧૪

---

* આ ચરણમાં અક્ષરો ખૂટે છે.

દાન દિયંતઉ માગણહ, નરનાહ બહૂતો,
ઇસઇ મહોચ્છવિ પુરપ્રવેસિ, ઘરબારિ પહૂતો,
કિરિ કુલનારિ તત્થ, કિયઉ કુલમંગલચારો,
રાયદુવારિ વધાવણઉ, હૂય જય જયકારો. ૧૫

ભાસ–મોકલિયા નરવર સયલ, નિયનયરિ નિવાસે,
કાન્હડ પુણિ પરિવાર સઉં રાખિઉ આપુણ પાસે. ૧૬

અહે રાખિઉ આપુણ પાસિ, રાઇ જે જાદવવૃંદો,
હસઇ રમઇ જણલોગ સહૂ, સાહરિસાણંદો,
તઉ હત્થિણાઉર સગ્ગ તુલ્લ ઉચ્છવમઇ જાઇ,
ઇણિ અવસરિ કિરિ કોડ ધરિઉ આયઉ રતિરાઇ. ૧૭

તઉ તિહિ માસ વસંતિ, રાઇ આઇસિ પુરિલોયા,
જાદવ પાંડવ કુમર સવે ખેલઇ સુપમોયા,
ખેલઇ ખેલત રાયકુમર અંતેઉરિ જુત્તા,
ગંગજવણિ નય અંતરાલિ, કુલગિરિ સંપત્તા. ૧૮

ભાસ–એકુ સુગિરિ રલિયાવણઉ, અનય વસંત પહૂતો,
વનરાજી રાજી વણિ, પરિમલુ થિયઉ બહૂતો. ૧૯

અહે પરિમલ થિયઉ બહૂત, દૂત રતિરાઉ પઠાવઉ,
તઉ ગહગહતઉ સયલ લોઉ, તહિ ગિરિવણિ આવિઉ,
કિવિ સુરતર, કિવિ વાસ, કેવિ સંદૂરઉ છાહઇં,
કિવિ ચંદન કપ્પૂર ગંધિ દિસિમંડલ માલહિ. ૨૦

કિવિ વીણહિ નવકુસુમ, કેવી ગુંથહિ વરમાલહિ,
કિવિ દોલારસિ રમઇ, કેવિ વાયહિ વરતાલહિ,
કિવિ નાચઇ મનરંગિ, કેવિ ખેલઇ તિહિ ફાગો,
કિવિ વાયંતિ વસંત નામિ પયડિય વર રાગો. ૨૧

ભાસ–કાન્હડ કુંતિયપુત્રસઉં રમલિ કરંતઉ રંગે,
ઘણ વણગણ રલિયાવણઉ, પહુતઉ ગિરિવરશૃંગે. ૨૨

અહે પહુતઉ ગિરિવર સંગિ, ચંગિ તરુતલિ બઈસેઈ,
પંડવ સહુય કિરિ સિખ જ કાન્હડ દેઈ,*
ઇણિ અવસરિ આવિયઉ, ગયણિમારગિ રિખિરાઉ,
નારદ સવિહા દિયઇ આસીસ, મનિ ધરિ બહુ ભાઉ. ૨૩

જાદવ પાંડવ કુમર સવે તે ગુણહિ સમિદ્ધા,
ઉત્તિમ ધમ્મ પવિત્ત ગુત્ત, ત્રિહુ ભુવણિ પ્રસિદ્ધા,
રાજ કરંતઉ ધરહ જગત્ર, રિખિતીરથ વંદઉ,
જસુ વિત્થારહુ, રિદ્ધિવૃદ્ધિ પાવઉં, ચિરુ નંદઉ. ૨૪

॥ ઇતિ શ્રીપુરુષોત્તમ પાંચ પાંડવ ફાગ સમાપ્તઃ ॥

---

* આ ચરણમાં અક્ષરો ખૂટે છે.

અજ્ઞાત કવિકૃત

ભરતેશ્વર ચક્રવર્ત્તી ફાગ

(વિક્રમનો પંદરમો સૈકો)

ભાસ–વંદવિ નાભિનરિંદસુય, રિસહેસર જિણચંદો,
ગાઇસુ માસ વસંત હુઉ,[1] ભરહેસર નરવિંદો. ૧

સોવનવન્ન વિસાલ, સાલ અમરાવઇ તુલ્લા,
અચ્છિ અવજ્ઝા નયરિ, સારિ સંસારિ અમુલ્લા,
ભોગપુરંદર દેવ, સેવ મન્નાવય[2] ભુયબલિ,
કરઇ રજ્જુ તહિ ભરહરાઉ, રાઉતુ ઇંગુ[3] ભૂતલિ. ૨

વાણી બોલઇ મુહુર, વિમલ કિરિ ગંગા વાણી,
રાણી ચઉસઠિ સહસ, જાસ[4] રૂવહિ[5] ઇંદ્રાણી,
કંચણ કંકણ નાદ, છંદિ મોહંતિ ખેચર,
બિહુ પાસે સુરસાલ બાલ ઢાલઇ જસુ ચામર. ૩

હય ગય ચુલસી લકખ, જકખ ખેચર જસ કિંકર,
હાસ કાસ સંકાસ, જાસ[6] જસુ ગાઇં કિંનર,
વારૂ ખેલી વેસ, બાલ પહિરવિ વર ચોલી,
જસુ આગઇ નાચંતિ, રંગિ બહુ ભંગહિ[7] ભોલી. ૪

ભાસ–પૂરવ પુણ્યપ્રભાવિ સો રિસહેસર મલ્હારો,
માણઇ ભોગ ક્ષણેગ પરિ, સગ્ગિ જિમ સુરવારો. ૫

કંચણગોર સરીર, વીર સેવયજણમહિઓ,[8]

---

૧ હઉ. ૨ મન્નાવઇ. ૩ ઇગ. ૪ જાસુ. ૫ રૂવિ. ૬ જાસુ. ૭ ભંગિહિ. ૮ °સહિઉં

એક દીહ આવયો, પછિ રહયો, ઉધવ ક્રિષ્ણનઇ ઇમ કહયો. ૯૩

ધન ધન ઉધવજી! તહ્મો માધવ મલસ્યુ રે આજ,
સાંઈ દેયો અહ્મારું વતું, ઇમ કહિ લોપી લાજ. ૯૪

ચાલિઉ ઉધવ ગોપી રોઇ, વલી વલી કોટિ વાલીનિ જોઇ,
હેલયાં જઈ હરિ જમલાં રહિયાં, સર્વ સમાચાર સંકેત કહિયા. ૯૫

ચતુરભુજ ચારાઇં પૂરીઉ, પછઇ જઈ જુગતિ વાસ,
ક્રિષ્ણ-ગોપી કુરષેત્રિ મિલ્યા, તિહાં મનિ પુરી આસ. ૯૬

કહિ ચતુરભુજ કરજુગલ જોડી, બોલિઉ બાલાપણુ બુધિ થોડી,
સાંભલિઇં ગાઇં જે નરનારી, સફલ ફેરુ હુઇ તેહાં સંસારી. ૯૭

ફાગ

છિહુતરિ કીધુ છૂટવા ભેટવા શ્રીભગવાંન,
કોડિ કન્યા પરણાવિઇં જે ફલ હુઇ સમાનિ. ૯૮

શ્લોક

અઠસઠિ તીરથ અવધાંન, હેમતુલાપુરષ ભૂમિદાન,
ભાવિ ગાઇં જે નર તેહાં તોલિ, ભણુઇ ચતુરભુંજ વેદવ્યાસ બોલઇ. ૯૯

॥ ઇતિ ભમરગીતા ફાગ સમાપ્તાઃ । ઇતિ શ્રીક્રિષ્ણગોપીવિરહ-મેલાપકભમરગીતા સમાપ્તા ॥ શ્રી॥ સંવત્ ૧૬૨૨ વર્ષે દ્વિતીય આસાઢ સુદિ ૧ ગુરવારે ચેલા રતનાં લિક્ષતં ॥

અજ્ઞાત કવિકૃત

મોહિની ફાગુ

(વિક્રમનો સોળમો સૈકો)

પૂરવ દક્ષિણ અંતરિ, ચંપકનયરુ પ્રસિદ્ધ,
સુલલિતુ લોકુ વિચક્ષણુ, નિવસઇ અતિહિ સમૃદ્ધ. ૧

તીણિ અછઇ વણજારડી, એક અપૂરવ નારિ,
નામિ સુણીજઇ મોહિણિ, અતિહિ ખરી સુવિચારિ. ૨

તારુણિ મદિ અતિ માતીય, મયણનિહાણ નિહાલિ,
સગુણ સલૂણિય સુણિજઇ, સહજિ સભાવિ છિનાલિ. ૩

ચતુરિમ ચાલઇ ચમકતિ, કામ તણી રસવેલિ,
રૂપિ સયલુ જગુ મોહઇ, મોહણિ મોહણવેલિ. ૪

ભયડિહિ ભુયણુ ભમાડઇ, ભાભરભોલી તોઇ,
નયણિ અમીસરુ વીંધઇ, છૂટઇ તરુણુ ન કોઇ. ૫

મોહિણિનઇ મુહિ જીતઉ, પૂરઉ પૂનિમચંદુ,
દાડિમ ફૂલે હોઠડે, અમિઉ ઝરઇ રસબિંદુ. ૬

સરલ તરલ અતિ કોમલ, ગોરિય ચંપકવાનિ,
દંતિ વઇરાગરુ દીપઇ, ઝાલ ઝલાપઇ કાનિ. ૭

હિયડઇ હસમસ કરતા, પ્રકટ થિયા થણ વેઉ,
સોવન કલસ કિ પૂરિયા, કામિ અમીરસુ લેઉ. ૮

કઉલિએ લાકુ ગ્રહીજઇ, કડિયડિ લહકઇ વીણિ,
નાભિ મયણરસ વાપિય, ઉરિએ થીવલિ તીણિ. ૯

જાંઘડી કૂંકુમવાનીય, કેલિ તણા દુઇ થાભ,
જોનિ રે નવ રંગ દીસઇ,....અતિહિ સુચંગુ. ૧૦

કેસર કૂંકુમવાનઉ, દરસણિ દૂલભુ દેહુ,
પૂરવજનમચઈ સુકૃતિ, રે ભેટણુ લાભઇ તેહુ. ૧૧
હીંડતી હંસ હરાવઇ, નેઉર ઝમકઇ પાઈ,
અતિ સોહગ ગુણિ આગલી, ભુવણિ નિરુપમ તોઇ. ૧૨
ઇસી છયલી વણજારડી, નિવસઇ તીણઇ દેસિ,
વાલંભુ વણિજિહિ ચાલિયઉ, મૂકિય જોબનવેસિ. ૧૩
* ઇસઇ અતિ ઊલટિ, પહુતઉ રિતુ તણુઉ રાઉ,
પરિમલિ દિસિ સવિ પૂરિય, વાઇઉ દક્ષિણુ વાઉ. ૧૪
પ્રેમુ વસંતસ્યઉં ધરતિય, વિહસિય સવિ વણરાઇ,
કુસુમ તણઇ રસિ ઊધસી, પરિમલુ કહણુ ન જાઇ. ૧૫
કોઇલ કલિરવિ વાસઇ, મંજરિયા સહકાર,
કુસુમ તણઇ રસિ લવધુલા ભમર કરઈ ઝણુકાર. ૧૬
માનિનિ માનુ ગલી ગ્યઉ, ફૂલિઉ દેષિ પલાસુ,
કમકમિયા મન કામિની, વિરહિણિ ઊડિઉ હાંસુ. ૧૭
દમણુઉં પરિમલિ બહકઇ, મરુઅઉ હુઅઉ અબાહુ,
વાલઉ વઉલુ નિહાલિઉ વિરહિણિ હુઉ મનિ દાહુ. ૧૮
વઉલ તણઇ મદિ માતુલા, અભિનવ દીસઇ ભૃંગ,
હરષિ હૂયા સવિ હરુણુલા, કરઇ તિ હરિણિય સંગ. ૧૯
ત્રિભુવનનઉ જઉ વિરચઇ, મનમથુ મોહનવાણિ,
માનિનિ માનુ મુકાવિય, મુણિવર જીતલા પ્રાણિ. ૨૦
માસુ વસંતુ નિહાલિય, ચંપકનયરિ પ્રવેસિ,
મોહિણિ મનમથુ મોહિઉ, પહિલઉ વિરહ પ્રવેસિ. ૨૧
વિરહિ હિયઉ અતિ પરજલઇ, કામુ લોપાવઇ લાજ,
સયરુ ભયઉ સખિ પરવસિ, કિસઉ નહી મુઝુ કાજુ. ૨૨

---

* આ ચરણમાંથી અક્ષરો પડી ગયેલા છે.

સહિય સમાણિય સવિ મિલી, કરઇ ભલી પરિ સાર,
વણુજારી પરવસિ ભઈ, વિરહિ વિણૂ ભરતાર. ૨૩

પૂજલ પાગ તલાસઇ, બીજલ વીજઇ વાઉ,
ચાપલ ચાપઇ સીસુ રે, પ્રીતિ તણુઉ મનિ ભાઉ. ૨૪

સાજિણિ સાકર સૂકડિ સરસઉ પાયઇ નીરુ,
વિરહાનલુ અતિ પરજલઇ, ભયઉ અચેતુ સરીરુ. ૨૫

રંગિ સહી સહિયર રહી, હિયઇ રચઇ વિચારુ,
દૈવ સંજોગિહિ મોહિણિ ભાગઉ મોહવિકારુ. ૨૬

ઇસઉ વચનુ તવ વોલઇ, કામગહિલ્લિય નારિ,
છયલુ છરાલઉ છાવઉ, છઇ કોઇ નયર મઝારિ? ૨૭

ચારઇ ચ્યહુ દિસિ ચાહિસ્યઉ, આણુઉ વેગિહિ જારુ,
વિરહિ સરીરુ પ્રજાલઇ, કાહું કરઉં ભરતારુ. ૨૮

એકુ અણાવિઉ જારુ રે, મોહિણિ હિયઇ વિચારિ,
સાગણુ વીજલુ તીકમુ, ચાહડસ્યઉં થિયા ચારિ. ૨૯

મોહિણિ રૂપુ નિહાલિય, ચ્યારઇ ચમકયા વીર,
કરઇ અપાર વિમાસણુ, હિયઇ ધરઇ નવિ ધીર. ૩૦

આપણુમાહિ વિરોધિયા, હિયઇ ધર રચઇ પ્રપંચુ,
વણિજારીય વિચક્ષણુ ઉલુખિયઉ તિહ સંચુ. ૩૧

વણિજારી ઇમ વોલઇ, કીજઇ કાંઇ વિવાદુ.
પહરિ પહરિ તુમ્હિ........, મનિ મન ધરહુ વિષાદુ. ૩૨

પહિલઇ પહરિ પદાવઇ, સાગણુ તા ગુણુજાણુ,
વીજઇ વીકમુ ઇમ કહઇ, કરઈ અનેક વષાણુ. ૩૩

ત્રીજઇ તીકમુ તંત્રઇ, જિમ સુખની વહુ જાતિ,
ચઉથઈ ચાહડ... ...., તિમઇ વિહાણી રાતિ. ૩૪

ઇણિ પરિ........, ચઉરાસી પરવંધિ,
કામ તણુઇ મદિ માતિય, પાગ ચડાવઇ કંધિ. ૩૫

કુહક કરઇ તહ નવનવા, હોઠ તણુઇં રસદ્રેહિ,
ચાપડી........મોહિણિ, જારુ ઘલાવઇં હેહિ. ૩૬
વિણુઉ કરઇ વણુજારડી, ઊપરિ બઇઠીય ષાટ.
ચ્યારઇં મીત જિમાડઇ, સારિય એક જિ ત્રાટિ. ૩૭
વણિજારી તિહ રાતીય, અવરુ ગમઇ નવિ કોઇ,
રાતિ દિવસિ........, ત્રિપતિ ન માનઇ તોઇ. ૩૮
સૂકડિ સયરિ લગાડઇ, આપઇ ફૂલ તબોલુ,
ચુંબડિયા રસિ રંજવઇ, વોલઇ બહુવિધ બોલ. ૩૯
તીણિ સમઇ વણુજારડી, આંગણિ આવિઉ નાહુ.
તેહ તણુઉ સરુ સાભલી, કાંપિય વીર અવાહુ. ૪૦
સાંગણુ સયરિ પ્રસીજઇ, તીકમુ થયઉ વિપરીતુ,
વીજલ વોલુ ન નીસરઇ, ચાહડ થયઉ ચલચિત્તુ. ૪૧
મીત તિહા સવિ ધીખઇ, કાંપઉ કાંઈં સરીરિ,
એ ઇસા ઊતર દેઇવા, હઉ અછઉ બાવનવીરિ. ૪૨
ચિંતઈ ચિત્તિ વિચારિય, વણિજારી ગુણુજાણિ,
બુદ્ધિ તણુઇં પરપંચિહિં, વંચિઉ નાહુ વિનાણિ. ૪૩
આંગણિ દેષિ ગુસાઇઉ, સાઈઉ દીધઉ આંગિ,
નયણુલે નીરુ ઝરંતી, વોલઇ નવ નવ ભંગિ. ૪૪
સામિય જિમ તૂ ચાલિઉ, મૂ મૂકિઉ પરદેસિ,
ધાનુપાનુ મઇં નીમિઉ, પ્રાણુપ્રિયાર જ રેસિ. ૪૫
જાં નિસિ સૂતિય દેષઉ, નીભર નીદ્ર મઝારિ,
ગોત્રજ સુમિણઇ આવિયા, વોલિયા વોલ વિચારિ. ૪૬
તોરઉ નાહુ મરસઇ, જીવિતુ અછઇ છ માસ,
હઉ તવ રોવણુ લાગિય, હિયડુલઉ ભયઉ નિરાસુ. ૪૭
મઈ વલી ગોત્રજ વીનવી, સામિણિ કરિન પસાઉ,
નાહુ હોઇં અજરામરુ, ચીતિવિ સોહ ઉપાઉ. ૪૮

તઠિય ગોત્રજ વોલિઉ, મોહિણિ મનિ કરિ ભ્રાંતિ,
ચ્યારઈ તરુણ વોલાવિય, વઇસઉ તુમ્હિ એકંતિ. ૪૯

પ્રીતિ ભલી પરિ ભોજનુ, કરિવઉ એક હિ થાલિ,
મઈ તુઝ કારણિ કીધઉ, એ ઇસ્યઉ નાહુ નિહાલિ. ૫૦

મોહિણિ વોલુ સુણી કરી, કોપુ ગ્યઉ મનિ દૂરિ,
જારહ ચહુ વણિજારઉ, વીડઉ દેઇ કપૂરિ. ૫૧

ઇસ્યઉ સુણી મૂરખુ રહ્યઉ, હરખુ હુયઉ અપ્પારુ,
મોહિણિનઇ સુહિ મોહિઉ, ગહગહિયઉ ભરતારુ. ૫૨

એકિહિ ચિત્તિહિ સાંભલઇ, એ ઇસ્યઉ ફાગુ રસાલુ,
રંગિ તે રંજવઇ કામિણી, નીપજઇ છયલુ છિનાલુ. ૫૩

॥ મોહિણી ફાગુઃ સમાપ્તઃ ॥ ૭ ॥

અજ્ઞાત કવિકૃત

કામીજનવિશ્રામ તરંગ ગીત

(વિક્રમનો સોળમો સૈકો)

ફાગુણિ ફૂલી[1] બીજઉરડી[2] તુ નવરંગ[3]
પહુતલ[4] માસ વસંત તુ.[5] ૧

વનિ વનિ તરૂઅર[6] કૂંપલ્યા[7] તુ નવરંગ
પરિમલ કવણુઉ[8] ન જાઇ તુ. ૨

મિલીય છઇ[9] તેવડતેવડી[10] તુ નવરંગ
સરોવર કેરી[11] પાલિ તુ. ૩

મધુરઇ[12] સાદઇ[13] પાપિણિ તુ નવરંગ
કોઇલિ[14] વાસઇ અકાલિ તુ. ૪

પાડલ પરિમલ પસરીઉ[15] તુ નવરંગ
ભમરા[16] રમઇ વસંત તુ. ૫

વઉલસિરી[17] વન સીયલું[18] તુ નવરંગ
કેસૂ[19] કુસુમ અનંત તુ. ૬

કરણી કારણિ ભમરલઉ[20] તુ ભમસિ[21]
મ[22] માઝિમ રાતિ તુ. ૭

---

૧ આ શબ્દ પછી ‘ ય ’ છે. ૨ બીજુરડી. ૩ સ્વ. મોહનલાલ દલીચંદની નકલમાં આ સ્થળે દરેક પંક્તિમાં ‘ ભ૦ ’ લખેલો છે. ૪ પહુતુ. ૫ સ્વ. દેસાઇની નકલમાં ‘ તુ ’ નથી. ૬ તરુઅર. ૭ ફૂલીઆ. ૮ ‘ પુહવિ અનંત તુ ’ એવા શબ્દ પંક્તિના ઉત્તરાર્ધમાં છે. ૯ સ. ૧૦ તીવડી. ૧૧ કીરી. ૧૨ મધુરઇં. ૧૩ સાદિ. ૧૪ ‘ વાસઇ કોઇલિ કાલિ તુ ’ એ પ્રમાણે પંક્તિનો ઉત્તરાર્ધ છે. ૧૫ પસરિ. ૧૬ ભમરલા. ૧૭ વુલસિરી. ૧૮ સિઅલું. ૧૯ કેસૂ અ. ૨૦ ભમરલુ. ૨૧ ભમઇ. ૨૨ સુ.

કાચી કુલી[1] ન[2] ઊગરઇ તુ નવરંગ
સોગવિ[3] નવનવી રાતિ[4] તુ. ૮

ચાંપા કુલી અતિ કૂંયલી[5] તુ નવરંગ
પરિમલ પૂર[6] અપાર તુ. ૯

બાલઇ યૌવનિ[7] પ્રિય[8] ગયુ તુ નવરંગ
તે[9] દુખ હીઇ[10] ન માઇ તુ. ૧૦

પહિરણિ પીત[11] પટઉલડી[12] તુ નવરંગ
ઓઢણી[13] યાદર[14] ચીર તુ. ૧૧

વિહરણિ[15] તુહ્યારઉ વાલહુ તુ નવરંગ
નયણે ન સૂકઇ નીર તુ. ૧૨

ભરત[16] ભરાવિસ[17] કાંચલી[18] તુ નવરંગ
ગલઈ[19] એકાઉલિ[20] હાર તુ. ૧૩

સહજિ[21] સકોમલ ચાલતી[22] તુ
નવરંગ નેઉર રણુઝણુકાર[23] તુ. ૧૪

જિસી[24] રતૂફૂલ[25] પાંખડી તુ નવરંગ
આંષડી[26] સૂ કાજલરેહ[27] તુ. ૧૫

બાલાપણુનઉ[28] નેહડઉ તુ નવરંગ
વાલિભ[29] કાંઇ ઉવિષિ[30] તુ. ૧૬

---

૧ કલી. ૨ નવિ. ૩ ભોગવઇ. ૪ ભાતિ. ૫ કુંઅલી. ૬ ' રહણુ ન જાઇ તુ ' એવા શબ્દ પંક્તિના ઉત્તરાર્ધમાં છે. ૭ યૂવનિ. ૮ પ્રી. ૯ મનિ. ૧૦ હીયઇ. ૧૧ વીર. ૧૨ પટુલડી. ૧૩ પહિરણિ. ૧૪ જાદર. ૧૫ આ પંક્તિ સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈની નકલમાં નથી. ૧૬ ભરય. ૧૭ ભરાભરિ. ૧૮ કાંચૂઉ. ૧૯ ગલિ. ૨૦ એકાવલિ. ૨૧ સહિજિ. ૨૨ વાલતી. ૨૩ રમઝમકાર. ૨૪ જિસિ. ૨૫ ફૂપલ. ૨૬ આંખડી; શબ્દ પછીનો ' સૂ ' સ્વ. દેસાઈની નકલમાં નથી. ૨૭ કાજલરેખ. ૨૮ બાલાપણુનુ. ૨૯ વાલંભ. ૩૦ ઉવેખ.

કામિણિ[1] હોઠિ[2] અમી ઝરઇ તુ
નવરંગ દાડિમ ફૂલી[3] દાંત તુ. ૧૭

નયણે[4] ન દેખૂં[5] નાહલઉ[6] તુ નવરંગ[7]
મોરા[8] સલૂણા કંત તુ.[9] ૧૮

મસ્તકિ[10] સોહઇ રાષડી[11] તુ નવરંગ
સઇથઈ[12] ઘાલિ સિંદૂર[13] તુ. ૧૯

આચ્છી[14] ઊગટિ જે કરઇ[15] તુ નવરંગ
બીડલીમાહિ[16] કપૂર તુ. ૨૦

મચકોડે[17] મન મોહીઉં તુ નવરંગ
લહકઇ[18] લાષ[19] મ મારિ[20] તુ. ૨૧

ચતુર સ નાગર ગોરડી તુ નવરંગ
ગૂજરિ[21] કેરી[22] નારિ તુ. ૨૨

માથ[23] સિર ભરી મરહઠી તુ નવરંગ
સોરઠડીય સુજાણ તુ. ૨૩

મનમથ મૂરતિ આવીઉ તુ નવરંગ
ગોરડી પલં વિલાહ તુ. ૨૪

નવયૌવનભરિ ગોરડી તુ નવરંગ
દીહ દોહેલા જાઇ તુ. ૨૫

---

૧ કોમલ. ૨ હોઠે. ૩ ફૂલા. ૪ નયણિ. ૫ દેખઉં. ૬ નાહલુ. ૭ અહીં 'તુ' પછી દરેક પંક્તિમાં આવે છે તેવો 'ભ૦' સ્વ. મો. દ. દેસાઈની નકલમાં લખેલ નથી; પણ 'નવરંગ' પહેલાંનો 'તુ' મુખ્ય પ્રતમાં નથી તે ત્યાં છે. ૮ મરૂંઅ. ૯ સ્વ. દેસાઇની નકલમાં આ 'તુ' નથી. ૧૦ સિર વરિ. ૧૧ રાખડી. ૧૨ સઇંથઇ. ૧૩ સીંદૂરિ. ૧૪ આછી. ૧૫ કર રં. ૧૬ બોડી. ૧૭ મચકોડઇ. ૧૮ લહિકઓ. ૧૯ લાખિ. ૨૦ માગિ. ૨૧ ગૂજર. ૨૨ કેરીય. ૨૩. ૨૩, ૨૪ અને ૨૫ આ મુખ્ય પાઠની ત્રણ પંક્તિઓ સ્વ. દેસાઈની નકલમાં નથી.

તરૂયરિ[1] બાંધિઉ[2] હીંદ્રોલડઉ[3] તુ નવરંગ
વૃંદાવનહ[4] મઝારિ તુ. ૨૬

પાલવ[5] મૂંકિ[6] પટઉલડી[7] તુ નવરંગ
ઝીલિ[8] સરોવરમાહિ તુ. ૨૭

ગલઇ[9] ભીંજઇ ગોરી કાંચઉ તુ નવરંગ
અનઇ એકાઉલિ હાર તુ. ૨૮

સીંગી[10] જલિ ભરિ પાણિઇ[11] તુ નવરંગ
છાંટઇ[12] બાલી વેસ તુ. ૨૯

વૃંદાવનિ ગોરી મિલી[13] તુ નવરંગ[14]
હીયડઇ[15] હરષ ધરેવિ તુ. ૩૦

॥ ઇતિ શૃંગાભાવેન કામીજનવિશ્રામ તરંગ ગીતં સંપૂર્ણં[16] ॥

---

૧ તરૂઅર. ૨ ડાલિ. ૩ હીંડોલુઇ. ૪ પંક્તિના ઉત્તરાર્ધમાં આ પ્રમાણે શબ્દો છે: 'ગિરિ કુંદર વનમાહિ.' ૫ પાલિ હિ. ૬ માહિ. ૭ પહુતલી. ૮ ઝીલઇં. ૯ સ્વ. દેસાઈની નકલમાં આ પંક્તિના શબ્દોનો ક્રમ આ પ્રમાણે છે: 'ભીંનુ ગોરિ ગલિ કાંચૂઉ તુ ભ૦ ભીંનુ નવસર હાર તુ.' તે પંક્તિ પછી સ્વ. દેસાઈની નકલમાં આ પંક્તિ વધારે મળે છે: 'ભીની કાજલરેખડી તુ ભ૦ ભીંનુ કુસુમહ ભાર તુ.' ૧૦ સીંગુ. ૧૧ પાંણો અ. ૧૨ પંક્તિનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે: 'છંટઇ માહોમાહિ તુ.' ૧૩ રસઇ. ૧૪ 'નવરંગ'ને બદલે 'ભમ૦' લખેલું છે. ૧૫ પંક્તિનો ઉત્તરાર્ધ આ પ્રમાણે છે: 'સહુઇ પાડીઉં મોહિ તુ.' ૧૬ સ્વ. દેસાઈની નકલનો પુષ્પિકા આ પ્રમાણે છે: 'ઇતિ નવરંગ સમાપ્ત.' તેમની નકલમાં આ કૃતિનું શીર્ષક 'નવરંગ' છે.

[૨૨]

અજ્ઞાત કવિકૃત

ચુપઇ ફાગુ

(વિક્રમનો સોળમો સૈકો)

આવિઉ વસંત કિ સુણિ રે સહી,
આંબાડાલિ કોઇલિ ગહિગહી,
કસિમ પરીમલ રહિ ણુઉ જાઇ,
વનિ વનિ વનિ વહિસ્યુ [તી] વણુરાઉ[ઇ] . ૧
વસંત માસ રતિ આયુ રે, વાયુ મલયાનીલ રે,
ભમર ગૂજારવ કરઇં મંજરી, કોઇલિ સરલઇ સાદિ રે. દ્રૂપદ ૨
ભમરા રણુઝણુકારિ ભમઇ, ફૂલિ ભરિ કરણી ભારઇ નમઇ,
વનમાહિ વિહિસ્યુ વેલઇ અનંત, ગોરી રમઇ હીંડોલા વસંત. ૩
આસો [સા] વિસ્ત્ર કરઇ બહૂ પંષિ, તરુઅર તણી ન જાંણું સંષિ,
કઇલિ ડોડા દિસઇ નવા, વનમાહિ દ્રાષ તણા માંડવા. ૪
ફોફલ નાલીઇરી અષોડિ, ફણિસિ તણિ વનિ દીસઇ કોડિ,
સોવન કેતકી ફિરતી તીરે, પાકાં આલૂં નઇ જંવીર. ૫
કેલિ ષજૂરી નઇ નારિંગિ, આંબા જાંબૂ નઇ ભારિંગિ,
પાડલ સેવંત્રી મૂચકંદ, રમઇ વ્રંદાવન ગોપી ગોવ્યંદ. ૬
ધામણ ધૂંસર સીસવિ સાગ, ધાવ ધાઉડી નઇ દીસિઇ માગ,
મહૂ ગલઇ તે મોડામોડિ, કીંબ લીંબ કરપટની કોડિ. ૭
કુઠિ કરમદી નિઇ આંબિલી, બહુલા તરુઅર છાયા ભલી,
પઢઇ તે પોપટ વનમાહિ સૂઆ, વસંત માસિ ફૂલ્યા કેસૂઆ. ૮
દાડિમિ બીજઉરી લીબૂઇ, મધૂર પરિમલ ફૂલી જૂહી,
સદા ફફલ વાંચે મન ઉલ્હસઇ, વાઇ તરુઅર ભઇં ધસઇ. ૯

દમણુ મરુઉં નઇ બાબચી, ફૂલિ ભરિ તરૂઅર આંવ્યા લચી,
મોર સુ સરસઉં સરસી ઢેંલિ, વડઇ પલંદી નાગરવેલિ. ૧૦
આંબણુ બોરિ અનઇ ઝીઝણી, વડિવાગુલિ ત્યાંહાં ઝૂંબી ઘણી,
પાકાં રાંઇણઇ દીસઇ ઘણાં, કિરણુ પ્રગટઇ સૂરિજ તણાં. ૧૧
સરભિ સમીરણુ વાયઇ વાઅ, પાડલ ફૂલ વિરઇ જલમાહિ,
તીરઇ તીરઇ સારંગ ફિરઇ, સરોવર પાણી ઇહ કાંકરઇ. ૧૨
આદિ અનોપમ ભણિ રેહયા, કરલઇ સારસ જલિ પંષીઆ,
પાણી ઉપરિ પદમિની તરઇ, રાજહંસ જલિ ક્રીડા કરઇ. ૧૩
કુલી આવઇ કાટા પ્રદેસ, સોલ અઢારી ચડતી વેસિ,
પંનરપિ ગુઝ પ્રકાસી કહઇ, એકિ ઝીલઇ એકિ પાલઇ રહઇ. ૧૪
તેહનૂં રૂપ સિહિણું જાઇ, સોઇ ઝીલઇ તે પાંણીમાંહિ,
અધર ભરઇ યોવનમદ પૂરિ, રૂપઇ રથ રહાવઇ સૂર. ૧૫
ચંદવદની તે સિવિ સહિ લાલઇ, રમઇ રંગ રસિ અબલા બાલિ,
તડકસ કંચૂ ઉર વરિ હાર, રેણિ રંગિ રીઝવઇ ભરતાર. ૧૬
પદમિની કમલ કરઇ વિકાસ, નવયોવન સ્ત્રી કરઇ વિલાસ,
મિલીય સિવે બાલી લહૂઅડી, પ્રીય વિણુ ન રહઇ એકઇ ઘડી. ૧૭
કરઇ શ્રંગાર સાર ગલઇ હાર, ચરણે નેઅરના ઝમકાર,
ચિત્રાલંકિઇં તિ કુચ કઠોર, પડંતી રસીઆં ચિત્ત ચકોર. ૧૮
મૃગનયણી કુંબરા રસિ ઝિરઇ, ડસણુ વઇરાગર ઉપમ કરઇ,
ચંદ્રવદની અતિ કરઇ સુરંગ, પ્રતિ ભરતારનઇ આલઇ અંગ. ૧૯
કણુઇઅર કાંબ જિસી કૂંઅલી, ત્રસરી આટિ પેટિઇ વલી,
આછાં આંબર કૂંકૂં વાંનિ, ઝબકઇ ઝાલિ કો સીસે કાંનિં. ૨૦
તેહની ઉપમ કહીઇ કિસી, જાંણે સ્વર્ગ્ગ તણી અર્વંસી,
મેઘવની પહિરઇ કાંચલી, નિરષઇ નારિ તે પાછી વલી. ૨૧
પિહિરણુ નવરંગ અનોપમ ચીર, ગોરી ચાંપાવંન સરીર,
તપત કંચૂ કસણુ કસમસઇ, યુગમ પયોધર ભારિઇ લસઇ. ૨૨

કટિતટિ વિલસઇ વેણીદંડ, તોડઇ કુસલ તે ભૂઅંગ,
સંર વરિ કેસ વલ્યાં વાંકડી, વેણીદંડ જડિત રાખડી. ૨૩
સોવન તડૂકાં સોહિ કાંનિ, એકિ ગોરી એક ભીનઇ વાંનિ,
મૃગમદિ ટીલી નિલવટિ આધિ, સર વરઇ બહિકઇ સાખ જ બાંધિ. ૨૪
ગયગમની તે લીલવિલાસ, પંખિ જાઇ મુખિ બિહિકઇ સાસ,
ડસણ ઝબૂકઇ કરિ મુખિ વયણિ, વનિ હરાવઇ કરંગી નયણિ. ૨૫
જંઘ યશાઉ કદલીથંભ, રૂપઇ જમલિ ન દીસિ રંભ,
મદનમેખલી હીરે જડી, નહરિ જિસ્યા સતકમલપાંખડી. ૨૬
ગલઇ નગોદર નઇ ઝૂમણૂં. ઘણુ શણગાર હવ કેહુ ભણૂં,
હાથિ હાથુલિ કરિ મૂદ્રડી, માણિક મોતી હારે જડી. ૨૭
આણુવટઇ પગિ નેઉર ઝમકાર, નયણે કરઇ અનેરા માર,
ચંપકકલી ખૂંપ સિરિ ભરઇ, આછી રેષ કાજલની કરઇ. ૨૮
અધર અમૃતરસ ઝચરઇ સુરંગ, પ્રેમ કાજિ રસિ ભરીઆં કંભ,
તરલ સકોમલ કુંઅલી બાલિ, રતિપતિ રમીઇ શ્રીગોપાલ. ૨૯
કટિ કુંઅલી અતિ આવઇ લંકિ, ભમઇ જિસી કરિ ધનુષ અનંગ,
પદમિનીવાસ સાસ અતિ નિર્મલી, નયણ જિસ્યાં રાતૂં ફૂલ કમલ. ૩૦
કંકણ ચૂડિ અનઇ આભરણ, હારે તેજિ તપઇ રવિકિરણ,
કેતક સરીસી રમલિ કરંત, ગોરી ગાઇ રાગ વસંત. ૩૧
નલવટિ કરઇ સરિ સીંદૂર, ઊગટિ કેસર નઇ કપૂર,
કરણી વેલિ અંબોડા ભરઇ, ભમર ગૂંજારવ શરવર કરઇ. ૩૨
શ્વેત પટુલી કસમસ કરઇ, હંસ હરાવ્યા નવ માહિ ફરિ,
અશોક પલ્લવ કરઇ કામિનિ, માંન ન મેલ્હિ તે માનિની. ૩૩
મધર વાણિ બોલિ ભીંભલી, કરઇ વિલાસ તે પ્રેમઆકુલી,
લાયા બોલ તે બોલઇ વયણે, રતિપતિ રમીઇ પૂંનમરયણિ. ૩૪
શરખંડાં સિવિ પહરઇ ચીર, ભર સરોવર વનમાહિ નીર,
ફાજલિ કરલ કશિમ શિરિ ભરઇ, ગોરી મિલી છાંટણા કરઇ. ૩૫

સાંકલી સોવ્રન [શ્વેત][1] પટુલી, હીચઇ સુંદરિ તે અતિ ભલી,
અતિહિ સલક્ષણુ પ્રેમની પ્રીયા, પંથભૂલા પંથી હુઆ. ૩૬
વેણુા યંત્ર કરઇ આલિવિણિ, કરઇ ગાનિ તે સવિ સુરરમણી,
મૃદંગ સરમંડલ વાજંત, ભરહ ભાવ કરી રમઇ વસંત. ૩૭
પદ્મિની હસ્તિની ચિત્રણિ નારી, લીલાવંતી રમઇ મુરારિ,
સોલ સહસ વનઇ મિલી આનંદ, રાશ ભાસિ ગાઇ ગોવ્યંદ. ૩૮
મિલીઆનીલ ઘણૂં વાઉ વાયઉ, રતિપતિ પહુતુ વસંતરાઉ,
ચંદનવનિ બિહિકઇ સિહિકાર, સોહઇ ભ્રમર તણા ઝમકાર. ૩૯
કુરણી વેલ અનઇ મુચકંદ, પાડલ રસ પીઇ મુચકંદ,
કોઇલિ પંચમ શર આલવઇ, વસંત તણા ગણુ કવીઆ કવઇ. ૪૦
કેસૂ કસમે લયુ ઊલ્હાસ, પાંણી પાડલ કરઇ વિલાસ,
વિરહણી ચિત્ત ચમકુ થાઇ, અઢાર ભાર વહિસિ વણુરાય. ૪૧
પદમિની કમલ કરઇ વિકાસ, નવયોવન સ્રી કરઇ વિલાસ,
મિલિ સિવે છાવી લહૂઅડી, પ્રિય વિણુ ન રહઇ એકઇ ઘડી. ૪૨
કવિ કહઇ રતિપતિ તણુ વિચાર, આંછાં અંબર પહિરણિ સાર,
બાવનિચંદન સિર લાઇંઇ, હીડોલાટ ષાટ પુઢીઇ. ૪૩
અની ઊંન્હાલઇ મં વિલસીઇ, નવયોવન ગલિ લાઇંઇ,
મુધરુ વાઉ રાતિ ચાંદ્રિણી, કરઇ વિલાસ કરઇ પ્રિય તણી. ૪૪
ચંપક વેલ તણી પાંષડી, પાંન અડાગર સોહઇ વાંકડી,
સોવ્રન કેતકી ગંધ અપાર, કંઠઇ કંદલઇ કરણીના હાર. ૪૫
સાંભલિ પુરુષ તણુ સિણુગાર, આછાં અંબર પિહિરણિ સાર,
બાહિ બિહિરષા રૂડા લેઢ, ડાવા જિમણા પહિર્યા વેઢ. ૪૬
ભઇરવ સાનળાફ પિહિરણઇ, દાડિમહૂલા તે ઊઢણુઇ,
બંધાલગ પહિરઇં બહૂમૂલિ, અંબોડે ચાંપાનાં ફૂલ. ૪૭

૧. ખૂટતો શબ્દ શ્વેત હોવો જોઈએ એ સંભાવનાથી તે શબ્દ ઉમેર્યો છે. જુઓ કડી ૩૩.

કાંને કુંડલ આછા ઝૂલિ, પાગિ વાંણુહી તે બહૂમૂલિ,
ડસણુ ઝબૂકઇ દાડિમકલી, નિરષઇ નાહ તે પાછા વલી. ૪૮
નવ નવ ભાતિ પટુલી નવી, પેષિ ભાવિ તે ભૃતિ ભોલવી.
લલત ગર્ભેસર લક્ષણવંત, મધ માધવ રમિ વસંત. ૪૯
ચૈત્રિ સષી કોરણુ ઘણું વાચું, ચેઠિ માસિ પગ મેલ્હણુ ન જાઇ,
કોકોલા બિણ્િ કોરણુ આંધિ, હવઇ આવી વરસાલા સાંધિ. ૫૦
આસાઢ માસિ અંબર ઝિરમરઇ, બાપઇડિઉ પ્રિય[1] પ્રિય કરઇ,
સુષિ સોગઠે રમીઇ સારિ, જુ પણ્િ તુસઇ દેવ મુરારિ. ૫૧
શ્રાવણ્ પિહરણુ ચાદર ચીર, પરણાલિઇ વહઇ અરઘલ નીર,
સઇરિ સીંદૂરી કાંચલી કસઇ, નરષઇ નારિ તે મરકલઇ હસઇ. ૫૨
ભરતારિઇ સૂં ભાદ્રવઇ માસિ, હીંડોલાટઇ કરઇ વિલાસ,
નસિ અંધારી વિજલિ ષવઇ, ગમે ગમે દાદર ડાંલવઇ. ૫૩
સુદી સુરંગ તે આસો માસિ, અંબર ડંબરીઉ આકાસિ,
થયી ગુરિ નઇ વર માગીઇ, સહી સહી પ્રિય ગલઇ લાગીઇ. ૫૪
સીઆલા ઘરિ કાતી માસિ, કાંમિનિ મનિ હવં પૂગી આસ,
કડાં સરીસી ઉર[ડ] ઇ[2] ષાટ, હસતાં લીઇ હીંડોલાટ. ૫૫
માગસરે મન કરિ કુંમાહ, લાડગહેલી લહૂઆ નાહ,
રૂપિઇ સુ નાગર અતિહિ સુજાંણુ, સષી એકનૂં ઘણુ તિણુઇ પ્રાણ્િ. ૫૬
પ્રિય તણુા ગણુ પોસિ માસિ, સેજઇ પઇઠી વાલંભ પાસિ,
મેહિલી લાજ અંગ આપીઇ, પ્રીય તણુા રસ દ્રામ પામીઇ. ૫૭
માહા માસિ સ્ત્રી નાંન્હડી, પ્રિય નાન્હડ [ન રહઇ][3] એકઇ ઘડી,
વિષય વેધ રૂસ કરઇ સુ પ્રાણુ, તેહનઇ તૂઠા સારંગપાણ્િ. ૫૮

૧. પ્રતમાં ' પ્રીય ' એવી જોડણી છે તે લહિયાની ભૂલ હોવાનો સંભવ છે તેથી જ્યાં જ્યાં ' પ્રીય ' શબ્દ છે ત્યાં ત્યાં ' પ્રિય ' એવો સુધારો કર્યો છે.

૨. અહીં ' ઉરડઇ ' શબ્દમાંથી પડી ગયેલો ' ડ ' મોટા કૌંસમાં મૂકયો છે.

૩. અર્થ અને છંદ તૂટતાં હોઈ, કોઈ શબ્દ પડી ગયેલા જણાય છે; પડી ગયેલા શબ્દ ' ન રહઇ ' હોવા જોઈએ, એવી સંભાવનાથી તે મોટા કૌંસમાં મૂકયા છે.

ફાગણુ માસિ ફલી વણુ વેલિ, બાજી રામતિ હવઈ પરી મેલ્હઇ,
મધ માધવ રિતિ કાંમનિ કંત, રતિપતિ રમીઇ રાઉ વસંત. ૫૯

રત્ન અમૂલિક સરવ રિધડી, જાણે કિરિ વિશ્વામિત્ર ઘડી,
મદનમેષલા ભીજી રહઇ, ધીણુ ઊપમ કેહી કહઇ. ૬૦

॥ ઇતિ ચુપઇ સમાપ્તાનિ ॥ શ્રી ॥

[૨૩]

અજ્ઞાત કવિકૃત

ફાગુ

(વિક્રમનો સોળમો સૈકો)

ચાંદ્રિણી રાતિ સોઇ સીયલી રે, સીઅલુ માધવ માસ,
અસ તહ્મ [ના]રી[1] નાહવિ[નિ] નાહુલા રે, સીયલા ચંદનરુષ રે. ૧
સીયલુ વાઉ વારાય પહુતુ, ગોરી રતિ રણુ રે,
કોયલ કોરલે અંબવને, મોરડલા મંન વાસ. ૨
દસિ તંમાહારી હવિ નાહલા આ રે, ગય સીઆલુ હવિ ગોરડી,
હઈડ ઝૂર મ ઝૂરિઇ રિ, દેસાંતરિ પ્રી વસિ રે. ૩
વંનિ વંનિ તરુઅર ફુલીઆ રે, મુરીઅડા મચકંદ,
વ્રંદા[વન] વનિ રસ પીઇ રે, સી બ............*
*........ફૂલીઆ કમદા રે, વાર લાગી નઈણે નિરષંતા રે. ૪
કેસૂયાં કસમ લિ *............મં મધર મહૂ છોડિ,
મોડ મ મૂકેસિ આપણુ રે, ફૂઅલી કરણી ન ફૂલીઇ રે. ૫
પીય *............લ ન હોઇ, જોઇ પાડલ ભમરુ રસ પીઇ રે,
વુલસરી ગંધ સીઅલુ રે, પારધ ગંધિ વિહીણુ [રે]. ૬
[ઇ]ણી પરિ પ્રીહ રીઝવુ રે, વેલિ વિહાણિડિ વિહસીઉ રે,
પરિમલ[2] ગંધ ન જાઇ, નાહા હઇડા હુતુ ન વીસિરિ. ૭

---

૧ ‘નારી’ શબ્દમાંથી ‘ના’ પડી ગયો હોવાથી તેને મોટા કૌંસમાં મૂક્યો છે.

૨ પ્રતમાં ‘પરીમલ’ છે.

* અહીં મૂલ પ્રતમાં અક્ષરો કપાઈ ગયા છે.

દમણા દરીસણુ તાહિરુ રે, હવ કંમ મિલીઈ નાહા,
માહા માસિ આલિ નીગમુ રે, મરુઉ મનિ કંમ વીસારિ રે. ૮

જેણિ હઈઅડૂ ટાઢૂ થાઇ, કંથ સંદેસા સાઈ મોકલિ રે,
ચંપલા તરુઅર ફૂલીઆ રે, ફૂલીઆ કમદા રે. ૯

સાર કરેજે પ્રીઅડા માહઇરી રે, વાંમ લોચન અંગ ફરકીઉ રે,
સાભલિ સપી મઝ ગૂઝ, મઝ વાલંભ આવ્યુ ઢૂકડુ રે. ૧૦

કાંચૂઆ કસણુ વિત્રૂટીઆ રે, આવ્યુ મૂ ભરતાર,
હાર હઈડા હૂતુ હરશીઉ રે, વાલંભ હઈડૂ તાહિરુ રે. ૧૧

હવિ મરુ....વા પી મેહેલિ, વેલિ ચડિ જમં માંડવઇ રે,
ફાગુણ રતિ વસંત ષેલીય રે, હઈડિ હરષ મંનમાં નાહ. ૧૨

મંનોરથ સાચા પરીઆ રે, અતેયી*....ણી

સમાપત ૫૬

॥ ઇતિ ફાગ સમાપ્ત ॥ છ ॥ શ્રી રામાય નમઃ ।
શ્રી ગોવંદાય નમઃ ॥ શ્રી । છ ॥

[૨૪]

અજ્ઞાત કવિકૃત

વાહણનુ ફાગ

(સં. ૧૫૮૭)

ફાગ ઢાલ

અહે સરસતિ સાંમણિ વીનવૂં, માગું એક પસાય,
કાયા પ્રવહણ પૂરીયાં, મન સૂકાણુા વાય. ૧
શ્રીજિનશાસનિ ગાઇસિઉં, લાભઇ સુષ અપાર. શ્રીજિન. આંકણી.
અહે તપ કૂઓ નિરતુ કરે, દયા તિ દસ્તૂરહ જાંણિ. શ્રીજિન. ૨
અહે સીયલઇ તે સઢ પૂરીઓ, ભાવ ભંડારી થાપિ,
ધરમ ધ્યાંન બેહૂ આવલાં, જોઈય વેલા તું વાહિ. શ્રીજિન. ૩
અહે ક્રોધ માન માયા જલ વહઇ, ઉપશમ દલૂયાં મેલ્હિ,
સંવર સષાઈયુ રાષજે, જાણઇ વિવેક વિચાર, શ્રીજિન. ૪
અહે દાનઇ દુરગતિ નાસસિઇં, નાલિ તિ જસ ભડવાઉ,
જીપજે વયરી વાંકડા, આઠે કમ્મં કઠોર. શ્રીજિન. ૫
અહે પાંચઇ ઇંદ્રી પાંજરી, ચડ્યા તિહાં જોઇં વાટ,
વાટઇં લોભ ધૂતારડઉ, તે જોઈ કરે રહઠાંમ. શ્રીજિન. ૬
અહે બાર દેવલોક બારાં ભલાં, નગર છઇ નવ ગ્રૈવેક,
મુગતિશિલા પાટણ ભલું, તિહાં છઇ વિનુ રે વિવેક. શ્રીજિન. ૭
અહે ચિહુ ગતિ ચ્યારઇ વાવટા, વાઇં રાતિ નઇ દીસ,
પંચવિમાન જેમ રુયરિ, જીવ તૂં રહઇ તિહાં જોઇ. શ્રીજિન. ૮
અહે ન્યાંઇં નાંગર મૂકજે, વસ્ત વિચારી વુરિ,
બાર વ્રત કિરીયાણુાં ભલાં, સૂધી લઇ રે સુજાંણુ. શ્રીજિન. ૯

દેવતત્વ ગુરુતત્વ એ, ધમ્મંનુ ધણી તૂં હોઇં,
આગમસિદ્ધાંત જિહાં અછઇ, જાણઇ વિવેકવિચાર, શ્રીજિન. ૧૦
અહે સંવત પનર સત્યાસીઇં, આષાઢ શુદિ રવિવાર,
* .... શ્રીજિન. ૧૧
એહ ફાગ જે ગાઇસિઇં, તેહ ઘરિ મંગલ ચ્યાર,
શ્રીજિનશાસનિ ગાઇસિઉ લાભઇ સુષ અપાર. ૧૨

॥ ઇતિ ફાગ વાંહણનુ સમાપ્ત ॥ સૂરેતિ મંદિરે રષિરાજૂ લિખિતં। શુશ્રાવિકા વાછી પઠનાર્થં ॥ શુભં ભવતુ ॥

---

* મૂલ પ્રતમાંથી એક પંક્તિ પડી ગયેલી છે.

[૨૫]

અજ્ઞાત કવિકૃત

નેમિનાથ ફાગ

(અનુમાને વિક્રમનો સોળમો સૈકો)

રાગ ફાગ

અહે તોરણિ વાલિંભ આવીઉ, યાદવકુલ કેરુ ચંદ,
પસૂઆ દેષી રથ વાલીઉ, તિહિ વસિ હુ ઉચ્છંદ. ૧

નિશિ અંધારી એકલી, મધુર મ વાસિસિ મોર,
વિરહ સંતાપિ પાપીઉ, વાલિંભ હઈઇ કઠોર. ૨

ધુરિ આસઢઇ ઊનયુ, ગોરીના ગુણ નેહ,
ગાઢઇ ગાજિ મ પાપીઆ, છાનુ વરિસ ન મેહ. ૩

શ્રાવણ વરસઇ સરવડે, મેહ ન ષંડઇ ધાર,
મનમથિ મોરૂ મન વ્યાપીઉં, પ્રીઅડુ ન કરઇ સાર. ૪

ભાદ્રવડા ભરિ ઊલટઇ, સરોવર લહિરડે જાઇ,
કાયાસરોવર અહ્મ તણું, વિણુ સામી સીદાઇ. ૫

રાજહંસ પરણતિ રૂઅડુ કિમઇ ન આવઇ હેઠિ,
માંનસરોવર પરિહરી, છીલર ઊપરિ દ્રેઠિ. ૬

આસો આશા લૂધડી, હું મેલી ઈણિ કંતિ,
મધુકર માલતી પરિહરી, પારધિ પુંઠિ ભમંતિ. ૭

જિમ જિમ સહીઅર સાસરઇ જાતી દેષું માઇ,
તિમ તિમ મોરું મન આવટઇ, કિમઇ ન થાહરિ થાઇ. ૮

કાતી માસ મેલાવડુ, નેમિ ન કીધઉ આજ,
છપન્ન કોડિ યાદવધણી, હૂં મેલ્હી કુણ કાજિ ? ૯

માગશરીએ સજન મેલાવીઇ, એહ સલૂણઉ નાહ,
જાણીઇ તીણુઇ પાલવિઉ, બલતા દવ કેરુ દાહ. ૧૦

હુંસ ભણી મઇ હેલવિઉ, સર બગલાનુ દીધ,
અંબ ભણી મઇ સેવીઉ, ફલ ધંતૂરા દીધ. ૧૧

પોસ મલઇ સુ મનવંછિત હોઇ, પભણઇ રાણી રાઇમઈ,
.....................નેમિ ન મેહ્લઇ કોઇ. * ૧૨

કરંડી કીધઉ, મઇ વહિઉ વારૂ વિસહર જાણિ,
દ્રિષ્ટિ વંચી મુઝ ડસી ગયુ, દેષત રાણોરાણિ. ૧૩

માહ માસિ વાઇ ટાઢડી, ગાઢડી લાગઇ ભૂષ,
નેહ જ સાલઇ હઈઅડલઇ, નેમિ ન જાણઇ દૂષ. ૧૪

હરણી હેજઇ પરિભમઇ, પાષ લિધી સવિ વાર,
હરણુ હઈઇ કઠોરડુ, વરતે આંક મદાર (?). ૧૫

ફગુણિ ફાગ ન મું ગમઇ, દમઇ તિ મદન સરીર,
કામણગારુ કંતડુ ગમઇ તે સાથલ ધીર. ૧૬

કરહુ સહિજિ કુબધીઉ, મુહ વાહિ કરીરિ,
ગલી દ્રાષ જુ પરિહરી, કંટકિ લાઇ સરીરિ. ૧૭

ચૈત્રિ ન ચેતઇ કંતડુ, સવિ ફલી વણરાઈ,
પાડલ પરિમલ બહિકતુ, મૂરષ મેલી જાઇ. ૧૮

કહીએ ઇસ્વર કૂડીઉ, ગંગ વહઇ સિરિ કીધ,
તિહિ પાઇ તું આગલુ, કર અધિકેરુ દાહ. ૧૯

બારહ માસમાહિ મૂલિગુ, જેઠ વડેરુ હોઇ,
પભણઇ રાણી રાઇમઇ, નેમિ ન મેલઇ કોઇ. ૨૦

કૃષ્ણ ભણઇ, સુણિ રાઇમઇ, મિલસિ તોરુ સ્વામિ,
અષ્ટભવંતર પ્રીતડી, સિદ્ધપુરિ હૂઉ ઠાણ. ૨૧

---

* આ કડીનું ત્રીજું ચરણ મૂલ પ્રતિમાં નથી.

જાણુઉં યાદવ કુડીઉ, હૂ આગઇ મનમાંહિ,
સોલ સહ[સ] ગોપીધણી, મૂરષ તેડી મ વાહિ. ૨૨

તપ જપ સંયમ આદરી, કીધઉ નિર્મલ કાઇ,
નેમિ પહિલી રાઇમઇ, ઇમ બઇઠી શિવપુરી જાઇ. ૨૩

॥ ઇતિ શ્રીનેમિનાથ ફાગ સમાપ્ત ॥ છ। છ ॥

જયવંતસૂરિકૃત

સ્થૂલિભદ્ર-કોશા પ્રેમવિલાસ ફાગ

(સં. ૧૬૧૪ આસપાસ)

ફાગની ઢાલ *

સરસતિ[1] સામિનિ[2] મનિ[3] ધરી, સમરી પ્રેમવિલાસ,
થૂલિભદ્ર કોશ્યા[4] ગાયસિઉં,[5] જિમ મનિ[6] પુહચઇ આસ. ૧
ઋતુ[7] વસંત નવયૌવનિ[8] યૌવનિ[9] તરુણી વેશ,[10]
પાપી વિરહ સંતાપઇ[11] તાપઇ[12] પિઉ[13] પરદેશ.[14] ૨

કાવ્ય[15]

ઋતુ[16] વસંત વનિ આવ્યુ[17] ગહગહી,
પ્રેમકુંપલ[18] કુસુમાવલિ મહમહી,[19]
મલયા વાય[20] મનોહર વાઇ,[21]
પ્રિઉનઇં[22] ઊડી મલઉં[23] ઇમ થાઇ. ૩

ચાલિ[24]

વનસપતી સવિ મોહરી[25] રે, પસરી મયણની આણ,
વિરહીનઇં[26] કહંઉ કહંઉ[27] કરઇ[28] કોયલિ[29] મૂંકઇ[30] બાણ. ૪

---

* 'ફાગની ઢાલ' એ શબ્દો ખંભાતની પ્રતમાં નથી.

૧ સરસિતિ. ૨ માતા. ૩ મન. ૪ કોશા. ૫ ગાઇસ્યું. ૬ સવિ. ૭ રિતુ. ૮ નવજોવનિ. ૯ જોવનિ. ૧૦ વેસ. ૧૧ સંતાપએ. ૧૨ તાપએ. ૧૩ પીઉ. ૧૪ પરિદેસિ. ૧૫ પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૧૬ રિતિ. ૧૭ ખંભાતની પ્રતમાં 'આવ્યુ વનિ' એ પ્રમાણે શબ્દો છે. ૧૮ પરિમલઇં. ૧૯ મહિમહી. ૨૦ વાયુ. ૨૧ વાય. ૨૨ પીઉનઇં. ૨૩ મિલૂં. ૨૪ ફાગ. ૨૫ મુરી. ૨૬ વિરહીનિ ૨૭ કુહુ કુહુ. ૨૮ કરી. ૨૯ કોઇલિ. ૩૦ મેહલઇ.

તરુઅરવેલિ આલિંગન દેષિય[1] સીલ[2] સલાય,
ભરયૌવન પ્રિય[3] વેગલુ,[4] ષિણુ ન વિસારિઓ[5] જાઇ.[6] ૫

[કાવ્ય[7]]

પ્રિયડઉ[8] ટલવલઇ પ્રદેશથી,[9]
રડઇ ગોરી મંદિરમાંહિથી,[10]
બહુ[11] ગુઝબી[12] હતુ રતિરાજ,[13]
રહઇ રહઇ[14] પસરી[15] ધરી લાજ.[16] ૬

ચાલિ

વલી રે[17] કુંપલડીય[18] વેલડી, વલી વલી ઊગઇ ચંદ,
પણિ ન વલે[19] ગયુ યોવન,[20] પ્રેમલતાનું કંદ. ૭
સૂકઇ સરોવર જલ વિના,[21] હંસા કિસ્યું રે[22] કરેસિ,
જસ ઘરિ ગમતીય ગોરડી, તસ કિમ ગમઇ રે[23] વિદેશ.[24] ૮

[કાવ્ય[25]]

ષિણિ[26] અંગણિ ષિણિ ઊભી[27] ઓરડઇ,[28]
પ્રિઉડા[29] વિના[30] ગોરી ઓ રડઇ,[31]
ઝૂરતાં[32] જાઇ[33] દિન રાતડી, આંષિ હૂઈ ઉજાગરઇ રાંતડી. ૯

---

૧ દેષી. ૨ માણુ. ૩ પીઉ. ૪ વેગલઇ. ૫ વીસારુ. ૬ જાઅ. ૭ ખંભાતની પ્રતમાં આ શબ્દ નથી; પ્રા. વિ. મં.ની પ્રતમાં ' દૂહા ' છે. ૮ પીઉડુ. ૯ પરદેશથા. ૧૦ મંદિરમાહિથી. ૧૧ બહૂ. ૧૨ ગોઝિબી. ૧૩ રિતુરાજ. ૧૪ ખંભાતની પ્રતમાં ' રહઇ ' એક વખત જ આપેલો છે. ૧૫ પસરઇ. ૧૬ લાજા. ૧૭ ' રે ' ખંભાતની પ્રતમાં નથી. ૧૮ કૂપલીઇ. ૧૯ બલાઇ. ૨૦ યૌ[વ]ન. ૨૧ વિણુ. ૨૨ ' રે ' ખંભાતની પ્રતમાં નથી. ૨૩ ' રે ' ખંભાતની પ્રતમાં નથી. ૨૪ વદેસિ. ૨૫ ખંભાતની પ્રતમાં નથી; પ્રા. વિ. મં.ની પ્રતમાં ' દૂહા ' છે. ૨૬ ષિણય ષિણ. ૨૭ આ શબ્દ ખંભાતની પ્રતમાં નથી. ૨૮ ઉરડઇ. ૨૯ પ્રીઉડી. ૩૦ વિણ. ૩૧ ઉરડઇ. ૩૨ ઝૂરતા. ૩૩ જાય.

ચાલિ[1]

રે સાજન[2] જે તિઇ[3] કરિઉ[4] તે મિઇં[5] કહિઉ[6] રે ન જાઇ,
વઇરીડા વેધ વિલાઇનઇ[7] ઇમ કાં[8] અલગુ[9] થાય.[10] ૧૦
વીજ પડઓ[11] તે ઊપરિ[12] જે કરી છાંડઇ[13] નેહ,
વિરહિઇં[14] બાલ્યાં માણુસ સ્યું કરઇ વરસી મેહ. ૧૧

કાવ્યં[15]

પ્રિઉડઇ[16] સખિ[17] કામણ કીધું, પાપીઇં[18] ચિત ચોરી લીધું,[19]
લોકલાજ[20] તિજીનઇં[21] માય,[22] પ્રિઉ[23] કેડિઇં[24] ભમુ ઇમ થાય.[25] ૧૨

ચાલિ[26]

લીલા ગતિઇં[27] જે ચાલઇ,[28] બોલઇ[29] સુલલિત વાણિ,
નયન[30] સોભાગી પાતલો[31] મોહણ લંક સુજાણ. ૧૩
તે સાજન[32] કિમ વીસરઇ જસ ગુણ વસિયા[33] ચિતિ,
ઊંઘમાંહિ[34] જુ[35] વીસરઇ[36] સુંહુંણામાંહિ[37] દીસંતિ.[38] ૧૪

કાવ્યં[39]

કઠિન કંત કરિ આલિ જગાવઇં,[40]
ઘડી ઘડી મુઝ[41] સુહણઇ[42] આવઇ,[43]
જબ[44] જોઊ તબ[45] જાઇ નાસી, પાપીડા[46] મુઝ ઘાલિ મ ફાંસી. ૧૫

---

૧ ખંભાતની પ્રતમાં આ શબ્દ નથી. ૨ સજ્જન. ૩ તઇં જે. ૪ કર્યું. ૫ મઇં. ૬ કહું. ૭ લાઇનઇ. ૮ કા. ૯ અલગો. ૧૦ થાઇ. ૧૧ પડઓ. ૧૨ ઉપરિ. ૧૩ છંડિ. ૧૪ વિરહઇં. ૧૫ પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૧૬ પ્રીઉડિ. ૧૭ સખી. ૧૮ પાપિઇં. ૧૯ લીધૂં. ૨૦ લોકલજ્જ. ૨૧ મેલ્હી તિ. ૨૨ માઇ. ૨૩ પ્રીઉ. ૨૪ કેડિ. ૨૫ થાઇ. ૨૬ ફાગ. ૨૭ ગતિ. ૨૮ ચાલએ. ૨૯ બોલએ. ૩૦ નયણ. ૩૧ પાતલા. ૩૨ સજ્જન. ૩૩ વસીઆ. ૩૪ ઊંઘમાહિ. ૩૫ જઉ. ૩૬ વીસરિ. ૩૭ સુહણામાહિ. ૩૮ દેખંતિ. ૩૯ પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૪૦ જગાવિ. ૪૧ આની પછી ખંભાતની પ્રતમાં 'સુઝ' શબ્દ આપેલો છે. ૪૨ સુહણિ. ૪૩ આવિ. ૪૪ જાવ. ૪૫ તવ. ૪૬ પાપીઆ.

ચાલિ[1]

પાપી રે ધૂતારાં[2] સુહણડાં[3] મુઝ સ્યું[4] હાંસું છોડિ,
કરઇ વિછોહ જગાવીનઇં[5] સૂતાં મૂંકઇ[6] જોડિ. ૧૬
રે સાજન તુઝ મન તણી, પુહચસિઇ[7] સઘલી[8] રુહાડિ,
પણિ નવિ મોરા મન તણા[9] જાણો[10] તુમ્હો[11] રે પેલાડિ. ૧૭

કાવ્ય[12]

સખિ[13] ફાગણુ માસ સોભાગી, મલઇ[14] સાજન[15] જેણિ સરામી.
વરસઇ[16] મેહ નઇં[17] મેલાવુ[18] હોઇ,[19]
વેલિ[20] કોઇલિ ચાતક મોહઇ.[21] ૧૮

ચાલિ[22]

રે સાજન જબ મુઝ[23] તુઝ સંગમ હતો રે અપાર,
તવ[24] મુઝ આલા લુંબડે[25] વિણુ નુ હુતુ[26] પરવાર. ૧૯
રોહણુઓ[27] રુંધ[28] મનાવણો[29] ઇમ કરતાં[30] દિન જંત,[31]
વીવાહ વીતઓ[32] માંડવે[33] તિમ હૂં[34] સૂંની કંત. ૨૦

કાવ્ય[35]

તેહ જ મંદિર તેહ જ સેરી,
નવિ ગમઇ[36] સખી[37] જોઉ[38] ફેરી,
ઓલ્હાવ્યા[39] વિણુ જાઇ[40] વણજારા[41]
ગયા ચોરી ચિત્ત[42] લૂટારા.[43] ૨૧

---

૧ કાવ્યં. ૨ ધૂતારા. ૩ સુહણલા. ૪ સુંઉ. ૫ જાગાવી. ૬ મેલિ. ૭ પુહચિઇ. ૮ સઘલઇ. ૯. નયણની. ૧૦ જાણઉ. ૧૧ તહ્મે. ૧૨ પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૧૩ સષી. ૧૪ મિલિઇ. ૧૫ સાજણુ. ૧૬ વરસમઇ. ૧૭ દિતિ. ૧૮ મેલાવો. ૧૯ હોઇ. ૨૦ વેલિ. ૨૧ જોઇ. ૨૨ ફાગ. ૨૩ અહ્મ. ૨૪ તબ. ૨૫ લંબણઇ. ૨૬ હતો. ૨૭ સ્નેહ. ૨૮ રૂસણું. ૨૯ મનામણઉં. ૩૦ કરતા. ૩૧ જંતિ. ૩૨ વીતઇ. ૩૩ માંડવિ. ૩૪ હવિ તિમ... ૩૫ પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૩૬ ગમિ. ૩૭ સષિ. ૩૮ જોયું. ૩૯ ઊચલ્યા. ૪૦ જનિ. ૪૧ વિણજારા. ૪૨ ચીંત. ૪૩ પોટારા.

ચાલિ[૧]

સખિ[૨] મુઝ ન ગમઇ ચંદન, ચંદ ન કરઇ[૩] રે [૪] સંતોસ,
કેલિ મ વીઝસ[૫] હી સહી,[૬] સહી ન સમઇ[૭] અમ[૮] દોસ. ૨૨
જેણિં[૯] કીધું[૧૦] મુઝ[૧૧] કામણ તે મુઝ[૧૨] મેલિ ન આજ,
આરતિ[૧૩] હુઇ[૧૪] ઊતાવલી, જુ[૧૫] મુઝ જીવિઇં[૧૬] કાજ. ૨૩

કાવ્ય[૧૭]

વસંત દેષી મોરું મન ગહબરઇ,
પાપિણી કોઇલડી[૧૮] કોહઉ કોહઉ[૧૯] કરઇ,
તેહનઇં[૨૦] સખી[૨૧] લવતી[૨૨] વારઉ,[૨૩]
વિરહિઇ[૨૪] માહરાનઇં[૨૫] મ મારઉ.[૨૬] ૨૪

ચાલિ[૨૭]

પરદેશીસ્યું પ્રીતડી હઇડા[૨૮] મંડઇ[૨૯] કાય,[૩૦]
વઇરડઓ[૩૧] વેધ[૩૨] પુંણીનઇં[૩૩] વેધ વિલાઈ જાઇ. ૨૫
આજ ઘાલી ગલિ બાંહડી[૩૪]
પરમઇં[૩૫] પિયારઇ[૩૬] દેશિ,[૩૭]
જિમ[૩૮] રાંનિ રૂંષ જ એકલાં[૩૯]
હઇડા[૪૦] કિસ્યું રે કરેશિ.[૪૧] ૨૬

---

૧ ફાગ. ૨ સખિ. ૩ કરિ. ૪ આ શબ્દ ખંભાતની પ્રતમાં નથી. ૫ મ વીજસિ. ૬ હે સહી. ૭ ગમઇ. ૮ ઇમ. ૯ જેણુઇ. ૧૦ કીધૂ. ૧૧ આ શબ્દ ખંભાતની પ્રતમાં નથી. ૧૨ મઝ. ૧૩ આરત્યા. ૧૪ આ શબ્દ પછી ખંભાતની પ્રતમાં ' રે ' મળે છે. ૧૫ જો. ૧૬ જીવઇ. ૧૭ પ્રા. વિ. મં.ની પ્રતમાં ' દૂહા ' છે. ૧૮ કોઇલ. ૧૯ કહુ. ૨૦ એહનઇ. ૨૧ સષી. ૨૨ લવંતી. ૨૩ વારઇ. ૨૪ વિરહ. ૨૫ માર્યાનઇં. ૨૬ મારઇ. ૨૭ ફાગ. ૨૮ હિયડલા. ૨૯ મંડી. ૩૦ કાઇં. ૩૧ વઇ-રીડા. ૩૨ વઇર. ૩૩ પૂણીનિઇ. ૩૪ બાહડી. ૩૫ પરિમ. ૩૬ પીયારિ. ૩૭ દેસિ. ૩૮ ખંભાતની પ્રતમાં 'રાંનિ રૂંપ જિમ ' એ ક્રમમાં શબ્દો છે. ૩૯ એકલું. ૪૦ હઇડલા. ૪૧ કરેસિ.

[કાવ્ય[1]]

સજનીઆં[2] વુલાવી[3] હૂં વલી,
ગુણ સંભારી[4] હૂઈ[5] અતિ આકુલી,[6]
આંગણઇ[7] આવ્યા મેહ બારે,[8] ગહબરી રહી પોલિ દુઆરે.[9] ૨૭

ચાલિ[10]

ઓસીસું[11] અતિ દુષ ધરઇ[12] તાલોવીલી[13] થાય,[14]
ઓસીસું[15] અતિ[16] તાપવ્યું,[17] તડફડતાં નિશિ[18] જાય.[19] ૨૮
કહિનઈ[20] સખી[21] એ સેજડી સે[22] જડી સજન[23] વિછોહ,[24]
કઈ[25] અગનિ[26] કઇ[27] કાંટડઇ[28] કે[29] કઉચાં[30] કઇ લોહ.[31] ૨૯

કાવ્ય[32]

મુઝ શરીર[33] સખિ[34] ચીરઇ ચીર, લોહ સંકલ સમાન ઝંજીર,
રયણિ[35] જોવનિમાંજરિ[36] મહિમહી,[37]
નીસાસે કરી કાયા મિઇં[38] દહી. ૩૦

ચાલિ[39]

હું[40] સિઇં ન સરજી પંષિણિ, જિમ ભમતી પ્રીઉ પાસિ,
હું સિઇં ન સરજી ચંદન, કરતી પ્રિયતનુ વાસ. ૩૧

---

૧ પ્રા. વિ. મં.ની પ્રતમાં ‘ દૂહા ’ છે. ૨ સઇજનિઆં. ૩ વઉલાવી. ૪ સમરેવિ. ૫ હુઈ. ૬ આકલી. ૭ આંપડી. ૮ બારઇ. ૯ દુઆરિ. ૧૦ ફાગ. ૧૧ ઉસીસું. ૧૨ કરિ. ૧૩ તાલોવેલી. ૧૪ થીઇ. ૧૫ ઉસીસું. ૧૬ જિમ. ૧૭ તાપવિઉં. ૧૮ નિસિ. ૧૯ જાઇ. ૨૦ કહિન. ૨૧ સષી. ૨૨ સિ. ૨૩ સઝન. ૨૪ વિછોડિ. ૨૫ કિ. ૨૬ અગનિહ. ૨૭ કેઇ. ૨૮ ષોટડઇ. ૨૯ કઇ. ૩૦ કઉઅચિ. ૩૧ લોહિ. ૩૨ પ્રા. વિ. મં.ની પ્રતમાં ‘ દૂહા ’ છે. ૩૩ સરીર. ૩૪ સષિ. ૩૫ રયણી. ૩૭ માંજરિયૌવન. ૩૭ મહમહી. ૩૮ મઇં. ૩૯ કાવ્યં. ૪૦ અહીંથી શરૂ થતી ૨૧મી કડીની પ્રથમ બે પંક્તિ ખંભાતની પ્રતમાં છેંકી નાખેલી છે પણ તે નીચે પ્રમાણે વાંચી શકાય છે :

“ હું સિં ન સરજી પંષિણી, જે ભમતી પ્રીઉ પાસિ,
હઉં ન સિ સરજી ચંદન, કરતી પિઉતન વાસ. ”

હું સિં ન સરજી ફૂલડાં, લેતી આલિંગન[1] જાણ,
મુહિ[2] સુરંગ[3] જ શોભતાં,[4] હું સિઇં[5] ન સરજિ પાન. ૩૨

[કાવ્યં][6]

દેહ પંડુર[7] ભઈ[8] વિયોગિઇં,[9]
વઈદ[10] કહઇ એહનઇં[11] પિંડરોગ,[12]
તુઝ વિયોગિ જે વેદન મઇં[13] સહી,
સજનીયા[14] તે કુણ સકઇ કહી. ૩૩

ચાલિ[15]

સજન[16] હવા રે[17] દેસાઉરિ[18] સંદેસે[19] વ્યવહાર,[20]
આહાર[21] જુહાર[22] હ[23] મન તણો,
કાગલ[24] બાંધિઉ[25] બારિ.[26] ૩૪
વિરહ[27] ઓ તાં મિલવા તણો,
કિમ જીવીઇ[28] રે[29] સંદેસિ,[30]
ડીલ ઉપરિ દુષ આંગમી વાહલા[31] તુજઝ[32] મિલેસિ. ૩૫

દૂહા

કેસૂડાં પંથિ પાલવે,[33] સૂડા દિઉ[34] તુઝ લાષ,
એક વાર મુઝ મેલિ ન સજન પસારી પાંષ. ૩૬

---

૧ આલિંગણ. ૨ વદનિ. ૩ સરંગી. ૪ શોભતી. ૫ સિં. ૬ ખંભાતની પ્રતમાં આ શબ્દો નથી; પ્રા. વિ. મં.ની પ્રતમાં 'દૂહા' છે. ૭ પાંડર. ૮ થઈ. ૯ વિયોગિં. ૧૦ વૈદ્ય. ૧૧ એહનિ. ૧૨ પંડરોગઇં. ૧૩ મિં. ૧૪ સજનીઆ; આ શબ્દ પછી ખંભાતની પ્રતમાં નીચેના શબ્દ મળે છે: 'તું તં કહસિ સહી'. ૧૫ ફાગ. ૧૬ સઘ્રનીવાં. ૧૭ 'હવા રે' આ શબ્દો ખંભાતની પ્રતમાં નથી. ૧૮ દેસાવરી. ૧૯ સંદેસિ. ૨૦ વિવહાર. ૨૧ આહર. ૨૨ જાહર. ૨૩ 'હ' ખંભાતની પ્રતમાં નથી. ૨૪ કાગલિ. ૨૫ બાંધી. ૨૬ હારિ. ૨૭ 'વિરહ ઓ તાં મિલવા તણો' એ શબ્દોને સ્થાને ખંભાતની પ્રતમાં નીચેના શબ્દ છે: 'હૈયડુ રે મિલવા આલજવું.' ૨૮ જીવિઇ. ૨૯ 'રે' ખંભાતની પ્રતમાં નથી. ૩૦ સંવેસિ. ૩૧ વાલ્હા. ૩૨ તુઝનઇં. ૩૩ પાલવ્યાં. ૩૪ દ્યા.

વઇરીડા[૧] વયર વહઇ[૨] ઘણુ,[૩] વિસમી વાટ વિદેશ,[૪]
વિસમુ[૫] વાલિભ[૬] વેધડુ, ઇમ દિન જાઇ આદેશ.[૭] ૩૭

વાઈ[૮] વિણુ નવિ વેદન ન વરી વારો વારિ,
વ્યસનીનઇં[૯] વ્યાપ્યુ[૧૦] વેધડો, વાલ્હા વિણુ ન રહાઈ. ૩૮

ઝૂરિ ઝૂરિ[૧૧] પંજર થઈ, સાજન તાહરઇ[૧૨] કાજિ,
નીંદ[૧૩] ન સમરું, વીંઝડી[૧૪] ન કરઇ[૧૫] મોરી[૧૬] સાર. ૩૯

ભૂષ તરસ[૧૭] સુખ[૧૮] નીંદડી,[૧૯]
દેહ તણી સાન[૨૦] વાન,[૨૧]
જીવ સાષિઇં[૨૨] મઇં[૨૩] તુઝ દેઉં,[૨૪]
થોડઇ ઘણું[૨૫] સ્યું[૨૬] જાણિ. ૪૦

એ મુઝ પરિ મઇં[૨૭] તુઝ કહી,
હવઇ[૨૮] મુઝ કરિ ન સંભાલ,
મલિ[૨૯] કઇ ઊતર આપિનઇં[૩૦] આલા લુંબઓ[૩૧] ટાલિ. ૪૧

કોશ્યા[૩૨] વેધ વલૂધડી એમ[૩૩] ઓલંભા[૩૪] દેઇ,
એહવઇ[૩૫] ગુરુ આદેશડઇ થૂલિભદ્ર મુનિ આવેઇ. ૪૨

કંત દેષી કોશ્યા[૩૬] કૂબડી[૩૭] હઈડા[૩૮] કમલ વિકાસ,[૩૯]
જિમ વનરાઈ[૪૦] માધવઓ[૪૧] પામી અધિક ઉલ્હાસ. ૪૩

---

૧ વઇરી. ૨ વહિ. ૩ ઘણૂં. ૪ વિદેસ. ૫ આ શબ્દ પછી ખંભાતની પ્રતમાં 'રે' મળે છે. ૬ વાલ્હાંનું. ૭. અંદેસિ. ૮ આ આખી લીટી ખંભાતની પ્રતમાં નીચે પ્રમાણે છે: 'વહરી નાવઇ વેદન, વારઇ વારોવાર.' ૯ વિસની; તેની પછી ખંભાતનો પ્રતમાં 'રે' મળે છે. ૧૦ વ્યાપો. ૧૧ ઝૂરી ઝૂરી. ૧૨ તાહરિ. ૧૩ નિસદિન. ૧૪ વીઝડી; આ શબ્દ પછી ખંભાતની પ્રતમાં 'તું' શબ્દ મળે છે. ૧૫ કરિ. ૧૬ મુઝ. ૧૭ તરસુ. ૧૮ સુષ. ૧૯ નીંદ્રડી. ૨૦ સાંન. ૨૧ વાંન. ૨૨ સાથિં. ૨૩ મિ. ૨૪ દીયાં. ૨૫ ઘણૂં. ૨૬ અસ. ૨૭ મિં. ૨૮ હવિ. ૨૯ મિલિ. ૩૦ આપિન. ૩૧ લુંખુ. ૩૨ કોશા. ૩૩ ઇમ. ૩૪ ઉંલંભા. ૩૫ એહવિ. ૩૬ કોસિ. ૩૭ કૂપલી. ૩૮ હૈડા. ૩૯ વિકાશ. ૪૦ વણુરાઈ. ૪૧ માધવિ.

થૂલિભદ્ર કોશ્યા[૧] કેરડો[૨] ગાયુ પ્રેમવિલાસ,
ફાગ ગાઇ[૩] સવિ ગોરડી જબ[૪] આવઇ મધુમાસ. ૪૪
દિન દિન સજન મેલાવડો[૫] એ ગણતાં[૬] સુખ[૭] હોઇ,
જયવંતસૂરિ વર વાણિ રે[૮] સવે[૯] સોહામણી હોઇ. ૪૫

॥ ઇતિ શ્રીપ્રેમવિલાસ સ્ફુરન્માનં ફાગઃ સંપૂર્ણેતિ ભદ્રં ।
શ્રીરસ્તુ લેખકપાઠકયોઃ[૧૦] ॥ છ ॥

---

૧ કોશા. ૨ કેરડુ. ૩ ષેલિ. ૪ જવ. ૫ મેલાવડુ. ૬ ગાતાં. ૭ સુષ. ૮ 'રે' શબ્દ ખંભાતની પ્રતમાં મળતો નથી. ૯ સવિ. ૧૦ ખંભાતની પ્રતમાં નીચે પ્રમાણે પુષ્પિકા છે :

॥ ઇતિ થૂલિભદ્ર-કોશા પ્રેમવિ[લા]સઃ । ફાગબંધેન ॥

કમલશેખરકૃત
ધર્મમૂર્ત્તિગુરુ ફાગ
(વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)

શ્રી શ્રીથંભણુ પાસ, નમઇં સુરાસુર જાસ,
અહનિશિ ભાવસિઉં એ, હરષઇં ગાઈસું એ. ૧
કર જોડી વંદેવિ, કરિસિઉં કવિત સંષેવિ,
ઊલટ અતિ કરી એ, સરસતિ મનિ ધરિ એ. ૨
નયર ત્રંબાવતી સાર, અમરાવઇ અવતાર,
વિવહારિ વસઇં એ, ઘરમઇં ઉલ્હસઇ એ. ૩

ફાગ

ઉલ્હસઇ શ્રીમાલી વલી પૂરવ રિષિની વાટ,
હંસરાજ ઘરિ ઘરણી તુરણિ ઓઢણિ ઘાટ. ૪
હાંસલદે સુત જાઈઉ, પાઈઉ પુણ્ય અસેસ,
નામ દીઉ ધર્મદાસહ, તાસહ કરૂંય વસેસ. ૫
લષ્યણુ બત્રીસઇ પૂરઉ, સૂરઉ ધર્મહ રાગ,
શ્રીજિન નાણીય વાણીય ધરિઉ વઇરાગ. ૬
સંજમનઉ જંગ મંડીઉ, છંડીઉ ઘરનઉ ભાર,
શ્રીગુણનિધાનસૂરિ દીધી લીધી દિખ્યા સાર. ૭

આઢૈઉ

લીધી દિખ્યા સાર, સયલ જીવઆધાર,
સૂત્ર સયલ ભણઇ એ, ભવિયણ તે સુણઇ એ. ૮
ગુરિ દેખ્યુ વિદ્યાવંત, ધ્યાનિ જોયુ એકંતિ,
લાભ દીઠઉ ઘણુ એ, સંઘ તુમ્હે સુણઉ એ. ૯

ફાગ

સુણઉ સંઘ સુજાણહ નાણહ એ વિતપન્ન,
પાટઇં થાપઉ મન રુલી, સવિ કહઇં એ ધન ધન. ૧૦
ઉદયકરણ આણંદઇ વંદઇ ગુરુનઃ પાય,
અહમદનયરઈં ઇણિ પરિ ઉચ્છવ હરષ ન માઇ. ૧૧
તાલ દમામા વાજઇ, વાજઇ તિવલનિનાદ,
રણતૂર નફેરી ભેરીય સંખ સુહામણઉ સાદ. ૧૨
ઘૂઘર વાજઇ ધમધમ માદલ દોંદોંકાર,
પંચશબદ ઘરિ વા[જ]ઇ, ગાજઇ ગયણ અપાર. ૧૩

આઢેઉ

ઇણિ પરિ ઉછવકાર, વિત વાવરિઉ અપાર,
પાટિ બઈસારીયા એ, ઉચ્છવ કારીયા એ. ૧૪
માણિક મોતી સાર, રૂપ યોવનભંડાર,
પરિગ્રહ પરિહરી એ, ક્રિયા અતિ આવરી એ. ૧૫

ફાગ

આદરી ક્રિયા જિણિ અતિ ઘણિ મઇં સુણી દેસવિદેસિ,
પંચ મહાવ્રત પાલઇ ટાલઇ સયલ કિલેસ. ૧૬
ષટવિધ જીવહ રાષઇ, દાષઇ જિનવરવાણિ,
સાત ભય નિવારીઇ, વારીય મદ અઠ જાણિ. ૧૭
નવવિધ સીલ સદા ધરઇ, કરઇ યતિ દસવિધિ ધર્મ,
એકાદસ પ્રતિમા કહઇ, લહઇ તે સૂત્રહ મર્મ. ૧૮
ભિષૂપ્રતિમા બાર એ, સારએ આપણઉં કાજ,
તેર કાઠીયા નિવારીય, કારીય ધર્મહ કાજ. ૧૯

અઢેઉ

ગુણ છત્રીસ સંપન, ધર્મમૂરતિસૂરિ ધન,
વંદું ઉલટ કરી એ, વિધિસૂં અણુસરીએ. ૨૦

ગુણનિધાનસૂરિ પાટિ, સોહઇ મુનિવર થાટિ,
ગુરૂતણુ આગરૂ એ, ષિમા અતિ સાગરૂ એ. ૨૧

ફાગ

ષિમાસાગર ગુર વંદુ, નંદઉ જાં સસિભાંણુ,
થંભણપુરિ ગુર ગાઇઇ, પાઇઇ શિવપુર ઠાંણુ. ૨૨

શ્રીકમલશેષર કહઇ વંદીઇં, ગુરુના પાય,
જે નરનારી ગાવઇ, પાવઇ સુષ સયાંઇ. ૨૩

॥ ઇતિ ગુરુફાગ સમાપ્તં ॥

માલ્લદેવકૃત

સ્થૂલિભદ્ર ફાગ

(વિક્રમના સત્તરમા શતકનો પૂર્વાર્ધ)

પાસ જિણંદ જુહારીઇ, સમરૂં[1] સારદ માયા રે,
ગાઉ[2] ફાગ[3] સોહામણુ,[4] થૂલિભદ્ર મુનિરાયા રે. ૧

લાલ મોહન મેરે જીઉ[5] વસઇ, થૂલિભદ્ર પીઉ[6] પાયા રે,
તન[7] મન ઉછા અતિ કરૂં, બહુત દિન પ્રીઉ પાયા રે. આંચલી

પાડલપુર[8] રુલીઆમણું, નંદ કરિ તિહાં રાજો રે,
લોક[9] પ્રજા સવ્વ સુષઇં વસિ, સારિ સહૂનાં કાજો રે;
લાલ મોહન મેરે જીઉ વસઇ. ૨

ચ્યારિ બુદ્ધિ–ગુણે[10] દીપતુ, મહિતુ[11] તસ[12] સકડાલો[13] રે,
તાસુ નારિ લિષમી[14] જિસી, દોઇ[15]
કુલ કીઉ જયકારો[16] રે. લાલ૦ ૩

થૂલિભદ્ર શરીઉ[17] દોઉ પુત્ર દોઊ[18] તિણિ જાયા રે,
જાણુ[19] કિ દોઊ[20] દેવતા સુષ ભોગનકું[21] આયા રે. લાલ૦ ૪

---

૧ સમરઉં. ૨ ગાવઉં. ૩ ફાગુ. ૪ સુહામણઉં. ૫ જીય. ૬ પીય. ૭ આ આખી પંક્તિ શ્રી. દેસાઈની સંવત વગરની પ્રતમાં નીચે પ્રમાણે છે: ‘ તનુ મનુ નિઉછાવરિ કરઉં, બહુત દિન ન તેં આયા રે ’. ૮ પાડલિપુર. ૯ આ પંક્તિ સંવત વગરની પ્રતમાં આ પ્રમાણે છે : ‘ લોક પ્રજા સબ સુખિ, બસિ, સારઇ સજ્જન કાજો રે ’. ૧૦ ગુણ. ૧૧ મંત્રી. ૧૨ તસુ. ૧૩ સગડાલો રે. ૧૪ લખિમી. ૧૫ દો. ૧૬ ઉજિયાલો. ૧૭ સિરિયા. ૧૮ ભલા. ૧૯ જાનુ. ૨૦ દોઉ. ૨૧ ભોગનકઉં.

કોશ્યા[૧] વેશ્યાકઇ રહિ, થૂલિભદ્ર સુષ વાસ્યા રે,
બાર વરસ લગઇ[૨] ભોગવઇ, પૂરી સવિ[૩] મન[૪] આસ્યા[૫] રે. લાલ૦ ૫
તિહાં[૬] એક બંભણ[૭] ગુણી, વરરુચિ પંડિત આયા રે,
કીરતિ રાજા નંદકી, કરિ સદા મનિ ભાયા રે. લાલ૦ ૬
મંત્રી[૮] કીઉ[૯] મંત્રી તવ, બેટી સાત સુજાના રે,
રાજસભામાહિ ષંડિઉ[૧૦] વરરુચિ કીઉ[૧૧] અભિમાના રે. લાલ૦ ૭
વરરુચિ પંડિત તુ[૧૨] પીછઇ, ગંગકુ[૧૩] જસ[૧૪] ગાવઇ રે,
યંત્ર[૧૫] કરી[૧૬] કલ-કોથલી, દ્રવ્ય ભરી સો પાવિ[૧૭] રે. લાલ૦ ૮
નંદ ભૂપ સકડાલ[૧૮] શું, ગંગા તટિ મિલી આયા રે,
મંત્રી દૂજી વાર તિહાં,[૧૯] બંભણ મામ[૨૦] ગમાયા રે. લાલ૦ ૯
વરરુચિ પંડિત[૨૧] કોપીઉ[૨૨] મંત્ર કોઉ[૨૩] આલોચઇ રે,
મંત્રી મુશું[૨૪] વયર[૨૫] કીઉ,[૨૬]
અહિનિસિ મનહિં[૨૭] સોચિ[૨૮] રે. લાલ૦ ૧૦
પગ શું[૨૯] ધૂલિ ઉછાલીઇ,[૩૦] સર[૩૧] ઊપરિ આઇ લાગઇ રે,
ઇશું[૩૨] યાનિ[૩૩] જીઉ[૩૪] આપણઇ,[૩૫]
પંડિત કાહે ન જાગઇ રે. લાલ૦ ૧૧
વરરુચિ માંડી લેષસાલા,[૩૬] પંડિત છાત્ર પઠાવિ[૩૭] રે,
છીલર જલ[૩૮] યૂં[૩૯] હુંસલુ,[૪૦] કારણિ કિઉંહૂં આવિ રે. લાલ૦ ૧૨

---

૧ સંવત વગરની પ્રતમાં આ પંક્તિ નીચે પ્રમાણે છે : ' કોસા વેસ્યા કઇ રહઇ, થૂલિભદ્ર સુખ-વાસો રે '. ૨ લગુ. ૩ સબ. ૪ મનિ. ૫ આસા. ૬ તહાં. ૭ બંભ. ૮ મંત્રુ. ૯ કિયઉ. ૧૦ ખંડીયઉ. ૧૧ કુઉ. ૧૨ તઉ. ૧૩ કઉ. ૧૪ જસુ. ૧૫ જંત્ર. ૧૬ કરઇ. ૧૭ પાવઇ. ૧૮ સગડાલસ્યઉં. ૧૯ તહાં. ૨૦ માન. ૨૧ પંડિતુ. ૨૨ કોપીયઉ. ૨૩ કોઊ. ૨૪ મોરયઉં. ૨૫ વયરુ. ૨૬ કિયઉ. ૨૭ મનમહિં. ૨૮ સોચઇ. ૨૯ પગસ્યઉં. ૩૦ ઉછાલિયઇ. ૩૧ સિરિ. ૩૨ અઇસ. ૩૩ જાનિ. ૩૪ જિય. ૩૫ આપનેં. ૩૬ ચટસાલા. ૩૭ પઢાવઇ. ૩૮ જલિ. ૩૯ જિઉ. ૪૦ હુંસલઉ.

શરીયા[1] કઇ[2] વીહવા[3] સમઇ,[4] ચામર છત્ર સમારચા[5] રે,
પંડિત[6] અવસર[7] પાઇઉ,[8] વરરુચિ વઇર[9] ચીતારચુ રે. લાલ૦ ૧૩
એક કીઉ તિણિ દૂહરુ, સવિ બાલકકું સીષાવઇ રે,
ચાચર ચુહટિ સવિ ગલી, રાજલોકકું સુણાવઇ રે. લાલ૦ ૧૪
મૂરખ[11] લોક[12] ન જાણુઈ,[13] યૂં[14] સકડાલ[15] કરેસી રે,
નંદરાય મારી કરી,[16] શરીઉ[17] રાજ ઠવેસી[18] રે. લાલ૦ ૧૫
નંદરાય[19] કુણઇ સોઇ સુણ્યુ, કોપ ધરિઉ તિણિ ચિંતા રે,
મંત્રી ચિત્તિ વિચારિઉં,[20] રાજા કિસકા[21] મિત્તા રે. લાલ૦ ૧૬
વેશ કુનારિ જઆરીઇં, દૂરજન[22] અતિહિં[23] વિગોવઇ રે,
અગનિ સાપ રાજા યોગી,[24] કબહૂં મીત[25] ન હોવઇ રે. લાલ૦ ૧૭
કુલ રાષણકું[26] આપણું,[27] મંત્રી મંત્ર ઉપાયો રે,
શરીઇ[28] મંત્રી મારીઉ, રાજસભા જવ[29] આયો રે. લાલ૦ ૧૮
સો કંચણ[30] કયા પહિરીઇ, જુ કાનહું[31] તું[32] તોરઇ[33] રે,
મંત્રી સોઇ જાંણુઇ,[34] જુ રાજા કિહું[35] લોડિ રે. લાલ૦ ૧૯
શરીયા[36] કેરે બોલ સુણી, બોલિ રાજા નંદો રે,
તું મેરિ[37] મંત્રીસરૂ, કરિ[38] મનમાંહિ આણુંદો રે. લાલ૦ ૨૦

---

૧ સિરિયા. ૨ કે. ૩ વીવા. ૪ સવઇ. ૫ સવાર્યા. ૬ પંડિતિ. ૭ અવસરુ. ૮ પાઇયઉ. ૯ વઇરુ. ૧૦ ચીતાર્યા. ૧૧ મૂરખુ. ૧૨ લોકુ. ૧૩ જાનઇ. ૧૪ જ્યં. ૧૫ સગડાલ. ૧૬ કરું મારસી. ૧૭ સિરિયઉ. ૧૮ ધરેસી, ૧૯ આ આખી પંક્તિ સંવત વગરની પ્રતમાં આ પ્રમાણે છે: 'નંદરાય કુનિ સો સુન્યઉ, કોપુ ધર્યઉ તિનિ ચિંતા રે'. ૨૦ વિચારયઉ. ૨૧ કિસકે. ૨૨ દુરજનુ. ૨૩ અંતિ. ૨૪ જોગી. ૨૫ મિત્તિ. ૨૬ રાખનકહું. ૨૭ આપનઉં ૨૮ સિરિએ. ૨૯ જબ. ૩૦ કંચન. ૩૧ કાનહં. ૩૨ કઉ. ૩૩ તોડઇ. ૩૪ જાણીયઇ. ૩૫ કહું. ૩૬ આ પંક્તિ, સંવત વગરની પ્રતમાં આ પ્રમાણે છે: 'સિરિયાકે એ બોલ સુને, બોલઇ રાજા નંદો રે'. ૩૭ મેરે. ૩૮ કરુ.

થૂલિભદ્ર સુણી[૧] ચીંતવઇ, એ[૨] સંસાર અસારો રે,
માતપિતાકુ[૩] કાહૂ નહીં, નહીં કોઉ પરિવારો રે. લાલ૦ ૨૧

થૂલિભદ્ર દીખ્યા લેઇ, શ્રીસંભૂતિ સુસીસ રે,
ગુરુ શું[૪] શંયમ[૫] પાલીઉ,[૬] વહઇ[૭] રે સો નિસદીસ રે. લાલ૦ ૨૨

સરીઉ[૮] કોશ્યાકે ઘરે, વચિ વચિ[૯] આવઇ જાવઇ રે,
મારણુ વરરુચિકે[૧૦] તાઇં,[૧૧] કોઉ મંત્ર[૧૨] ઊપાવઇ રે. લાલ૦ ૨૩

બહિનર[૧૩] કોશ્યા વેશ્યાકી, તાસ્યું[૧૪] વરરુચિ રાતુ[૧૫] રે,
ત્યજી આચાર સુ આપણુ,[૧૬]
રહઇ સદા મનિ માતુ[૧૭] રે. લાલ૦ ૨૪

જઇ પરમેસ્વર[૧૮] રૂસીઇ, નાઊ ઘાલિ કૂટિ[૧૯] રે,
કિ વેસ્યા-ઘરિ મોકલઇ, કિ[૨૦] ખેલાવઇ જૂઇ રે. લાલ૦ ૨૫

બુદ્ધિ કોઈ[૨૧] એહવી કીઇ, નંદ કોપ્યુ. સો હકારિઉ રે,
સભામાહિ[૨૨] તન મદ વશુ, વરરુચિ પંડિત મારિઉ રે. લાલ૦ ૨૬

શ્રીસંભૂતિવિજય આગઇ, તીનિ[૨૩] યતી યૂં ભાસઇ રે,
સીહ સાપ કૂઆનિ પાસઇ, ઠામિ રહઇ[૨૪] ચુમાસઇ રે. લાલ૦ ૨૭

---

૧ સુનિ. ૨ આ અર્ધી પંક્તિ, સંવત વગરની પ્રતમાં આ પ્રમાણે છે: ‘ ઇહુ સાયર સંસારા ’. ૩ સંવત વગરની પ્રતમાં આ પંક્તિ આ પ્રમાણે છે: માતપિતાકો કાહૂકઉ નાહિ ન કો પરિવારા રે ’. ૪ સ્યઉં. ૫ સંજમુ. ૬ પાલતઉ. ૭ ‘ વિહરઇ સો નિસિદીસા રે ’ એવો પાઠ સંવત વગરની પ્રતમાં છે. ૮ સિરિયઉ. ૯ બિચિ બિચિ. ૧૦ કી. ૧૧ તાંઇ. ૧૨ મંત્રુ. ૧૩ બહિનરિ. ૧૪ તસ્યઉં. ૧૫ રાતઉ. ૧૬ આપનઉ. ૧૭ મદુમાતઉ. ૧૮ પરમેસર. ૧૯ કૂઅઇ. ૨૦ કઇ. ૨૧ સિરિએ; તે પછીનો ‘ એહવી ’ એ શબ્દ શ્રી. દેસાઈએ પાઠાન્તરમાં નોંધ્યો નથી. ૨૨ આ પંક્તિ સંવત વગરની પ્રતમાં આ પ્રમાણે છે: ‘ સુહ કાર્યઉ, તન મન વશુ ’. ૨૩ સંવત વગરની પ્રતનો આ પંક્તિનો પાઠ આ પ્રમાણે છે: ‘ તિનિ જતી ઇમ ભાસઇ ’. ૨૪ રહહિ.

સહિ ગુરુ-વચન[1] લહી તે ત્રિણિ,[2] પુહતા આપણઇ[3] ઠામિ[4] રે,
થૂલિભદ્ર મનિ[5] ચીંતવઇ,[6] ગુરુ-ચરણે[7] સીસ નામિ[8] રે. લાલ૦ ૨૮

વચન તુહ્મારુ[9] જઇ લહૂં,[10] કોશા ઘરિ વરસાલુ રે,
ચ્યારિ માસ લગઇ[11] તિહાં[12] રહૂં,[13]
સીલ મહાવ્રત પાલું રે. લાલ૦ ૨૯

ગુરુ-આજ્ઞા પામી કરી, થુલિભદ્ર વિકસંતા[14] રે,
કોશ્યા દેષી ચીંતવઇ, મુઝ ઘરિ આયઉ કંતા રે. લાલ૦ ૩૦

ચિત્રસાલી તુહ્મ ઇહાં રહું,[15] તન[16] ધન[17] એહ તુહ્મારા[18] રે,
બાર વરસકુ નેહલુ,[19] પ્રીઉ[20] તહ્મ ચીંતિ[21] ચીતારુ[22] રે.
લાલ૦ ૩૧

પાવસ આવી ઊનયુ, ઝિરિમરિ[23] વરસિ મેહો રે,
તે[24] માહિ[25] ચમકિ[26] બીજૂરી, જાગઇ દેષિ સનેહો રે. લાલ૦ ૩૨

પ્રીઉ પ્રીઉ[27] ચાતક બોલતાં[28] મોર ઝંકાર સુનાયો[29] રે,
કહૂં કહૂં[30] વિચિ કોકિલા બોલઇ શબદ સુહાવઇ[31] રે. લાલ૦ ૩૩

ઘનકારી[32] ઘટા અંબર[33] છાયુ, વરસે રસ ઘન ગાજિ રે,
સાંઝ સમઇ કોશા વેશ્યા, સવિ[34] શણગાર તે સાજિ રે. લાલ૦ ૩૪

રૂપ દેષિ સબ કોશ્યાકુ,[35] જાનુ કી અપચ્છર લાજિ રે,
સરગિ લોકિ છાની રહી, રતિ ઉપમા તસુ[36] છાજઇ[37] રે. લાલ૦ ૩૫

---

૧ સુગુરુ-વચનુ. ૨ તીન્યઉ. ૩ આપન. ૪ ઠામઇ. ૫ મુનિ. ૬ કર જોરે. ૭ ગુરુ-ચરણુહિં. ૮ નામઇ. ૯ તુહારુ. ૧૦ લહઉં. ૧૧ લગુ. ૧૨ તહાં. ૧૩ રહઉં. ૧૪ નિહરંતા. ૧૫ આ શબ્દ શ્રી. દેસાઈની પ્રતમાં નથી. ૧૬ તનુ. ૧૭ ધનુ. ૧૮ તુહ્મારઉ. ૧૯ નેહરઉ. ૨૦ પ્રીઉ. ૨૧ ચિત્ત. ૨૨ ચિતારઉ. ૨૩ રિમિઝિમિ. ૨૪ તા. ૨૫ મહિં. ૨૬ ચમકઇ. ૨૭ પિઉ પિઉ. ૨૮ બોલતઉ. ૨૯ સુનાવઉ. ૩૦ કુહુ કુહૂ. ૩૧ સુહાયો. ૩૨ કાલી. ૩૩ અંબરુ. ૩૪ આ અર્ધી પંક્તિનું પાઠાન્તર શ્રી. દેસાઈએ નીચે પ્રમાણે નોંધ્યું છે : ‘ તનિ સિંગાર સબ સાજે રે ’. ૩૫ કોશ્યાકો. ૩૬ તિસુ. ૩૭ છાજિ.

કેશ શ્યામ અતિ સોહતા, ગૂંથે ફૂલ અપારા રે,
શ્યામ રયણમાહિ[1] ચમકતા, યોતિ[2] સહિત તનુ[3] તારિ[4] રે.
લાલ૦ ૩૬

નિલવટિ સોભા દેષતાં, આઠમિ-સસિ યાણે[5] દીપઇ રે,
મુષ પૂનિમકુ ચંદ્રમા, ઉ કલંક નુ છીપઇ રે. લાલ૦ ૩૭
બેહૂ[6] અધર અમૃત ભરે, પ્રીતિ રંગ તનુ[7] રાતુ[8] રે,
દાડિમ[9] શરિષા દાંતલા, દેષી ચિત્તિ સુહાવઇ રે. લાલ૦ ૩૮
વિકસિત કમલનયન વનિ, કામબાણ અનિયા[10] રે,
ષાંચઇ ભમુહ[11] કમાન શું,[12] કામી મૃગ-મન મારિ[13] રે. લાલ૦ ૩૯
કાનહિ[14] કુંડલ ધારતી, જાનુ મદન કી જાલી રે,
સ્યામ[15] ભુયંગી[16] યૂં[17] વેણી, યૌવન[18] ધન રષવાલી રે.
લાલ૦ ૪૦

દોઊ[19] કુચ ઊપરિ કુંચકી,[20] જાનુ કી[21] ઉઠંભા દીઆ રે,
થંભ દોઊ ઉંચે વનઇં,[22] વાસ મદન તિહાં[23] લીઉ[24] રે. લાલ૦ ૪૧
કુચ ઊપરિ નવસર વણ્યુ,[25] મોતીહાર સોહાવઇ રે,
પરબત[26] તિં જન[27] ઊતરતી, ગંગ-નદી-જલ આવઇ રે. લાલ૦ ૪૨
રોમાવલિ રેષા વણી,[28] જાનુ કી દીસિ થંભો રે,
કુચભારિ નમસઇં કવઇ યાણિ,[29] કિ દીઉ ઉઠંભો[30] રે. લાલ૦ ૪૩

---

૧ રજનિમહિં. ૨ જોતિ. ૩ જનુ. ૪ તારી. ૫ જાણે; બીજું પાઠાન્તર : ' જનુ '. ૬ બિંબ. ૭ જનુ. ૮ રાતે. ૯ શ્રી. દેસાઈએ નોંધેલું આ પંક્તિનું પાઠાન્તર આ પ્રમાણે છે : ' દાડિમ બીજ દશન બને, દેખત ચિત્તિ સુહાતુ રે '. ૧૦ અણિયા. ૧૧ ભવાંહ. ૧૨ સ્યું. ૧૩ મારે. ૧૪ કાનહિં. ૧૫ સ્યામ. ૧૬ ભુજંગી. ૧૭ જિઉં. ૧૮ જોબન. ૧૯ દો. ૨૦ કંચુકી. ૨૧ કિ; આ શબ્દ પછી ' તંબૂ દીયો રે ' એવા શબ્દ ' ઉઠંભા દીઆ રે ' ને બદલે મળે છે. ૨૨ બને. ૨૩ તહં. ૨૪ લીઓ; બીજો પાઠ : ' લીયો '; ૨૫ બન્યો. ૨૬ પરવત. ૨૭ જનુ. ૨૮ બની. ૨૯ જાણિ. ૩૦ ઉઠંભો.

નાભિ ગંભીર સોભાવણી,[1] જાનુ કી[2] મદન-સરોવર રે,
કામીજન તૃસના મિટિ, દેષિત[3] રૂપ મનોહર રે. લાલ૦ ૪૪

કટિ-તટિ જીતુ મૃગરાજા, જાનું લીઉ[4] વનિ[5] વાસો રે,
રંભ-થંભ જસી વણી, ઉર-યુગલ[6] પ્રકાસો[7] રે, લાલ૦ ૪૫

કમલ-ચરણકી સોભા તિ, જાઇ છપિઉ[8] સિર[9] મોહી[10] રે,
રગત[11] સકોમલ[12] દેષી કિ, માનુ હમ હિ કો નાહિ રે. લાલ૦ ૪૬

કોશ્યા કર ગ્રહી આરસી, મૃગમદ-તિલક વણાવઇ[13] રે,
હાથે સાંકલી[14] એ જાનુ, કામિ કઇ[15] આણ મનાવઇ રે.
લાલ૦ ૪૭

નયનિહિં[16] કજ્જલ સારીઉ, યાને અંધેરુ [ઉ]જયાલો રે,
ચિત્ત[17] પરાંઇ[18] જો દુષ દેવઇ,[19]
તિન્હ મુષ કીજિ[20] કાલો રે. લાલ૦ ૪૮

સરિ[21] ઉઢી[22] તિણિ[23] ચૂનરી, કામધજા જનુ[24] લહકઇ રે,
ચૂઆ ચંદન કસ્તૂરી, અતિ સુવાસ મહમહકિ[25] રે. લાલ૦ ૪૯

મલપતિ ગજ-ગતિ-ગામિની, હંસ તણી પરિ ચાલઇ રે,
અવતરી યાણે[26] પદમની, સુર નરપતિ મનિ ટાલિ રે. લાલ૦ ૫૦

ઝણણિ ઝણણિ[27] કટિ-મેષલા, ચરણિ[28] નેઉર[29] સાજિ રે,
મદનરાય કે ઉવારણઇ,[30] જાણુ દમામાં વાજિ રે. લાલ૦ ૫૧

---

૧ સુંહાવની. ૨ કિ. ૩ દેખત. ૪ લીઓ. ૫ વન. ૬ ઊર-યુગલ. ૭ સુપ્રકાસો. ૮ છપિઉ. ૯ સર. ૧૦ માંહિ. ૧૧ રક્ત. ૧૨ સુકોમલ. ૧૩ બણાવઇ. ૧૪ સાંગ[ક]લાં. ૧૫ કામકી. ૧૬ શ્રી. દેસાઈએ નોંધેલા પાઠાન્તરમાં આ પંક્તિ આ પ્રમાણે છેઃ ‘ નયનિહિં કજ્જલ સારીયો, જનુ અંધારુ ઉજિયાલો.’ ૧૭ ચિત્તિ. ૧૮ પરાએ. ૧૯ દેઇ. ૨૦ કીજે. ૨૧ સિરિ. ૨૨ ઉટી. ૨૩ તિનિ. ૨૪ જમ. ૨૫ મહમહકે. ૨૬ જાનુ; બીજો પાઠઃ ‘ જાણે ’. ૨૭ ઝૂણણ ઝૂણણ. ૨૮ ચરણિહિં. ૨૯ નેવર. ૩૦ બારણે.

નવ સત સાજે કામિની, થૂલિભદ્ર પાસિ[1] આવઇ રે,
સખી સંગ મલી[2] કોશ્યા, પ્રીયશું પ્રીતિ જગાવઇ. રે. લાલ૦ ૫૨

નયન[3] કામ-રસ[4] લાવતી, બોલિ[5] બોલ રસાલા રે,
કાહે ન બોલુ[6] પ્રીય! મોશું,[7] તુહ્મ તુ[8] દીનદયાલા રે. લાલ૦ ૫૩

ઉહ[9] સનેહ બારહ[10] વરસી,[11] કાહે ન ચિત્તિ[12] વિચારુ[13] રે,
થૂલિભદ્ર પ્રીય[14]! મોશું, તુહિ કંગન ધારા રે. લાલ૦ ૫૪

એક અંગકઇ નેહરઇ, કછૂ[15] ન હોવઇ રંગો રે,
દીવા કે ચિત્તિમાંહે[16] નહીં, જલિ જલિ મરિ પતંગો રે. લાલ૦ ૫૫

રે મન! પ્રીતિ ન કીજીઇ કીજઇ, એકંગી કાહો[17] રે,
પાણીકે[18] મનહીં નહીં, મીન મરિ ષિણિ માહિઉ[19] રે. લાલ૦ ૫૬

એક અંગકુ નેહરુ, મૂરષિ મધુકરિ કીનુ રે,
કેતકીકે મનહીં નહીં, ભમર મરિ રસ-લીણુ રે. લાલ૦ ૫૭

પ્રીતિ એકંગી જઇ કીજિ, તુ સબ કિછૂ ન લૂહીઇ[20] રે,
હોઅ[21] ચકોર દ્રોષત રહઇ, ચાંદુ સુથિર ન રહાઇ[22] રે. લાલ૦ ૫૮

સૂર કમલકો સોસહી, કમલ સૂર-મુષ જોવિ રે,
એક અંગકઇ નેહરઇ, રંગ કિછૂ નહીં હોવઇ રે. લાલ૦ ૫૯

નેહ એકંગ ન કીજીઇ, જિઉ ચાતક ઘન-નીરો રે,
સારંગ પીઉ પીઉ મુષિ બોલિ, નેહ ન જાનઇ પીરો રે. લાલ૦ ૬૦

ચિત્તિ વિકાર દેષાવતી, હાવભાવ મુષિ બોલઇ રે,
નયણકી સાણ સવિ જાણતી, ઘૂંઘટકે પટ ઉલિ[23] રે. લાલ૦ ૬૧

૧ આહિ. ૨ મિલિ. ૩ નવ. ૪ નવ-રસ. ૫ બોલે. ૬ બોલહુ. ૭ મોરયું. ૮ તો. ૯ ઉહુ. ૧૦ બાર. ૧૧ વરસકો. ૧૨ ચિત્ત. ૧૩ ચિતારો. ૧૪ શ્રી. દેસાઈએ નોંધેલા પાઠાન્તરમાં 'પ્રીઅ' પછી 'તુમ્હ' શબ્દ આપેલો છે. ૧૫ કળ. ૧૬ ચિત્તહીં. ૧૭ કાહે. ૧૮ પાનીકે. ૧૯ માહે. ૨૦ લૂહીઇ; બીજો પાઠ 'હોઇ'. ૨૧ ઉહુ. ૨૨ રહોઇ. ૨૩ ઓલિ.

વીણા[1] પંગ[2] વજાવતી, કોશ્યા રંગિ[3] રાચિ રે,
તાલ મૃદંગ તિહાં વાજિ, નૃત્ય કરિ મન સાચિ રે. લાલ૦ ૬૨
રાગ છત્તીસ અલાવતી,[4] સિંગારી પદ ગાવિ[5] રે,
ચુસટ્ઠિ ગુણ જાણઇ કલા સવિ સંગીત સુણાવઇ રે. લાલ૦ ૬૩
ગીત નૃત્ય બહુ[6] તિણિ કીની,[7] કોશ્યા મનિ પછતાવિ રે,
થૂલિભદ્ર ડોલિ નહીં, ધર્મધ્યાનિ લઇ[8] લાઇ રે. લાલ૦ ૬૪
કોશ્યા તુ ઇમ બોલતી, ધન ધન તું મુનિરાયા રે,
નારી સંગ ન જુડરિઉ,[9] વંદુ તેરે પાયા રે. લાલ૦ ૬૫
નારી કુણ[10] ન ષંડીઆ, ભોજ મુંજ દસ-સીસો રે,
જે નારી વસિ નવિ પડ્યા, નિત[11] હૂં નામું સીસો રે. લાલ૦ ૬૬
કાન્હ પડયું[12] વસિ[13] કામકઇ, કામ,[14] વિગોયુ[15] ઈસો[16] રે,
પારબતી[17] આગલિ નાચ્યુ, ભરતકલા નિસિદીસો રે. લાલ૦ ૬૭
સુરપતિ કામિ વિટંબીઉ, આઇ આહિલ્યા રામઈ રે,
વિશ્વામિત્ર પારાસર[18] તાપસ[19] પડીઆ કામઇં રે. લાલ૦ ૬૮
નંદિષેણ મુનિ તે નમ્યુ,[20] કામિહિં આર્દ્રકુમારો રે,
જિણિ[21] રહનેમિ ડોલઈઉ,[22] બોલે કામવિકારો રે. લાલ૦ ૬૯
કામ સુભટ જિણિ જીતીઉ,[23] તે ધન્ન ધન્ન વષાણું રે,
યે નર કામ ન વસિ કીઉ,[24] થૂલિભદ્ર સો જાણો રે. લાલ૦ ૭૦
મન વચન કાયા ભાવશું, થૂલિભદ્ર ગુન ગાવિ રે,
ચરમ વિઘાત જે કો કીઉ[25] સા અપરાધ ષમાવઇ રે. લાલ૦ ૭૧

---

૧ વીણ. ૨ ઉપંગ. ૩ રંગહિં. ૪ આલાપતી. ૫ ગાવિ. ૬ વહુ તે. ૭ કીને. ૮ લીઉ. ૯ જોતર્યો. ૧૦ કો. ૧૧ તિન્હ. ૧૨ પર્યો. ૧૩ વશ. ૧૪ કામે. ૧૫ વિગોયો. ૧૬ ઇશા. ૧૭ પારવતી. ૧૮ પારાશરુ. ૧૯ ટારે. ૨૦ ખડહર્યો. ૨૧ જિનિ. ૨૨. ડુળાઇયો. ૨૩ જીતીઓ. ૨૪ કીઓ. ૨૫ કીઓ.

થૂલિભદ્ર મુનિ ઉપદેસ્યુ, દેસ-વિરતિ તિણિ લીણી રે,
જિન લિષમીકે નંદના, વેશ્યા શ્રાવિકા કીની રે. લાલ૦ ૭૨

ચુમાસું પૂરું કરી, જાઇ સગુરુ-પદ વંદિ રે,
દુઃષ્કર દુઃષ્કર તવ કીઉ,[1] સાહ્મા સાહ્મા ઊઠી આણંદિ રે. લાલ૦ ૭૩

ત્રિહૂં[2] સાધુ મચ્છર કીનુ, તે ત્રણિહ મતિ-મૂઢા રે,
સીહ ગુફા જુ મનિ રહિઉ[3] ક્રોધ ધરિ ચિત્તિ કૂડા રે. લાલ૦ ૭૪

તિનઇ મુનિ સહિગુરુ પૂછીઉ, જઇ તુહ્મ આયસ પાઉ રે,
કોશા વેશ્યાકઇ ઘરે, હું ચુમાસું ઠાવું રે. લાલ૦ ૭૫

શ્રુતજ્ઞાની ગુરુ ઇમ કહિ થૂલિભદ્ર સમ હોવઇ રે,
સો કોશાકે દારિ રહઇ, જુ નિજ સીલ ન ષોવઇ રે. લાલ૦ ૭૬

સો મુનિ ગજપતિ વરજતાં, કોશાકિ ઘરિ પાસઇ રે,
કરું પરીક્ષા એહરી, વેશ્યા ચિત્તી વિમાસઇ રે. લાલ૦ ૭૭

કરિ શણગાર સંધ્યા સમઇ, જુ મુનિ પાસઇ આઈ રે,
દેષત હા ચિત્ત લાઇઉ,[4] સુદ્ધિ રહી નહીં કાંઈ રે. લાલ૦ ૭૮

કોશા કહિ ન માનીઇ, ધન વિણુ ઇહાં કોઈ રે,
ધરમલાભ કહીઈ નાહીં, અરથ-લાભ ઇહાં હોઈ રે. લાલ૦ ૭૯

ચુમાસઇ વિષયા-વસઈ, દેસ ગયુ નેપાલિ રે,
રતનકંબલ આણ્યુ તિણિ, કોશા ચીષલિ ઘાલિ રે. લાલ૦ ૮૦

શીલ-રતન-કંબલ ષોયું, તિં મતિમૂઢ અયાંણા રે,
હોડ ન કીજિ પારકી, થૂલિભદ્ર શું માના રે. લાલ૦ ૮૧

આટ્ટિ તરંતિ દેષંતિ, કાગ રતન કહૂં ધાયા રે,
હોડ પરાઈ જે કરિ, તલિ શર ઊપરિ પાયા રે. લાલ૦ ૮૨

સીષ દેઈ પ્રતિબૂઝવ્યુ, સો મુનિવઇ ગુરુ પાસઇ રે,
આલોઅણુ તપૂ તિણિ લીઉ, રહિઉ સગુ તુસિ ષાસઇ રે. લાલ૦ ૮૩

---

૧ કીઓ. ૨ ત્રિહૂ. ૩ રહિઓ. ૪ લાઈઓ.

એક દિવસ કોશા ઘરે, રાજ-સારથી આયુ રે,
આંબ ઊતારઉ બાણુ શું, ગુણુ આપણું દિષાડયુ રે. લાલ૦ ૮૪

કોશા માન ઊતારતી, સૂઈ ઊપરિ નાચિ રે,
બોલિ બોલ સુભામિની, કવણુ કલા ઇન રાચિ રે. લાલ૦ ૮૫

કલા વડી[1] થૂલિભદ્રકી, જિનિ નિજ સીલ ન ષંડિઉ રે,
નારી સંગતિમાહિ વસ્યુ, ભૂમંડલિ જસુ મંડિઉ રે. લાલ૦ ૮૬

અગનિ જિહાં નેડી બલઇ, ઘૃત તિહાંકું દીજિ રે,
એહુક ઘન વૂઠઉ કિણિ, થૂલિભદ્ર વિનુ કીજિ રે. લાલ૦ ૮૭

ઇશુ વચન કહિ સારથી, ચિત્તિ વિરાગી કીઉ રે,
થૂલિભદ્ર ગુણુ ચીંતવતુ વઇરાગઇ ચારિત લીનુ રે. લાલ૦ ૮૮

બાર વરસ કુશમિ સમઈ, સવિ મિલી સંઘ વિમાસઇ રે,
સુષ નિરવાહ આજીવિકા, ગયા સમુદ્રતટ પાસઇ રે. લાલ૦ ૮૯

જુ સુભક્ષ હૂઉ તવઇ, સંઘ પાટલપૂરિ આવઇ રે,
અંગ ઇગ્યારહ મેલીઆ, કહી કહી તઇં પાયા રે. લાલ૦ ૯૦

થૂલિભદ્ર દેવઇ કઇ સવિ મિલી સંઘ વિમાસઇં રે,
પૂરવ પઢિવા મોકલિઉ, ભદ્રબાહૂ ગુરૂ પાસઇ રે. લાલ૦ ૯૧

દસ પૂરવ શ્રુત જુ શુણ્યા, સાત બહિનિ આણંદે રે,
દીષ લેઇ[2] તે વહિરતાં ભદ્રબાહૂ ગુરુ વંદિ રે. લાલ૦ ૯૨

થૂલિભદ્ર મનિ ચીંતવી, સિંહરૂપ ધરી બિઠઉ રે,
ગુરુવચનિ જાઈ વંદીઉ, એહૂ અચિંતમ દીઠઉ રે. લાલ૦ ૯૩

જકખા બહિનિ મહાસતી, બોલિ બોલ સુહાતા રે,
૬ વિરહુ. ૭ વસંતિઇં. ૮ આગલુ; આ શબ્દ પહેલાં મુખ્ય પાઠમાં મળતો 'સો' ઓળિયામાં નથી. ૯ ફાગણુ. ૧૦ તણુઇ, આ શબ્દ પછી ઓળિયામાં 'મિસિઇં' શબ્દ મળે છે. સ્વ. દેસાઈની નકલમાં 'તરુસિ ' એવો અશુદ્ધ પાઠ મળે છે. ૧૧ ગાઇ. ૧૨ કરુ. ૧૩ રસીઆ. ૧૪ ઘણૂં. ૧૫ આ કડી પછી ઓળિયામાં નીચે પ્રમાણેનો અશુદ્ધ સંસ્કૃત શ્લોક છે:

श्लोक

पश्य पश्य [म]म लिंगारिथतं दक्षणाय चितियो मंडलं ।
मंधमंमुं परिधाय कुंचकी दहि दहे मम मैथुन प्र[प्रि]ये ॥

૧૬ ઓળિયામાં પુષ્પિકા આ પ્રમાણે છે:

॥ ઇતિ વિરહ દેસાઉરી ફાગુ સમાપ્તૂ ॥

અમરરત્નસૂરિ ફાગુ

(વિક્રમના સોળમા શતકનો પૂર્વાર્ધ)

અહે કેવલકમલાં રાજએ, છાજએ જગતદિણિંદ,
અહે નીલવર્ણ રલીઆમણુ સુહામણુ પાસ જિણિંદ. ૧

પણમીય તાસુ પ્રભાવિહિં ભાવિહિં ગુણ ગાએસુ,
શ્રીઅમરરત્નસૂરિરાજા તાજા જઈ વાંદેસુ. ૨

અહે શ્રી-શ્રીમાલ વખાણુઉં, જાણુઉં જ્ઞાતિસિણગાર,
તહુણા સાહુ આનંદન નંદન લક્ષણસાર. ૩

મરગદિ માનસ કર્મિણિ ધર્મિમણિ સત્ત્વ અપાર,
જીણિ લિવરાવિઉ ચારિત્ર પાવિત્ર છૂંછ કુમાર. ૪

વિનયકીર્ત્તિ અભિરામિહિં નાંમિહિં જાણુઉ એઉ,
ગ્રંથ અનેક વખાણુએ, જાણુએ અગમભેઉ. ૫

શ્રીહેમરત્નસૂરિ તૂઠા, વુઠા અમીરસધાર,
સુંઈ હથિ સૂરિમંત્ર આપિઉં, થાપિઉં ગચ્છઆચાર. ૬

તતક્ષણિં મન-આણંદિહિં છંદિહિં પુહતા સંઘ,
નયર સહૂ પાલઇ ઉત્સવ, અભિનવ વર્ત્યા રંગ. ૭

શ્રીઅમરરત્નસૂરિગુરુ ગરૂઆ, સરૂઆ જાસુ ઉવએસુ,
પનર તેરોતરઇ બૂઝવઈં, રંજવઇં દેસવિદેસ. ૮

ચાલઈં ભૂમિ નિહાલતા, પાલતા પંચાચાર,
તપિ ઊતારી ઉઅચટ, ચઉપટ જીણિ હણિઉ માર. ૯

તસુ મિત્ર વાહરઈં ધાયઉ, આયઉ માસ વસંત,
વનિ વનિ વનસ્પતી ગહગહઇં, મહમહઇં મઉર લગંત. ૧૦

તીણિ વેલાં રસિ રાચઇં, સાચઇં રમણિ રમંતિ,
વસ્ત્રાભરણ સિણગારિહિં ભારિહિં તનુ ત્રહકંતિ. ૧૧

અહે લલના લલકઇં લહરઇં, પહિરઇં જાદર ચીર,
ઝલહલઇં હાર નગોદર, સહોદર મન્મથ વીર. ૧૨

તીહં કરિ કંકણ ખલકઇં, ઝલકઇં ઝામર માટિ,
પાએ નેઉર ઝમઝમઇં, ઘમઘમઇં ઘૂઘરી ઘાટિ. ૧૩

ઝીલઇં એકિ ખડોખલી મોકલી અહવિ ખંડ,
હીંચઇં હેજિ હીંચોલે, કચોલિ ધરઇં સિરિખંડ. ૧૪

મયણરાય હવ વિસ્તરિઉ, ગહગહિઉ કરઇં કલ્લોલ,
પ્રીઅ વિરહઇં દેસંતરી, સુંદરી મનિ ચકડોલ. ૧૫

સંપત્તિ કારણિ જિણવર મુણિવર મનિ આણંતિ,
શ્રીઅમરરત્નસૂરિ પ્રસંગિહિં રંગિહિં ગુણ ગાયંતિ. ૧૬

ફાગુણ ફાગ સીંદૂરિહિં પૂરિહિં સર વરિ સાર,
ભગતિહિં સુગુરુ મલ્હાવઉં, ફાવઉં જિમ સવિ વાર. ૧૭

શ્રીઅમરરત્નસૂરિ મનોહર સુહગુરુ બાલકૂંઆર,
સ્તવતાં ભવિઅણ, અમ્હ ઘરિ, તમ્હ ઘરિ જયજયકાર. ૧૮

॥ ઇતિ શ્રીઅમરરત્નસૂરિગુરુ ફાગુ ॥ છ ॥

જયશેખરસૂરિકૃત
દ્વિતીય નેમિનાથ ફાગુ

(સં. ૧૪૬૦ આસપાસ)

પણમિય શિવગતિગામીય, સામીય સવિ અરિહંત,
સુરનરનાહનમંસિય, દંસિયસયલદુહંત. ૧
ગાઇસુ મણ અણુરાગિહિં ફાગિહિં નેમિકુમાર,
જિણિ જગિ સયલ વિદીતઉ, જીતઉ ભુજબલિ મારુ. ૨
બારમઈ વર નયરિય, વઇરિય વારણ સાર,
કંચણમણિમય સુંદર મંદિર પોલિ પગાર. ૩
મણવંછિયસુરપાયવ, જાયવકુલનહચંદુ,
તહિં અરિદલબલુ ટાલઇ, પાલઇ રાજ મુકુંદુ. ૪
બંધવ તાસુ સભાવિહિં ભાવિહિં ભવહ વિરત્તુ,
નેમીસરુ સિરિકુલહર, જલહરસામલગત્ત. ૫
સંખ પૂરિ જગુ બહિરિઅ, હરિઉ નાદિહિં મેહુ,
જિણિ ભુયદંડિ પયંડિહિં કિઉ કેસવબલછેહુ. ૬
સમુદવિજય-સિવઅંગજુ, અંગિ જુ દસધણુમાણુ,
બીજઇ નારી નામિહિં, કામિહિં અમલિયમાણુ. ૭
રંભ સમાણિય રાણિય સરિસઉ દેવ મુરારિ,
પરિણય કાજિ મનાવઇ, નાવઇ નેમિ વિચારિ. ૮
વિહસિય રતિપતિ ઋતુપતિ તઉ અવતરિઉ વસંત,
ભુવણપરાજય સંમુહુ વમ્મહુ ચલિઉ હસંતુ. ૯
રાગ વસંતહ અવસરુ નવસરુ જાણિય ગાઇ,
ફલિ દલિ કુસુમિહિં સોહઇ, મોહઇ મનુ વનરાઇ. ૧૦

કેલિજલિ કમલિણિ લહકઇ, બહકઇ મલયસમીરુ,
વાણિ મૂ મધુરિમ દાખઇં, ભાષઇં કોમલ કીરુ. ૧૧
કોઇલ કેલિ નિહાલિય બાલિય મેલ્હઇ માનુ,
ભમઇ સુ ભમરઉ રુણિઝણિ રુણિઝુણિ ઝુણિહિ સગાનુ. ૧૨
દીસઇં વિહસઇય તરુવર, સરવર કમલ સુગંધ,
પીજઇં સસિકર નયણિહિં, રયણિહિં મયણ સુબંધુ. ૧૩
ઉત્તરચારિઉ દિણયરુ, કણયર કુસુમિ વિકાસુ,
ચંપકુ ચમકઇં ચારિમ, દાડિમફલિ અહિલાસુ. ૧૪
ગોરિય સંગિહિં હરિસિય વિહસિય, હસિય અશોક,
પેખિય જિમ પરિપંથિય પંથિય પંથિ સશોક. ૧૫
કિંસુઉ કાનિ વિહસઇં, દીસઇં જેમ હુયાસુ,
જો તરણી વિણુ સકિઉ ઝલકિઉ એઉ હયાસુ. ૧૬
દસ દિસિ વાસઇ સુવિમલિ પરિમલિ વઉલુ વિસાલુ,
વેઉલુ વાસિહિં વિલસઇ, અલિસય સેવિય-સાલ. ૧૭
કુસુમઇં મેલ્હિય કેતકિ, કૌતુકિ વિલસઇં ભૃંગ,
વાસંતિય અતિ સુરહિય, વિરહિય હિયઇ વિરંગ. ૧૮
દેખિય મધુરસપિંજરિ મંજરિ વર સહકારિ,
બોલઇં પંચમ રાગિહિં રાગિહિં કોઇલ નારિ. ૧૯
દમણઉ મરુયઉ તરુણિય કરુણિય ગંધનિવેસ,
જા વિહસઇં, વર સાલઇ, માલઇ વંચિય એસ. ૨૦
વિરહિણિજનમનુ કાંપઇ, ચાંપઇ ભુવણુ અણંગુ,
બહલિય મહલિય કેલિહિં, કેલિહિં કામિય રંગુ. ૨૧
નિય નિય કંતિહિં સરસિય સરસિય ખેલઇં નારિ,
ગાઇં મધુર નિનાદિહિં, વાદિહિં છાંડઇં વારિ. ૨૨
દાહિણ પવનિહિં માચઇં, રાચઇં નારી કંતિ,
ઊગટણઉં મન નંદનિ ચંદનિ કરઇં વસંતિ. ૨૩

વિલસઇં નવ નવ ભંગિહિં રંગિહિં યાદવ લોક,
લાછિલતાં ફલુ લીજઇં, કીજઇં યૌવનિ રોક. ૨૪

ભાસ–અવર દિવસિ ખડ્ડોખલિય ખેલઇ તિહુયણુનાહો,
માઇંતાઇં બંધવિ બલિહિં મન્નાવિઉ વીવાહો. ૨૫

અહે બારમઈ નયરીય લોય હુય હરિસ-રમાઉલ,
રાઉલિ દેઉલિ હાવિભાવિ તઉ નાચઇ પાઉલ,
બહુલિય છાડઇ ઠામિ ઠામિ વર વંદનમાલા,
ઘરિ ઘરિ ખેલઇ રાસ ભાસ લલવલતી બાલા. ૨૬

કેસવિ માગિય ઉગ્રસેનધુય રાજલ નામિહિં,
સહજિઇં સારુ સરીરુ જાસુ સંપૂરિઉ કામિહિં,
સિરુ વરિ વિઉલ વિસાલ વેણિ સુલલિય સુકુમાલ,
લાડિય લુહુડિય અદ્ધચંદ સમ લડહ નિડાલ. ૨૭

સોહઇ કાંનિ કપોલ કંતિ લોયણિ અણિયાલે,
સરલઉ નાસાવંસુ, હોઠ વિહિ વિહિય પ્રવાલે,
વલ્લઇ વીણા વેણુ વંસુ સમુ કંઠિ નિનાદો,
પીણ પઓહરજુયલુ કરઇં કરિકુંભ વિવાદો. ૨૮

ભાસ–રાજલદેવિય ભુયજુયલો નલિણનાલ સુકુમાલુ,
અરુણુ સુરેહઇ પાણિતલો, નાઇ અશોક પ્રવાલુ. ૨૯

તિવલિય સુલલિઉ ઉયરદેસુ, પુણ નાહિ સલૂણિય,
દેખિય વિઉલુ નિયંબબિંબુ, શિરુ કવણુ મ ધૂણિઉ,
કરિવર શૂંડાદંડ સરિસ ઊરૂય સચ્છાયા,
કમલ સુકોમલ સરલ તરલ અંગુલિ જસુ પાયા. ૩૦

રહિય સરૂપારંભિ રંભ રતિ રતિ મેલ્હાવિય,
જિણુ સોહાગિં ગમારિ ગઉર ગારિવઉ ગલાવિઉ,
રૂપિ નિરૂપમ સહજિ કુમરિ યૌવનિ ગહગહએ,
ચંપકકુસુમ સહી વિસારુ, પરિમલિ મહમહએ. ૩૧

અહ સાવણુ સિય છટ્ઠિ ચલિઉ પહુ મોહિ અમોહિઉ,
ગિરિવર ગુરયઇ ગડયડંતિ ગયવરિ આરોહિઉ,
ભંભા ભેરી પમુહ તૂર રવિ ગયણુ બમાલઇં,
ચાલિય યાદવ તણિય કોડિ સીકિરિય ઝમાલઇં. ૩૨

ભાસ–ઊતારઇં વર બહિનડિય સાવ સંલૂણિય લૂણુ,
ગેલિહિં ગાયઇં ગોરડિય મંગલ દોસવિહૂણુ. ૩૩

તાર તુષાર તરંગ તરલ તેજિય ટંપાવઇં,
યાદવ ભૂષિત કુંભભારિ ભૂતલુ કંપાવઇં,
મેઘાડંબરુ ધરઇ છત્તુ સુર ચામર ઢાલઇં,
સિરિ સુરચંપકખૂંપ મઉડ, મોતીસરિ સાલઇં. ૩૪

કુંડલ કેઉર હારુ ચારુ ચંદણિ અણુલિત્તઉ,
.... *
નાહી રાજલ જલ સુગંધિ, સિણગારુ કરેઇં,
સેત પટોલી કિસિમિસંત પહિલઉં પહિરેઇં. ૩૫

સિરુ કસ્તૂરિય ભરિઉ, ભાલતલિ ટીલી દીપઇ,
ચલકઇ કૂંડલઉ ત........................
જિનવરુ નરવર ઉગ્રસેન ઘરતોરણિ પત્તઉ,

.... ૩૬
..............ણુઇં કાનિ રવિમંડલુ જીપઇં,

....
મણિમય કંઠિય કંઠ પીઉ ઉરિ મોતિય હારો,
બિહુ કરિ ખલકઇં કણયચૂડ કંકણ સિણગારો. ૩૭

---

* મૂલ હસ્તપ્રતમાં કડી ૩૫, ૩૬ અને ૩૭ ત્રૂટિત અને અવ્યવસ્થિત છે. કડી ૩૫નું બીજું ચરણ પડી ગયું છે, કડી ૩૬ના બીજા ચરણનો ઉત્તરાર્ધ અને ચોથું ચરણ નથી, ૩૭મી કડીના પહેલા ચરણનો પૂર્વાર્ધ અને આખું યે બીજું ચરણ નથી. ખૂટતા અંશો ઉમેરવા માટેનાં સૂચક ચિહ્ન હસ્તપ્રતમાં છે, પણ હાંસિયામાં ક્યાંય એ ખૂટતા અંશો લખેલા નથી.

ભાસ–કડિ મણિમેહલ કિંકિણુય, રુણિઝુણિ ઝણિહિ ઝમાલ,
રિમિઝિમિ કરતી નેઉરિય પગિ પિહરઇ સા બાલ. ૩૮

તઉ સખિ બોલઇ, રાઇમતિ [તુ]હ પ્રિયતમુ આવઇ,
સામલ સરસ સરીરુ, રૂપિ રતિરમણુ નમાવઇ,
તરુણિમ લવણિમ સહિ સહુય તુહ સારઉં જાણઉં,
અમ્મિય અમિય સમાણુ આજુ દિન બહિનિ વખાણઉં. ૩૯

જિમ જિમ સામિય નેમિ નામુ, રાજલ નિસુણેઈ,
આઠ ભવંતરિ નેહિ હિયઉં તિમ તિમ વિહસેઈ,
સીપ સમાણે નયણિ નાહુ મુહકમલુ નિહાલઇ,
મોહ મહીપતિ આણ સબલ સા બાલિય પાલઇ. ૪૦

અહ પહુ પિકખઇ વાડમાહિ સસ સૂયર બંધિય,
પૂછઇ પુણુ પઉંતાર પાસિ, ગજગમણુ નિરુંધિય,
વિલવઇં એવડ જીવ કાઇં, સો કહઇ જુહારી,
એ સવિ હોસ્યઇ તુમ્હ વિવાહ ગઉરવિ ઉપકારી. ૪૧

ભાસ–તઉ મેલ્હાવઇ જીવ સવે, દેઇય અભયપયાણુ,
ભવહ વિરત્તઉ ચીંતવએ, સામી સહજિ સુજાણુ. ૪૨

હા હા નિય જિય કાજિ જીવ જિય સહસ વિણાસઇં,
સુરતરુ સરસુ વિસુદ્ધ ધમ્મ વિસયંધ ન પાસઇ,
યુવતી યૌવન દેહુ ગેહુ પરિવાર અસારો,
કીજઇં તિમ તીહં કાજિ અવર જીવહં સંહારો. ૪૩

ધિગ ધિગ વિષયવિકારવાસિ કિમ જગુ ધૂતારિઉ,
ભૂરિ ભવંતરિ ફેરિ ફિરઇ ઇમ હિયઇ વિચારિઉ,
ગજ રથ રંગ તુરંગ રમણિ રસ વિસયવિરત્તઉ,
મયગલુ પિલ્લિય ચલિઉ નેમિ શિવરમણીરત્તઉ, ૪૪

ભાસ–તઉ મન્નાવઇં સિવિ મિલિય યાદવ નેમિકુમારુ,
નેમિ ન માનઇ માનિ રલિય લેવી સંયમભારુ. ૪૫

પેખિય વલ્લહુ ચલિઉ સોકિ સંકલિય રડેઈ,
નેહગહિલ્લિય રાઇમએ ભૂપીઠિ પડેઈ,
કેસપાસુ કરિ મોકલઉ સિરુ ઉરુ તાડેઈ,
ભાંભરભોલીય દલિય હારુ હા-રવ પયડેઈ. ૪૬

મૂંકી જીવતિય આજુ પ્રિય જાઇ કિહાંઇ,
નયણુ પસારિય રહિય કાજુ કાજલુ ગિઉં ચ્યાઇ,
સામી માન્યા વચન, છેહુ સહિ કાંઇ દિખાડઇ,
અહવા વરસાલઇ વિવાહુ કિમ ચડઇ સિરાડઇ. ૪૭

અગણિય રાજલવયણુ દાણુ સંવત્સર દેઈ,
રેવય ગિરિવરિ સામિસાલુ સંજમસિરિ લેઈ,
ચઉપન દિણિ અકલંક વિમલ કેવલસિરિ પામિય,
ઘણુઇ કાલિ રાઇમઇ સરિસુ સિવિ પત્તઉ સામિઉ. ૪૮

નવજુવ્વણભરિ સીલ સબલુ સોહાગિહિ સારો,
મણવંચ્છિય ફલદેઉ દેઉ સિવિદેવિ મલ્હારો,
સિરિમહિંદમપ્પહસૂરસીસિ જયસેહરિ કીજઇ,
ફાગુ એઉ ભવિયણિ વસંતઋતુ રસિહિં રમીજઇ. ૪૯

ઇતિ શ્રીજયશેખરસૂરિકૃતા શ્રીનેમિનાથસ્ય ફાગુબંધેન સ્તુતિઃ ॥છ॥

શબ્દકોશ *

શબ્દના અર્થની પછી નોંધેલા અંકો અનુક્રમે આ સંગ્રહમાંનો કાવ્યાંક તથા એમાંની કડી સૂચવે છે. ઉદાહરણ તરીકે, **અણુરત્તઉ** શબ્દ પછી ૨–૩ એ પ્રમાણે અંકનિર્દેશ છે. અર્થાત્ એ શબ્દ બીજા કાવ્યમાં (એટલે કે રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ'માં) ૩જી કડીમાં છે.

સંક્ષેપસૂચિ નીચે મુજબ છે :

અ.	અવ્યય
અ. ક્રિ.	અકર્મક ક્રિયાપદ
અ. ગુજ.	અર્વાચીન ગુજરાતી
અપ.	અપભ્રંશ
અર.	અરબી
ક.	કન્નડ
કાઠિ.	કાઠિયાવાડી બોલી
ક્રિ. વિ.	ક્રિયાવિશેષણ
ગુજ.	ગુજરાતી
ગ્રા. ગુજ.	ગ્રામ્ય ગુજરાતી
જૂ. ગુજ.	જૂની ગુજરાતી
દે.	દેશ્ય
ન.	નપુંસક લિંગ
પં.	પંજાબી
પા.	પાલિ
પું.	પુંલિંગ
પ્રા.	પ્રાકૃત
ફા.	ફારસી
બં.	બંગાળી

* આ ગ્રંથમાલાના પહેલા બે ગ્રન્થોના શબ્દકોશના અનુસંધાનમાં આ કોશ જોવા વિનંતી છે.

ભૂ. કૃ.	ભૂત કૃદંત
મ.	મરાઠી
મા.	માગધી
માર.	મારવાડી
વિ.	વિશેષણ
સ.	સર્વનામ
સ. ક્રિ.	સકર્મક ક્રિયાપદ
સં.	સંસ્કૃત
સ્ત્રી.	સ્ત્રીલિંગ
હિ.	હિન્દી

અકહ વિ. 'અકથ્ય, અવર્ણનીય.' ૧૪-૭૮ [सं. अकथ> प्रा. अकह]

અકારિમ વિ. 'અકૃત્રિમ, સ્વાભાવિક.' ૭-૧૯ [सं. अ + कार्मिक ?]

અગાલ પું. 'અયોગ્ય સમય, કવખત.' **અગાલિ** ૩૬-૧૧ [सं. अकाल]

અચરિજ ન. 'અચરજ, આશ્ચર્ય.' ૨૯-૮૩ [आश्चर्य > प्रा. अचरिज] જુઓ **અચિરત.**

અચિરત ન. 'અચરત, આશ્ચર્ય,' ૧૯-૬૯ [सं. आश्चर्य > प्रा. अचरिज > अचिरज] જુઓ **અચરિજ.**

અછરાયણ ન. 'નૃત્ય'. ૧૮-૩૬ सं. अप्सरायन ?]

અટાલિ સ્ત્રી. 'અટારી, છજું.' **અટાલિહિં** ૨-૧૭ [सं. अट्टाली]

અડાગર ન. 'નાગરવેલનાં પાનનો એક પ્રકાર.' ૨૨-૪૫ ['અડાગર પાન'નો ઉલ્લેખ જૂના સાહિત્યમાં અન્યત્ર પણ મળે છે: 'બીડઉં પત્ર **અડાગર** તણઉં, પરિમલ કરઇ સુગંધઇ ઘણઉં'—'અંબડ વિદ્યાધર રાસ' (સં. ૧૬૩૯), આદેશ ૩, કડી ૧૦૩; 'બીડાં દીધ **અડાગર** તણાં, વાસવદત્તાઇ ફૂલ ઘણાં'—એ જ, આદેશ ૬, કડી ૨૧૬; 'પાન **અડાગર** કાથો નઇ ચૂનો...એણઇ ઇંધાણઇ તંબોલીવાડો'—'વર્ણબત્રીસી,' કડી ૧૯]

અણમણઉ વિ. 'ઉદાસ' ૨૯-૯ [सं. अन + मनस्]

અણરસ વિ. અરસિક.' ૩૬-૨ [सं. अन + रस]

અણવટ પું. 'સ્ત્રીના પગના અંગુઠાનું એક ઘરેણું.' **અણવટઇ** ૨૨-૨૮.

અણુરત્તઉ વિ. 'આસક્ત.' ૨-૩ [सं. अनुरक्त]

અદ્દભુદ વિ. 'આશ્ચર્યજનક.' ૧૨-૧૦ [सं. अद्भुत]

અનુ અ. 'અને' ૧-૧ [सं. अन्यत् > प्रा. अण्णं >अप. अनु.]

અભિગ્ગહ પું. [સ.] 'પ્રતિજ્ઞા, ધાર્મિક નિયમ.' ૧-૩. આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.

અભિષ વિ. 'નહિ ખાવા જેવું, અભક્ષ્ય.' ૩૦-૩૦૦ [सं. अभक्ष्य > प्रा. अभक्ख]

અમરી સ્ત્રી. 'દેવાંગના.' ૩૨-૬ [सं. 'अमर' નું स्त्रीलिंग]

અમિય ન. 'અમી, અમૃત.' ૧-૧૨. सं. अमृत > प्रा. अमिअ]

અમીસારણી સ્ત્રી. 'અમૃતનો પ્રવાહ.' ૧૪-૨. [गुज. अमी < प्रा. अमिअ < सं. अमृत + सारणी]

અરઘલ વિ. 'પુષ્કળ.' ૨૨-૫૨. સર૦ જૂની ગુજ, 'પરિઘલ,' 'પરઘલ' = પુષ્કળ.

અર્વસી સ્ત્રી. 'ઉર્વશી, એક અપ્સરા.' ૨૨-૨૧ [सं. उर्वशी]

અલતઉ પું. 'અળતો, સ્ત્રીઓના પ્રસાધનમાં વપરાતો લાલ રંગ.' ૪-૪૭ [હાથપગ રંગવામાં અળતો વપરાતો એ પ્રસિદ્ધ છે, પણ પ્રસ્તુત અવતરણમાં અળતાથી હોઠ રંગવાનો ઉલ્લેખ છે. सं अरक्तकः > अलक्तकः > प्रा. अलत्तउ] જુઓ **આલતઉ.**

અલવેસર વિ. 'સુન્દર, અલબેલો.' ૧૮-૧૪, ૩૨-૪, ૩૨-૪૬, ૩૪-૫૧. [અલવ + ઈશ્વર = અલવેશ્વર, અલવેસર. આ વિષે ચર્ચા માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **અલવેસર.**]

અલીઅલ પું. 'ભમરો.' **અલીઅલિ** ૧૨-૨ [सं. अलिकुल > प्रा. अलिउल].

અવજ્ઝા સ્ત્રી. 'એ નામનું નગર, અયોધ્યા.' ૧૦-૨ [सं. अयोध्या]

અવલ વિ. 'મુખ્ય.' ૩૨-૩૫ [અર. અવ્વલ].

અવસર પું. [સં.] 'સમારંભ, સભા.' **અવસરિ** ૬-૨૭. ['દિવાને આમ' જેવી રાજસભા માટે ગુજરાતના સંસ્કૃત પ્રબંધોમાં 'સર્વાવસર' શબ્દનો પ્રયોગ છે. જુઓ 'પ્રબન્ધચિન્તામણિ' (સં, ૧૩૬૧)નો શ્રી.

દુર્ગાશંકર શાસ્ત્રીનો ગુજ. અનુવાદ, પૃ. ૯ અને ૬૮. ઈ. સ.ની ૧૪મી સદીમાં જૂની મૈથિલી ભાષામાં રચાયેલ જ્યોતિરીશ્વરકૃત 'वर्णरत्नाकर' (પૃ. ૩૫)માં પણ 'રાજા કા સર્વાવસર'નો નિર્દેશ છે.]

અસરાલ વિ. 'મોટું.' ૩૪-૧૮. [પ્રાચીન હિન્દી સાહિત્યમાં આ શબ્દનો પ્રયોગ જોવામાં આવે છે. જેસલમેરના ગ્રંથભંડારમાંના એક હસ્તલિખિત ગુટકામાં સંકેતસ્થાને જતી યુવતીના વર્ણનમાં "સોલહી વનાય સ્યામા, કામ કી કરાલ કામા, બિરહ ધકારી તામા બની **અસરાલ** સી." એ પદ્યમાં પ્રસ્તુત શબ્દ છે. સૂરદાસમાં એનું 'અસરાર' રૂપ મળે છે— "કરુણા કરે યશોદા માતા, નૈનન નીર બહૈ **અસરાર.**" ગ્રા. ગુજ.માં 'મોટું, પુષ્કળ' એ અર્થમાં 'અજરાલ' શબ્દ છે, જે 'અસરાલ'નું સ્વરૂપાન્તર જણાય છે. અર૦ 'ઇજાઇલ' ઉપરથી એ સંભવે છે.]

અહ અ. 'હવે'. ૧-૨, ૨-૨, ૨-૮, ૫-૨, ઇત્યાદિ [સં. अथ]. ફાગુકાવ્યોમાં કડીના પ્રારંભમાં ઘણી વાર 'અહ' કે 'અહે' આવે છે. જુઓ **અહે.**

અહર પું. 'હોઠ.' ૨-૯ [સં. अधर] જુઓ **અહિરુ**

અહવ અ. 'અથવા.' ૪-૩૨ [સં. अथवा]

અહવિ સ્ત્રી. 'સૌભાગ્યવતી સ્ત્રી, અવિધવા,' ૧૮-૭૯, ૩૭-૧૪ [સં. अविधवा > પ્રા. अविहवा, अविहव.] જૂ. ગુજ. અઇહવ. સર૦ બં. 'એયો.'

અહિરુ પું. 'હોઠ.' ૩-૧૦ [સં. अधर > प्रा. अहर] જુઓ **અહર.**

અહૂઠ વિ. 'સાડાત્રણ,' ગુજ. 'ઉઠ, ઊંઠ;' સર૦ આંકમાં 'ઊઠાનો ઘડિયો.' ૨-૨૨ [સં. अर्धचतुर्थ > प्रा. अद्धुट्ठ. જુઓ મહીરાજકૃત 'નલદવદંતી રાસ'ના શબ્દકોશમાં **અઉઠ.** ત્યાં ઉલ્લેખ કરાયેલ સં. 'अध्युष्ट' શબ્દ જૈન સંસ્કૃતમાં પ્રયોજાયેલ છે. प्रा. 'अद्धुट्ठ'નું એ સંસ્કૃતીકરણ જણાય છે.]

અહે અ. 'હવે.' ૨૫-૧, ઇત્યાદિ. કાવ્યાંક ૨૪ની બધી કડીઓના આરંભમાં 'અહે' છે. ફાગુકાવ્યોમાં કડીના પ્રારંભમાં ઘણી વાર 'અહ' કે 'અહે' આવે છે. [સં. अथ] જુઓ **અહ.**

અંચ સ. ક્રિ. 'બાંધવું, લટકાવવું.' **અંચઇ** ૪-૧૪; **અંચેઈ** ૩-૧૫ [સં. वञ्च.]

અંજત વિ. 'કાજળ આંજેલ.' ૩૨-૨૨ [સં. अञ्जित.]

અંતગડ વિ. 'એ જ જન્મમાં મુક્તિ પામનાર.' ૩૦-૧૩૭ [सं. अंतकृत् > प्रा. अंतगड] આ જૈન પારિભાષિક શબ્દ છે.

અંતેઉર ન. 'રાણીવાસ.' ૨-૫, ૩-૭ [सं. अंतःपुर > प्रा. अंतेउर]

અંબ પું. 'આંબાનું વૃક્ષ.' ૨૫-૧૧ [सं. आम्र > प्रा. अंब]

અંબવણ ન. 'આંબાવાડિયું.' **અંબવણિ** ૪.૫૧ [सं. आम्रवन]

°**લા** ભૂતકૃદંતનો પ્રત્યય. જુઓ **આવ્યલા** 'આવ્યો,' ૧૪-૪૦; **હરષીયલા** 'હરખ્યો,' ૧૪-૪૦; વળી **પસરીયલઇ** 'પ્રસર્યો,' ૧૪-૪૦.

આએસ 'અનુજ્ઞા.' **આએસિ** ૧-૩ [सं. आदेश] જુઓ **આયસુ.**

આગલઉ 'શ્રેષ્ઠ,' ગુજ. 'આગલો.' ૨-૩ [सं. अग्र > प्रा. अग्ग + લઉ > આગલઉ]

આછઉ વિ. 'ઝીણું,' ગુજ. 'આછું,' હિ. 'અચ્છા.' ૧-૧૦, **આછાં** ૨૨-૨૦ [सं. अच्छ]

આપુણ સં. 'પોતાની.' ૯-૧૩ [सं. आत्मन- > अप्पण-] **આપુણી** ૮-૧. અહીં °**ણી** ષષ્ઠીનો પ્રત્યય છે. જુઓ 'ષષ્ટિશતક પ્રકરણ'ના શબ્દકોશમાં **આપણ** તથા મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **આપણઉ.**

આભ અંધારી સ્ત્રી. 'કાંચળી માટેનું એક કીમતી કાળું વસ્ત્ર.' ૧૨-૭. ['અધારી' શબ્દ सं. अन्धकार > प्रा. अंधआर > અંધાર + ઇ ઉપરથી સંભવે છે.] પ્રસ્તુત સ્થાને 'આભઅંધારી' કાંચળીના રંગની ઘેરાયેલા મેઘ સાથે તુલના કરી છે એ સૂચક છે. ૧૭-૧૮મા શતકમાં રચાયેલા ગોવિન્દકૃત 'મામેરાં'માં (પં. ૧૪૩) 'મેઘવરણાં' નામે કીમતી વસ્ત્રનો ઉલ્લેખ છે તે આ હોઈ શકે? મૈથિલી ભાષાના 'વર્ણરત્નાકર'માં (પૃ. ૨૧) પણ 'મેઘવર્ણ' નામે વસ્ત્રનું નામ છે, પણ એની સાથે જ 'મેઘઉદુમ્બર' નામે બીજું વસ્ત્ર પણ છે, જે બતાવે છે કે 'મેઘવર્ણ'થી 'મેઘઉદુમ્બર' (અર્થાત્ 'મેઘાડંબર') ભિન્ન છે. 'પૃથ્વીચંદ્રચરિત્ર' (પ્રા. ગુજ. કા. સં., પૃ. ૧૦૩)માં પણ 'મેઘવાનાં' છે. જુઓ **મેઘવની.**

આયરિસ પું. 'આરીસો.' ૧૦-૧૯. **આરીસે** ૧૮-૨૫ [सं. आदर्श > प्रा. आअरिस]

આયસુ પું. 'આજ્ઞા, અનુજ્ઞા.' ૬-૧ [सं. आदेश > प्रा. आएस] જુઓ **આએસ.**

આલતઉ પું. ' અળતો. ' **આલતઈ** ૩-૨૧ [અળતાથી સ્ત્રીના નખ રંગવાનો અહીં ઉલ્લેખ છે.] જુઓ **અલતઉ.**

આવશ્યક ન. [સં.] ' જૈન ધર્માનુસાર સામાયિકાદિ નિત્યકર્મ ' ૨૯-૧૮,

આસા સ્ત્રી. ' દિશા. ' ૨૨-૪ [सं. आशा]

આહણ પું. ' પ્રહાર. ' **આહણએ** ૧-૧૮ [सं. आ + हन्]

આંકણી સ્ત્રી. ' કવિતામાં આવતી ટેકની પંક્તિ. ' ૨૪-૨, ૩૦-૧૨૧, ૩૦-૧૮૩, ૩૦-૧૯૫, ૩૦-૩૧૭ [सं. *अङ्कनिका > प्रा. अंकणिआ] જુઓ **આંચલી.**

આંગ ન. ' શરીરનો અવયવ. ' **આંગિ** ૨૦-૪૪ [सं. अङ्ग] જુઓ **આંગી.**

આંગી સ્ત્રી. જૈન મૂર્તિનો શણગાર. ' ૧૮-૬૯. જુઓ **આંગ.**

આંચલી સ્ત્રી. ' કવિતામાં આવતી ટેકની પંક્તિ. ' ૨૮-૨, ૩૦-૧૭૨ [सं. अञ्चल > આંચલ + ઇ] જુઓ **આંકણી.**

આંબર ન. ' કીમતી વસ્ત્ર, ' ગુજ. ' અમ્મર. ' ૨૨-૨૦ [सं. अम्बर]

ઇગુ વિ. ' એક. ' ૧૦-૨ [सं. एक = प्रा. इक्क > જૂ. ગુજ. ઇક.સ૨૦ पं. इक्क]

ઉઅચટ સ્ત્રી. ' અભિમાન ' (?) ૩૭-૩૯.

ઉગટ જુઓ **ઊગટિ.**

ઉજા અ. ક્રિ. ' દોડવું, ચાલ્યા જવું. ' **ઉજાય** ૩૦-૨૩૫. **ઊજાણી** ' દોડીને. ' [सं. उद्याति > प्रा. उज्जाइ > જૂ. ગુજ. ઊજાઇ-ઉજાઇ. ' ઊજાણ ' सं. उत् + यान > ઉજ્જાણ ઉપરથી.]

ઉમાહો પું. ' ઉત્સાહ. ' ૩-૨૩; **ઊમાહો** ૫-૧૫. **ઊમાયો** ' ઉત્સાહિત થયેલો, આસક્ત. ' ૩૪-૧૭; **ઉમાહ્યો** ૩૨-૨૧; **ઊમાહીઅ** ૨-૨૭ [सं. उष्मायित > प्रा. उम्हाइअ]

ઉરડઉ પું. ' ઓરડો. ' ૧૨-૧૧ [सं. अपवरक > प्रा. अउअरड] જુઓ **ઓરડઉ.**

ઉલગ સ્ત્રી. ' સેવા, ' ગુજ. ' ઓળગ. ' ૩૦-૨૨ [ક. ઊળિગ ' સેવા. ' ક્રિયાપદ તરીકે પણ ' ઉલગ ' આવે છે.] જુઓ મહીરાજકૃત ' નલ-દવદંતી રાસ 'ના શબ્દકોશમાં **અંગઓલગૂં** અને **ઉલગ.**

ઉલંભઉ પું. ' ઠપકો ' ગુજ. ' ઓળંભો. **ઉલંભા** ૧૯-૮૯ [सं. उपालम्भ > प्रा. उवालंभ]

ઉવટ પું. ' આડો રસ્તો. ' ૨-૧૬ [सं. उद्वर्त्मन् > पा. प्रा. उवट्ट. ' ઉવટ ' શબ્દમાં સં. वर्त्मन् અંતર્ગત છે એ કાલક્રમે ભુલાઈ ગયું. પરિણામે ' ઉવટ વાટિ ' (' કાન્હડદેપ્રબંધ, ખંડ ૧, કડી ૪૬) જેવા પ્રયોગો મળે છે.]

ઊષલ ન. ' ખાંડણિયો, ' ગુજ. ' ઊખળ. ' **ઊષલિ** ૧૯-૪૩ [सं.. उदूखल > प्रा. उऊखल]

ઊગટિ સ્ત્રી. ' સુંગધી પદાર્થોનો લેપ. ' ૧-૧૦, ૨-૧૪, ૬-૪૬, ૧૩-૮, ૨૧-૨૦, ૨૨-૩૨; **ઊગટી** ૧૮-૨૬ [सं. उद्वर्त्तन > प्रा. उघ्वट्टण ?] સર૦ ગુજ. ઊગટણું = પીઠી કે તે ચોળવાની ક્રિયા]

ઊગાઅ અ. ક્રિ. ' સુકાવું. ' **ઊગાઇઆ** ૩૬-૨૫.

ઊદાલ સ. ક્રિ. ' બલાત્કારે પડાવી લેવું. ' **ઊદાલીનઇ** ૨૯-૧૩૩ [सं. उद्दालित >प्रा. उद्दालिअ. અર્વાચીન ગુજરાતીમાં આ ક્રિયાપદ વપરાતું નથી. એના અન્ય પ્રયોગો માટે જુઓ જયશેખરસૂરિકૃત ' ત્રિભુવનદીપક પ્રબન્ધ, ' કડી ૩૪; ' કાન્હડદેપ્રબન્ધ ' ૧-૨૧૫, ૨-૧૫, ૨-૧૯, ૨-૪૪; ' અંબડવિદ્યાધર રાસ, ' ૪-૨૮૯, ઇત્યાદિ.]

ઊનયુ વિ. ' ઉન્નત. ' ૨૫-૩ [सं. उन्नत > प्रा. उन्नय]

ઊબીઠ વિ. ' નિબિડ, ગાઢ. ' ૩૬-૫૦.

એકલમલ વિ. ' અદ્વિતીય પરાક્રમી. ' **એકલમલિ** ૭-૭; **એકલ્લ-મલ્લુ** ૫-૧૧

ઓરડઉ પું. ' ઓરડો. ' **ઓરડઇ** ૨૬-૯. જુઓ **ઉરડઉ.**

ઓસીસુ ન. ' સૂતી વખતે માથા નીચે રાખવાનું ટેકણ, ઓશીકું. ' ૨૬-૨૮ [सं. उत्शीर्षक > प्रा. उस्सीसअ]

કઇલિ સ્ત્રી. ' કેળ. ' ૨૨-૪ [सं कदली > प्रा. कअली]

°કુઉ ષષ્ઠીનો પ્રત્યય. ૮-૧૭, ૩૫-૧; °કઓ ૩૫-૫; °કી ૩૫-૨૫ [આ પ્રત્યય જૂની ગુજરાતીમાં પણ વિરલ છે, પણ ક્વચિત્ એના અન્ય પ્રયોગો મળે છે, જેમ કે 'કાન્હડદેપ્રબંધ' ૧-૭૮ માં 'ભાજી દેસ દેવકઇ પાટણિ દલ રીપંતા આવ્યા.'

કઉતિગ ન. 'આશ્ચર્ય.' **કઉતિગિ** ૧-૧૭ [सं. कौतुक]

કઉલિઉ પું. 'પંજો,' સર૦ ગુજ. 'કોળિયો.' **કઉલિઆ** ૨૦-૯ [सं. कवलक]

કચપચ સ્ત્રી. 'કકળાટ,' ૩૦-૮૬

કચોલુ ન. 'પ્યાલો.' **કચોલા** ૧-૧૪, ૨૯-૬૬, ૨૯-૧૨૧; **કચોલિ** ૩૭-૧૪ [प्रा. कच्चोलअ, ગુજ. 'કચોળું.'] જુઓ **કંચોલા.**

કડકખ પું. 'પ્રેમભરી વાંકી દૃષ્ટિ.' ૬-૪૭; **કડકખહ** ૨-૧૭ [सं. कटाक्ष > प्रा. कडक्ख]

કડખ સ. ક્રિ. 'આંખનો કટાક્ષ કરવો.' **કડખઇં** ૨-૧૭

કણઇઅર પું. 'કરેણનું ઝાડ.' ૨૨-૨૦; **કણયર** ૧૪-૪૬ [सं. कर्णिकार > प्रा. कण्णिआर, कणिआर]

કન્હેલી અ. 'પાસે, કને.' સપ્તમીનો અનુગ. ૩૬-૩૫ [सं. *कर्णे > प्रा. कण्णे + લ (સ્વાર્થિક પ્રત્યય) + ઇ. જુઓ 'ષષ્ટિશતક પ્રકરણ'ના શબ્દકોશમાં **કન્હઇ**]

કંબાંન સ્ત્રી. 'કામઠું, ધનુષ્ય.' ૩૨-૨૨ [ફા. કમાન]

કયવાર સ્ત્રી. 'સ્તુતિ. પ્રશસ્તિ,' ૧૦-૧૬ ['પૃથ્વીચન્દ્રચરિત્ર' (પ્રા. ગુજ. કા. સં., પૃ. ૧૧૩)ના નીચેના અવતરણમાં આ અર્થ તદ્દન સ્પષ્ટ છે— 'કરઇ ભટ્ટ કઇવાર' (ભાટ સ્તુતિ કરે છે). મૈથિલી ભાષાના 'વર્ણરત્નાકર' ગ્રંથમાં (પૃ. ૪૪) ભાટના ગુણ વર્ણવતાં એને 'કેવારી' (સ્તુતિ કરનાર) કહ્યો છે. 'વસંતવિલાસ,' કડી ૩૦ —'વઉલિ વિલૂલા મહુઅર બહુ રચઇં ઝણકાર, મયણ રહઇં કિરિ અણુદિણુ બંદિણુ કરઇં **કઇવાર.**' એમાંના 'કઇવાર' શબ્દનો 'સ્તુતિ' અર્થ સંભવે છે.]

કરયલ ન. 'હાથ.' ૧-૪; **કરીયલિ** 'હાથમાં.' ૩૬-૪૪ [सं. करतल]

કરલ પું. 'વાળ, કેશ.' ૨૨-૩૫ [सं. कुरल] જુઓ **કુરલ.**

કરહુ પું. 'ઊંટ,' ૨૫-૧૭ [सं. करभ > प्रा. करह]

કરંગી સ્ત્રી. 'હરણી.' ૨૨-૨૫ [सं॰ कुरंगी]

કરિવાલ સ્ત્રી. 'તલવાર.' ૩-૯ [सं. करवाल]

કલાઉ પું. 'કલાપ.' ૨-૮ [सं. कलाप > प्रा. कलाव]

કશિમ ન. 'ફૂલ.' ૨૨-૩૫ [सं. कुसुम] જુઓ **કસિમ** અને **કુશમ.**

કસથૂરિય સ્ત્રી. 'કસ્તૂરી મૃગની નાભિમાંથી મળતો એક સુગંધી પદાર્થ.' ૫-૧૨; **કસથૂરી** ૧૦-૧૫ [सं. कस्तुरिका]

કસિમ ૨૨-૧. જુઓ **કશિમ** અને **કુશમ.**

કહાણી સ્ત્રી. 'વાત, વૃત્તાન્ત.' ૧૪-૭૮ [सं. *कथानिका > प्रा. कहाणिआ]

કંચૂઉં પું. 'કાંચળી.' ગુજ. 'કંચવો.' ૧૩-૫, ૧૩-૧૨ [सं. कंचुक > प्रा. कंचुअ]

કંચોલા ૩-૯. જુઓ **કચોલુ.**

કંન પું. 'કૃષ્ણ, કાન.' ૩૬-૨૧ [सं. कृष्ण > प्रा. कण्ह] જુઓ **કાન્હડ.**

કંબ સ્ત્રી. 'સોટી, છડી.' ૧૮-૩૬ [सं. कम्बा] જુઓ **કંવ, કાંબ.**

કંભ પું. 'ઘડો.' ૨૨-૨૯ [सं. कुम्भ]

કંવ ૩-૧૩. જુઓ **કંબ.**

કાઠીયા પું. બ.વ. 'જે કારણોથી જીવ હિતકારી જ્ઞાન પ્રાપ્ત ન કરી શકે તે.' ૨૭-૧૯ [આ કારણોની સંખ્યા તેર ગણવાય છે, તેથી તે 'તેર કાઠિયા' તરીકે ઓળખાય છે. આ જૈન પારિભાષિક શબ્દ છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર' (અધ્યયન ૩), નિર્યુક્તિગાથા ૧૬૦-૧૬૧ અનુસાર આ તેર કારણ નીચે પ્રમાણે છે—આળસ, મોહ, અવજ્ઞા, સ્તંભ અથવા અહંકાર, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ અથવા કિંકર્તવ્યમૂઢતા. કુતૂહલ (ઇન્દ્ર-જાલાદિના અવલોકનનું), રમણ (પ્રાણીઓની સાઠમારી). 'કાઠિયા' શબ્દ सं. *कष्ठिक > प्रा. *कट्ठिअ ઉપરથી વ્યુત્પન્ન થઈ શકે.]

કાદમ પું. 'કાદવ.' ૧૫-૩૦. [सं. कर्दम > प्रा. कद्दम.] ઉત્તર ગુજરાતની બોલીમાં આજે પણ 'કાદમ' પ્રચલિત છે.]

કાન્હડ પું. 'કૃષ્ણ.' ૯-૧૬; **કાન્હડુ** ૮-૭ [सं. कृष्ण > प्रा. कण्ह > જૂ. ગુજ. કાન્હ + સ્વાર્થિક 'ડ.' સર૦ 'કહાનડો,' 'કાનુડો.'] જુઓ **કંન.**

કાવલી સ્ત્રી. 'બંગડી, ચૂડી.' ૧૪-૫૩

કાંબ સ્ત્રી. 'સોટી.' ૨૨-૨૦. જુઓ **કંબ.**

કિર અ. 'ખરેખર.' ૧-૧૨, ૧૮-૨૧; **કિરિ** ૨-૮, ૨-૯, ૯-૧૫. [सं. किल]

કિરુણ વિ. 'કરુણ.' ૩૧-૨ [सं. करुण]

કિસોયરી વિ. 'પાતળી કેડવાળી.' ૧૮-૫૪ [सं. कृशोदरी]

કુરણી સ્ત્રી. 'કરેણુ.' ૨૨-૪૦ [सं. करेणु. એનાં 'કરુણી' અને 'કરણી' એવાં રૂપ જૂ. ગુજ.માં મળે છે; જુઓ 'વસંતવિલાસ,' કડી ૮૩. 'કરુણી' રૂપમાંથી સ્વર-વ્યત્યયથી 'કુરણી' આવે.]

કુરલ અ. ક્રિ. 'ચીસો પાડવી તે' (ખાસ કરી પશુપક્ષીઓની બાબતમાં) **કુરલંત** ૩-૨૪ [સર૦ 'કુંજડિયાં કુરલાઈયાં'—જૂના ગુજ. દુહામાં (બુદ્ધિપ્રકાશ,' પુ. ૮૦, પૃ. ૭૩.) આ ક્રિયાપદ રવાનુકારી હોવા સંભવ છે.]

કુરુલ વિ. 'વાંકડિયા' (કેશને માટે). ૮-૧૧ [सं. कुरल] જુઓ **કરલ.**

કુશમ ન. 'ફૂલ.' **કુશમિ** ૩૬-૧૫ [सं. कुसुम] જુઓ **કશિમ** અને **કસિમ.**

કુંઅલી વિ. 'કોમળ,' ગુજ. 'કુંળી, કુંણી' ૨૨-૨૯, ૨૨-૩૦; **કૂઅલી** ૧૩-૩ [सं. कोमल, અપભ્રંશકાળમાં એનું 'કોવઁલ' ઉપરાંત 'કુવઁલ'—'કુંઅલ' રૂપ થયું હોવું જોઈએ, જે ઉપરથી 'કુંળું,' 'કુંળી' આદિ વ્યુત્પન્ન થાય.]

કુંચકી સ્ત્રી. 'કાંચળી.' ૨૮-૪૧ [सं. कञ्चुकी]

કૂઆ પુ. 'વહાણનો એક ભાગ, કૂવાથંભ.' ૨૪-૨ [सं. कूप > प्रा. कूव]

કૂવડિ સ્ત્રી. 'નાનો કૂવો, કૂઈ.' ૧-૧૫ [सं. कूप > प्रा. कूव + સ્વાર્થિક 'ડિ']

કૃપાગરુ વિ. 'કૃપાનિધાન.' ૪-૧ [सं. कृपाकर]

કેલવ સ. ક્રિ. 'ખિલવવું, વ્યવસ્થિત વિકાસ કરવો.' **કેલવઇં** ૩૪-૩૬; **કેલવિ** 'મિશ્રિત કરે, મેળવે.' ૧૦-૧૫; **કેલવે** ૩૨-૩૨ [ક. 'કેળે'='કાળજી લેવી, સ્નેહ કરવો' ઉપરથી આ સંભવે છે. પ્રાચીન મ. માં પણ 'કેળવણેં' આ અર્થમાં છે.]

કેવલ ન. [સં.] 'સર્વશ્રેષ્ઠ જ્ઞાન, સર્વજ્ઞતા, કેવલજ્ઞાન.' ૩૦-૬૧; **કેવલનાણૂં** ૨-૨૭; **કેવલી** પું. 'કેવલજ્ઞાની.' ૩૦-૧૪૬ [આ જૈન પારિભાષિક શબ્દ છે.]

કેવી વિ. 'કેટલાક, થોડાક.' ૧-૧ [सं. केऽपि > प्रा. केवि. જૂ. ગુજ.માં 'કેઈ' રૂપ પણ છે.]

કેહરિ પું. 'સિંહ, કેસરી.' ૨૯-૩૧ [सं. केसरिन्]

કેંગાર પું. 'મોરનો કેકારવ.' ૩૦-૨૩૭ [રવાનુકારી]

કોઇલિ સ્રી. 'કોયલ.' ૨૨-૧, ૩૨-૪૦ [सं. कोकिला > कोइला]

કોકોલા સ્રી. અર્થ અસ્પષ્ટ. ૨૨-૫૦

કોરણ સ્રી. 'ધૂળની આંધી.' ૨૨-૫૦

કોસીસું ન. 'કોટ ઉપરનું શોભાનું નાનકડું શિખર.' **કોસીસાં** ૧૮-૩૦ [सं. कपिशीर्षक > प्रा. कविसिस्सय, कइसीसय, कउसीसय]

ખગ્ગ ન. 'તલવાર, ખડ્ગ.' ૧-૧૨ [सं. खड्ग > प्रा. खग्ग. બીજી તરફ सं. खड्ग > प्रा. खड्ड, अप. खंड्ड > ગુજ. ખાંડુ]

ખડકી સ્રી. 'ઘર આગળની બાંધેલી—બારણાવાળી છૂટી જગા. ડેલી.' ૩૬-૨૯ [દે. ખડક્કી]

ખડગ્ગ ન, 'તલવાર, ખડ્ગ.' **ખડગ્ગિણ** ૧-૨૫ [सं. खड्ग]

ખડોખલિ સ્રી. 'ક્રીડા માટેની નાની વાવ.' ૨-૫; **ખડોખલી** ૧૭-૧૪, ૩૭-૧૪; **ષડોષલી** ૧૮-૫૮, ૩૦-૨૩૦; **ખડોખલિય** ૧૦.૧૮ [प्रा. खुड्डाखुड्डिया] જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **ષડોષલી** (ખડોખલી).

ખવ સ. ક્રિ. 'દૂર કરવું' **ખવઇ** ૨૨-૫૩ [सं. √ क्षप्]

ખંચ સ. ક્રિ. [પ્રા.] 'ખેંચવું.' **ખંચઇ** ૪-૧૪

ષાસા ન. ‘ એક કીમતી વસ્ત્ર. ’ ૩૦-૧૯૭ [અર. ખાસ = પોતાનું, અંગત. તે ઉપરથી ‘ વિશિષ્ટ, ઉત્તમ ’ એવા અર્થમાં આ શબ્દ હાલ વપરાય છે. પણ અહીં તેનો એ અર્થ નથી. પ્રસ્તુત સન્દર્ભમાં વસ્ત્રો સાથે એનો ઉલ્લેખ છે. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી પાસેની ‘ ભોજનવિચ્છિત્તિ ’ની એક હસ્તપ્રતમાં અન્ય કીમતી વસ્ત્રો સાથે ‘ ખાસા ’નો પણ ઉલ્લેખ છે. તેથી અહીં આપેલા અર્થનું સમર્થન થાય છે. જુઓ—‘ પછઇ ભલા વસ્ત્ર પહિરાયા. તે કુણ ૨ ? દેવદુષ્ય વસ્ત્ર, રત્નકંવલ, પામડી, થિરમા, ષીરોદક, મસજ્જર, ચીણી, બુલબુલ-ચસમા, અતલસ, લાહિ, અટાણ, **ષાસા**, સેલાં, મુલમુલ, નરમા, દોરીઆ, શ્રીશાપ, શ્રીબાફ, બાસ્તા, અધોતરી, મહિમુદી, દુદામી, બયરબ, ટસરીયાં, મુગટા, સિણીયાં, કસબી, જરબાપ, મુખમલ, કથીયા, ઇલાઇચા, નારીકુંજર પ્રમુખ પચરંગી વાગા પહિરાયા. ’]

ષિણ સ્ત્રી. ‘ અત્યંત અલ્પ સમય, ક્ષણ. ’ ૩૧-૨૧, ૩૧-૨૭ [सं. क्षण]

ષિમા સ્ત્રી. ‘ માફી. ’ ૨૭-૨૧ [सं. क्षमा]

ખીંટલી સ્ત્રી. ‘ સ્ત્રીના કાનનું એક ઘરેણું; એના ઉપર મોતી પણ જડાતાં. ૩૬-૪૭. મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ, ’ કડી ૧૯૨માં પણ આ શબ્દ છે.

ષુંપ પું. ‘ માથા ઉપરનો પુષ્પનો એક શણગાર. ’ ૧-૧૦, ૩-૧૫, ૧૪-૬૫; **ખુંપુ** ૨-૧૪, ૨-૧૮, ૩-૧૯, ૪-૩૦; **ખૂંપ** ૬-૩૮, ૨૨-૨૮, ૩૬-૪૬માં **ખૂપ** છે. [દે. ખુંપા]

ખેડ સ. ક્રિ. ‘ હાંકવું, ચલાવવું. ’ **ખેડ્યા** ૧૯-૨૦ [प्रा. खेड. સર૦ ‘ મને મારીને રથડા **ખેડો** હો બાળા રાજા રે ’—અભિમન્યુના રાસડામાં]

ખેલ અ. ક્રિ. ‘ ખેલવું, ક્રીડા કરવી. ’ **ખેલય** ૭-૪૦. **ખેલા** સ્ત્રી. ‘ ક્રીડા. ’ ૧-૨૭ [सं. खेल्]

ષેસ સ્ત્રી. ‘ ક્ષતિ, ઊણપ. ’ ૩૦-૧૨ [મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ, ’ કડી ૩૪૯, ૬૨૮માં આ શબ્દ ‘ દ્વેષ ’ અર્થમાં વપરાયો છે. દે. ખસ = ‘ ખસવું, સરકવું ’ ઉપરથી.]

ખેહ સ્ત્રી. અર્થ અસ્પષ્ટ. ૩૫-૪ [‘ ખેહ ’ શબ્દ પ્રાચીન તેમ જ અર્વાચીન ગુજરાતીમાં ‘ ધૂળ, રજ ’ એ અર્થમાં પ્રચલિત છે. પણ અહીં તે અર્થ બંધબેસતો નથી. અહીં કોકિલાને ‘ મદનની ખેહ ’ તરીકે વર્ણવી છે.]

ગઈંદ પું. ‘ હાથી. ’ ૧૪-૪૧ [सं. गजेन्द्र > प्रा. गयंद] જુઓ **ગયંદ.**

ગઉખ પું. ‘ ઝરૂખો, ગોખ. ’ **ગઉખિ** ૨-૧૭ [सं. गवाक्ष > प्रा. गवक्ख, गउक्ख. જૂ. ગુજ.માં ‘ ગૂખ ’ રૂપ પણ મળે છે.]

ગઉરઉ પું. ‘ વરનું સન્માન કરવા કન્યાપક્ષ તરફથી અપાતું જમણ,’ ગુજ. ‘ ગૌરવ. ’ ૩-૨૪ [सं. गौरव] જુઓ **ગુરવ, ગોરવુ.**

ગણ પું. ‘ ગુણ, સદ્‌ગુણ. ’ ૨૨-૪૦, ૨૨-૫૭ [આ. ગુજ.માં ‘ ગણ ’ શબ્દ વપરાય છે.]

ગયંદ જુઓ **ગઈંદ**

ગરભુ પું. ‘ ગર્વ, અભિમાન, ’ આ ગુજ. ‘ ગરભ. ’ ૭-૩૪ [सं. गर्व]

ગલાલ પું. ‘ રાતા રંગનો સહેજ સુગંધીદાર ભૂકો, ગુલાલ. ’ ૩૦-૨૦૭ થી ૨૨૮ [ફા. ગુલાલ. ‘ કાન્હડદેપ્રબન્ધ, ’ ખંડ ૩ની ભટાઉલીમાં આ શબ્દ ‘ ગુલ્લાલ ’ રૂપે વપરાયેલો છે.]

ગહગહ અ. ક્રિ. ‘ આનંદ પામવું. ’ **ગહગહિયા** ૧-૩; **ગહિગહી** ૨૨-૧ [‘ સુગંધથી મહેકવું ’ એવા અર્થમાં પણ આ ક્રિયાપદ વપરાયેલ છે. રવાનુકારી. જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ, ’ કડી ૧૦૦૫]

ગહબર અ. ક્રિ. ‘ ગભરાવું. ’ **ગહબરઇ** ૨૬-૨૪; **ગહબરી** ૨૬-૨૭

ગહિર વિ. ‘ ઊંડો, ગભીર, ’ સર૦ ગુજ. ‘ ઘેરો. ’ ૨-૩ [सं. गभीर > गहीर] જુઓ **ગુહિર.**

ગહિલ્લિ વિ. ‘ ઘેલી. ’ ૧-૧૬, ૨-૧૨ [सं. ग्रह + इल्ली. सर० हि. गहिली]

ગંગાજલુ વિ. ‘ ઘોડાની એક જાત. ’ **ગંગાજલા** ૧૪-૬૬.

ગંધવ ન. ‘ ગાન. ’ ૧૦-૧૫ [सं. गन्धर्व > प्रा. गंधव्व]

ગારડી પું. ‘ સાપ ઉતારવાનો મંત્ર જાણનાર. ’ ૩૦-૧૨૬ [सं. गारुडिक > प्रा. गारुडिअ]

ગિરટ્ઠ વિ. ‘ મહાન. ’ **ગિરટ્ઠા** ૯-૬ [सं. गरिष्ठ > प्रा. गरिट्ठ]

ગુઝ સ્ત્રી. ‘ છાની વાત. ’ ૨૨-૧૪: **ગૂઝ** ૨૩-૧૦ [सं. गुह्य > प्रा. गुज्झ. સર૦ ગુજ. ‘ ગૂઝું ’ = ખીસું.]

ગુઝબી વિ. ‘ જુલમગાર. ’ ૨૬-૬ [‘ ગોઝબી ’ એવું પાઠાન્તર પણ છે. અર. ‘ ગજબી ’ ઉપરથી]

ગુણપંચાસિ વિ. 'ઓગણપચાસ.' ૨૯-૧૬૩ [सं. एकोनपंचाशत् > प्रा. एगूणपंचास]

ગુર પું. 'ગુરુ.' ૨૭-૨૩; **ગુરહ** ૧-૩ [सं. गुरु. પારસી ધર્મ-ગુરુઓનાં નામ પાછળ કેટલીકવાર 'ગુર' શબ્દ લાગે છે, જેમ કે 'બહેરામગુર' સર૦ ગુજ. ગોર = પુરોહિત]

ગુરવ પું. ૧૪-૭૦ [सं. गौरव > प्रा. गउरव] જુઓ **ગઉરઉ ગોરવુ.**

ગુસાઇઉ પું. 'સ્વામી, પતિ.' ૨૦-૪૪ [सं. गोस्वामिन्. सर० हि. गोसाइं, पं. गुसाइं, म. गोसांवी, ગુજ. ગોસાંઇ, જોકે જૂની ગુજ.ના પ્રસ્તુત પ્રયોગની તુલનાએ આ બધા અર્વાચીન પ્રયોગોનો અર્થફેર નોંધપાત્ર છે. અર્વાચીન પ્રયોગોમાં એનો અર્થ 'ધર્મગુરુ,' 'સાધુ' કે એવો છે. આસામીમાં અમુક કુટુંબના સભ્યને 'ગોહાંઇ' કહેવામાં આવે છે (ટર્નર, 'નેપાલી ડિક્શનરી' પૃ. ૧૫૦) ત્યાં એનો અર્થ ઉપર્યુક્ત 'ગુસાઇઉ'ને કંઈક મળતો છે.]

ગુહિર વિ. 'ગંભીર.' ૬-૪૨. જુઓ **ગહિર.**

ગૂજરડી વિ. ગુજરાતની સ્ત્રી, ગુજરાતણ. ૭-૨૫ [सं. गुर्जर > प्रा. गुज्जर > ગૂજર + સ્વાર્થિક 'ડી,' 'ગૂજર' કે 'ગૂજરી'નો અર્થ 'ગોવાળ અને 'ગોવાલણી' પણ થાય છે તે ગુર્જર પ્રજા મુખ્યત્વે પશુપાલક હતી એ સૂચવે છે.]

ગૂજરાત સ્ત્રી. 'ગુર્જરોનો પ્રદેશ.' ૩૬-૨૪ [ગુર્જર દેશ માટે પ્રયોજાયેલો આ 'ગુજરાત' શબ્દ વિક્રમના ચૌદમા શતકના પૂર્વાર્ધ જેટલો જૂનો હોઈ અગત્યનો છે. આ પ્રકારના અન્ય પ્રયોગો માટે તથા આ શબ્દના લિંગની ચર્ચા માટે જુઓ 'ઇતિહાસની કેડી' લેખસંગ્રહમાં "પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં 'ગુજરાત'ના પ્રયોગો" એ લેખ. આ શબ્દની વ્યુત્પત્તિ 'ગૂજર' + બહુવચનના અરબી પ્રત્યય 'આત' ઉપરથી અપાય છે. જુઓ નરસિંહરાવ દિવેટિયા, Gujarati Language and Literature, Vol. II, પૃ. ૧૯૪-૨૦૨; તથા 'ઇતિહાસસંમેલન નિબંધસંગ્રહ,' પૃ. ૧-૨૪માં 'ગુજરાત' શબ્દની વ્યુત્પત્તિ વિષે શ્રી. બેચરદાસ દોશી અને શ્રી. કેશવરામ શાસ્ત્રીના લેખો.]

ગૂડી સ્ત્રી. 'નાની ધજા,' ૬-૨૩ [આ કન્નડ ઋણશબ્દ છે. ચૈત્ર સુદિ એકમથી શરૂ થતા દક્ષિણી નવા વર્ષ માટે 'ગુડી પડવો' શબ્દ છે એમાં 'ગૂડી' શબ્દ ધજાના અર્થમાં છે. એ દિવસે ધજાનાં તોરણ બાંધવામાં આવતાં. જૂની ગુજરાતીમાં આ શબ્દનો પ્રયોગ વારંવાર મળે છે, જેમ કે— 'ત્રિભુવનદીપક પ્રબંધ,' કડી ૨૮૦; મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ,' કડી ૧૨૩, ૩૯૧; ઇત્યાદિ.]

ગોકલ ન. 'ગોકુલ' ૧૯-૨, ૧૯-૫૯; **ગોકલિ** ૧૯-૩૪, ૧૯-૩૬ [**सं.** गोकुल]

ગોરવુ પું. ૨-૨૩, જુઓ **ગઉરઉ, ગુરવ** [सं. गौरव > प्रा. गउरव]

ગોવ સ. ક્રિ. 'છુપાવવું.' ૩-૨૯ [सं. गोप् > प्रा. गोव. જુઓ 'સિદ્ધહૈમ,' ૮-૪-૩૩૮—"જે ગુણ **ગોવઇ** અપ્પણા પયડા કરઇ પરસ્સુ ા તસુ હઉં કલિજુગિ દુલ્લહહો બલિ કિજ્જઉં સુઅણસ્સુ ॥"]

ગ્રૈવેક ન. 'એ નામનું દેવવિમાન.' ૨૪-૭ [सं. ग्रैवेयक. આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.]

ઘગ્ઘરિ સ્ત્રી. 'ઘૂઘરી.' ૩-૨૧; **ઘઘરિયાલિ** 'ઘૂઘરીવાળી.' ૨-૨૧; ઘાઘરિ ૧-૧૫ [सं. घर्घरी > घग्घरी. એમાંથી સંયોગલોપે પૂર્વસ્વરદીર્ઘત્વથી નિષ્પન્ન થયેલો 'ઘાઘરી' (ઘૂઘરી) શબ્દ અન્યત્ર પણ જૂ. ગુજ.માં વપરાયેલો છે.]

ઘરસૂત 'ઘરની વ્યવસ્થા.' ૩૦-૧૭૯ [सं. गृहसूत्र > प्रा. घरसुत्त]

ઘરસ્ત પું. 'ગૃહસ્થ.' ૩૦-૮૬ [सं. गृहस्थ]

ઘાઇ સ્ત્રી. 'ઉતાવળ, ઉત્સુકતા.' ૩૭-૧૯ [सं. घात > प्रा. घाअ ?]

ઘાટ પું. 'સ્ત્રીઓનું એક રેશમી વસ્ત્ર,' સર૦ ગુજ. 'ઘાટડી.' ૨૭-૪

°ચઇ ષષ્ઠીનો પ્રત્યય. **પૂરવજનમચઇ** ૨૦-૧૧ [सं. °त्यक > प्रा. °च्चअ; સર૦ प्रा. अह्मच्चअ, तुह्मच्चअ આદિ] જુઓ **°ચી.**

ચઉમાસ ન. 'ચોમાસું, વર્ષાઋતુ.' ૧-૩; **ચઉમાસિ** ૧-૨૬ [सं. चातुर्मास > प्रा. चाउम्मास, चउमास]

ચઉમુખ વિ. 'ચાર મુખવાળું, ચાર દરવાજાવાળું.' ૧૮-૧૧, ૧૮-૪૦ [सं. चतुर्मुख > प्रा. चउम्मुह. આ પ્રકારની જૈન મૂર્તિ અથવા મંદિરને 'ચોમુખજી' કહેવામાં આવે છે.]

ચઉક પું. 'સાથિયો,' ગુજ. 'ચોક.' ૯-૩ [सं. चतुष्क > प्रा. चउक्क]

ચઓસાલ વિ. 'વિશાળ.' ૧૮-૬. આ શબ્દનું 'ચઉસાલ-ચુસાલ' રૂપ પણ વપરાયેલું છે. જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ,' કડી ૧૭૫; 'પૃથ્વીચન્દ્રચરિત્ર' (પ્રા. ગુજ. કા. સં., પૃ. ૯૬). [सं. चतुःशाला > प्रा. चउस्साल]

ચકડોલ સ્ત્રી. 'સંકલ્પવિકલ્પ.' ૩૭-૧૫ [सं. चक्रदोला > प्रा. चक्कडोला, चक्कडोल]

ચટડાં ન. 'બાળકો.' ૨૯-૧૧૬ [सं. चेट ઉપરથી?]

ચતુરિમ સ્ત્રી. 'ચતુરાઈ.' ૨૦-૪ [सं. चतुरीमा]

ચમક અ. ક્રિ. 'ચમકવું.' **ચમકિય** ૧-૪; **ચમક્કિય** ૧૮-૧૭ [सं. चमत्कृत > प्रा. चमक्किय. સર૦ ગુજ. હિ. 'ચોંકવું.']

ચરડ પું. 'ચોર, લુંટારો.' ૫-૧૩, ૭-૮; **ચરડરાઉ** 'ચોરનો રાજા.' ૬-૫૪ [प्रा. चरड < सं. चर + સ્વાર્થિક 'ટ' જૈન સંસ્કૃતમાં 'ચરટ' શબ્દનો પ્રયોગ મળે છે]

ચવ અ. ક્રિ. 'સ્વર્ગમાંથી નીચે આવવું, પડવું.' **ચવંતિ** ૩૦-૨૩૨; **ચવિનઇ** ૨૯-૧૫૩ [सं. च्यव्]

ચંપલુ પુ. 'ચંપાનો છોડ.' **ચંપલા** ૨૩-૯. 'ચાંપલા' રૂપ જૂ. ગુજ.માં મળે છે—'ચાંપલા તરૂયરની કલી નીકલી સોવન વાનિ' ('વસંત-વિલાસ,' કડી ૩૧) [चम्पक > प्रा. चंपअ + ल]

ચાચર ન. 'ચોગાન.' ૨૮-૧૪ [सं, चत्वर > प्रा. चच्चर]

ચામરહારી સ્ત્રી. 'ચામરધારિણી સ્ત્રી.' ૧૮-૨૭

ચાલિ સ્ત્રી. 'રૂઢિ, ચાલ.' ૩૦-૮૫ [सं. √ चल् ઉપરથી]

ચાહ સ. ક્રિ. 'ઇચ્છવું.' ગુજ. 'ચાહવું' **ચાહિ** ૧૯-૮૮ [प्रा. चाह] 'ચહ' ક્રિયાપદ પણ આ અર્થમાં જૂ. ગુજ.માં છે. જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ,' કડી ૯૫.

ચાંદ પું. 'ચન્દ્ર.' ૩૬-૪૬ [सं. चन्द्र]

ચાંદ્રિણી સ્ત્રી. 'ચન્દ્રનો પ્રકાશ, ચાંદની.' ૨૨-૪૪, ૨૩-૧

ચાંદરણી જુઓ **ચાંદિણી**

ચિત્રસાલી સ્ત્રી. 'જ્યાં ચિત્રો ગોઠવ્યાં હોય એવું દીવાનખાનું, ચિત્ર-શાલા.' ૨૨-૨૪, ૨૩-૧ [सं. चित्रशाला]

ચિત્રાંમ ન. 'ચીતરામણ, ચિત્રકામ.' **ચિત્રાંમિ** ૧૯-૬૭ [सं. चित्र + मयट् પ્રત્યય]

ચિંધ ન. 'નિશાની' ૩-૧૮ [सं. चिह्न > प्रा. चिंध. સર૦ ગુજ. ચેન]

°**ચી** ષષ્ઠીનો પ્રત્યય. **કુસુમાંચી** ૧૩-૧૨; **જાચાં** ૧૪-૩૨ જુઓ °**ચઇ.**

ચીખલ પું. 'કાદવ.' **ચીખલિ** ૨૮-૮૦ [દે. ચિક્ખલ્લ, મ. ચીકલ]

ચુલસી વિ. 'ચોરાશી.' ૧૦-૪ [सं. चतुरशीति > प्रा. चउलसी]

ચુહટું ન. 'બજાર,' ગુજ. 'ચૌટું' **ચુહટિ** [सं. चतुर + हट्ट > प्रा. चउहट्ट]

ચેલુખેપ પું. 'આકાશમાંથી વસ્ત્રોની વૃષ્ટિ થવી તે.' ૩૦-૨૬૫ [सं. चेलोत्क्षेप] જૈન કથાસાહિત્યમાં વર્ણવેલાં પાંચ દિવ્યો પૈકીનું આ એક છે.

ચૈત્યપરવાડિ સ્ત્રી. 'અનુક્રમે મન્દિરોની યાત્રા.' ૩૦-૬૭ [सं. चैत्यपरिपाटी.] જૈન ધાર્મિક પરિભાષાનો આ શબ્દ છે.]

ચોલ મજીઠ પું. 'ચૂડો રંગવા માટેનો લાલ રંગ, મજીઠ.' ૩૦-૧૭૫; **ચોલ મજીઠાં** ૩૦-૧૯૮ [सं. मंजिष्ठा > प्रा. मंजिट्ठा. દક્ષિણ ભારતના ચોલ પ્રદેશમાંથી આ રંગ આવતો હોઈ તેને 'ચોલ મજીઠ' કહેતા હશે? અન્યત્ર પણ જૂ. ગુજ. સાહિત્યમાં મજીઠને 'ચોલ મજીઠ' તરીકે વર્ણવવામાં આવ્યો છે. (જુઓ 'શબ્દ અને અર્થ,' પૃ. ૧૬૩-૬૪) સર૦ ગુજ. 'લાલ ચોળ.')

છબક્ક સ. ક્રિ. 'ધારણ કરવું.' **છબક્કઇ** ૯-૫

છયલુ પું. 'રસિક પુરુષ, છેલ.' ૨૦-૨૭ [सं. छेक + इल्ल > प्रा. छेअ + इल्ल, छइल्ल] **છયલી** સ્ત્રી. 'રસિક સ્ત્રી.' ૨૦-૧૩

છરાલઉ વિ. 'મસ્ત,' ગુજ. છરવાળો. ૨૦-૨૭

છાવઉ પું. 'યુવાન.' ૨૦-૨૭; **છાવી** સ્ત્રી. 'યુવતિ.' ૨૨-૪૨ [सं. शावक. સર૦ ગુજ. 'છૈયો']

છિદમર વિ. અર્થ અસ્પષ્ટ. ૧૯-૪૯

છીલર ન. 'ખાબોચિયું.' ૨૫-૬, ૨૮-૧૨ [દે. છિલ્લર]

જગીસ સ્ત્રી. 'ઇચ્છા.' ૩૨-૫૦. કેવળ પાદપૂરક તરીકે, ૨૯-૧૬૬ [सं. जिगीषा] 'જીતવાની ઇચ્છા.' આ વિશિષ્ટ અર્થને બદલે જૂની ગુજ.માં 'જગીસ' શબ્દ 'ઇચ્છા' અથવા 'આકાંક્ષા' એવા સામાન્ય અર્થમાં વપરાતો થયો. એ અર્થ પણ આછો બનતાં એ શબ્દ 'સાર' અને 'નિરધાર'-ની જેમ કેવળ પાદપૂરક બન્યો, અને બોલાતી ભાષામાંથી લુપ્ત થયો.]

જમલાં અ. 'સાથે, પાસે.' ૧૯-૯૫; **જમલિ** ૧૮-૨, ૧૯-૭૧, ૨૨-૨૬; **જમલુ** ૧૯-૭૨; **જવલિ** 'સમાન, જેવા.' ૩૫-૩ [सं. यमल > प्रा. जमल. મ. જવળ = પાસે; જૂની ગુજ.માં 'જામલિ' (> सं. यामल) પણ છે. જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ, કડી ૧૪૫, ૧૮૩.]

જમુણ સ્ત્રી. 'યમુના નદી.' ૫-૨ [सं. यमुना] જુઓ **જવણિ**

જવણિ સ્ત્રી. 'યમુના નદી.' ૯-૧૮ [सं. यमुना > प्रा. जमुणा, जबुणा] જુઓ **જમુણ**.

જંગ પું. [ફા.] 'સમારંભ, આનંદનો પ્રસંગ.' ૨૭-૭, ૩૧-૨૮ [ફા. 'જંગ' = યુદ્ધ: એમાં થયેલો આ અર્થફેર નોંધપાત્ર છે.]

જાત્ર સ્ત્રી. 'દેવની યાત્રા તથા એ નિમિત્તે ઉત્સવ.' ૩૦-૮૫ [सं. यात्रा]

જાત્રણિ સ્ત્રી. 'યાત્રિક સ્ત્રી.' ૭-૫૧ [सं. *यात्रिणी]

જાત્રિગુ પું. 'યાત્રિક.' ૫-૪ [सं. यात्रिक]

જાદર ન, 'એક પ્રકારનું સફેદ રેશમી કાપડ.' ૩-૧૯, ૬-૩૯, ૯-૮, ૩૭-૧૨; **જાદરુ** ૪-૩૦; **યાદર** ૨૧-૧૧, ૨૨-૫૨, ૩૨-૨૨૧ [દે. જદ્દર] જુઓ **મરગયજાદર**.

જાનત્ર સ્ત્રી. 'વરયાત્રા,' ગુજ. 'જાન.' ૮-૨૦ [सं. यानयात्रा]

જિણહર ન. 'જૈન મન્દિર.' **જિણહરહ** ૨૯-૨૫; **જિણહરૂ** ૧૮-૧૧ [सं. जिनगृह > प्रा. जिणहर]

જીપ સ. ક્રિ. 'જીતવું, ફતેહ મેળવવી.' **જીપઇ** ૬-૩૦, **જીપઇં** ૧૪-૭; **જીપતી** ૩૦-૨૨૩ [सं. जित > प्रा. जित्त, जिप्प]

જૂહી સ્ત્રી. 'જૂઈનો છોડ.' ૨૨-૯ [सं. यूथिका > प्रा. जूहिआ]

જેઠી પુ. 'મલ્લ, જેઠીમલ્લ.' ૨૦-૨૩૬ [सं. ज्येष्ठिन.] જેઠી અથવા જેઠીમલ્લ તરીકે ઓળખાતી, મલ્લવિદ્યાને વ્યવસાય તરીકે સ્વીકારનારી એક

જ્ઞાતિ ગુજરાતમાં છે. જૂના ગુજ. સાહિત્યમાં ‘ જેઠી ’ વિષેના અન્ય ઉલ્લેખો માટે જુઓ ‘ જ્યેષ્ઠીમલ્લ જ્ઞાતિ અને મલ્લપુરાણ ’ એ મારી પુસ્તિકા, પૃ. ૯-૧૨]

જેડ અ. ક્રિ. ‘ વિલંબ કરવો. ’ **જેડવા** ૧૯-૬. આ શબ્દ વિષે ચર્ચા માટે જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **જેડિ**. અર્વાચીન ગુજરાતીમાં આ શબ્દપ્રયોગ લુપ્ત છે, પણ મેવાડમાં હજી ‘ જેજ ’ રૂપે તે વપરાય છે.

જોરો પું. ‘ દોર, જુલમ. ’ ૩૨-૧૮ [ફા. જોર]

ઝંજીર સ્ત્રી. ‘ બેડી. ’ ૨૬-૩૦ [ફા. જંજીર]

ઝાણ ન. ‘ ધ્યાન. ’ ૧-૨૫ [સં. ध्यान > प्रा. झाण]

ઝાલ સ્ત્રી. ‘ કાનનું એક ઘરેણું, ’ ૨૦-૭; **ઝાલિ** ૧૭-૧૬, ૨૨-૨૦, ૩૧-૯

ઝુણિ પું. ‘ અવાજ. ’ ૮-૨૨, ૧૫-૪૮ [સં. ध्वनि > प्रा. झुणि]

ઝૂમણૂં ન. ‘ એક પ્રકારનો હાર. ’ ૨૨-૨૭

ટંકાઉલિ સ્ત્રી. ‘ એક પ્રકારનો હાર. ’ ૩૧-૧૧; **ટંકાવલિ** ૧૭-૧૫ [સં. टंका + आवलि.] ‘ ટંકા ’ એ જૂના સમયનો મુખ્ય સિક્કો હતો (જે ઉપરથી ગુજ. ‘ ટકો ’ શબ્દ આવ્યો છે); ‘ ટંકા ’ના આકારનાં ચકતાં આ હારમાં ગોઠવતાં હશે, તે ઉપરથી એને ‘ ટંકાવલિ ’ નામ મળ્યું હોવું જોઈએ.

ટિચાંગલી સ્ત્રી. ‘ ટચલી આંગળી, સૌથી નાની આંગળી. ’ ૧૯-૪૨

ટૂંટુઉ વિ. ‘ ઠૂંઠો, ’ ગુજ. ‘ ટૂંટો. ’ ૩૦-૩૧

ડસણ પું. ‘ દાંત. ’ ૨૨-૧૯, ૨૨-૨૫ [સં. दशन]

ડાંલવ અ. ક્રિ. ‘ દેડકાં અવાજ કરે તે. ’ **ડાંલવઇ** ૨૨-૫૩

ડીલ ન. ‘ શરીર. ’ ૨૬-૩૫ [प्रा. डिल्ल]

ઢીલિણિ વિ. ‘ દિલ્હીની રહેવાસી સ્ત્રી. ’ ૭-૨૯

ઢો સ. ક્રિ. ‘ રજૂ કરવું, ભેટ ધરવું. ’ **ઢોઇ** ૨૯-૧૨૧; **ઢોયા** ૨૯-૨૫ [સં. ढौक् > प्रा. ढोअ]

તકખણ અ. ‘ તત્કાળ, તે જ સમયે. ’ **તકખણિ** ૩-૪ [સં. तत्क्षण]

તગતાગુ ન. ‘ સુન્દરતા. ’ ૧૬-૧૭

તડકસ વિ. ‘ તંગ. ’ ૨૨-૧૬

તડક્ક અ. ક્રિ. 'ચમકવું.' **તડક્કાઈ** ૬-૫૦ [प्रा. तडक्क. તડક્કાર = ચમકારો.]

તડૂકું ન. સ્ત્રીનું કાનનું આભૂષણ.' **તડૂકા** ૨૨-૨૪ [सं. ताटंक ?]

તલાવલી સ્ત્રી. 'નાનું તળાવ, તળાવડી.' ૧૫-૨૦ [सं. तडाग > प्रा. तलाअ + ली]

તલિયા તોરણ ન. 'એક પ્રકારનું તોરણ, તરિયા તોરણ,' ૯-૨

તવણુ પું. 'સૂર્ય.' ૧-૧૮ [सं. तपन > प्रा. तवण]

તાજા અ. 'તુરત.' ૩૭-૨ [ફા. તાજહ્]

તાજિમ સ્ત્રી. 'માન આપવાની ક્રિયા, અદબ.' ૭-૨૬ [અર. તઅજીમ]

તાડંક ન. 'કાનનું કુંડળ.' ૩-૨૦ [सं. ताटंक]

તાડ સ. ક્રિ. 'પહેરવું.' **તાડેઇ** ૧-૧૩

તાલોવીલી સ્ત્રી. 'વ્યાકુળતા, ઉત્સુકતા.' ૨૬-૨૮ [દે. તલ્લોવિલ્લિ, એના મૂળમાં સં. 'तलोपरि' જેવો શબ્દ હશે.]

તાસતુ પું. 'એક પ્રકારનું ચકચકિત રેશમી કાપડ.' **તાસતા** ૩૦-૨૦૦ [ફા. તાફ્તહ્]

તિત્થયર પું. 'તીર્થંકર.' ૨-૧ [सं. तीर्थंकर]

તિરિઅ વિ. 'પશુ, પક્ષી વગેરે પ્રાણીઓ.' ૧૫-૨૮ [सं. तिर्यक्]

તિરેહ વિ. 'ત્રણ રેખાવાળો.' ૨-૯; **તિરહેઉ** ૬-૩૧ सं. त्रिरेख > प्रा. तिरेह]

તિલઉ ન. 'ટીલું, તિલક.' ૯-૬. **કુલતિલઉ** ૩૧-૧, એ સ્થાને 'તિલઉ'નો 'અલંકાર, આભૂષણ' એવો અર્થ છે. [सं. तिलक > प्रा. तिलअ]

તિવરારિ પું. 'મહાદેવ.' ૮-૧૬ [सं. त्रिपुरारि]

તિવલ સ્ત્રી. 'પેટ ઉપર પડતી ત્રણ રેખા.' ૨-૧૦ [सं. त्रिवलि] જુઓ **ત્રીવલિ.**

તિવલ ન. 'ઢોલક.' ૨૭-૧૨ [અર. તબ્લ કે તબ્લહ્; સર૦ અર્વાચીન ગુજ. 'તબલું.' જૂ. ગુજ.માં અન્યત્ર પણ આ શબ્દનો પ્રયોગ છે. 'તિવિલાં ઝાલર ભેરુ કરડિ કંસાલા વાજઇ '—'સપ્તક્ષેત્રી રાસુ,' કડી ૫૦]

તુરણિ સ્ત્રી. 'તરુણી.' ૨૭-૪, ૩૬-૪૨ [सं. तरुणी]

તુરંગુ પું. 'લહેર.' ૨-૧૦ [सं. तरंग]

તેય ન. 'તેજ.' ૨-૩ [सं. तेज]

તોરણ ન. [સં.] 'શોભા માટે બારણાં ઉપર બંધાતો પાંદડાં વગેરેનો હાર, ૨-૬, ૬-૨૩. 'દરવાજો.' **તોરણિ** ૧-૪, ૧૧-૧, ૨૫-૧, ૩૧-૫. **તોરણે** ૧૮-૪૦.

ત્રસ વિ. [સં.] 'એક સ્થાનેથી બીજે સ્થાને જવાની શક્તિવાળો જીવ.' ૭-૯

ત્રસરી વિ. 'ત્રણ સેર-રેખાવાળી.' ૨૨-૨૦

ત્રિય સ્ત્રી. 'સ્ત્રી.' ૭-૯; **ત્રીનઇ** ૪-૧૩ [सं. स्त्री]

થટ્ટ પું. 'સમુદાય.' ૩-૪. જુઓ થાટ.

થવક્ક પું. 'સ્તબક, જથ્થો.' **થવક્કા** ૧-૧૨ [सं. स्तबक]

થાટ સ્ત્રી. 'મોટો સમુદાય, ઠઠ,' ૪-૪૦; **થાટિ** ૨૭-૨૧ [सं. *स्थात સર૦ ગુજ. હિ. 'ઠાઠ,' મ. 'ઠાટ = ભપકો. જૂની ગુજ.માં 'ઠાઠ' શબ્દ 'સમુદાય'ના અર્થમાં પણ છેઃ 'ગયવર **ઠાઠ** ચાલતા દીસઇ, જોતાં નાવઈ છેહ '—'કાન્હડદેપ્રબન્ધ,' ખંડ ૨, કડી ૮૫; જુઓ **થટ્ટ**.

થાપણિ સ્ત્રી. 'અનામત.' ૧-૧૨ [सं. स्थापनिका > प्रा. थप्पणिआ, थापणिआ. અર્વાચીન ગુજ. થાપણ.]

થાહર સ્ત્રી. 'સ્થિરતા.' **થાહરિ** ૨૨-૮. આ અર્થ લક્ષણાથી આવ્યો છે. આ શબ્દનો મૂળ અર્થ 'સ્થાન' છે [सं. *स्थात > प्रा. थाअ, थाह + સ્વાર્થિક 'ડ'. સર૦ ગુજ. 'ડાર'] જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **થાહર**.

થીવલિ સ્ત્રી. 'પેટ ઉપર પડતી ત્રણ રેખા.' ૨૦-૯ [सं. त्रिवलि] જુઓ **તિવલ**.

થુણ સ. ક્રિ. 'સ્તુતિ કરવી.' **થુણીજઇ** ૨-૨૭ [सं. स्तुनोति > प्रा. थुणइ]

દકુખ ન. 'દુખ.' ૩૬-૫૦ [सं. दुःख]

દની સ્ત્રી. 'દુનિયા.' ૩૦-૪૩ [અર૦ દુનિયા. ઉત્તર ગુજરાતમાં લોકબોલીમાં 'દેસ દની' એવો પ્રયોગ પ્રચલિત છે.]

દપ્પણ ન. 'અરીસો' ૯-૨ [सं. दर्पण > प्रा. दप्पण]

દમામો પું. 'એક રણવાદ્ય, નોબત.' ૨૭-૧૨; ને **દમામાં** ૨૮-૫૧ [ફા. દમામહ્]

દવાજો વિ. 'આશીર્વાદ આપનાર.' **દવાજા** ૩૪-૫૩ [અર૦ દુઆ + ફા. ગો = આપનાર]

દસાર પું. 'સમુદ્રવિજય આદિ દશ યાદવો.' ૨-૧૫, ૮-૨ [सं. दशार्ह]

દસ્તૂર પું. [ફા.] 'કર.' ૨૪-૨

દાઇજઉ પું. 'લગ્ન વખતે વરકન્યાને અપાતું દ્રવ્ય.' ૨૯-૬૦ [प्रा. दाइज्ज.]

દાડિમહૂલા પું. 'એક પ્રકારનું કીમતી વસ્ત્ર. ૨૨-૪૭

દાદર પું. 'દેડકો.' ૨૨-૫૩ [सं. दादुर]

દિક્ષણડી સ્ત્રી. 'દક્ષિણની સ્ત્રી.' ૭-૩૦

દિદાર પું. [ફા.] 'ચહેરો, સ્વરૂપ.' ૩૨-૮, ૩૨-૧૦, ૩૨-૧૨, ૩૨-૪૫; **દીદાર** ૩૪-૩૮

દિમસુ પું. 'દિવસ.' ૩-૧૭ [सं. दिवस. અહીં 'વ'નો 'મ' થવો નોંધપાત્ર છે.]

દિવ ન. 'ચમત્કાર, દિવ્ય.' ૩૦-૨૬૫ [सं. दिव्य > प्रा. दिव्व]

દીકોડી સ્ત્રી. 'દાસી.' ૧૯-૮ [આ શબ્દ જૂની ગુજરાતીમાં અન્યત્ર વપરાયો છે. 'કાન્હડદેપ્રબન્ધ'માં જૌહરના વર્ણનમાં એ શબ્દ નિઃશંક આ જ અર્થમાં છે–"જઇતલદે ભાવલદે ઉમાદે અનઈ કુમલાદે રાણી; જમહર તણી કરઇ સજાઈ વાત હીયામાહિ આણી. સાથી ઘણી **દીકોડી** સૂંડી, કરઇ આવીનઇ વાત; લોક ભણઇ અમ્હે રાઉલ તાહરા નહીં છાંડઉં સંઘાત"

(શ્રી. વ્યાસની વાચના, ખંડ ૪, કડી ૨૨૯-૩૦), આ શબ્દનાં પાઠાન્તર જુદી જુદી હસ્તપ્રતો અનુસાર 'દીકોલી,' 'દકોડી,' 'ડીકોલી,' એવાં ત્યાં નોંધેલાં છે. 'વિમલપ્રબન્ધ' (ચૂલિકા, કડી ૬૫)માં '**દીકોડી** કોડી દસ વીસ, શ્રીની સાર કરઈ નિશિદીસ' એમ આ શબ્દ છે, અને એ કાવ્યમાં ખંડ ૯, કડી ૧૩૦માં 'દીકોલાં' એવો નપુંસકલિંગનો પ્રયોગ છે. 'યોગશાસ્ત્ર'ના સોમસુન્દરસૂરિકૃત બાલાવબોધની હસ્તપ્રતમાં 'દીકોલા' એવો પુંલિંગનો પ્રયોગ છે—(૧) 'તે કન્યા દાસ**દીકોલા** સહિત તે ઋષિહૂઇં દીધી.' (૨) 'રીસ લગઇ દાસ **દીકોલા** ગાઇ ભઇંસિ બલીવર્દાદિકહૂઇં ગાઢઉ બંધ ન કરઇ.' રાજસ્થાનમાં જાગીરદારોની જંગમ મિલકત જેવા રાવણા રજપૂતો—ખવાસોને કેટલીક વાર 'ડોગલા' એટલે કે વર્ણસંકર કહેવામાં આવે છે. આ શબ્દકુલ सं. 'द्विकुल' ઉપરથી હશે ?]

દીનાર પું. 'એક પ્રાચીન સિક્કો.' ૨૯-૧૪૫ [सं. दीनार, જે લૅટિન Denarius ઉપરથી છે.]

દીસ પું. 'દિવસ.' ૧૭-૩ [सं. दिवस]

દેઉર પું. 'દિયર, પતિનો ભાઈ.' ૧૪-૫૪ [सं. देवर]

દેવહર ન. 'દેવમન્દિર.' **દેવહરઇ** ૨૯-૧૭ [सं. देवगृह > प्रा. देवहर, देअहर. ગુજ. દહેરું]

દેશન સ્ત્રી. 'ઉપદેશ.' ૩૦-૧૫૧ [सं. देशना]

દેસવરતિ સ્ત્રી. 'શ્રાવકનાં વ્રત, અણુવ્રત, હિંસા આદિનો આંશિક ત્યાગ.' ૩૦-૬૧ [सं. देशविरति. આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.]

દેહચિંતા સ્ત્રી. [સં] 'કુદરતી હાજત.' ૨૯-૭૧

દૂમણી વિ. 'દુખી, સચિંત.' ૨૯-૮૯ [सं. दुर्मनस् > प्रा. दुम्मण]

દ્રૂપ્વય સ્ત્રી. 'પાંડવોની પત્ની, દ્રૌપદી..' ૯-૯, ૯-૧૨ [सं. द्रौपदी]

દૂહવ સ. ક્રિ. 'દુખ આપવું.' **દૂહવાણૂં** ૩૦-૮૮ [सं. दुःखापयति > प्रा. दुहावइ]

ધ્રૂપદ ન. 'પદ્યમાં દરેક કડીને અંતે પુનરુક્ત થતી પંક્તિ, ટેક.' ૨૨-૨ [सं. ध्रुवपद]

દ્રેઠિ સ્ત્રી. 'નજર, દૃષ્ટિ.' ૭-૩૩, ૧૮-૨૪, ૨૫-૬; **દ્રેઠિહિં** ૩૫-૨૨ [सं. दृष्टि]

ધણિ પું. 'પતિ.' ૭-૯ [સં. धनिन् >प्रा. धणि]

ધણુ ન. 'ધનુષ્ય,' ૬-૨૬ [સં. धनुष्]; **ધનુહડી** સ્ત્રી. ૧૮-૩૫

ધયવડ પું. 'પતાકા,' ૨-૬, ૪-૨૯ [સં. ध्वजपट]

ધરિ અ. 'પ્રારંભમાં.' ૨૨-૫૫. [સં. धुर् 'ધૂંસરી,' पा. प्रा. धुर, જૂ. ગુજ. ધુર, ધુરિ. સર૦ ગુજ. 'ધરથી, ધરમૂળથી,' ઇત્યાદિ.]

ધાડિ સ્ત્રી. 'આક્રમણ, ધાડ.' ૩૬-૨૪ [સં. धाटी]

ધ્રિન અ. 'શાબાશ, ધન્ય.' ૩૦-૧૧૩, ૩૦-૨૬૬; **ધ્રિન્ય** ૩૦-૨૬૭ [સં. धन्य]

ધીઠી સ્ત્રી. 'કપટી' ૩૨-૩૧ [સં. धृष्टा > धिट्ठा]

ધીરિમ સ્ત્રી. 'ધૈર્ય.' ૧-૫ [સં. धीर + અપ. ઇમ. સર૦ વંકિમ, ભોલિમ, ગાઢિમ, આદિ]

ધ્રુવ વિ. 'સ્થિર, નિશ્ચલ,' ૩-૨૨ [સં. ध्रुव]

ધૂઅ સ્ત્રી. 'પુત્રી.' ૩-૮; **ધૂય** ૨-૬ [જૂ. ગુજ.માં 'ધૂ' અને 'ધૂઅ' રૂપ પણ મળે છે. સર૦ ગુજ. અને કચ્છી 'ધી.' प्रा. धूआ, धूदा < सं. दुहिता. પિશલ એક પ્રાકૃત રૂપ दूधा આપીને સં. *धुक्ता ઉપરથી તે વ્યુત્પન્ન કરે છે]

ધુલહડી સ્ત્રી. 'ફાગણ માસની શુકલ પ્રતિપદા, ધૂળેટી.' ૩૬-૪૦ [દે. ધૂલિહડી. સર૦ हि. धुलेंडी, म. धुलवडी, પ્રારંભિક ગુજ.માં 'ધૂલહડી' શબ્દ મળે છે. જેમ કે, બહુ વિગોઇઉ, ફેડિઉ ઠાઉ, જિમ **ધુલહડી** કેરઉ રાઉ—' જિનપ્રભાચાર્યકૃત 'ભવ્યચરિત' (વિ. નો તેરમો સૈકો), કડી ૫; 'ફાર્બસ ગુજ. સભા ત્રૈમાસિક,' પુ. ૧, અંક ૨]

ધ્રમ પું. 'ધર્મ.' ૨૯-૧૦ [સં. धर्म]

નઇ સ્ત્રી. 'નદી.' ૨-૨૪ [સં. नदी] જુઓ **નય**.

નગોદર પું. 'કંઠનું એક આભૂષણ.' ૨-૨૦, ૬-૪૯, ૧૨-૮, ૨૨-૨૭, ૩૬-૪૭, ૩૭-૧૨; **નગોદરુ** ૩-૨૦, ૪-૩૮; **નગોદરૂ** ૧૪-૫૨ [૨-૨૦ના નગોદર-કંઠલઉ' એ પ્રયોગથી ઉપર આપેલા અર્થનું સમર્થન થાય છે.] જુઓ **નિગોદર**.

નય સ્ત્રી. 'નદી.' ૯-૧૮ [सं. नदी > प्रा. नइ] જુઓ **નઇ.**

નરખ સ. ક્રિ. 'જોવું, નિરખવું.' **નરખઇ** ૨૨-૫૨ [सं. निरक्षते > प्रा. निरिक्खइ]

નરવિંદો પું. 'રાજા.' ૧૦-૧ [सं. नर + इन्द्रः > नरइंदो]

નલવટ ન. 'કપાળ.' **નલવટિ** ૨૨-૩૨ [सं. ललाट > प्रा. णिलाड, णिडाल. જૂ. ગુજ.માં પણ 'નલાડ-નિલાડ' છે. સર૦ લિલવટ] જુઓ **નિલવટિ.**

નવલ્લિય સ્ત્રી. 'નવી.' સર૦ ગુજ. 'નવલી, નવેલી.' ૪-૨૮ [सं. नव + ली]

નવેરુ વિ. 'નવતર, નવનવું.' ૩૫-૪૭; **નવેરા** ૩૬-૫૭ [सं. नवतर > प्रा. नवयर]

નસિ સ્ત્રી. 'રાત્રિ.' ૨૨-૫૩ [सं. निशा]

નહ પું. 'નખ.' **નહિ** ૩-૨૧ [सं. नख]

નાચણિ સ્ત્રી. 'નર્તિકા,' ગુજ. 'નાચણ.' ૯-૧૪ [सं. नृत्य > प्रा. णच्च ઉપરથી ણચ્ચણી]

નાઠ અ. ક્રિ. 'નાસવું.' **નાઠઉ** = અર્વા. ગુજ. નાઠો. ૩૫-૨૨ [सं. नष्ट > पा. प्रा. नट्ठ]

નાણ ન. 'જ્ઞાન.' **નાણિ** ૧-૨૫ [सं. ज्ञान]

નાહિ સ્ત્રી. 'ડૂંટી.' ૧-૧૫ [सं. नाभि]

નિગોદ પું. [સં.] 'અનંત જીવોનું એક સાધારણ શરીર વિશેષ.' ૩૦-૨૯૨ [આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.]

નિગોદર પું. ૧૮-૩૬. જુઓ **નગોદર.**

નિજર સ્ત્રી. 'દૃષ્ટિ.' ૩૨-૧૧; **નિજરિ** ૩૪-૪૦ [અર. નજર]

નિધાડ સ. ક્રિ. 'પરાસ્ત કરવું.' **નિધાડિઉ** ૧-૨૫ [सं. निर्घाटित > प्रा. णिद्धाडिअ]

નિય વિ. 'પોતાનું.' ૧-૩, ૧-૭, ઇત્યાદિ [सं. निज]

નિરતી વિ. 'સ્પષ્ટ, નિશ્ચિત.' ૨-૨૦; **નિરતુ** ૨૪-૨; **નિરૂતઉ** ૪-૧૩ [प्रा. णिरुत्त < सं. निरुक्त]

નિલવટિ ન. ૧૮-૧૯, ૨૨-૨૪. જુઓ **નલવટ.**

નીકી વિ. 'સુન્દર.' ૩૧-૮ [प्रा. णिक्क]

નીભર વિ. 'ગાઢ.' ૨૦-૪૬ [सं. निर्भर > प्रा. णिब्भर]

નીલડ વિ. 'ઘોડાની એક જાત.' **નીલડા** ૧૪-૧૬

નીલવણિ સ્ત્રી. 'લીલું શાક, લીલોતરી,' ગુજ. 'લીલવણી.' ૩૦-૩૦૧

નીસાણ ન. 'નોબત.' ૮-૧૧ [सं. निस्स्वान > निस्साण]

નેઅર ન 'ઝાંઝર, નૂપુર.' ૨૨-૧૮ જુઓ **નેઉર.**

નેઉર ન. 'ઝાંઝર નૂપુર.' ૧-૧૧ [सं. *नेपुर = नूपुर. સર૦ ગુજ. નેવર, નેપુર; હિ. નેવર, નેવલ] જુઓ **નેઅર.**

ન્હવણ ન. 'સ્નાન.' ૨૯-૫૦; **ન્હવણુ** ૫-૧૨ [सं. स्नपन]

ન્યાન ન. 'જ્ઞાન.' ૩૦-૨૬૨; **ન્યાનઈ** ૩૦-૩૪; **ન્યાંન** ૩૦-૧૭ [सं. ज्ञान]

પઈ પું. 'પગ.' ૩-૧ [सं. पद > प्रा. पय] જુઓ **પય.**

પગાર પું. 'કોટ.' **પગારિ** ૯-૧૨ [सं. प्राकार]

પટઉલડી સ્ત્રી. 'ઉત્તમ રેશમી વસ્ત્ર, પટોળી, પટોળું.' ૨૧-૧૧, ૨૧-૨૭; **પટઉલી** ૧૨-૬; **પટુલી** ૬-૫૧, ૨૨-૩૩, ૨૨-૩૬, ૨૨-૪૯, ૩૦-૨૨૧, ૩૬-૪૫; **પટોલડી** ૧૩-૪, ૧૩-૧૧; **પટોલિ** ૪-૩૯; **પટ્ટોલિ** ૯-૩. આ શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'માં **પટઉલઉં.**

પડવંડ વિ. 'સજ્જ.' **પડવંડા** ૩૦-૨૫૧ [सं. प्रतिपद् > पडिवड] અર્થાન્તર માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'નાં શબ્દકોશમાં **પડવડ.**

પણચ સ્ત્રી. 'ધનુષની દોરી.' **પણચઈં** ૧૮-૩૫ [प्रा. पडंचा]

પય પું. 'પગ.' ૫-૨ [सं. पद] જુઓ **પઈ.**

પયડ વિ. 'પ્રસિદ્ધ.' ૫-૨ [सं. प्रकट > प्रा. पयड]

પાયમાલ વિ. 'ખુવાર.' ૩૩-૮ [ફા. પાયૂમાલ]

પયંપ સ. ક્રિ. 'બોલવું.' **પયંપય** ૨-૧૭ [सं. प्रजल्पति > प्रा. पयंपइ]

પરગંડી વિ. 'પ્રગટ રીતે.' ૩૦-૬૭ [सं. प्रकट]

પરણાલ સ્ત્રી. 'નેવાંનું પાણી ઝીલવા માટેની નીક, પરનાળ.' **પરણાલિઇં** ૨૨-૫૨ [सं. प्रणाल > प्रा. परणाल]

પરમલ પું. 'સુગંધ.' ૭-૩૬ [सं. परिमल]

પરિક્રમ ન. પરાક્રમ.' **પરિક્રમિ** ૨-૩ [सं. परिक्रम]

પરિગર પું.'મૂર્તિની આસપાસનો કોતરણીવાળો પરિવેશ.' **પરિગરિ** ૧૮-૨૭ [सं. परिकर]

પરિચત્ત વિ. 'ત્યજાયેલ.' ૩-૩૧ [सं. परित्यक्त]

પરિણયણ ન. 'લગ્ન.' ૨-૧૩ [सं. परिनयन]

પલાવ પું. 'આક્રંદ.' ૮-૨૫ [सं. प्रलाप]

પવાલઉ પું. 'પરવાળું, એક રત્ન.' ૪-૨૫ [सं. प्रबाल]

પસઇ 'ખોબો.' સર૦ ગુજ. 'પોશ, પસલી.' ૨-૧૭ [सं. प्रसृति]

પહરાઉત પું. 'પહેરો ભરનાર, ચોકીદાર.' ૧૪-૪૦ [ફા. પહરહ્ = ચોકી. सं. प्राहरिक > प्रा. पाहरिअ = ચોકીદાર, એ પણ ધ્યાનમાં રાખવાનું છે. સંસ્કૃત અને ફારસી બન્ને શબ્દો એક મૂળમાંથી આવ્યા હશે.]

પહાણો વિ. 'મુખ્ય.' ૧-૨૭ [सं. प्रधान]

પહિચાણિ સ્ત્રી. 'ઓળખાણ, પરિચય.' ૨૯-૧૪૮ [सं. प्रत्यभिज्ञान > प्रा. पच्चहिआण. સર૦ हि. पहिचान, ગુજ. પિછાણ—ન]

પહિય પું. 'પ્રવાસી.' ૧૦-૧૨ [सं. पथिक] સર૦ ગુજ. 'પઈ' ('પરોણો-પઈ'માં)

પહિરણ ન. 'પહેરવેશ.' **પહિરણિ** ૧-૧૦, ૧૩-૪, ૨૧-૧૧; **પિહરણિ** ૩૦-૨૧૧; **પિહિરણ** ૨૨-૨૨ [सं. परिधान > प्रा. परिहाण, पहिराण, पहिरण. સર૦ ફા. પીરાહીન.]

પહિલ્લી વિ. 'પ્રથમ, પહેલી, ઉત્સુક.' ૧-૧૬ [सं. *प्रथिल्ल > प्रा. पहिल्ल]

પહુત અ. ક્રિ. 'પહોંચવું.' **પહુતઉ** ૧-૨; **પુહુતલુ** ૧૩-૧; **પહુતુલ** ૮-૧ [सं. प्रभूत > प्रा. पहुत्त, पहुप्प. કેટલાક વિદ્વાનો सं. प्रभुत्व > प्रा. पहुत्त અને કેટલાક सं. प्राप्त > प्रा. पत्त, पहुत्त એ પ્રમાણે વ્યુત્પત્તિ આપે છે. पहुत्त > पहुच्च ઉપરથી ગુજ. 'પહોંચવું,' મ. 'પોહચણે,' હિ. 'પહૂંચના' આદિ વ્યુત્પન્ન થાય.]

પંગ ન. 'ઢોલક જેવું એક વાજિંત્ર.' ૨૮-૬૨ [सं. उपाङ्ग > प्रा. उपंग]

પંચ શબ્દ પું. 'પાંચ વાદ્યનો મંગલસૂચક ધ્વનિ.' ૨૭-૧૩. આ વિષે ચર્ચા માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **પંચ શબ્દ.**

પંતિ સ્ત્રી. 'હાર, પંક્તિ.' ૧૮-૧૮; **પંતિહિ** ૩-૧૦ [सं. पङ्क्ति > प्रा. पंति. સર૦ ગુજ. 'પાથી' (હોળેલા વાળનો ગુચ્છો), 'પાંતિ,' 'જાતપાંત']

પંનરપિ અ. 'ફરી વાર.' ૨૨-૧૪ [सं. पुनरपि]

પાગ પું. 'પગ.' **પાગિહિ** ૩૫-૫ [सं. पद + क > प्रा. पअग. જે ઉપરથી પગ અને પાગ એ બે શબ્દો આવે છે.]

પાચ અ. ક્રિ. 'પરિપક્વ થવું, પાકવું.' **પાચઇ** ૬-૧૬ [सं. पक्व > प्रा. पक्क, पच्च. સર૦ ગુજ. 'પાકુંપચ']

પાટણ ન. 'નગર.' ૨૪-૭ [सं. पत्तन > प्रा. पट्टण]

પાડલિય ન. 'પાટલિપુત્ર, મગધનું પ્રાચીન પાટનગર.' **પાડલિય-માહિ** ૧-૨.

પાથર પું. 'પથ્થર.' ૩૬-૩૦ [सं. प्रस्तर > पत्थर]

પાવસ પું. 'વર્ષા ઋતુ.' ૨૮-૩૨; **પાવસુ** ૧-૨૦ [सं. प्रावृष > प्रा. पाउस]

પાંચયજ્ઞ પું. 'શ્રીકૃષ્ણના શંખનું નામ.' ૧૪-૩૪ [सं. पाञ्चजन्य]

પાંચલી સ્ત્રી. 'પૂતળી.' ૧૮-૩૭ [सं. पाञ्चाली]

પાંજરી સ્ત્રી. 'વહાણનો એક ભાગ.' ૨૪-૬ [सं. पञ्जर]

પિકખ સ. ક્રિ. સ્ત્રી. 'જોવું,' ગુજ. 'પેખવું.:' **પિકખેવી** ૧-૪ [सं. प्र + ईक्ष > प्रा. पेक्ख, पिक्ख]

પિણિ અ. 'પણ, પરન્તુ.' ૨૯-૯૫ [सं. पुनः अपि, प्रा. पुणवि, જૂ. ગુજ. પણિ, અર્વા. ગુજ. પણ, હિ. પુનિ. પ્રસ્તુત 'પિણિ' રૂપ રાજસ્થાનીની અસર દર્શાવે છે.]

પિશુ ન. 'પ્રાણી, પશુ.' ૧૪-૭૨ [सं. पशु]

પીહર ન. 'સ્ત્રીના પિતાનું ઘર, પિયર' [सं. पितृगृह > प्रा. पियहर] આને મળતા અન્ય ગુજ. શબ્દો માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસના શબ્દકોશમાં **પીહર**.

પુફ ન. 'ફૂલ.' ૧૯-૨૭ [सं. पुष्प > प्रा. पुप्फ]

પુલ અ. ક્રિ. જવું, પળવું.' **પુલઇં**. ૩૬-૩૦

પૂગ અ. ક્રિ. 'સંતોષ થવો, પુરાવું' **પૂગઉ** ૫-૧૫; **પૂગી** ૨૨-૫૫, ૨૯-૧૨૫ [सं. पूर्यते > पूज्जइ > જૂની ગુજ. પૂજઇ, પૂગઇ. સર૦ અર્વાચીન ગુજ. પૂગવું = પહોંચવું]

પેલાડિ સ્ત્રી. 'પીડા, વેદના.' ૨૬-૧૭

પ્રતિલાભ સ. ક્રિ. [સં.] 'સાધુ આદિને દાન આપવું તે.' **પ્રતિલાભઇ** ૩૦-૨૬૬ [આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.]

પ્રદેશ પું. [સં.] 'પરદેશ, બીજો દેશ.' ૨૬-૬, ૩૦-૩૩

પ્રેતમ પું. 'પ્રીતમ.' ૩૬-૫૧ [सं. प्रेयतम]

ફરસણ ન. 'સ્પર્શ.' ૨૯-૮૮ [सं. स्पर्शन > प्रा. फरिसण]

ફાગ, ફાગુ જુઓ, આ સંગ્રહ સાથે જોડેલો 'ફાગુનો સાહિત્યપ્રકાર' એ લેખ.

ફાડ સ. ક્રિ. 'ભાગ કરવા' (સેંથો પાડીને વાળના બે ભાગ કરવા એ અર્થમાં અહીં છે.) **ફાડેઈ** ૧-૧૩ [सं. *स्फाट्यते > प्रा. फाडेइ. અથવા સં. स्फाल् ઉપરથી]

ફાર વિ. 'અતિશય.' ૩-૧૪; **ફારો** ૨-૧૪ [सं. स्फार. સર૦ म. फार]

ફાલી સ્ત્રી. 'સાડી.' ૯-૮. આ જ અર્થમાં એના પ્રયોગ માટે જુઓ

'વસંતવિલાસ,' કડી ૩૮, સર૦ ગુજ. 'ચોફાળ, ફાળિયું,' આદિ શબ્દો. વ્યુત્પત્તિ માટે જુઓ ફાડ.

ફાસૂ વિ. 'નિર્જીવ.' ૩૦-૬૬ [सं. प्रासुक > प्रा. फासुअ]

ફીતઉ વિ. 'સમર્થ.' ૭-૫૭ [सं. स्फीत]

બહિણી સ્ત્રી. '૨-૧૫ [सं. भगिनी. સર૦ म. बहीन]

બહિનર સ્ત્રી. 'બહેન,' ગુજ. 'બ્હેનડ.' ૨૮-૨૪ [सं. भगिनी > प्रा. बहिनी, बहिन + स्वार्थिक 'ड']

બહિરખુ પું. 'કોણીનું એક ઘરેણું.' **બહિરષા** ૧૮-૨૨; **બિહિરષા** ૨૨-૪૬ [प्रा. बाहरक्ख > सं. बाहुरक्ष. સર૦ હિ. बैरखी]

બંધાલગ પું, 'એક કીમતી વસ્ત્ર.' ૨૨-૪૭. બાંધણીને મળતો આ કોઈ પ્રકાર હશે ?

બાઉલ સ્ત્રી. 'સુન્દર સ્ત્રી.' ૩૫-૨૫. જુઓ **વાઉલિ.**

બાજી સ્ત્રી. [ફા.] 'રમત, ખેલ.' ૨૨-૫૯

બારું ન. 'બંદરમાં પેસવાનો માર્ગ.' **બારાં** ૨૪-૭ [सं. द्वार > प्रा. बार]

બાલાપણ ન. 'યૌવન.' ૩૬-૧૦ [सं. बालत्वन > प्रा. बालप्पण]

બાવનચંદન ન. 'ચંદન' ૧૮-૬૯; **બાવનિચંદન** ૨૨-૪૩ [ક. બાવન + सं. चन्दन. એક જ અર્થના, પણ વિભિન્ન ભાષાઓમાંથી આવેલા બે શબ્દોનો આ અનુવાદમય સમાસ (Translation-compound) છે. 'બાવનાચંદન' અથવા 'બાવનચંદન' રૂપે આ શબ્દ જૂની ગુજરાતીમાં વારંવાર વપરાયેલો છે. એનાં કેટલાંક અવતરણો માટે જુઓ 'શબ્દ અને અર્થ,' પૃ. ૧૫૧-૧૫૨. ટિપ્પણ]

બાવનવીર વિ. 'પરાક્રમી, ચતુર.' ૩૪-૨૪; **બાવનવીરિ** ૨૦-૪૨

બીજલ સ્ત્રી.. 'વીજળી.' ૧૨-૮ [स. विद्युत् > प्रा. विज्जु > ગુજ. વીજ, બીજ + સ્વાર્થિક 'લ.' સર૦ हि. बीजली, ગુજ. વીજળી]

બોરીયાવડિ સ્ત્રી. 'એક કીમતી વસ્ત્ર; એમાંથી કાંચળી પણ બનતી. ૧-૧૩. પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલામાં હવે પછી પ્રકટ થનાર 'વર્ણકસમુચ્ચય' માં વસ્ત્રવર્ણનમાં આ વસ્ત્રનો ઉલ્લેખ છે.

બોહ સ. ક્રિ. 'બોધ કરવો, ઉપદેશ કરવો.' **બોહંતઉ** ૧-૨ [सं. बोध् > प्रा. बोह]

ભઈરવ પુ.. 'એક કીમતી વસ્ત્ર.' ૨૨-૪૭, ૩૦-૧૯૭

ભટ્ટ પું. [સં.] 'સ્તુતિપાઠક,' ગુજ. 'ભાટ.' ૩-૪; **ભટ્ટહ** ૨-૧૬

ભડવાઉ પું. 'પરાક્રમની કીર્ત્તિ.' ૨-૮, ૨૪-૫; **ભડવાય** ૧૭.૨૫ [सं. भटवाद]

ભત્તિ સ્ત્રી. 'ભજવું તે.' ૩-૧ [सं. भक्ति]

ભમણ ન. 'ભવન, મન્દિર.' **પાસભમણિ** (પાર્શ્વનાથના (મન્દિરમાં) ૭-૩૪ [सं. भवन. અહીં 'વ'નું 'મ'માં પરિવર્તન થઈ બનેલું રૂપ નોંધપાત્ર છે. કોઈ બોલીમાં આ રૂપ પ્રચલિત હશે. '°ભમણિ'નું પાઠાન્તર '°ભુવણિ' મળે છે.]

ભમહડી સ્ત્રી. '**ભમર**' ૧૪-૩૨; **ભમહિ** ૧૫-૧૨; **ભમુહ** ૩-૯, ૪-૨૨; **ભુમહિય** ૬-૨૭; **ભુંહડિયહં** ૨-૮; **ભૂમહીય** ૬-૨૫ [सं. *भ्रमुक > प्रा. भमुह, भमह, भुमह]

ભયડિ સ્ત્રી. 'ભમર.' **ભયડિહિ** ૨૦-૫ [सं. भृकुटि > प्रा. भिउडि, भउडि]

ભરથેશ્વર પું. 'ભરત ચક્રવર્તી, પ્રથમ તીર્થંકર આદિનાથના પુત્ર.' ૧૦- પુષ્પિકા [सं. भरतेश्वर]

ભરહ ન. 'નૃત્યસંગીત આદિ.' ૨૨-૩૭ [सं. भरत = નાટ્યશાસ્ત્રના પ્રણેતા ઋષિનું નામ. તે ઉપરથી 'ભરહ' શબ્દ અર્થવિસ્તાર પામી ઉપર્યુક્ત અર્થમાં પ્રચલિત થયો છે. જુઓ: **ભરહ**-છંદિ ભુંગલ ભરહરઈ, અબલા ઊભી ઊસર કરઈ'—વીરસિંહકૃત 'ઉષાહરણ, પં. ૭૪]

ભરૂઆડી સ્ત્રી. 'ભરવાડી, ભરવાડની સ્ત્રી, ગોપી.' ૧૯-૫૮, ૧૮-૬૯.

ભવિયણ પું. 'મોક્ષને યોગ્ય જીવ.' ૩૭-૧૮ [स. भविक + जन] આ જૈન પારિભાષિક શબ્દ છે.

ભંભરભોલી સ્ત્રી. 'સાવ ભોળી, મુગ્ધ.' ૨-૧૨; **ભંભલભોલિય** ૩-૫; **ભામરભોલી** ૨૦-૫. **ભાંભરભોલવ** સ. ક્રિ. 'ભોળવવું': **ભાંભર ભોલવી** ૩૦-૨૩૫ [सं. विह्वल + *भ्रमुल्लक > प्रा. भिब्भल – भिंभल + भोल्लअ – भोलअ. જુઓ ભોજના 'સરસ્વતીકંઠાભરણ'માં: 'બાલી **ભુમ્ભરુભોલિ**

ઉલ્લસિઅણિઅંસણી, ગહણુ સુણિવિ ણિક્કન્તા ણિદ્દાએ ભેંભલી ' (' આપણા કવિઓ, ' પૃ. ૫૪). જેસલમેરના ગ્રન્થભંડારમાં ખરતરગચ્છીય જિનહંસ-સૂરિની બારમાસી સ્તુતિની એક ત્રૂટિત પ્રતિ મારા જોવામાં આવી હતી. એમાં શ્રાવણ માસના વર્ણનમાં—'શ્રાવણ સોહાવિઉ માસ રંગભર, મિલઉ સહિયર ચેલીયાં; રાગ ગૂજરિ સુગુરુ ગાવઉ, હરિષિ **ભંભરભોલીઆં.** ' વળી જુઓ કવિશ્રી નાનાલાલના એક ગીતમાં–' મોરુ મોરુ કયાં થકી જઈશ **ભંમરભૂલી** મોરલી રે. ' સર૦ हि. ' भमरिभुलान. '

ભાદ્દવ પું. ' ભાદરવો મહિનો. ' ૪-૩૩ [सं. भाद्रपद > प्रा. भद्दवअ. હિ. ભાદો]

ભારથી સ્ત્રી. ' સરસ્વતી. ' ૧૯-૩ [सं. भारती]

ભાસ સ્ત્રી. ' પદ્યખંડ, સળંગ કાવ્યનો એક ભાગ. ' ૧-૫, ૧-૯, ૧-૧૩, ૩-૬, ૩-૧૧, ૩-૧૬, ૫-૬, આદિ [सं. भाषा.] ' ભાસ ' શબ્દનો ' ગીત ' અર્થ પણ થાય છે. જુઓ **ભાસિ** ૨૨-૩૮. કેટલીક વાર અલગ કાવ્યોને પણ જૈન ગુજ. સાહિત્યમાં ' ભાસ ' કહે છે. જુઓ મહીરાજકૃત નલ-દવદંતી રાસ 'ના શબ્દકોશમાં **ભાસ**]

ભાસરુ વિ. ' પ્રકાશમાન, તેજસ્વી. ' ૬-૫ [सं. भास्वर]

ભિગ્ગાહ પું. ' પ્રતિજ્ઞા, ધાર્મિક નિયમ. ' ૧-૧૬ [सं. अभिग्रह > प्रा. अभिग्गह]

ભિંતર અ. ' અંદર. ' **ભિંતરિ** ૩૬-૩૦ [सं. अभ्यंतर > अब्भितर. ગુજ. હિ. ભીતર]

ભીંભલી સ્ત્રી. ' મુગ્ધા. ' ૨૨-૩૪ [सं. विह्वला > प्रा. भिब्भल] જૂના ગુજરાતી સાહિત્યમાંથી આ પ્રકારનાં અવતરણો માટે જુઓ મહીરાજકૃત ' નલ-દવદંતી રાસ 'ના શબ્દકોશમાં **મહભિંભલ.**

ભેઉ પું. ' રહસ્ય. ' ૩૭-૫ [सं. भेद > प्रा. भेअ]

ભેષ પું. ' વેશ, પહેરવેશ, ' ૨૯-૧૨૩ [सं. वेश. સર૦ ગુજ. ' ભેખ. ' વ > ભ માટે જુઓ ઉપર **ભંભરભોલી** અને **ભીંભલી**]

મઉડ પું. ' મુકુટ. ' સર૦ ગુજ. ' મોડ. ' ૯-૯ [सं. मुकुट]

મઠ સ. ક્રિ. ' દબાવવું. ' **મઠી** ૧૯-૨૩ [सं. मथ्]

મડપ્ફર વિ. [દે.] ' ગર્વિત. ' ૧-૮

મણમય વિ. 'મણિનાં.' ૧૨-૬ [सं. **मणिमय**]

મતુ અ. નિષેધાર્થ, હિ. 'મત.' ૮-૨૮

મદનમેષલી સ્ત્રી. 'એક પ્રકારની હીરજડિત મેખલા.' ૨૨-૨૬ [सं. **मदनमेखला**]

મધ પું. 'ચૈત્ર માસ.' ૨૨-૫૯ [सं. मधु]

મધર વિ. 'મીઠું, કર્ણપ્રિય.' ૨૨-૩૪ [सं. मधुर]

મન અ. નિષેધાર્થ. ૨૦-૩૨; **મનિ** ૨૦-૪૯ [म < सं. मा. + सं. न]

મનુહાર સ્ત્રી. 'મનનું હરણ કરવું તે.' ૩૦-૨૨૩. [જૂની ગુજરાતીમાં આ શબ્દનાં અર્થાન્તરો: 'મહિમા, માહાત્મ્ય'—ગોવિન્દકૃત 'મામેરું', પંક્તિ ૨૬૭; વિશ્વનાથ જાનીકૃત 'પ્રેમપચીશી,' પંક્તિ ૬૪૦. 'આગ્રહ' —'પ્રેમપચીશી,' પં. ૬૭, ૧૫૩, ૩૪૦. સર૦ ઉત્તર ગુજરાતની બોલીમાં 'મનવેર' = આગ્રહ; हि. मनुहार = વિનંતી]

મયગલુ પું. 'હાથી,' ગુજ. 'મેગળ.' ૨-૨૬ [सं. मदकल > प्रा. **मयगल**]

મરગયજાદર ન. મરગદ જેવા લીલા રંગનું જાદર વસ્ત્ર.' ૨-૨૦ [सं. मरकत + જૂ. ગુજ. જાદર] જુઓ **જાદર.**

મરહઠી વિ. 'મહારાષ્ટ્રની સ્ત્રી.' ૧૩-૧૦, ૨૧-૧૩ [सं. महाराष्ट्रिका > प्रा. महरट्ठिआ, **मरहट्ठिआ**]

મલાર પું. 'આનંદ કરાવનાર.' ૩૦-૧૮૩; **મલ્હારુ** ૭-૩; **મલ્હારો** ૧૦-૫. [દે. મલ્હ 'આનંદ કરવો, મહાલવું' ઉપરથી. ૧૬·૩માં **મલ્હાવિઉ** 'આનંદ કરાવ્યો' પ્રયોગ છે, તે આના કારકનો છે. વળી જુઓ ૩૭-૧૭માં **મલ્હાવઉં** 'ગુણ ગાઉં.' સર૦ અર્વાચીન ગુજ.માં મલાવવું' = બહેલાવીને વાત કરવી]

મસગ પું. 'એક પ્રકારનું કીમતી વસ્ત્ર.' ૩૦-૧૯૬

મહમહ અ. ક્રિ. [પ્રા.] 'ખુશબો ફેલાવવી, મહેકવું,' સર૦ ગુજ. 'મઘમઘવું' **મહમહંત** ૧-૭; **મહમહિયા** ૧-૩

મહિયલ ન. 'પૃથ્વી.' **મહિયલિ** ૧-૨ [सं. महीतल]

મહિર સ્ત્રી. ‘ કૃપા, દયા ’ ૩૧-૩૩; **મહેર** ૩૨-૯ [ફા. મિહ્ર]

મહિવટુ પું. ‘ સુગંધી પદાર્થ વડે કપાળ ઉપર કરાતી આડ. ’ ૩૫-૬

મહિરાંણ પું. ‘ મહાસાગર. ’ ૩૨-૯ [**सं. महार्णव.** સર૦ ગુજ. મહેરાણ, મહેરામણ.]

મહુયરિ સ્ત્રી. ‘ વાંસળી. ’ ૧૯-૮૫ [**सं. मधुकर-**, સર૦ ગુજ. મહુવર. જૂની મૈથિલીના ‘ વર્ણરત્નાકર ’ (પૃ. ૩૪)માં ‘ મહુઅરિ ’ મળે છે. જૂની બં. ‘ મૌહારી, ’ ‘ મોહારી. ’ જુઓ ‘ વર્ણરત્નાકર ’ની ડૉ. સુનીતિકુમાર ચેટરજીની પ્રસ્તાવના, પૃ. ૬૩]

મહેલિ સ્ત્રી. ‘ સ્ત્રી. ’ ૭-૩૧ [**सं. महिला.** જૈન સંસ્કૃતમાં ‘ મહેલા ’ રૂપ પણ મળે છે.]

મંજીર ન. [સં.] ‘ ઝાંઝર. ’ ૩૬-૪૪

મંડણઉ પું. ‘ અલંકાર, શોભા. ’ ૩૫-૧ [सं. मण्डनकः > प्रा. मंडणओ]

મંમાણી સ્ત્રી. ‘ એક ખાણ, જ્યાંથી ઉત્તમ આરસના પથ્થર નીકળતા હતા. ’ ૧૮-૨૬ [આ પથ્થર મુખ્યત્વે મૂર્તિઓ ઘડવાના કામમાં વપરાતા હતા. આ ઉલ્લેખ અન્યત્ર પણ છે. જેમ કે રાજશેખરસૂરિના ‘ પ્રબન્ધકોશ ’ (ફા. ગુજ. સભાની આવૃત્તિ, પૃ. ૨૪૦)માં—‘ उपलपञ्चकं मम्माणीखनीतो दापय । ’ વળી ‘ सशैलमयबिम्बं मम्मणीयखनीसक्तपरिकरमानीय निवेशितवान् ’ (મેરુતુંગાચાર્યકૃત ‘ પ્રબન્ધચિન્તામણિ, ’ ફા. ગુજ. સભાની આવૃત્તિ, પૃ. ૧૪૨); ‘ श्रीमन्त्रीशः श्रीशत्रुञ्जयभूमिगृहयोग्यं श्रीयुगादिजिनबिम्बं धन्यं मन्यमानस्य सुरत्राणस्यानुज्ञया तद्देशवर्त्तिन्या मुम्माणीनाम्न्याः खन्याः प्रयत्नशतैरानीतवान् ’ (એજ, પૃ. ૧૬૯). અર્થાત્ આ ઉલ્લેખ પ્રમાણે તેરમા સૈકામાં આ ખાણનો પ્રદેશ દિલ્હીના સુલતાનની હકુમતમાં હતો ‘ પુરાતન પ્રબન્ધસંગ્રહ ’ (પૃ. ૯૯) અનુસાર ‘ મમ્માણી ’ ખાણ મારવાડમાં નાગોર પાસે કડાણા ગામમાં આવેલી હતી—‘ तन्नागपुरप्रत्यासन्नकडाणाग्रामेमम्मणीनामखाणौ... અત્યારના મકરાણના પ્રદેશમાં આ ખાણ આવેલી હતી એવી પણ કેટલાકની માન્યતા છે.]

માગુ પું. ‘ સેંથી. ’ ૮-૧૨; **માગિ** સ્ત્રી. ૩૬-૪૬; **માઘ** સ્ત્રી. ૨૧-૨૩ [सं. मार्ग સર૦ हि माँग]

માદલ ન. ‘એક વાદ્ય.’ ૧૯-૮૫ [सं. मर्दन > प्रा. मद्दल. સર૦ ગુજ. માદળિયું = માદલના આકારનું ઘરેણું]

માલ પું. ‘પહેલવાન.’ ૧૪-૨૫, ૧૯-૩૦ [सं. मल्ल] જુઓ **માલાખાડ.**

માલાખાડ પું. ‘અખાડો, વ્યાયામશાળા.’ **માલાખાડઇ** ૧૯-૩૦; **માલાખાઢઇ** ૩૦-૨૩૬ [सं. मल्ल + अक्षवाट > अक्खाड] જુઓ **માલ.**

માલ્હ અ. ક્રિ. ‘આનંદ પામવું.’ **માલ્હઈં** ૧૮-૫૭; જુઓ **મલાર.**

માવટી સ્ત્રી. ‘સ્ત્રીની સેંથી ઉપરનો એક અલંકાર.’ ૩૬-૪૬

માંડ અ. ‘મુશ્કેલીએ, માંડ માંડ.’ ૨-૫, ૪-૧૩, ૬-૨૨ [सं. मनाक् > અપ. મણાઉં]

મિલિયાગિરિ પું. ‘દક્ષિણમાં આવેલો એક પર્વત.’ ૧૨-૧ [सं. मलयगिरि]

મિલીઆનીલ પું. ‘મલયગિરિ ઉપરથી આવતો પવન, દક્ષિણાનિલ.’ ૨૨-૩૯ [सं. मलयानिल]

મીનતિ સ્ત્રી. ‘વિનંતિ.’ ૧૭-૯; **મીનતી** ૩૪-૪૨ [सं. विज्ञप्ति > प्रा. विण्णत्ति. હિ. મિન્નત]

મુગતિશિલા સ્ત્રી. ‘સર્વાર્થસિદ્ધ સ્વર્ગની ઉપર બાર યોજને આવેલું મુક્ત જીવોનું સ્થાન, જે ઇષત્પ્રાગ્ભાર પૃથ્વી તરીકે પણ ઓળખાય છે.’ ૨૪-૭ [सं. मुक्तिशिला. આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.]

મુધરુ વિ. ‘મધુર.’ ૨૨-૪૪ [सं. मधुर. સર૦ ગુજ. મધરો = ધીરો] જુઓ **મુહુર.**

મુસમૂરણ વિ. ‘નાશ કરનાર.’ ૩૪-૩૯ [प्रा. ‘मुसमूर’ નાશ કરવું ઉપરથી]

મુહંત પું. ‘મંત્રી, મહેતો.’ ૨૯-૬૧; **મુહતઉ** ૨૯-૩૪, ૨૯-૩૬, ૨૯-૬૯, ૨૯-૭૭, ૨૯-૯૧, **મુહતા** ૨૯-૫૦, ૨૯-૧૨૭ [सं. महत्, प्रा. महंत, અપ. મહંતઉ] જુઓ મહીરાજકૃત ‘નલ-દવદંતી રાસ’ના શબ્દકોશમાં **મુહુતુ.**

મુહવડ સ્ત્રી. ‘આગળ.’ **મુહવડિ** ૧૭-૨૪ [सं. मुखपट.] સર૦ ગુજ. ‘મ્હોંવડ’ = આગળનો ભાગ, ‘મોવડી’ = આગેવાન]

મુહુર વિ. ‘મીઠી.’ ૧૦-૩ [सं. मधुर] જુઓ **મુધરુ.**

મુંધિ સ્ત્રી. ‘ ભોળી સ્ત્રી, મુગ્ધા. ’ ૧૯-૨૩ [**सं. मुग्धा > प्रा. मुद्धा >** અપ. મુદ્ધ. માર. મુંધ. મુંધિ શબ્દનો પ્રયોગ વિક્રમના ચૌદમા સૈકા જેટલો જૂનો તો મળે છે. જેમ કે ‘ પ્રબન્ધચિન્તામણિ ’ (ફા. ગુજ. સભાની આવૃત્તિ, પૃ. ૩૫)માં મુંજ વિષેના દુહાઓમાં—‘ ભોલિ મુંધિ મ ગવ્વુ કરિ પિક્ખિવિ પડુગુ પાંઇ ’]

મૂલગઉ વિ. ‘ મુખ્ય. ’ ૧૧-૫; **મૂલિગુ** ૨૫-૨૦ [सं. मूलगतः > प्रा. मूलगओ] જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **મૂલગુ.**

મેઘવની વિ. ‘ મેઘવર્ણ નામે કીમતી વસ્ત્રની બનાવેલી. ’ ૨૨-૨૧, ૩૬-૪૫ [सं. मेघवर्ण > प्रा. मेघवण्ण. આ વસ્ત્રને લગતા સંખ્યાબંધ સાહિત્યિક ઉલ્લેખો મળે છે. જુઓ **આભ અંબારી**]

મેઘાડંબર ન. [સં.] ‘ હાથી ઉપરની છત્રવાળી બેઠક ’. ૯-૬

મેર પું. મેરુ પર્વત. ૧૯-૨૯ [सं. मेरु]

મોછવ પું. ‘ મોટો ઉત્સવ. ’ ૩૦-૩૧૮ [सं. महोत्सव]

મોડ પું. ‘ સ્ત્રીના મસ્તકનો એક અલંકાર, મૉડ. ’ **મોડા** ૩૫-૬ [सं. मुकुट > प्रा. मउड]

યારી સ્ત્રી. [ફા.] ‘ મૈત્રી. ’ ૩૪-૩૩

રઇવલ્લહ પું. ‘ કામદેવ, રતિપતિ. ’ ૧-૨૭ . [सं. रतिवल्लभ]

રતિ સ્ત્રી. ‘ ઋતુ. ’ ૩૬-૮; **રિતિ** ૩૬-૮ [सं. ऋतु]

રમલિ સ્ત્રી. ‘ ક્રીડા. ’ ૬-૯, ૬-૧૦, ૮-૭, ૯-૨૨, ૧૪-૪૬, ૧૮-૨, ૨૨-૩૧ [सं. *रमणिका > प्रा. रमणिआ, रमल्लिआ]

રલિય સ્ત્રી. ‘ આનંદ. ’ ૯-૪, ૩૫-૨ [सं. रति > प्रा. रइ, रय + લી, જૂની. ગુજ. રલિય, રલિ, રલી. સર૦ જૂની ગુજ. રલીયાયત = આનંદિત, અર્વાચીન ગુજ. રળિયાત.]

રલિયાવણઉ વિ. ‘ આનંદદાયક, રળિયામણું. ’ ૯-૨૨ [રલિ + આવણઉ] જુઓ **રલિય.**

રવાડી સ્ત્રી. ‘ સવારીમાં વૈભવપૂર્વક ફરવું તે. ’ ૩૦-૧૩૩; **રિવાડી** ૧૦-૬ [सं. राजपाटिका > प्रा. रायवाडी] આ શબ્દનાં અર્થાન્તરો તથા એ વિષેનાં સાહિત્યિક અવતરણો માટે જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **રવાડી.**

રસક વિ. ‘ રસિક, વિદગ્ધ. ’ ૩૬-૫૫ [सं. रसिक]

રાઇણિ સ્ત્રી. ‘ એક ફળઝાડ, રાયણ. ’ ૧૮-૬૩ [सं. राजादनी > प्रा. रायणि]

રાઉત પું. ‘ રાજા. ’ ૬-૧૯ [सं. राजपुत्र > प्रा. रायउत्त. સર૦ ગુજ. રાવત.]

રાતઉ વિ. ‘ આસક્ત. ’ ૧-૨૧, ૩૯-૩૦; **રાતુ** ૨૮-૨૪ [सं. रक्त > प्रा. रत्त]

રામતિ સ્ત્રી. ‘ રમત, ક્રીડા. ’ ૩૦-૨, ૩૦-૩, ૩૦-૧૭૧ [सं. *रम्यति > प्रा. रम्मति]

રાશ પું. ‘ ગોળાકારે નૃત્ય કરતાં ગીત ગાવું તે, રાસ. ’ ૨૨-૩૮ [सं. रास]

રિજજ . અ. ક્રિ. ‘ કાકલુદી કરવી. ’ **રિજજઇ** ૨-૨૪ [જૂની ગુજ.માં ‘ રિગઇ ’ પ્રયોગ છે તે આ ઉપરથી હશે. જુઓ—‘ અંગ દેસનઉ અંગિ ઓલગઇ, જાલંધરનઉ જીવિતવ્ય કારણિ **રિગઇ** ’ (‘ પૃથ્વીચંદ્રચરિત્ર, ’ પ્રા. ગુ. કા. સં., પૃ. ૯૬). સર૦ ગુજ. રગરગવું = કાકલુદી કરવી]

રુયરિ સ્ત્રી. આ શબ્દ વહાણના કોઈ ભાગ માટે વપરાયેલો જણાય છે. ૨૪-૮

રુહાડિ સ્ત્રી. ‘ મનોરથ ’ (?) ૨૬-૧૭

રૂપિણિ સ્ત્રી. ‘ રુક્મિણી, શ્રીકૃષ્ણની પત્ની. ’ ૩-૭, ૮-૮ [सं. रुक्मिणी > प्रा. रुप्पिणी]

રેટ સ. ક્રિ. ‘ પહેરવું. ’ **રેટઇ** ૩૬-૪૨

રેસિ અ. ચતુર્થીનો અનુગ. ૨૦-૪૫, ૩૬-૩૨ [અપ. રેસિ, રેસિં]

રેહ અ. ક્રિ. [પ્રા.] ‘ શોભવું. ’ **રેહઇ** ૧-૧૫

લગિ અ. ‘ થી, તેથી એને કારણે. ’ ૯-૪ [सं. लग्नस्मिन् > અપ. લગ્ગહિ] આ વિષે ચર્ચા તથા અવતરણો માટે જુઓ ‘ ષષ્ઠિશતક પ્રકરણ ’ અને નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **લગઇ**.

લડસડ અ. ક્રિ. ‘ લહેરમાં કે મદમાં ચાલવું તે. **લડસડતીય** ૭-૧૮

લડહિ વિ. 'સુન્દર.' ૩-૨૨ [सं. लटभ > प्रा. लडह. लटभ એ સંસ્કૃત શબ્દ પ્રાકૃત ઉપરથી બનાવી કાઢેલો હોવા સંભવ છે. સર૦ ગુજ. લાડી, લાડો, લાડ] જુઓ **લડહિયતણુ.**

લડહિયતણુ ન. 'સુન્દરતા.' **લડહિયતણિ** ૭-૧૮ [सं. *लटभिकत्वन > प्रा. લડહિયત્તણુ] જુઓ **લડહિ**

લલત વિ. 'રમ્ય.' ૨૨-૪૯ [सं. ललित]

લલવલઉ વિ. 'સુન્દર.' ૨-૨

લવણિમ ન. 'સૌન્દર્ય.' ૬-૨૮, ૬-૩૩, ૭-૨૮, ૨૯-૨૯ [सं. लवणिमन् > प्रा. लवणिम] .

લવધુલઉ વિ. 'આસક્ત, લુબ્ધ.' **લવધુલા** ૨૦-૧૬ [સ. लुब्ध > લબ્ધ + લ]

લહકુડલઉ પું. 'કટાક્ષ, લહેકો.' **લહકુડલઇ** ૨-૮ {सं. लसत् + कृत > प्रा. लहक्किअ]

લહૂઅડી વિ. 'નાની.' ૨૨-૪૨; **લહૂઆ** ૨૨-૫૬ [सं. लघुक > प्रा. लघुअ + स्वार्थिक 'डी']

લાડી સ્ત્રી. 'સુન્દર નાયિકા.' ૨-૮; **લાડિય** ૩-૨૨ [प्रा. लड्डिय] જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **લાડણુ.**

લામી વિ. 'હલકી, નરસી.' ૧૭-૯. નિશ્ચિતપણે આ અર્થમાં અન્યત્ર પણ એનો પ્રયોગ છે.—'જેહ નગરમાહિ...ભલા **લામા** અનેક લોક વસઇ' ('પૃથ્વીચંદ્રચરિત્ર,' પ્રા. ગુ. કા. સં., પૃ. ૯૮)

લિવંગ ન. 'લવિંગ,' ૩૦-૧૮૯ [सं. लवङ्ग]

લુક અ. ક્રિ. 'છુપાઈ જવું,' **લુકિઉ** ૧૪-૩૪, ૧૪-૩૫ [प्रा. लुक्क]

લૂધડી વિ. 'આસક્ત, લુબ્ધ.' ૨૫-૭ [सं. लुब्धा > प्रा. लुद्धा > અપ. લુદ્ધ + ડી].

લેષસાલા સ્ત્રી. 'નિશાળ.' ૨૮-૧૨ [सं. लेखशाला. અર્વા. ગુજ. 'નિશાળ'ની વ્યુત્પત્તિ આ સં. શબ્દ ઉપરથી, प्रा. लेहसाला > જૂની ગુજ. લેહસાલ, લેસાલ, નેસાલ એ ક્રમે છે. જુઓ **લેસાલીયઉ.**

લેઠ પું. આ કોઈ ઘરેણું હશે ? ૨૨-૪૬

લેવ પું. 'સ્પર્શ, અસર.' ૧૭-૨૭ [सं. लेप]

લેસાલીયઉ પું. 'નિશાળે જનાર વિદ્યાર્થી, નિશાળિયો.' ૨૯-૭૮ [સં. लेखशालिकः > प्रा. लेहसालिओ] જુઓ **લેષસાલા.**

લોયણ ન. 'આંખ.' ૨-૮ [सं. लोचन]

વઇરાગર પું. 'હીરો, રત્નવિશેષ.' ૨૨-૧૯; **વઇરાગરુ** ૨૦-૭; **વયરાગર** ૧૭-૨ [सं. वज्र > प्रा. वइर + सं. आकर > प्रा. आगर, અર્થાત્ હીરાની ખાણ. પણ સહેજ અર્થ ફેરે આ શબ્દ જૂની ગુજ.માં 'હીરો' કે રત્ન' એ અર્થમાં પ્રયોજાયો છે. જુઓ 'અંબડ વિદ્યાધર રાસ' (ખંડ ૫, કડી ૯૯)માં—'બઇઠાં રત્ન મુકટનઈ ઠાણિ શુદ્ધિ મૂકી **વઇરાગર** ખાણિ.' પણ 'વિમલપ્રબન્ધ' (ખંડ ૧, કડી ૬૯)ના નીચેના અવતરણમાં 'વઇરાગર'નો 'રત્નની ખાણ' એ અર્થ કાયમ છે—'કરિઉં પ્રગટ વઇરાગર ઠાંમ, રત્નપૂર એ રૂડૂં નામ' અર્થાત્ શ્રીમાલ નગર રત્નોની ખાણરૂપ થવાથી એનું રત્નપુર એવું નામ (ત્રેતાયુગમાં) પડ્યું.]

વણજારડી સ્ત્રી. 'વણિકની—વેપારીની સ્ત્રી.' ૨૦-૨, ૨૦-૧૩; **વણજારી** ૨૦-૨૩; **વણિજારી** ૨૦-૩૨, ૨૦-૪૩, ૨૧-૩૧ [सं. वाणिज्य-कारक > प्रा. वणिजारअ + ડી. સર૦ ગુજ. વણજારી, વણજારો]

વણસઇ સ્ત્રી. 'વનસ્પતિ.' ૫-૪, ૭-૩૬, ૧૮-૪૬, ૩૦-૨૪૨; **વનસઇ** ૩-૩, ૪-૪ [सं. वनस्पति > प्रा. वणस्सइ]

વદીતઉ વિ. 'પ્રસિદ્ધ' ૧૭-૨૪; **વદીતુ** ૨૮-૧૦૧, ૨૮-૧૦૩, ૩૪-૩૮ [सं. विदीत]

વદ્ધાવણઉં ન. 'ઉત્સવ.' ગુજ. 'વધામણું.' ૩૫-૨૪ [सं. वर्द्धापन > प्रा. वद्धावण.]

વધાર સ. ક્રિ. 'અભ્યુદય કરવો.' **વધાર્યા** ૧૯-૩૩ [सं. वर्ध- + कार > प्रा. वद्धआर]

વરસાલુ પું. 'વર્ષાઋતુ.' ૨૮-૨૯; **વરસાલા** ૨૨-૫૦; **વરસાલઇ** ૧-૩ [सं. वर्षाकाल > प्रा. वरिसाआल, वरिसाल. એમાંથી ગુજ. વરસાદ, વરસાત]

વરસિઉ વિ. 'વર્ષપર્યંત. ૪-૫૧ [सं. *वर्षिक. સર૦ ગુજ. વરસી]

વરિ અ. 'ઉપર.' ૬-૨૬ [सं. उपरि > प्रा. उवरि]

વસુધારા સ્ત્રી. [સં.] 'આકાશમાંથી દેવકૃત સુવર્ણવૃષ્ટિ.' ૩૦-૨૬૫

વંકડી વિ. 'વાંકી.' ૪-૨૨ [सं. वक्र > प्रा. वक्क, वंक + डी]

વંદુરવાલ સ્ત્રી. 'આસોપાલવ આદિનાં લીલાં તોરણ.' ૨-૬, ૪-૨૯; **વંદુરવાલિય** ૯-૩ [सं. वन्दनमाला > प्रा. वंदणमाला. આ શબ્દનાં વંદરવાલ, વાંદરમાલ, વનરવાલિ, વાનરવાલ જેવાં રૂપો જૂની ગુજ.માં મળે છે.]

વાઉલિ સ્ત્રી. 'સુન્દર સ્ત્રી.' ૩૫-૧. જુઓ **બાઉલ.**

વાઉલિ સ્ત્રી. 'વંટોળ.' ૨૯-૪૮ [सं. वायु > प्रा. वाउ + लि]

વાઘલઉ પું. 'વાઘ.' ૨૯-૩૭ [सं. व्याघ्र > प्रा. वग्घ > ગુજ. વાઘ + લ]

વાદીસર પું. 'વાદ કરનારાઓમાં મુખ્ય.' ૧૭-૩ [सं. वादीश्वर]

વાલંભ પું. ૩૬-૨૬. જુઓ **વાલિભ.**

વાલિભ પું. 'પ્રિયતમ, વહાલમ.' ૩૧-૨૦; **વાલિંભ** ૨૫-૧, ૨૫-૨ [सं. वल्लभ] જુઓ **વાલંભ.**

વાવર સ. ક્રિ. 'ખાવું.' **વાવરઇ** ૩૦-૮૨, ૩૦-૯૮ [सं. व्यापृ. અર્વાચીન ગુજ.માં પણ જૈનોમાં વાપરવું = ખાવું]

વાસ અ. ક્રિ. 'પક્ષીઓનું બોલવું.' **વાસઇ** ૪-૯, ૨૧-૪; **વાસંતે** ૧૦-૧૧; **વાસિ** ૩૬-૫૩; **વાસિસિ** ૨૫-૨ [सं. वाश्]

વાંણહી સ્ત્રી. 'મોજડી.' ૨૨-૪૮ [सं. उपानह > प्रा. उवाणह वाणह, વ્યત્યયથી વાહણ, મ. વાહને = ચંપલ, પં. પાહણ. જૂની ગુજ.માં 'પાણહી' અને 'વાણહી' બન્ને શબ્દો વપરાયેલા છે. અવતરણો માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **વાણહી**]

વિગૂતી વિ. 'સંકટમાં આવેલી.' ૩૬-૩૯ [सं. विगुप्ता > प्रा. विगुत्ता. થોડાક અર્થફેરથી 'વગૂતી' શબ્દ ઉત્તર ગુજરાતમાં 'અવ્યવસ્થિત, ફૂવડ જેવી' એવા અર્થમાં વપરાય છે.]

વિજયખંભ પું. 'કીર્તિસ્તંભ' ૧-૧૫ [सं. विजयस्तम्भ]

વિતપન્ન વિ. ' સંપૂર્ણ જ્ઞાતા. ' ૨૭-૧૦ [सं. व्युत्पन्न]

વિત્તુ વિ. ' ગોળ, વર્તુલાકાર. ' ૨-૧૫ [सं. वृत्त]

વિનડ સ. ક્રિ. ' પરાજિત કરવું ' **વિનડિઉ** ૧૯-૮૧; **વિનડીં** ૧૯-૮૩ [सं. विनर्तयति > અપ. વિણડઈ. આની સામે ' વિનડ ' (सं. विनट्) ક્રિયાપદ જૂની ગુજ.માં વધારે વ્યાપક છે.]

વિનાણ સ. ક્રિ. ' છેતરવું, ધૂતવું. ' **વિનાણી** ૩૬-૧૫, ૩૬-૨૭ [सं. विज्ञान > प्रा. विण्णाण] જુઓ **વિનાણગાર.**

વિનાણગાર વિ. ' યુક્તિબાજ, ધૂર્ત. ' ૩૬-૧૫; **વિનાણગારુ** ૩૬-૨૭ [सं. विज्ञान + कार > प्रा. विण्णाण + गार] જુઓ **વિનાણ.**

વિનુ પું. ' વિનય. ' ૨૪-૭ [सं. विनय]

વિમન ન. ' ઊલટી. ' ૩૦-૯૯ [सं. वमन]

વિરતંત પું. ' હકીકત. ' ૨૯-૮૩ [सं. वृत्तान्त]

વિરત્તઉ વિ. ' પરાङ्मुख. ' ૨-૩ [सं. विरक्त]

વિલખઉ વિ. ' સલજ્જ. ' ૨૯-૧૫૧ [सं. विलक्ष > प्रा. विलक्ख]

વિલવિલ અ. ક્રિ. ' વિલાપ કરવો. ' ગુજ. ' વલવલવું. ' **વિલ-વિલઇ** ૧૯-૧૧ [રવાનુકારી]

વિલૂર સ. ક્રિ. ' ઊતરડી નાખવું. ' ગુજ. ' વલૂરવું. ' **વિલૂરએ** ૧૧-૨ [प्रा. विलूर]

વિવહારીયુ પું. ' વેપારી. ' ૬-૩ [सं. व्यवहारिन् > प्रा. विवहारी, ગુજ. વહેવારિયો = વેપારી]

વિસઘારિય વિ. ' વિષથી બેચેન. ' ૧૮-૪૯ [सं. विष + प्रा. घार ' ઘેનમાં પડવું ' ઉપરથી ઘારિય. સર૦ ગુજ. ઘારણ]

વિસહર પું. ' સર્પ. ' ૧૮-૪૮ [सं. विषधर]

વિસ્સર વિ. ' શબ્દાયમાન. ' ૨૨-૪ [सं. विस्वर > प्रा. विस्सर]

વિહર અ. ક્રિ. ' એક સ્થળેથી બીજે સ્થળે વિચરવું. ' **વિહરંતઉ** ૧-૨ [सं. वि + हृ]

વિહરુ પું. ‘આંતરો, તફાવત. ગુજ. ‘વહેરો.’ ૧૯-૬૬

વિહલંઘલ વિ. ‘વિહ્વળ.’ ૨-૨૪

વિંદુ ન. ‘સમુદાય.’ ૩૫-૩, ૩૫-૨૧ [सं. वृन्द]

વીરવલય ન. [સં.] ‘પુરુષના હાથનું એક ઘરેણું.’ ૩-૧૬

વુઠ્ઠિ સ્ત્રી. ‘વરસાદ.’ ૧-૨૫ [सं. वृष्टि]

વેગૈ સ્ત્રી. ‘ઘૃત આદિ વિકારજનક વસ્તુ.’ ૨૮-૧૦૨ [सं. विकृति > प्रा. **विगइ**. આ જૈન ધાર્મિક પરિભાષાનો શબ્દ છે.

વેધીય વિ. ‘રસિક, સંસ્કારી.’ **વેધીયા** ૩૬-૫૭ [सं. वेधिताः] જુઓ **સવેધ.**

વેધ્યુ વિ. ‘પ્રેમાસક્ત.’ **વેધ્યા** ૩૬-૫૫. જુઓ મહીરાજકૃત ‘નલ-દવદંતી રાસ’ના શબ્દકોશમાં **વેધ.**

વેસ સ્ત્રી. ‘ગણિકા.’ ૧-૧૮, ૧-૧૯, ૧૦-૪ [सं. वेश्या > प्रा. वेसा]

વ્યાલૂ ન. ‘સાંજનું ભોજન.’ ગુજ. ‘વાળુ, વિયાળુ.’ ૩૦-૮૪ [सं. **विकालिक** > प्रा. **विआलिअ** > અપ. વિઆલિઉ.]

શત્રુકાર પું. ‘સદાવ્રત, અન્નદાનશાલા.’ ૩૦-૨૫૬ [सं. सत्रुक + अगार > प्रा. सत्तअगार. જૂની ગુજ.માં આ શબ્દનાં ‘સત્તૂકાર,’ ‘સત્રુકાર,’ ‘સત્રુગાર,’ ‘સૂત્રૂગાર’ એવાં રૂપો મળે છે.] જુઓ મહીરાજકૃત ‘નલ-દવદંતી રાસ’ના શબ્દકોષમાં **શત્રૂકાર.**

શરખંડ ન. ‘સાડી માટેનું એક કીમતી વસ્ત્ર.’ **શરખંડાં** ૨૨-૩૫ [सं. श्रीखण्ड]

શોક સ. ક્રિ. ‘ચૂસી લેવું, શોષી લેવું.’ **સોકી** ૧૯-૪૧ [सं. **शोष** > **शोख** > **शोक**. બીજી તરફ सं. **शोषयति** > प्रा. **सोसेइ**, અપ. સોસઇં, ગુજ. સોસવું.]

સઇ અ. ‘આપોઆપ, પોતાની મેળે.’ ૨-૧; **સઇં** ૩૭-૬ [सं. **स्वयं** > प्रा. **सयं** > અપ સઇં.]

સઇથઉ પું. ‘માથાનાં વાળને બે ભાગમાં હોળતાં વચ્ચે પડતી લીટી, સેંથો.’ **સઇથઇ** ૨૧-૧૯; **સયથલઉ** ૧૨-૯ [सं. सीमन्तकः > અપ.

સઈંથઉ. ‘ સેંથા ઉપર પહેરવાના સ્ત્રીઓના ઘરેણા ’ તરીકે પણ આ શબ્દનો પ્રયોગ જૂની ગુજ.માં થયેલો છે. જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **સઇંથુ**] જુઓ **સંથઉ.**

સઇર ન. ‘ શરીર. ’ **સઇરિ** ૨૨-૫૨; **સયરિ** ૨૦-૩૯, ૨૦-૪૧; **સયરે** ૨૦-૨૨ [सं. शरीर > पा. प्रा. सरीर, જૂની ગુજ.માં ‘ ર ’નો લોપ થતાં સઇર, સયર. આ પ્રકારનાં શબ્દરૂપો જૂની ગુજ.માં અન્યત્ર પણ છે, જેમ કે—सं. करीर > કઇર > કેર (એક નાનું વૃક્ષ, કેરડો), सं. **सरिज्जल** > સઇજ્જ > સેંજળ (સરવો સોરઠ દેશ, જ્યાં સાજવડાં સેંજળ પીએ ’), परिमल > પીમળ, આદિ]

સઉડઉ પું. ‘ મોં ઢાંકીને સૂઈ રહેવું તે, ’ ગુજ. ‘ સોડ. ’ ૩૦-૫૪.

સકાર પું. ‘ મૃગયા. ’ ૩૨-૨૧ [ફા. શિકાર]

સખાઇઉ . પું. ‘ મિત્ર. ’ ૨૪-૪ [सं. सख्य > प्रा. सक्ख ઉપરથી]

સગ્ગ ન. ‘ દેવલોક. ’ ૧૮-૩૧ [सं. स्वर्ग]

સણસર સ્ત્રી. ‘ હીલચાલ. ’ ૧૯-૪

સદ પું. ‘ અવાજ, ’ ગુજ. ‘ સાદ. ’ **સદિ** ૨-૩ [सं. शब्द]

સમણ ન. ‘ સ્વપ્ન, ’ ગુજ. ‘ શમણું. ’ **સમણિ** ૩-૨૩ [सं. स्वप्न > प्रा. सुविण, सुमिण] જુઓ મહીરાજકૃત ‘ નલ-દવદંતી રાસ ’ના શબ્દકોશમાં **સમણડઉં** અને **સુહણઉ.** વળી જુઓ **સમિણડઉં** અને **સુમિણ.**

સમિણડઉં ન. ‘ સ્વપ્ન, ’ ૩૬-૩૭ [सं. स्वप्न > प्रा. सुविण, सुमिण + स्वार्थिक ‘ ड ’ જુઓ **સમણ.**

સયવર પું. ‘ સ્વયંવર. ’ ૧૮-૩૨ [सं. **स्वयंवर.** સર૦ ગ્રા. ગુજ. શંમર = કન્યાપક્ષ કન્યાને લઈને લગ્ન કરાવવા માટે વરપક્ષ તરફ જાય તે. ભરૂચ આસપાસના રજપૂતોમાં આ શબ્દ પ્રચલિત છે.]

સરભિ વિ. ‘ સુગંધી. ’ ૨૨-૧૨ [सं. सुरभि] જુઓ **સુરહિ.**

સરવવરતિ સ્ત્રી. ‘ જૈન સાધુનાં વ્રતોનો સ્વીકાર. ’ ૩૦-૬૧ [सं. सर्वविरति]

સરસઇ સ્ત્રી. ‘ વિદ્યાની દેવી, સરસ્વતી. ’ ૧-૧ [सं. सरस्वती > प्रा. सरस्सई]

સરિ સ્ત્રી. 'સેર, માળા.' ૨-૧૮; આડ, શોભા માટેની રેખા.' ૨૨-૩૨ [सं. सर]

સલૂણઉ વિ. 'સુન્દર,' ગુજ. 'સલૂણો,' હિ. 'સલોના.' ૨-૫; **સાલૂણા** ૧૪-૯ [सं. *सलवणक > प्रा. सलोणअ]

સવેધ વિ. 'રસિક, વિદગ્ધ.' ૩૬-૫૫ [सं. स + वेध्र] **સુવેધ** (सं. सु + वेध्र] પણ જૂની ગુજ.માં છે; જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ' કડી ૯૯૯. ગુજરાતીમાં 'ઉ'નો 'અ' થવાથી પ્રક્રિયાથી 'સુવેધ'નો 'સુવેધ' થયું હોવાનો પણ સંભવ છે. જુઓ **વેધીય.**

સસુર વિ. 'મધુર સ્વરવાળું.' ૯-૧૧ [सं. सुस्वर > प्रा. सुस्सर]

સહગુરુ પું. 'સદ્‌ગુરુ.' ૧૯-૧૫૮. 'સહિગુરુ' ૩૫ પણ મળે છે; જુઓ મહીરાજકૃત નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **સહિગુરુ.** વળી જુઓ **સુહગુરુ.**

સહસંબવણ ન. 'ગિરનાર ઉપરનું એક આંબાવાડિયું, જ્યાં નેમિનાથની દીક્ષા થઈ હતી.' **સહસંબવણિ** ૮-૨ [सं. सहस्राम्रवन, અા ગુજ. સહેસાવન]

સંકલ સ્ત્રી. 'સાંકળ.' ૨૬-૩૦ [सं. शृंखला > प्रा. संखला, संकला] જુઓ **સાંકલી.**

સંઘારો પું. 'નાશ, હિંસા.' ૩-૨૫ [सं. संहार]

સંજિમ પું. 'દીક્ષા, સંસારત્યાગ.' ૩૦-૧૩ [सं. संयम > प्रा. संजम]

સંથઉ પું. 'સેંથો.' ૧-૧૩; **સંથઈ** ૬-૪૬ [सं. सीमन्तकः > सीअंथउ, सींथउ] જુઓ **સમ્થઉ**

સંદરી સ્ત્રી. 'સૌન્દર્યવતી સ્ત્રી.' ૧૩-૯ [सं. सुन्दरी]

સંપુત્ત વિ. 'ઉપસ્થિત,' આવી પહોંચેલો. ૬-૭ [सं. संप्राप्त > प्रा. संपत्त]

સંભમ પું. 'સંતતિ.' ૧૪-૨૩ [सं. संभव]

સંવચ્છરદાણૂ ન. 'એક વર્ષ પર્યંત અપાતું દાન.' ૨-૨૭ [सं. संवत्सरदान, તીર્થંકર દીક્ષા લેતાં પહેલાં એક વર્ષ સુધી દાન આપે છે એવી પરંપરાગત જૈન માન્યતા છે.]

સાંઇઉ ન. 'આલિંગન.' ૨૦-૪૪; **સાંઇ** ૧૦-૬, ૧૯-૩૫, ૧૯-૯૪ [જૂની ગુજ.માં 'સાંઈ' અને 'સાંઈડુ' પ્રયોગ પણ છે. सं. स्वञ्ज् 'ભેટવું' અથવા सं. स्वागत > प्रा. साइअ ઉપરથી]

સાથ પું. 'પ્રવાસ કરતા વેપારીઓનો સમુદાય.' **સાથનઇ** ૨૯-૭૬ सं. सार्थ > प्रा. सत्थ]

સાન સ્ત્રી. 'નિશાની, સંકેત. ૧૦-૮ [सं. संज्ञा > प्रा. सण्णा]

સાનબાફ ન. 'એક કીમતી વસ્ત્ર.' ૨૨-૪૭ [ફા. શાના = ફણી (વણકરનું એક ઓજાર) + ફા. બાફ (બાફતન = વણવું ઉપરથી). સર૦ सं. वाप = વણાટ]

સામલુ વિ. 'ઘોડાની એક જાત.' **સામલા** ૧૩-૬૬ [सं. श्यामल]

સામિસાલ પું. 'અધિપતિ, માલિક.' ૨-૨૩, ૩-૩૦ [सं. स्वामिन् + सार, જૂની ગુજ.માં આ પ્રયોગ અન્યત્ર છે–'ઇણુ પરિ પૂજઇ **સામિસાલ** નરનારી ધન્ન' ('સપ્તક્ષેત્રી રાસુ,' કડી ૪૦); 'ધંધલું રાઉલુ વિન્નવઇ **સામિસાલ**...(શાલિભદ્ર કક્ક,' પ્રા. ગુ. કા. સં.' પૃ. ૬૦); 'આય કિ રિસહેસર તમ્હ પરમેસર **સામીસાલ** ચિરકાલિ મુક્કિ વર' (મંડલિકકૃત 'પેથડ રાસ,' પ્રા. ગુ. કા. સં. પરિશિષ્ટ પૃ. ૨૮), ઇત્યાદિ. શ્રી. અગરચંદ નાહટાની સં. ૧૪૯૩ ના ઉલ્લેખવાળી હસ્તલિખિત સંગ્રહપોથીમાં પત્ર ૧૩૯-૪૦માં ૧૩ કડીની 'સર્વજ્ઞવિજ્ઞપ્તિકા' છે એની ૧૨મી કડીમાં નીચે મુજબ 'સામિસાલ'નો પ્રયોગ છે—'જગનાથની ભાવના ભેટિ લાધી, સુધાકુંડ કંકેલી મઇ આજ સાધી; જિનાધીસ મૂં હર્ષ હૂ આવિ માલા, હવં સાર કરિ કરિ **સામિસાલા.**' વ્રજ ભાષામાં વ્યક્તિને માનાર્થે 'ગોષ્ઠિશાલ' (सं. गोष्ठिसार = ગોષ્ઠિમાં મુખ્ય) કહેવામાં આવે છે.]

સારિ સ્ત્રી. 'સોગઠાંબાજી.' ૨૨-૫૧ [सं. शारी. જુઓ ભાલણકૃત 'કાદંબરી' કડવું ૨, કડી ૧૩માં—'શુક સારિકાનિ રક્ષગૃહ, **સારી** રમતાં મારિ.']

સાલહિ સ્ત્રી. [દે.] 'મેના.' ૫-૪.

સાવટૂં ન. 'જરિયાન.' ૩૦-૧૯૯ [सं. स्वापतेय > सावतेय? (ધન, દ્રવ્ય). ગોવિન્દકૃત 'મામેરા'(પં ૧૩૦)માં '**સાવટુયાં** શણીયાં' એવો પ્રયોગ છે. 'કાન્હડદેપ્રબન્ધ' ૧-૬૯ અને ૧-૧૩૮માં 'સાવટૂં' શબ્દ છે.]

સાહિબ પું. [અ.] ' માલિક, પરમેશ્વર. ' ૩૨-૨, ૩૨-૪, ૩૨-૧૦, ૩૨-૧૩, ૩૪-૩, ૩૪-૧૨, ૩૪-૨

સાહુ પું. ' વણિક, ' ગુજ. ' શાહ. ' ૩૭-૩ [सं. साधु > प्रा. साहु]

સાંકલી સ્ત્રી. ' હાથનું એક ઘરેણું, સાંકળી. ' ૨૮-૪૭ [सं. शृंखला > प्रा. संखला, संकला, संकल, सांकल + इ] જુઓ **સંકલ.**

સાંધિ સ્ત્રી. ' સમય. ' ૨૨-૫૦ [सं. सन्धि]

સિકિરિ સ્ત્રી. ' ધજાવાળું છત્ર. ' ૩-૧૮; **સીકિરિહિં** ૨-૧૫ [सं. श्रीकरी. જૂની ગુજરાતી સાહિત્યમાં આ શબ્દનાં રસપ્રદ અર્થાન્તરો માટે જુઓ ' બુદ્ધિપ્રકાશ, ' નવેમ્બર-ડિસેમ્બર ૧૯૪૯માં મારો લેખ ' શ્રીકરી-સીકરી. ']

સિષરાઉલ વિ. ' શિખરવાળો, અણીદાર, ઊંચો. ' ૬-૩૮

સિરદાર પું. ' નાયક, આગેવાન. ' ૩૨-૧૨, ૩૨-૧૭ [ફા, સરદાર]

સિરશવ પું. ' સરસવનો દાણો. ' **સિરશવહ** ૩૮-૭ [सं. सर्षप > प्रा. सरिसव]

સિરસિજ ન. ' કમળ ' [सं. सरसिज]

સિવરાતિ સ્ત્રી. ' માઘ વદિ ૧૪ની રાત્રિ. ' ૧૩-૧૪, ૧૩-૧૫ [सं. शिवरात्रि > प्रा. सिवरत्ति]

સિવિ વિ. ' સર્વ. ' ૨૨-૧૬, ૨૨-૩૫ [सं. सर्व > प्रा. सव्व, सव + इ] સિવે ૨૨-૧૭ [सं. सर्वे > प्रा. सव्वे, सवे]

સિસર પું. ' શિયાળો. ' ૩૦-૧૮૨ [सं. शिशिर]

સિસિહર પું. ' ચંદ્ર, ' ગુજ. ' શશિયર. ' ૧૮-૩ [सं. शशधर > प्रा. ससहर]

સિહણ પું. [દે.] ' સ્તન. ' ૨-૧૦

સિહિકાર પું. ' આંબો. ' ૨૨-૩૯ [सं. सहकार]

સિંગીય સ્ત્રી. ' પિચકારી. ' ૮-૭ [सं. शृङ्गिका > प्रा. सिंगिया]

સીસવિ સ્ત્રી. ' એક ઝાડ, સીસમ. ' ૨૨-૭ [सं. शिंशपा > प्रा. सीसवा]

સીંગણિ સ્ત્રી. ' ધનુષ ' ૧૫-૧૨ [सं. शृङ्गिणी > प्रा. सिंगिणी]

સુકમાલ વિ. 'કોમલ.' ૧-૧૦; **સુકમાલા** ૨-૧૨ [सं. सुकुमार]

સુકિલ વિ. 'શુક્લ પક્ષનું' ૨-૧૩ [सं. शुक्ल]

સુણિહર ન. 'શયનગૃહ' ૨૯-૬૮ [सं. शयनगृह > प्रा. सुअणहर. °हर < सं. °गृह અંતવાળા બીજા કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ માટે જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં 'પીહર']

સુમિણ ન. 'સ્વપ્ન,' ગુજ. 'સમણું.' **સુમિણઇ** ૨૦-૪૬ [सं. स्वप्न > प्रा. सुविण, सुमिण] જુઓ મહીરાજકૃત 'નલ-દવદંતી રાસ'ના શબ્દકોશમાં **સમણડઉં** અને **સુહણઉ.** વળી જુઓ **સમણ.**

સુરતુર ન. 'કલ્પવૃક્ષ.' **સુરતુરની** ૩૦-૧૭૭ [सं. सुरतरु]

સુરહિ વિ. 'સુગંધયુક્ત.' ૧-૮ [सं. सुरभि] જુઓ **સરભિ.**

સુરી સ્ત્રી. 'દેવાંગના.' ૩૦-૨૭૩ [सं. सुर + इ. અમદાવાદ તરફ 'સુરી' શબ્દ સ્ત્રીઓના વિશેષનામ તરીકે સાંભળ્યો છે.]

સુવાસણિય સ્ત્રી. 'સૌભાગ્યવતી સ્ત્રી,' ગુજ. 'સવાસણ.' ૯-૧૦ [सं. सुवासिनी]

સુસર વિ. 'મીઠા સ્વરવાળી.' ૯-૧૦ [सं. सुस्वर > प्रा. सुस्सर]

સુહ ન. 'સુખ.' ૧-૨૩; **સુહિણ** ૧-૨૩ [सं. सुख]

સુહગુરુ પું. 'સદ્‌ગુરુ' ૧૬-૧૨, ૨૯-૧૭, ૩૭-૧૮ [सं. शुभगुरु] જુઓ **સહગુરુ.**

સૂઅ પું. 'પોપટ.' **સૂઆ** ૫-૪, ૨૨-૮ [सं. शुक]

સૂકડિ સ્ત્રી. 'સૂખડ.' ૧૨-૧૧, ૨૦-૨૫ [सं. शुष्क > प्रा. सुक्क + સ્વાર્થિક 'ડી' દક્ષિણ ગુજરાતની બોલીમાં 'સુકડ' કે 'સુકેડ' બોલાય છે.]

સૂહવ વિ. 'સુન્દર' ૯-૧૦ [सं. सुभग > प्रा. सुहव]

સેલુ ન. 'કસબી ઉપરણો.' **સેલા** ૩૦-૧૯૭

સેહર પું. 'માથા ઉપરનો પુષ્પનો અલંકાર, શેખર.' ૯-૫; **સેહરો** ૩૦-૨૩૪ [सं. शेखर]

હકાર સ. ક્રિ. 'હાંક મારીને બોલાવવું' **હકારિ** ૨૯-૧૬ [प्रा. हक्कार]

હરીયડ વિ. 'ઘોડાની એક જાત.' **હરીયડા** ૧૪-૬૬

હવ અ. 'અત્યારે, હવે.' ૩૭-૧૫; **હવં** ૨૨-૫૫ [सं. एतादृशके > અપ. એવહઈ, એહવઇ > જૂની ગુજ. હવઇ, હિવ, હવ.]

હસમસ સ્ત્રી. 'હાલવું તે.' ૨૦-૮ [રવાનુકારી]

હાથુલિ સ્ત્રી. 'હાથે પહેરવાનો એક અલંકાર.' ૨૨-૨૭ [सं. हस्त > प्रा. हत्थ > અપ. હત્થુ, હાથુ + લિ]

હાંસી સ્ત્રી. 'હંસની માદા.' ૧૭-૧૬ [सं. हंसी]

હીંડોલાટ સ્ત્રી. 'હીંચોળો.' ૨૨-૪૩, ૨૨-૨૫; **હીંડોલાટઇં** ૧૪-૧૬ [सं. हिन्दोला + ट]

હીરડ ન. 'હૈયું.' **હીરડા** ૧૩-૧૪ [सं. हृदय. સર૦ હિ. હિરદ]

હેલાં ક્રિ. વિ. 'રમત માત્રમાં, સહેલાઈથી.' ૧૪-૩૩, ૧૮-૫ [सं. हेला]

———

'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'ના પ્રથમ પ્રકાશન વિષે કેટલાક અભિપ્રાયો

Shri G. V. Mavlankar (Speaker, Indian Parliament; President, Gujarat Vidya Sabha, Ahmedabad)—"It was a new thing to me to know that our old literature has a number of works in prose. Then there are a couple of points which I appreciate very much. The first is that the book is printed in Devanagari script. The other point is the gradual compilation of a vocabulary consisting of words of special importance. It is essential to have such a vocabulary for the study of our old literature."

Dr. Suniti Kumar Chatterji (Emeritus Professor of Comparative Philology, University of Calcutta; Chairman, West Bengal Legislative Council)—"I congratulate you on the very fine piece of work which you have brought under the auspices of the University of Baroda. This is a very auspicious start. The book, because of both its language and subject-matter has very great interest for all the students of Indian linguistics and philosophy as well as general culture; and the editing has been done in a very fine scholarly style, and on the top of that, the printing and the get-up are excellent. It was a very good idea to print the introduction and everything in Gujarati in the Devanagari character. Your work is a valuable addition to the mass of texts in early Gujarati which has been made already available by other scholars. The University of Baroda can be most heartily felicitated for inaugurating this series of *Prācīna Gurjara Granthamālā*, which I feel perfectly confident, will become a very honoured series among the various well-known series of texts published by different institutions of India."

Dr. R. L. Turner (Director, School of Oriental and African

Studies, London University)—" I have now been very carefully through your Shashtishataka Prakarana and I should like to take this further opportunity of saying how much I appreciate the additions you have made and how useful this type of work will be for elucidating the history of the modern Indo-Aryan Languages. I have found the vocabulary in particular of the greatest use for my work for the Comparative Dictionary of Indo-Aryan. I would like to congratulate you on so successfully initiating this series of old Gujarati texts."

Professor Alfred Master (Retired Professor of Indian Philology, School of Oriental and African Studies, London University)—" The edition as the part of a planned series is very welcome, as the number of critical texts in old Gujarati published is still very small, considering the vast amount of manuscripts extant. As it is still necessary to emphasise the linguistic rather than the literary significance of old Gujarati texts, the publication of a manuscript of Somasundarasūri's commentary written only fourteen years after his death is of particular importunce. The book is well-planned. clearly printed and well-bound so that it is a pleasure to the student to handle and read."

Professor G. H. Bhatt (Director, Oriental Institute, Baroda ; in the *Journal of the Oriental Institute*, Vol. II, p. 405)—" We congratulate Dr. Sandesara on his excellent edition, and we are sure, the new series under his able guidance will, in course of time, supply the necessary sources of a Gujarati Dictionary to be prepared on historical principles—a long-felt desideratum."

Dr. A. N. Upadhye (Rajaram College, Kolhapur ; President Prakrit and Jainism section, 11th All India Oriental Conference)—" The introduction gives useful material, and the text of the Bālāvabodhas is very well presented...... ...I am sure, you will bring out many such books which would give us a connected account of the development of Apabhramśa prose."

Dr. J. Filliozat (Professor of Sanskrit, College de France ; in *Journal Asiatique*, no. 2 of 1953)---

" Premier volume d'une Prācīnā Gurjar Granthamālā " Serie d'ouvrages anciens du Gujarāt, " publiée á Baroda par L' Université Mahārājā Sayājī Rao, avee une préface en gujarātī par Mme. Hamsa Mehta, Vice Chancelier......L' édition est trés soigneuse et trés bien présentée......." (First volume of Prācīna Gurjar Granthamālā ' series of ancient works of Gujarāt ' published at Baroda by the Maharaja Sayajirao University, with a preface in Gujarati by Mrs. Hansa Mehta, Vice-Chancellor...The edition is very careful and very well presented..).

શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી (ગવર્નર, ઉત્તર પ્રદેશ; પ્રમુખ, ભારતીય વિદ્યાભવન, મુંબઈ)—" તમે તો ખૂબ કામ કરી રહ્યા છો; અને પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા ઘણી જ ઉપયોગી થશે. તમારા પ્રયત્નોને સફળતા ઇચ્છું છું. "

શ્રી. હરસિદ્ધભાઈ દિવેટિયા (વાઈસ-ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી) —" ભાષા તેમ જ વિવેચન બન્નેની દૃષ્ટિએ પુસ્તક મૂલ્યવાન છે અને તમારા વિવેચન અને વિદ્વત્તાપૂર્ણ શબ્દકોશથી તે વધારે મૂલ્યવાન છે. "

શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (વાઈસ-ચાન્સેલર, શેઠ ના. દા. ઠા. મહિલા વિદ્યાપીઠ)—" સાધારણ રીતે એવી માન્યતા પ્રસરી ગયેલી કે જૂના ગુજરાતીમાં ગદ્ય હતું જ નહિ......આ સંશોધન, ને તે પણ શાસ્ત્રીય રીતે કરીને તમે આપણા સાહિત્યની પરંપરા પર નવો જ પ્રકાશ પાડચો છે. "

વિખ્યાત વિવેચક **પ્રો. રામનારાયણ વિશ્વનાથ પાઠક**—" વાંચતાં સંપૂર્ણ સંતોષ થયો. તમે જે ઉદ્દેશથી ગ્રન્થમાલા શરૂ કરી છે તેને સિદ્ધ કરવા બધી જ રીતે ઉપયોગી નીવડે તેવી સંપાદનપદ્ધતિ યોજી છે. આ પુસ્તક હવે પછી પ્રાચીન ગુજરાતી ભાષાના પુસ્તકસંપાદનનો એક સારો નમૂનો થઈ પડશે. મુદ્રણ ચોખ્ખું અને મૂળ પાઠ અને બાલાવબોધ સ્પષ્ટ જુદા તરી આવે એવી રીતે કરેલું છે તે યોગ્ય જ કર્યું છે. અંતે આપેલો શબ્દકોશ ભવિષ્યમાં ગુજરાતી ભાષાનો પૂર્ણ કોશ કરવો હશે ત્યારે પૂરો ઉપયોગી થશે. "

પ્રો. રસિકલાલ છોટાલાલ પરીખ (અધ્યક્ષ, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ)—" મહારાજા સયાજીરાવ વિશ્વ-વિદ્યાલય સ્થાપી મુંબઈ રાજ્યે યુનિવર્સિટીના સાચા અર્થમાં—' ગુરુશિષ્યમંડલ 'ના અર્થમાં—વિદ્યાકીય સંસ્થાનો અખતરો આદર્યો છે. આ યુનિવર્સિટી અનેક વિદ્યા-

શાખાઓ વિકસાવવા પ્રયત્ન કરે છે, તેમાં તેનો પ્રશંસનીય અને સૌથી વધારે આવશ્યક પ્રયત્ન ગુજરાતી વિદ્યાવિભાગ ખોલવાનો છે. સદ્ભાગ્યે આ વિભાગના અધ્યક્ષ તરીકે ડૉ. સાંડેસરા જેવા કૃતપરિશ્રમ સંશોધનકુશલ વિદ્વાનની નિમણૂક થઈ છે. ડૉ. સાંડેસરાએ પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલાની યોજના કરી તેના પહેલા ગ્રન્થ તરીકે નેમિચન્દ્ર ભંડારી-વિરચિત 'ષષ્ટિશતક પ્રકરણ' અને તેના ત્રણ બાલાવબોધોનું સંપાદન કરી પ્રકાશન કર્યું છે તે તેમની કાર્યપરાયણતા અને સંશોધનદક્ષતા વ્યક્ત કરે છે.

ગુજરાતી ભાષાનું વાસ્તવિક સ્વરૂપ જાણવા માટે તેનાં વિકાસ અને ઘડતરને જાણવાં જરૂરી છે. સુનીતિકુમાર ચાતુર્જ્યાએ બંગાલી ભાષાનું અને ફ્રેન્ચ ભાષાશાસ્ત્રી સદ્ગત બ્લૉકે મરાઠી ભાષાનું જે શાસ્ત્રીય પદ્ધતિએ નિરૂપણ કર્યું છે તેવું ગુજરાતીનું થવું હજી બાકી છે. અંગ્રેજી ભાષાનો જેવો શબ્દકોશ ઑક્સફર્ડ યુનિવર્સિટી તરફથી બહાર પડચો છે તેવો ગુજરાતી ભાષાનો શબ્દકોશ સંશોધકોની પ્રતીક્ષા કરે છે. પણ આ પ્રવૃત્તિઓ હાથ ધરાય તે પહેલાં કાલક્રમમાં પ્રાચીન ગુજરાતી સાહિત્યની કૃતિઓનું શાસ્ત્રીય પદ્ધતિએ સંશોધન અને પ્રકાશન બહોળા પ્રમાણમાં થવું જરૂરી છે. આ જરૂરિયાતને લક્ષ્ય કરી ડૉ. સાંડેસરાએ આ ગ્રન્થમાળાની યોજના અને આ ગ્રન્થનું સંપાદન કર્યાં છે તે શાસ્ત્રીયતાના સાચા માર્ગે જાય છે એવો મારો અભિપ્રાય છે.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના, ગુર્જરગ્રન્થમાલાના આ પહેલા પ્રકાશનને આવકાર આપતાં અને તેના સંપાદકને ધન્યવાદ આપતાં મને આનંદ થાય છે. આવી ગ્રન્થમાળાને અવકાશ આપવા માટે ગુજરાતી ભાષાના અભ્યાસીઓ વાઇસ-ચાન્સેલર શ્રીમતી હંસાબહેનને અભિનંદન આપશે."

વિખ્યાત સાહિત્યકાર **શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ** ('સયાજીવિજય' તા. ૨૯મી માર્ચ, ૧૯૫૩ના અંકમાં)—"વડોદરા રાજ્યની 'પ્રાચીન કાવ્યમાલા'ની શ્રેણીની યાદ આપતી અને શ્રેણીના કાર્યઉદ્દેશને વિસ્તાર આપતી 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'ના પહેલા ગ્રન્થ તરીકે પ્રસિદ્ધ થયેલું 'ષષ્ટિશતક પ્રકરણ' સંપાદનકાર્યનો એક યશસ્વી નમૂનો બની રહ્યું છે."

પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી (અધ્યક્ષ, શ્રી. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, એમ. ટી. બી. કૉલેજ, સૂરત)—સંપાદનની સમગ્ર પદ્ધતિ નમૂનેદાર છે......... ગ્રન્થનો દેખાવ આકર્ષક છે, તેનું સંપાદન પ્રશંસાપાત્ર છે; અને તેનું તાત્પર્ય સદ્વૃત્તિ અને સદ્ધર્મના શોધકને ઉપયોગી નીવડે તેમ છે."

પ્રો. અનંતરાય મ. રાવળ (ગુજરાત કૉલેજ, અમદાવાદ)—"આપણી ભાષાના અભ્યાસીઓને ભાષાવિકાસના ઇતિહાસના ખૂટતા અંકોડા પૂરા પાડતી

તેજ જ સાહિત્યના અભ્યાસીઓને અભ્યાસ અને વિવેચન માટે નવો ભંડાર સંપડાવતી પ્રાચીન ગુજરાતી કૃતિઓનું પ્રકાશન આ પુસ્તકથી પ્રારંભતી, તમારા વિશ્વવિદ્યાલયની 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા' ગુજરાતી સાહિત્યની મોટી સેવા કરશે."

પ્રો. ડોલરરાય માંકડ (આચાર્ય, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા)—"યુનિવર્સિટીને યોગ્ય એ પ્રકાશન છે. આપણા પ્રાચીન ગદ્યના અભ્યાસમાં એ ઘણું ઉપયોગી નીવડશે, એમાં શંકા નથી. સંસ્કૃતની પેઠે જૂની ગુજરાતીમાં પણ આવી વિવરણશૈલી હતી તે પણ આ પ્રકાશનથી સ્પષ્ટ થાય છે."

પ્રો. ગૌરીપ્રસાદ ચુ. ઝાલા (સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈ)—"પ્રસ્તાવના અને શબ્દકોશ બન્નેમાં તમારી લાક્ષણિકતા—વિદ્વત્તાની, વિચારની અને શૈલીની—અંકાઈ છે. અભિનન્દન અને 'ગ્રન્થમાલા'ને શુભેચ્છા!"

डॉ. वासुदेव शरण अग्रवाल (कॉलेज ऑफ इन्डोलोजी, बनारस हिन्दु युनिवर्सिटी)—" नेमिचंद्र भंडारी–विरचित 'षष्टिशतक' ग्रन्थ को तीन बालावबोध टीकाओं के साथ प्रकाशित देख कर अत्यन्त प्रसन्नता हुई. आपने बडौदा विश्वविद्यालय से प्राचीन गुर्जर ग्रन्थमाला का संपादन आरम्भ कर के अपने लिये उत्तम कार्य का सूत्रपात किया है। **गुजराती भाषा में जैसा आपने भूमिका में लिखा है इतना अधिक प्राचीन साहित्य बच गया है जितना अन्य किसी प्रादेशिक भाषा में नहीं।** गुजराती का यह साहित्य गुजराती के लिये ही नहीं, हिन्दी की प्राचीन व्युत्पत्तियों के लिये भी अनमोल है। शब्दनिरुक्ति की जो समस्या गुजराती के लिये है, वही हिन्दी के लिये है, वही बंगला और मराठी, पंजाबी के लिये भी है। असम और उड़िया भाषा के लिये भी अपभ्रंशजन्य शब्दों की व्युत्पत्ति की सामग्री प्राचीन भाषा साहित्य मे से उपलब्ध हो सकेगी। मेरी दृष्टि से ११ वीं शती से १५-१६ वीं शतीं तक का साहित्य संस्कृत परिवार की भाषाओं के लिये एक जैसा उपयोगी है। इस गुजराती 'षष्टिशतक' में कितने ही हिन्दी शब्दों की व्युत्पत्ति मुजे मिल रही है। इस ग्रन्थ से मेरा परिचय कराने के लिये आप का कृतज्ञ हूं।"

પ્રાચીન ગુર્જર ગ્રંથમાલાનાં પ્રકાશનો

૧. નેમિચન્દ્ર ભંડારી-વિરચિત **ષષ્ટિશતક પ્રકરણ**—ત્રણ બાલાવબોધ સહિત. એક જ પ્રાકૃત પ્રકરણગ્રન્થના પંદરમા-સોળમા શતક આસપાસ થયેલા ત્રણ જૂના ગુજરાતી ગદ્યાનુવાદો : પ્રસ્તાવના, પરિશિષ્ટો અને શબ્દકોશ સહિત. સંપાદક : ડૉ. ભોગીલાલ સાંડેસરા. પૃ. ૩૦+૧૯૩. મૂલ્ય પાંચ રૂપિયા.

૨. મહીરાજકૃત **નલ-દવદંતી રાસ**—સં. ૧૬૪૧માં કર્તાના હસ્તાક્ષરોમાં લખાયેલી પ્રતિ અનુસાર. સંપાદક : ડૉ. ભોગીલાલ સાંડેસરા. પૃ. ૨૪ + ૧૭૪.

૩. **પ્રાચીન ફાગુ-સંગ્રહ** (ત્રીજી આવૃત્તિ; ગુજરાતી ટાઈપ)—વિક્રમના ચૌદમાથી અઢારમા શતક સુધી રચાયેલાં આડત્રીસ ફાગુ-કાવ્યોનો સમુચ્ચય; પ્રતિ-પરિચય અને કૃતિપરિચય, ફાગુવિષયક અભ્યાસલેખ અને શબ્દકોશ સહિત. સંપાદક: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ. પૃ. ૫૬+૨૮૬. મૂલ્ય પાંચ રૂપિયા.

૪. **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧**—મૂલ પાઠ : સાંસ્કૃતિક અને સાહિત્યિક ઇતિહાસ માટે મહત્ત્વના પદ્યાનુકારી ગદ્ય-વર્ણકોનો સમુચ્ચય, સંપાદક : ડૉ. ભોગીલાલ સાંડેસરા. પૃ. ૧૨ + ૨૨૦. મૂલ્ય રૂપિયા ૭=૫૦ નયા પૈસા.

૫. ભાલણકૃત **નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—મધ્યકાલીન ગુજરાતીનાં લક્ષણો જાળવતી શ્રદ્ધેય પ્રતિ અનુસાર પુનઃસંપાદન; પ્રસ્તાવના અને શબ્દકોશ સહિત. સંપાદક : પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી. પૃ. ૬૮ + ૧૯૬. મૂલ્ય છ રૂપિયા.

૬. ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—વિક્રમવિષયક વાર્તા-ચક્રમાં મહત્ત્વના અંકોડારૂપ, મધ્યકાલીન ગુજરાતીની એક પદ્યવારતા. સંપાદક : સ્વ. પ્રો. બલવંતરાય ક. ઠાકોર. પૃ. ૨૬ + ૬૮. મૂલ્ય બે રૂપિયા.

૭. **ભાલણ : એક અધ્યયન**—ભાલણના જીવન અને કવનની ઐતિહાસિક તેમ જ ભાષા-સાહિત્યવિષયક સાંગોપાંગ સમીક્ષા. લેખક : પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી. પૃ. ૧૮૬. મૂલ્ય રૂપિયા ૪=૭૫ નયા પૈસા.

૮. **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા. પૃ. ૨૫૬. મૂલ્ય રૂપિયા ૮=૨૫ નયા પૈસા.

૯. **યશોધીરકૃત પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—પ્રથમ તંત્ર : પ્રસિદ્ધ સંસ્કૃત કથાગ્રન્થ 'પંચતંત્ર'નો એક બ્રાહ્મણ વિદ્વાને સોળમા શતકમાં જૂની ગુજરાતીમાં કરેલો ગદ્યાનુવાદ-સંપાદકો : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ. પૃ. ૩૦ + ૩૮૬. મૂલ્ય રૂા. ૧૮=૬૦.

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા